પરમપૂજનીય ઉપાધ્યાય શ્રીમદ્ ચંદ્રતિલક વિરચિત સંસ્કૃત મહાકાવ્યનું ગુજરાતી ભાષાન્તર

# અભયકુમાર

## મંત્રીશ્વરનું જીવનચરિત્ર

ભાગ-૩



: પ્રકાશક :

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

પરમપૂજનીય ઉપાધ્યાય શ્રીમદ્ ચંદ્રતિલક વિરચિત સંસ્કૃત મહાકાવ્યનું ગુજરાતી ભાષાન્તર

# અભયકુમાર

## મંત્રીશ્વરનું જીવનચરિત્ર

**ભાગ-૩**

**: ભાષાંતર કર્તા :**

મોતીચંદ ઓધવજી ભાવનગરી

**: પ્રેરક :**

પ.પૂ. પ્રાચીન શ્રુતોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. સરસ્વતીલબ્ધપ્રસાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા

**: સંપાદક :**

પ.પૂ.પંન્યાસ પ્રવરશ્રી સત્યસુંદરવિજયજી ગણિવર્ય

કિંમત : ૧૨૫-૦૦ ₹
પ્રથમ આવૃત્તિ : ૫૦૦

**: પ્રકાશક :**

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

# કૃપા વર્ષા

સિદ્ધાન્તમહોદધિ
સચ્ચારિત્રચૂડામણિ-સુવિશાલગચ્છસર્જક
આચાર્યદેવશ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

ન્યાયવિશારદ-વર્ધમાનતપોનિધિ-ગચ્છાધિપતિ
આચાર્યદેવશ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

સમતાસાગર-સંયમસમર્પણાદિગુણગણાર્ણવ
પ.પૂ.પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયગણિવર્ય

## આજ્ઞાપ્રસાદ:

સિદ્ધાન્તદિવાકર-ગીતાર્થગચ્છાધિપતિ
આચાર્યદેવશ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા



# : લાભાર્થી :

સરસ્વતી લબ્ધપ્રસાદ પ.પૂ.આ.ભ.

શ્રીમદ્ વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં

નાગપુર વર્ધમાન નગર શ્વે. જૈન સંઘના આંગણે

થયેલ પ્રથમ ઉપધાન તપની આરાધના નીમીત્તે

પ્રવચન પ્રભાવક પંન્યાસ સત્યસુંદર મ.સા.ની

પ્રેરણાથી આ ગ્રંથનો સંપૂર્ણ લાભ

# સકલ જૈન સમાજ (નાગપુર)

અધ્યક્ષ : વિજય દર્ડા (સાંસદ રાજ્યસભા)

## :: પ્રાપ્તિસ્થાન ::

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

C/o. ચંદ્રકુમાર બી. જરીવાલા

૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ'ઈ'રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

ફોન નં.: ૨૨૮૧ ૮૩૯૦

**ચંદ્રકાંતભાઈ સંઘવી**

૬-બી, અશોકા કોમ્પલેક્ષ, જનતા હોસ્પિટલ પાસે,

પાટણ (ઉ.ગુ.) મો.: ૯૯૦૯૪ ૬૮૫૭૨

**અક્ષય શાહ**

૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે,

સર્વોદયનગર, મુલુંડ(વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૫૯૪૫ ૫૫૫૦૫


ટાઈપ સેટીંગ - મુદ્રક

જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)

૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,

નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪

ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫

E-mail : jayjinendra90@yahoo.com

# અનુક્રમણિકા

સર્ગ દશમો : કઠિયારાનું કઠિન કષ્ટ. નન્દાના નંદનનું નવીન નાટક. રાજાના પુત્રો રમવામાં સમજે. માંસની મોંઘવારી. અભયકુમારનાં યશોગાન. "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:". અંધ અને પંગુનું પ્રસિદ્ધ દૃષ્ટાંત. પુણ્ય-પાપની પરીક્ષા. ધર્મિષ્ઠોનો સુકાળ-ધણને ધણ ! અધર્મીઓનો દુકાળ-માત્ર કણ !

(પૃષ્ઠ ૧ થી પૃષ્ઠ ૨૧ સુધી)

સર્ગ અગ્યારમો : શ્રીમહાવીરનું આગમન. નવકાર મંત્રનો પ્રભાવ. "શિવકુંવરે યોગી 'સોવન પુરિસો' કીધ." "ફણિધર ફીટીને પ્રગટ થઈ ફુલમાળ." વેશ્યાએ વલ્લભ તણો સુધરાવ્યો ભવ અન્ય. असिआउसा કે ओम् । આત્માના અસ્તિત્વનું પ્રતિપાદન. કામલંપટ કુમારનંદી. હાસાપ્રહાસા દેવીઓ. સમુદ્રવર્ણન. લોભી ગુરુ ને લાલચુ ચેલો. કુમારનંદીનો અગ્નિ પ્રવેશ. નાગિલનો પ્રત્યાદેશ. નંદીશ્વરદ્વીપનું વર્ણન. એની યાત્રા. શ્રી દેવાધિદેવની મૂર્તિ. રાણી પ્રભાવતીનું અલ્પાયુષ્ય. પ્રભાવતીની દીક્ષા અને સ્વર્ગગમન. ઉદાયન રાજા-એને મુનિનો ઉપદેશ અને ધર્મપ્રાપ્તિ. ગંધાર શ્રાવકની તીર્થયાત્રા. સુવર્ણગુટિકાની પ્રાપ્તિ. ચંડપ્રદ્યોતનો મેળાપ. દેવાધિદેવ-શ્રીજીવતસ્વામીની પ્રતિમાનું હરણ. ઉદાયન નૃપના દૂતનું ચંડપ્રદ્યોતની રાજસભામાં આગમન. ઉદાયન રાજાની યુદ્ધની તૈયારી-પ્રસ્થાન. માર્ગમાં જળનાં દુઃખ. નિર્જળા પ્રદેશમાં દેવની સહાય-પુષ્કરોત્પત્તિ. રણક્ષેત્ર-દ્વંદ્વ યુદ્ધ. ઉદાયનનો વિજય. यतो धर्मस्ततो जयः । વિજયી રાજા ચંડપ્રદ્યોતને ખમાવે છે. શરદ ઋતુની શોભા. ઉદાયનનું પુનરાગમન-નગર પ્રવેશ. ઉદાયન રાજા પૌષધશાળામાં. ત્યાં એની સુંદર ભાવના. નિષ્પુણ્ય ભદ્રશેઠ અને એના અભદ્ર પુત્રનું દૃષ્ટાંત. ઉદાયન નૃપતિની ભાવિ વિરાગિતા-એની ત્યાગ દીક્ષા-એનું અસુંદર ભાવિ. ભાવિ વિષપ્રયોગ. એ ચરમ રાજર્ષિનો ભાવિ મોક્ષ. અભીચિ અને કુણિક બન્ધુભાવે. અભયકુમારની દીક્ષાભાવના-દીક્ષા લેવાની પ્રબળ ઈચ્છા.

(પૃષ્ઠ ૨૨ થી પૃષ્ઠ ૯૮ સુધી.)

સર્ગ બારમો : અભયકુમારનો દીક્ષામહોત્સવ. દીક્ષાના વરઘોડામાં સ્ત્રીઓના આલાપસંલાપ. પ્રભુના હસ્તે વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ. દીક્ષિતને ભગવાનનો ઉપદેશ. વ્રતપાલનપરત્વે રોહિણીનું દૃષ્ટાંત. એ દૃષ્ટાંત પરથી તારવેલો ઉપનય. નવદીક્ષિતની માતા નન્દાનો હર્ષ ઊભરાઈ જાય છે–એની પણ પુત્રની જેમ વ્રતગ્રહણની ઈચ્છા. પતિની (શ્રેણિકરાયની) આજ્ઞા માંગે છે–પ્રભુના હસ્તેજ દીક્ષા અંગિકાર કરે છે. ઉત્તમ ક્રિયાનુષ્ઠાન અને તીવ્ર તપશ્ચર્યાને અંતે એનો (નન્દા સાધ્વીનો) મોક્ષ. સાધુની બાર 'પડિમા' આદિ ગુણોનું વર્ણન. તેત્રીશ આશાતના વર્જવી–એનું સવિસ્તર વર્ણન. અનુક્રમે શાસ્ત્રપારંગત ગીતાર્થ અભયમુનિનો એકાકી વિહાર. એની સુંદર દેશના. મકરધ્વજ–કામદેવનું સામર્થ્ય. એના અનેક સુભટોના પરાક્રમોનું વર્ણન. ચારિત્રધર્મ રાજા અને એનો પરિવાર. બેઉ રાજાઓના પરિવાર પરિવાર વચ્ચે રમખાણ. અનંગરાજના પરિવારનો પરાજય. કોપાગ્નિએ સળગી ઉઠેલો અનંગરાજ. એની સિંહગર્જના. યુદ્ધની તૈયારી અને પ્રસ્થાન. એણે સામા પક્ષમાં પાઠવેલા દૂતનું અપમાન. ધુંધવાયલા અગ્નિમાંથી આકાશ સામી જ્વાળા. સંવર અને મકરધ્વજના સુભટોનું યુદ્ધ. સંવર અને મકરધ્વજનું યુદ્ધ. સંવરનો વિજય. આવીને ચારિત્રરાજાના ચરણકમળમાં નમે છે. અભયમુનિની અંત્ય આરાધના–અનશન–મૃત્યુ–'સર્વાર્થ સિદ્ધ'ને વિષે ઉત્પત્તિ.

(પૃષ્ઠ ૯૯ થી પૃષ્ઠ ૧૪૭ સુધી.)

श्री सर्वज्ञाय नमः ।

# અભયકુમાર મંત્રીશ્વરનું જીવન ચરિત્ર

## સર્ગ દશમો

એકદા, જેમનું આગમન કોઈ અલૌકિક આનંદને આપનારૂં કહેવાતું એવા, નિત્ય પવિત્ર અને શમતાના ધામરૂપ યુગપ્રધાન–શ્રી [1]સુધર્માગણધર રાજગૃહનગરમાં પધાર્યા; અને કોઈના, પશુ–નપુંસક અને સ્ત્રીજાતિથી વિવર્જીત મકાનમાં ઉતર્યા. કેમકે ભાડું આપીને રહેનારા (ભાડુત) ની જેમ મુનિઓને પણ પોતાની માલિકીના મકાન હોતાં નથી. અભ્યુદયના અદ્વિતીય સ્થાનરૂપ–એવા ઉત્તમ પુરુષને આવ્યા સાંભળી રાયથી રંક પર્યંત સર્વજનો એમનાં દર્શનાર્થે જવા લાગ્યા. અથવા તો સમુદ્રનો પાર પામવો હોય તો સૌ કોઈને પ્રવહણનો આશ્રય લેવો જ પડે છે. લોકો એમનાં દર્શન કરી ભૂમિ પર્યન્ત મસ્તક નમાવી વંદન કરીને એમનો ધર્મોપદેશ શ્રવણ કરવા યથાસ્થાને બેઠા. કારણકે ભવસાગરથી તારનાર એવા ઉત્તમ તીર્થનો ઘેર બેઠાં લાભ મળતો હોય તો વિચક્ષણ મનુષ્ય એમાં કદિ પણ આળસ કરતા નથી. ગણધર મહારાજાએ પણ ભવ્ય પ્રાણીઓના પ્રતિબોધને અર્થે દેવદુન્દુભિના નાદ સમાન દૂર દૂર પર્યન્ત સાંભળી શકાય એવી વાણી

---

૧. છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરના પાંચમા ગણધર. વિશેષ માટે જુઓ આ ચરિત્રનો પ્રથમ ભાગ પૃષ્ઠ ૨ ની નોટ ૮ તથા ૯.

વડે ઉત્તમ દેશના દીધી. કહેવત છે કે હસ્તનક્ષત્રનો[1] મેઘ સર્વદા અમૃતનો જ વર્ષાદ વરસાવે છે. દેશનામાં કહ્યું કે–

ભરતખંડમાં ઉત્પન્ન થતા સમસ્ત ધાન્યોનો એક જ ઢગલો કર્યો હોય અને તે ઢગલામાં કોઈ દેવતા એક ખોબો ભરીને સરસવ નાખે અને, ઉત્તમ દ્રવ્યોનો અવલેહ બનાવનારો કોઈ વૈદ્ય જેમ એ દ્રવ્યોને પીસી–ઘુંટીને એકરૂપ બનાવી દે છે તેમ, એ સરસવના દાણાને પેલા ઢગલામાં એકદમ ભેળસેળ કરી નાખે તે એવી રીતે કે ગમે એવી વૃદ્ધ અનુભવી સ્ત્રીઓ આવે તો પણ એ ઢગલામાંથી સરસવના દાણા વીણી જુદા પાડવા અસમર્થ છે; તેવી જ રીતે જન્મ–જરા–અને મૃત્યુથી અવિમુક્ત એવી આ સંસાર અટવીમાં ભ્રમણ કર્યા કરતો પ્રાણી પોતાને પ્રાપ્ત થયેલો મનુષ્યજન્મ જો વૃથા હારી જાય છે તો પુનઃ એ નરભવ પામવો પણ દુર્લભ છે. માટે હે શ્રોતાઓ ! તમે આવો ઉત્તમ મનુષ્યભવ પ્રાપ્ત કરીને, સર્વ [2]અરિષ્ટનું નિવારણ કરનારા ધર્મને વિષે આદર કરો.

આવો મનોહર ઉપદેશ સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા. એમાં જેઓ વિશેષ બુદ્ધિશાળી હતા એમણે યથાશક્તિ વિરતિ[3] અંગીકાર કરી; અને બીજાઓએ નિર્મળ સમ્યક્ત્વધર્મ માત્ર અંગીકાર કર્યો.

એ શ્રોતાવર્ગમાં એક કઠિયારો હતો. એને એ ગણધરરાયના ઉપદેશની એકદમ સચોટ અસર થઈ. એટલે એણે ઊભા થઈ એમને ઉત્તમભાવપૂર્વક વિનંતિ કરી–હે મુનિરાજ ! આપના ઉપદેશથી મારું મન સંસારથી વિરક્ત થયું છે માટે મને તો, અહીંથી, મારો ઉદ્ધાર થાય એવી યોગદીક્ષા આપો. કહ્યું છે કે આવા સંસાર ત્યાગરૂપ દુષ્કર કાર્યમાં સાહસિક અને ઉત્સાહભર્યું મન જ હેતુભૂત છે; માણસની ધનાઢ્યતા કે રંકતા હેતુભૂત નથી. ગણધર મહારાજે પણ યોગ્યતા જોઈને એને દીક્ષા આપી. પછી એને મુનિનો

---

૧. નક્ષત્ર તારાઓનો સમૂહ–જુમખો. આકાશમાં ફરતા આવા ૨૭ નક્ષત્રો આવે છે. હસ્ત નક્ષત્ર એમાંનું એક છે. સૂર્યનો એની સાથે યોગ થયો હોય તે વખતે જે વર્ષાદ વરસે છે તે અમૃત જેવો અર્થાત્ મીઠા પાણીનો હોય છે એમ કહેવાય છે. ૨. દુર્ભાગ્ય–સંકટ. 3. સાંસારિક વિષયો–ભોગોપભોગના પદાર્થો ઓછોવત્તે અંશે ત્યજ્યા. (વિરતિ=સાંસારિક વિષયો તરફ અભાવ).

આચાર શીખવવો શરૂ કર્યો, જેથી એની ભવસ્થિતિ[1] દૃઢ થાય.

પછી વાત એમ બની કે અન્ય મુનિઓની સંગાથે ગોચરી[2] અર્થે કે જિનમંદિરે દર્શનાર્થે જતાં આવતાં માર્ગમાં લોકોએ નવદીક્ષિત મુનિનો ઉપહાસ કરવા લાગ્યા. કેમકે શ્વાનજાતિની ભસવાની પ્રકૃતિ હોય છે-તે ભસ્યા વિના રહેતી નથી. "અહો ! આણે અતિ દુષ્કર કાર્ય કર્યું છે ! એનાથી શી રીતે એની એવી સંપત્તિનો ત્યાગ થઈ શક્યો ? નિરંતર કાષ્ટના ભારા લાવવારૂપ કારભાર એ જ છોડી શકે ! ચાલો, બિચારાને ઉદરપૂરણની ચિંતા તો દૂર થઈ. હવે ભિક્ષામાં સારી રીતે ભોજન મળશે. અને રહેવાનું પણ સુખ થશે. ક્ષુધાના સતત દુ:ખમાંથી છુટ્યો એ બહુ સારું થયું." આવાં આવાં ઉપહાસનાં વચનો લોકો એને સંભળાવવા લાગ્યા. એથી એનું મન બહુ દુભાવા લાગ્યું. કારણકે જગતમાં માણસથી જન્મ, કર્મ કે મર્મ સંબંધી નિંદાનાં વચનો સહ્યાં જતાં નથી. એટલે એણે ગુરુને અંજલિ જોડી પ્રાર્થના કરી કે, હે પ્રભુ ! અહીંથી તો હવે સત્વર વિહાર કરો. મારાથી અપમાનના શબ્દો સંભળાતા નથી. ગુરુએ પણ સર્વ વાત જાણી લઈને એનું કહેવું માન્ય કર્યું-તે જાણે નવવિવાહિતનું મન રાખવું પડે છે એમ નવદીક્ષિતનું પણ મન રાખવા માટે જ હોય નહીં ! આમ વિહાર કરી જવાનું ઠર્યું એટલે રાજ્યના અમાત્ય બુદ્ધિસાગર અભયકુમારની રજા માગી, કારણ કે એવો ઉચિત વિવેક રાખવાથી વિદ્વાન ભક્તજનનું પણ ગૌરવ સચવાય છે.

ગણધરરાયના વિહારની વાત સાંભળી ઉદ્વિગ્ન થઈ અભયકુમારે વિનયસહિત પૂછ્યું-હે પ્રભુ ! આમ એકાએક વિહાર કરવાનો વિચાર ક્યાંથી થયો ? શું મારાં પુણ્ય ખવાઈ ગયાં અને પાપ ઉદય આવ્યાં ? પણ ગુરુરાજે અથેતિ સર્વ ખુલાસો કર્યો, એટલે ચતુર અમાત્યે ઊંડો

---

૧. જન્મની-જન્મમરણની મર્યાદા બંધાય. (કેમકે જન્મમરણના ફેરા ઓછા કરવા એજ દીક્ષા લેવાનું પ્રયોજન છે.) ૨. ભિક્ષાર્થે ફરવું એનું નામ 'ગોચરી' (ગો-ગાય ચરે એમ ચરી આવવું). ગાય ચરે છે એ, પૃથ્વી પર ઉગેલું ઉપર ઉપરથી ચરે છે-પાછળ બીજા જાનવર માટે રહે છે-તેમ મુનિ ગૃહસ્થને ઘેરથી, પાછળનાંને માટે રહે એવી રીતે જુજ જુજ વહોરે છે.

વિચાર કરીને કહ્યું- હે સ્વામી ! આપ ફક્ત એક દિવસ રોકાઈ જાઓ. પછી આપના મનમાં આવે એમ કરજો. ભક્તનું આ કથન ગુરુથી અમાન્ય કરાયું નહીં.

અભયકુમારે તો તુરત એક ઉપાય શોધી કાઢ્યો. રાજ્યના ભંડારમાંથી રત્નો ભરેલી ત્રણ પેટીઓ મંગાવરાવીને ચૌટા વચ્ચે મુકાવી. રત્નોના કિરણો વડે ઝળહળ રહેલી એ મંજુષા જાણે [1]વસુંધરાએ અભયકુમારના બુદ્ધિચાતુર્યથી પ્રસન્ન થઈને ( પોતાનામાં રહેલો[2] ) વસુનિધિ એટલે દ્રવ્યભંડાર પ્રકટ કર્યો હોય નહીં એવી વિરાજી રહી. પછી એણે પોતાના વિશ્વાસપાત્ર માણસદ્વારા સકળ નગરને વિષે એવી ઉદ્‌ઘોષણા કરાવી કે "જે જે પ્રજાજન લેવા આવે એ સર્વને અમાત્ય રત્નો વહેંચે છે, માટે ચાલો, લઈ જાઓ અને તમારું દ્રારિદ્રય ટાળો."

આ પ્રકારનો ઢંઢેરો આખા નગરમાં પીટાવ્યો. એ સાંભળીને સંખ્યાબંધ પ્રજાજનો વનમાંથી ઘરભણી ગાયોનાં યૂથ વહ્યાં આવતા હોય નહીં એમ, ત્વરિતપણે આવવા લાગ્યા. એમને અભયકુમારે કહ્યું "સ્ત્રી, અગ્નિ અને જળ-એ ત્રણ વસ્તુઓનો ત્યાગ કરે એવો કોઈ તમારામાં હોય એને આ રત્નમંજુષા આપવાની છે. કેમકે વિજય જેમ ખરા સુભટને જ પ્રાપ્ત થાય છે તેમ એ પણ એવી ટેકવાળાને પ્રાપ્ત થાય એવી મારી ઈચ્છા છે. લોકો એ સાંભળીને વિનયપૂર્વક કહેવા લાગ્યા. જો યુવતિ, જળસ્નાન અને અગ્નિ-એટલાં વાનાં ત્યજીએ તો તો પછી અમારે આ રત્નોનું પ્રયોજન જ શું ? પછી તો અમારે એ પાષાણ જેવાં જ. "હે સ્વામી ! ઘરમાં બકરીનું ઠેકાણું હોય નહિ ત્યાં હાથી બાંધવાનો વિચાર કરીએ એ જેવો વૃથા છે તેવો જ સ્ત્રી, સ્નાનને અગ્નિ વિના રત્નાદિ દ્રવ્યનો સંગ્રહ વૃથા છે."

અભયકુમારે તો પોતાની હિમ્મત ફળવતી થશે જ-એમ ધારી મૂક્યું હતું. એટલે લાગ જોઈને કહ્યું, તમારામાં કોઈ એવો ન હોય તો પછી આ મુનિ એવા છે એને એ આપી દઊં. તમે તો જો કે જાણે પંડિત-વિદ્વાન હો એમ એનો ઉપહાસ કરો છો, પરંતુ ખરેખરું દુષ્કર કાર્ય તો એજ કરે

---

૧. પૃથ્વી. ૨. કારણકે વસુંધરા 'બહુરત્ના કહેવાય છે.'

છે કેમકે એણે તો સ્ત્રી, સ્નાન ને અગ્નિ ત્યજ્યાં છે એટલું જ નહીં પણ ઉપરાંત આવાં અમૂલ્ય રત્નોનો પણ ત્યાગ કર્યો છે. એમની તો રત્નરાશિ ને તૃણસમૂહ પર, નાગણી ને દેવાંગના પર, શત્રુ ને મિત્ર પર, સ્વજનને પરજન પર, સ્તુતિ કરનારાને નિંદા કરનારા પર સમાન દૃષ્ટિ છે. આવા ઉત્તમ ચારિત્રવાન મુનિ ઉપહાસ ને નિંદાને યોગ્ય છે કે ઊલટા આદરમાન, વંદન અને સ્તુતિને પાત્ર છે ? એનો જરા વિચાર કરી જુઓ. મુનિજનની નિંદા કરવાથી અને એમનાં અપવાદ બોલવાથી સંસારસમુદ્રમાં કાળનાં કાળ પર્યન્ત ભ્રમણ કરવું પડે છે. માટે મહાન સમૃદ્ધિનો ત્યાગ કરનારા એવા મુનિજનને નમો, એમનો સત્કાર કરો, એમની સ્તુતિ કરો !

અભયકુમારનાં હિતવચનો શ્રવણ કરી પશ્ચાત્તાપ પામેલા નાગરિકો કહેવા લાગ્યા “હે વિદ્વત્‌શિરોમણિ ! આપનાં વચનો અમને પ્રમાણ છે, કેમકે એ અમારો ભવભ્રમણમાંથી ઉદ્ધાર કરનારાં છે. હે મંત્રીશ્વર ! ખળપુરુષો એક સજ્જનનો ઉપહાસ કરે એમ, અમે એ મુનિવરનો ઉપહાસ કર્યો એ અમારી નરી મૂર્ખતા છે. હવેથી અમે નિશ્ચયે કદાપિ એવું નિન્દ્ય કાર્ય કરીશું નહીં.” અમે મૂળથી જ [1]કુવ્યવસાયને લીધે પાપમાં બુડેલા છીએ એટલે આ તો અમારે જળમાં ગળે શિલા બાંધીને ઉતર્યા જેવું થયું. તમે અમારા શ્રેષ્ઠ હિતસ્વી ગુરુ બનીને, જેમ ધનદેવ શ્રેષ્ઠીના પાંચસો વાહનોનો બળદે નદીમાંથી ઉદ્ધાર કર્યો હતો તેમ, અમારો અનીતિના માર્ગથકી ઉદ્ધાર કર્યો છે. આમ કહી પ્રજાજન જાણે પોતાને સમસ્ત રત્નસમૂહ પ્રાપ્ત થયો હોય નહીં, એમ પૂર્ણ હર્ષ પામી પોતપોતાને ઘેર ગયા; જેવી રીતે સોગઠાબાજીમાં, જીતનારની સોગઠીઓ ‘ઘર’માં જાય છે તેમ.

પછી બુદ્ધિસાગર અભયકુમારે જઈને સુધર્મા ગણધરને કહ્યું,–હે ગુરુ ! લોકો હવે વિવેકાવિવેક સમજતા થયા છે માટે આપ હવે તો અમને બોધ આપવા અહીં સ્થિરતા કરો. આપના નવદીક્ષિત શિષ્ય પણ સુખે વિધિપૂર્વક વ્રતનું અનુપાલન કરે અને અમે પણ આપ અહીં સ્થિર થાઓ

---

૧. કનિષ્ટ પ્રવૃત્તિ–વ્યાપાર.

એટલે આપના ચરણયુગલની સેવાભક્તિ કરીએ. એ સાંભળી ગણધર મહારાજાએ પણ આશિષ આપી કે–હે બુદ્ધિનિધાન ! તું સત્ય જ મુનિજનના હૃદયરૂપ કમળપર ભ્રમણ કરનાર ભ્રમર છે; તારાં સર્વ અનુષ્ઠાન ધર્મની ઉન્નતિ કરનારાં છે; માટે તું આ આપણા ઉત્કૃષ્ટ ધર્મની ધરાને નિત્ય વહન કરતો ચિંરજીવ રહે.

આમ અભયકુમાર પોતાના વિચિત્ર ચરિત્રથી અખિલ પૃથ્વીમંડળને ચમત્કાર પમાડતો ત્રણે પુરુષાર્થને સાધતો 'પિતાના રાજ્યમાં પુત્ર દિવાન'નું અભિધાન[૧] સાર્થક કરતો હતો.

એકદા અવસરે શ્રેણિક નરપતિ સભામંડપને વિષે બેઠો હતો. શ્રેષ્ઠ વસ્ત્રાલંકારથી વિભૂષિત થયેલી વારાંગનાઓ ચન્દ્રમા સમાન શ્વેત ચામરોવડે એને વાયુ ઢોળી રહી હતી. અનેક મંત્રીઓ, પરિજનવર્ગ, પુત્ર પરિવાર આદિથી મંડપ ભરાઈને શોભી રહ્યો હતો. માંડલિક રાજાઓ શ્રેણિક નરપતિના ચરણકમળ સેવી રહ્યા હતા અને ઉત્કૃષ્ટ આનંદ આપનારા સંવાદો ચાલી રહ્યા હતા. એવામાં રાજગૃહીના ઈન્દ્ર કહેવાતા શ્રેણિક ભૂપાળે સભાજનો સમક્ષ પ્રશ્ન કર્યો "આ સમયે એવી કઈ વસ્તુ છે કે જેનું વિશેષમાં વિશેષ મૂલ્ય હોય ?" અહો ! જુઓ તો ખરા ! રાજાનું મન, પૂર્ણ સુખમય જીવન નિર્ગમન કરવાને લીધે ક્યાંનું ક્યાં દોડે છે !

ભૂપતિના પ્રશ્નનો સભાજનોએ પોતપોતાની મતિ અનુસાર ઉત્તર આપ્યો; ફક્ત અભયકુમાર મૌન બેસી રહ્યો, કેમકે સુભટોની સેનામાં પ્રથમ 'તીર' ફેંકનારાઓ રણમાં ઉતરે છે. કોઈએ ઉત્તર આપ્યો કે હસ્તિ સૌથી મૂલ્યવાન છે. કોઈએ કહ્યું કે અશ્વ સૌથી મૂલ્યવાન છે. કોઈએ કહ્યું 'પુષ્પ', તો કોઈએ કહ્યું 'કેસર' : કોઈએ વળી 'વસ્ત્ર', 'કનક', કે 'સુવર્ણ' કહ્યું, તો કોઈએ 'ઘૃત', 'કસ્તુરી' કે 'આમ્રફળ' કહ્યુ. આમ ગમે તેમ નામ આપ્યાં. ત્યારપછી, અત્યાર સુધી મૌન ધારણ કરી રહેલ અભયકુમાર, એકલું અમૃતતુલ્ય, પરિણામે શુભ અને ભવ્યજનના પરિતાપને શમાવનારું કયું વચન નીવડશે એનો પૂર્ણ પણે વિચાર કરીને બોલ્યો–જેવી

---

૧. વિશેષણ.

રીતે [૧]મરુદેશને વિષે જળ મહામૂલ્યવાન છે તેમ અત્યારે આપણે ત્યાં નિશ્ચયે મનુષ્યનું માંસ સૌથી વિશેષ મૂલ્યવાન છે. આ મારા ઉત્તરમાં લેશપણ સંશય કરવા જેવું નથી.

અભયકુમારનો ઉત્તર સાંભળીને સઘ ચોમેરથી પોતપોતાને મન વિચક્ષણ હતા એઓ ઈર્ષ્યાથી એકદમ બોલી ઉઠ્યા–માંસ તો સર્વથી સસ્તી વસ્તુ છે, અમારો ઉત્તર સત્ય છે, ગિરિની જેમ અમારો અચલ ઉત્તર છે ! હે રાજન્ ! માંસ તો શરદ્ ઋતુમાં સરોવરમાં જળ ઊભરાઈ જાય છે એમ ઊભરાઈ જાય છે. એક રૂપિયામાં પુષ્કળ માંસ મળે છે. અભયકુમારનો ઉત્તર સાંભળીને તો અમને હસવું આવે છે. પણ રાજાના પુત્ર ક્રીડામાં જ સમજે. હે નરપતિ ! સત્ય જ માનજો કે સુમતિ જન જગત્માં વિરલ છે. એ સાંભળી મગધનરેશે કંઈક કોપાયમાન થઈને કહ્યું– મેં પ્રશ્ન કર્યો એમાં તમને હાસ્ય કેમ ઉત્પન્ન થાય છે ? હાસ્યનું કારણ શું છે ? ઉપહાસ કરીને તમે પોતે તમારા પર વિપત્તિ વહોરી લ્યો છો. પણ અત્યંત નિર્ભય ચિત્તવાળા અભયકુમારે કહ્યું–હું સુવિચારપૂર્વક બોલ્યો છું પરંતુ એઓ એ સમજ્યા નથી માટે એમ બોલે છે એઓ કંઈ મૂર્ખ નથી, એમનામાં સત્ય જ્ઞાન છે. એ સાંભળી શ્રેણિક નરપતિએ કહ્યું– અભય ! તેં કહ્યું તે તો તદ્દન અસત્ય છે. તારા મનથી તું એકલો જ બુદ્ધિમાન છો પરંતુ તેં જે ઉત્તર આપ્યો છે તે સત્યથી વેગળો છે.

પિતાનાં અપમાનકારક વચન સહન કરી લઈને પણ અભયકુમાર તો હર્ષ સહિત કહેવા લાગ્યો– હે પિતાજી ! આપ ભલે આ સર્વ સભાજનો સાથે સમંત થતા હો, પરંતુ એટલું તો માનજો કે હું આપને મન મૂર્ખ છું. તથાપિ મારું વચન સત્ય છે એ હું સિદ્ધ કરી આપીશ એટલે તમે માનશો, કેમકે પ્રત્યક્ષ ઉદાહરણ વિના સત્યાસત્યનો નિશ્ચય થતો નથી. પછી એણે પોતાના ઉત્તરની સત્યતા સિદ્ધ કરવાને પિતા–રાજા પાસેથી અત્યંત પ્રાર્થના પૂર્વક પાંચ દિવસની મુદત માગી લીધી. કહેવત છે કે અખ્ત્યાર વિનાના

---

૧. મરુદેશ એટલે મારવાડમાં જળની બહુ તંગી હોય છે, તેથી ત્યાં જળ 'મૂલ્યવાન' કહેવાય છે.

માણસોથી કંઈ ફળ નથી. પછી શ્રેણિક રાજાએ પણ સભા વિસર્જન કરીને પોતે અવરોધનો[1] પૂર્ણપણે વિરોધી છતાં અવરોધને વિષે પ્રવેશ કર્યો.

પછી અભયકુમારે એક ઉપાય વિચારીને નગરમાં એવી ઉદ્‌ઘોષણા કરાવી કે "આજે શ્રેણિક મહારાજાને ક્ષણવારમાં કોઈ મહાન્ વ્યાધિ ઉત્પન્ન થયો છે. વૈદ્યરાજ કહે છે કે મનુષ્યના કાળજાનું બે યવ માંસ હોય તો એનું નિવારણ થાય. માટે હે પ્રજાજનો ! જો તમારે તમારા રાજા પ્રત્યે ભક્તિભાવ હોય તો તમે તે આપી જાઓ. આમાં તમારી કસોટી થવાનો પ્રસંગ આવ્યો છે. આરામ થયેથી કૃતાર્થ રાજા તમને સદ્ય તમો ઈચ્છશો એ આપશે." પણ આવી ઉદ્‌ઘોષણાથી કોઈપણ માંસ આપવા આવવા તત્પર થયું નહીં. કેમકે જાણીબુઝીને કોણ મૃત્યુ વ્હોરી લે ? જગતના સર્વ પ્રાણીઓને પ્રાણ વ્હાલા હોય છે. કૃમિ એટલે નાનાં જીવડાંને પણ મોત ગમતું નથી. પછી તો જેમણે આવેશમાં આવી જઈ સભાને વિષે "માંસ જોઈએ એટલું મળે છે." એમ પ્રતિપાદન કર્યું હતું તે સર્વમાનાં પ્રત્યેકને બોલાવીને અભયકુમારે કહ્યું, "મહારાજાના વ્યાધિની ઉપશાંતિને અર્થે અકેક યવભાર માંસ આપો, કેમકે તમે ભરસભામાં સર્વની સમક્ષ 'માંસ સુલભ છે' એમ કહ્યું છે. પરંતુ એ સર્વેએ અભયકુમારને કહ્યું-દયા લાવીને અમને અભયદાન આપો. તમને અમે દ્રવ્ય આપીએ અને તમે અમારા પર કરૂણા કરો ને એ માંસ અન્ય કોઈપણ પાસેથી મેળવી લ્યો. એમ કહીને, જેમનો મદ સર્વ ગળી ગયો હતો એવા એ સભાજનોએ એને પુષ્કળ દ્રવ્ય આપ્યું. અથવા તો ઈક્ષુ એટલે શેરડી પણ અત્યંત પીલીયે છીએ ત્યારે જ મધુર રસ આપે છે.

આમ લેશ માત્ર પણ [2]કૂટરહિત એવા અભયકુમારે એવા પ્રકારનો ઉપાય કરીને મેળવેલું અગણિત દ્રવ્ય કૂટબદ્ધ[3] રાજાના આવાસને વિષે લાવીને મૂક્યું. ખરેખર પોતાનો અને અવરનો ઉભયનો અર્થ સારે એવા

---

૧. (૧) શત્રુના નગરને ઘેરો ઘાલવો તે; (૨) અંતઃપુર.

૨. નિષ્કપટી. ૩. ઢગલાબંધ.

અભયકુમાર જેવા જગતમાં વિરલા હોય છે. પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે વળી અભયકુમારે બીજું એ કર્યું કે આખા દેશમાં પાંચ દિવસ પર્યન્ત સર્વ કોઈનું દાણ માફ કર્યું. એ સ્થળે અન્ય કોઈ હોય તો એ (દાણ) અસત્ય રીતે ઊલટું વિશેષ પણ લે. વળી ત્રીજું એણે એ કર્યું કે લોકોને ધન પણ આપીને સુખી કર્યા. આમ પાંચ દિવસમાં એણે પૃથ્વી પર કીર્તિનું વૃક્ષ ખડું કર્યું. અથવા તો અભયકુમાર જેવો અતુલ બુદ્ધિમાન મંત્રી જ એ કામ કરી શકે.

એટલામાં અભયકુમારને આપેલી પાંચ દિવસની મુદત પૂર્ણ થઈ અને શ્રેણિકરાજા પણ અંત:પુરથી બહાર આવીને રાજ્યાસને બેઠા; દિવસપતિ સૂર્ય રાત્રિને સમયે સિંધુને વિષે રહી દિવસના ભાગમાં ગગન પર આવીને વિરાજે છે એમ. એવામાં મહેલમાં અભયકુમારે લાવી મૂકેલું અગણિત દ્રવ્ય એની દૃષ્ટિએ પડ્યું. એ જોઈને એણે હર્ષપૂર્વક પૂછ્યું–અભય ! આ ક્યાંથી આવ્યું ? ત્યારે અભયકુમારે ઉત્તર આપ્યો–આપણા સચિવો વગેરેએ આપી ગયા છે. એ આપના શુભ કર્મનું ફળ છે. પરંતુ શ્રેણિક તો અત્યંત ક્રોધ કરીને કહેવા લાગ્યો–અરે ! તેં બહુ જ અનીતિ કરીને નગરજનોને તલની જેમ ચગદ્યા લાગે છે; નહીં તો આમ સહસા એટલું બધું દ્રવ્ય ક્યાંથી હોય ? આ પાંચ દિવસમાં તેં લુંટારાની જેમ નગરમાં લુંટ ચલાવી જણાય છે ! આવું અસદ્વર્તન આદરીને શું તું ચિરકાળ પર્યન્ત રાજ્ય કરી શકીશ–એમ ધારે છે ? શું લોકો કદાપિ ક્યાંય વણમાગ્યે પોતાનું દ્રવ્ય અને એ પણ આમ અનર્ગળ ઢગલાબંધ આપે ખરા ? તેં પ્રજાને આમ પીડા ઉપજાવીને આપણા પૂર્વજોની કીર્તિને ગુમાવી છે ! એ સાંભળી અમૃત કરતાં પણ ચઢી જાય એવાં વચનો વડે વિનયવાન પુત્ર અભયકુમારે પિતાને કહ્યું–હે તાત ! જો આપના યશને લાંછન લાગે એવું મેં કંઈ કાર્ય કર્યું આપને ભાસતું હોય તો આપના વિશ્વાસુ ચરપુરુષોને મોકલી તપાસ કરાવો.

નિર્ભય પુત્રના એ વચન શ્રવણ કરીને પિતા–શ્રેણિકરાજાએ, નહોતો જેમને કંઈ પણ રાગ કે નહોતો કંઈ પણ રોષ એવા પોતાના ચર–સેવકોને રાત્રિને સમયે નગરને વિષે મુખ્ય મુખ્ય માર્ગે ફરીને અભયકુમારનાં

ચેષ્ટિતો પરત્વે જે કંઈ બોલાતું હોય તેની તપાસ કરવાને મોકલ્યા. એ સેવકજનોને સમસ્ત નગરને વિષે અભયકુમારનાં યશોગાન ગવાતાં શ્રવણે પડ્યાં. અથવા તો સુરગિરિ મેરુપર્વત ઉપર સુવર્ણના ઝળહળી રહેલા પ્રકાશ સીવાય બીજું શું હોય ? આમ્રવૃક્ષ પર, ચિત્તને આહ્‌લાદ ઉત્પન્ન કરનારી રમણીયતા વિના બીજું શું હોય ? "આહા ! મેઘજળ જેમ વસુંધરાને તુપ્ત કરે છે એમ જેણે આપણને આ પાંચ દિવસમાં સર્વ પ્રકારે સુખી સુખી બનાવી દીધા છે એવો રાજમંત્રી અભયકુમાર પૃથ્વી પર ચિરંજીવ રહો ! અખિલ આકાશપ્રદેશને જેમ ચંદ્રમા પ્રકાશમય કરે છે એમ એણે કુળને ખરેખર અજવાળ્યું છે. યોગીશ્વરના વચનથી જેમ સતી સ્ત્રી સનાથ થાય છે એમ એ કુળદીપક રાજપુત્રથી પૃથ્વી ખરે જ સનાથ થઈ છે. નહીં તો એ રઘુવીર રામચંદ્રની પેઠે, પ્રજાજનને ઉત્કૃષ્ટ નીતિને માર્ગે સંચરાવે કેવી રીતે ? એને બદલે જો કોઈ અન્ય અધિકારી હોત તો એ તો ઊલટો આપણને નિશ્ચયે પીડી પીડીને દ્રવ્ય અને વૈભવથી ભ્રષ્ટ કરી, રંક બનાવી દેત. સકળ પ્રજાજનને નિર્ભય બનાવનાર, નીતિમાન અભયકુમાર તુલ્ય સુપુત્ર જેમને પ્રાપ્ત થયો છે એવા એના પૃથ્વી પાવન માતપિતા પણ પુણ્યવાન જ."

આવા આવા એના યશોગાન નાગરીકોને મુખે ગવાતાં શ્રવણ કરીને ચરપુરુષોએ જઈને રાજાને સવિસ્તર નિવેદન કર્યાં. એટલે ગુણજ્ઞ શ્રેણિકરાય અત્યંત હર્ષ પામીને કહેવા લાગ્યો-પુત્ર અભય ! તારાં પરાક્રમ સર્વવિજયી છે; તારું ચરિત્ર વિદ્વાનોને પણ આશ્ચર્યમાં લીન કરે એવું છે. લોકોને દાન દેવાથી તો તેં શેષનાગ સમાન, નિષ્કલંક ઉજ્જ્વળ કીર્તિ પાપ્ત કરી છે. પરંતુ આ દ્રવ્ય તું લાવ્યો છે એ જો પ્રજા પાસેથી અન્યાયે લાવ્યો હોઈશ તો અપકીર્તિ થશે. સાંભળ, તેં પ્રજા પાસેથી જ આ સર્વ દ્રવ્ય મેળવ્યું છે, છતાં યે શીતલતાના ભંડાર એવા ચંદ્રમા સમાન ઉજ્જ્વળ કીર્તિ તારી ગણાય છે. શ્રીકૃષ્ણ એકલા કુટકપટમાં તત્પર કહેવાય છે, છતાં યે જગતમાં એ 'પુરુષોત્તમ' એવા નામથી પ્રસિદ્ધિ પામ્યા છે. એવું આશ્ચર્ય બને જ છે. તેં પણ આ દ્રવ્ય અને યશ ઉભય એક સાથે પ્રાપ્ત કર્યાં એ એના જેવું જ આશ્ચર્યજનક છે ! બુદ્ધિ અને સાથે બળની

પ્રાપ્તિની જેમ, દ્રવ્ય અને સાથે જ યશની પ્રાપ્તિ શક્ય નથી. તો આમાં તત્ત્વ શું છે એ કહે !

પિતાનો એવો યોગ્ય પ્રશ્ન શ્રવણ કરીને પુત્રે વિનયભર્યા અને મદરહિત શબ્દો વડે કહ્યું "પિતાજી ! સાંભળો. તે વખતે મેં સભામાં 'દુર્લભમાં દુર્લભ વસ્તુ મનુષ્યનું માંસ છે' એમ કહ્યું હતું એ વાત સભાજનોએ સ્વીકારી નહોતી. પરંતુ, હે પૃથ્વીનાથ ! અત્યારે અહીં આપની દૃષ્ટિ સમક્ષ જે અનર્ગળ દ્રવ્ય પડ્યું છે એ સર્વ લઈને પણ સ્વજન કે પરજન કોઈએ પણ પોતાના કાળજાનું બે યવભાર માંસ પણ મને આપ્યું નહીં." એટલે રાજાએ એનો મર્મ પૂછવા પરથી અભયકુમારે પાંચ દિવસમાં બનેલી સર્વ હકીકત શુદ્ધ મને અને સત્યપણે પિતાને નિવેદન કરી. એટલે એણે પોતે અને સર્વ નાગરિકોએ પણ અભયકુમારની 'મનુષ્યનું માંસ સર્વથી વિશેષ દુર્લભ વસ્તુ છે'–એ વાત માન્ય કરી, એને એકમતે વિદ્વત–શિરોમણિ કહી અત્યંત માન આપ્યું. એના પરિજનવર્ગે પણ એની ચિરકાળ એકમુખે સ્તુતિ કરી. કેમકે આ પૃથ્વી પર 'સુંદર' ને કોણ 'સુંદર' નથી કહેતું ? એના વંશરૂપી આકાશને ઉજ્વલિત કરનારા સૂર્ય તરીકે એનાં યશ ગવાયા. સંતાપસમુદ્રના ઉછળતા તરંગોમાંથી ઉદ્ધાર કરનારા પ્રવહણ તરીકે એની કીર્તિ પ્રસરી, અસ્ખલિત બુદ્ધિરૂપી કમળસંતતિને વિકસાવનાર તેજસ્વી ભાનુ તરીકે એના પ્રતાપનાં ગીતગાન થયાં. સર્વ વિચક્ષણ પુરુષોમાં અગ્રણી તરીકે એની ખ્યાતિ વૃદ્ધિ પામી. શરદ્ઋતુના ચંદ્રમા સમાન અમૃત વર્ષાવનારા તરીકે એનું માહાત્મ્ય વિસ્તાર પામ્યું અને ગાઢ બીડાઈ ગયેલાં નયનોને ઉઘડાવી નાખનાર શ્વેત ચિત્રક[૧], તરીકે એ પ્રજાજનનો પ્રેમ પાત્ર બન્યો.

પછી મહીપતિ શ્રેણિકરાયે પેલું દ્રવ્ય જેનું જેનું હતું તેને તેને તે આપી દીધું. કારણકે ગાંભીર્યગુણથી ભરેલો સમુદ્ર કદિ પોતાની મર્યાદા ત્યજતો નથી. પોતપોતાનું દ્રવ્ય મળી જવાથી પ્રજાજન પણ અત્યંત હર્ષ પામ્યા; કેમકે દ્રવ્યહીન મનુષ્ય રજ કરતાં પણ હલકો લેખાય છે.

---

૧. કોઈ ઔષધિ હશે.

આ પ્રમાણે અનેકવિધ આશ્ચર્યકારક ઘટનાઓએ કરીને રાજગૃહીના નાગરિકોને નિરન્તર પ્રતિબોધ પમાડતો દયાગુણે દીપતો અભયમંત્રીશ્વર સમય નિર્ગમતો હતો.

એવામાં એકદા રજતગિરિ અને શીતકિરણ-ચન્દ્રમા સમાન ઉજ્જ્વળ કીર્તિવાળા, અને મુક્તિરમણીના હૃદયના હારરૂપ એવા અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન સમગ્ર પૃથ્વીમંડળને પોતાના વિહારથી પાવન કરતા કરતા આ રાજગૃહીએ પધાર્યા. એટલે ત્યાં અન્યઅન્યથી વિશેષ વિશેષ મદવાળા ચાર નિકાયના દેવોએ આવીને લૌકિકદેવોના ગર્વનો નિરાસ કરી સમવસરણની રચના કરી. સર્વસુર, અસુર અને મનુષ્યો જેમને નમન કરી રહ્યા હતા એવા વીરજિનેશ્વરે પણ શ્રીસંઘને નમસ્કાર[1] કરી સમવસરણને વિષે પોતાને આસને વિરાજ્યા. તત્કાળ, વિવાહવિધિ પ્રસંગે લોકો ભરાઈ જાય છે એમ ધન્ય ભાગ્ય બારે પર્ષદા સમવસરણમાં ભરાઈ ગઈ. નિરન્તર પાપકાર્યોથી દૂર વસતો શ્રેણિકભૂપતિ પણ પ્રભુ આવ્યા જાણી એમને વંદન કરવાને આવ્યો; અને વિશિષ્ટ સ્થિર ભક્તિવડે ભગવાનને પ્રણિપાત કરીને સભામાં ઉચિત સ્થાને બેઠો. કારણ કે સદ્બુદ્ધિવાળા પ્રાણીઓ આવા જંગમતીર્થને પામીને પોતાના જન્મને સાર્થક કરે છે.

ચાર કોશ પર્યન્ત સંભળાતી વાણી વડે જિનેશ્વરે ધર્મદેશના દીધી. અથવા તો રત્નના નિધાનમાંથી અનેક પ્રકારના રત્નોના રાશિ નીકળે છે. દેશનામાં પ્રભુએ કહ્યું કે "હે પ્રાણીઓ ! જો તમારે મુક્તિવધુને વરવાની અને દુઃખ સમુદ્રને તરવાની ઈચ્છા હોય તો નિરંતર જ્ઞાન અને ક્રિયા-ઉભયને વિષે આદર કરો. એ બેમાંથી ફક્ત એકનાથી કંઈ પણ ઈષ્ટ સિદ્ધિ થશે નહીં. કેમકે કોઈપણ વાહન ફક્ત એક જ ચક્રથી પદમાત્ર પણ ચાલી શકતું નથી. એક પંડિત પુરુષને પણ પોતાનો સિદ્ધાન્ત સ્થાપવા માટે અન્વય અને વ્યતિરેક બંને વાનાં જોઈએ છીએ. જેમ સારા પાકની આશા રાખવા માટે ઉત્તમમાં ઉત્તમ સાધન-સામગ્રી જોઈએ છીએ

---

૧. **नमोतित्थस्स** એમ કહીને ચતુર્વિધ સંઘને નમસ્કાર કરવાનો તીર્થંકરોનો આચાર છે.

તેમ. આ વાતના સમર્થનમાં, અંધ અને પંગુના બે પ્રસિદ્ધ દૃષ્ટાન્ત છે તે તમે એકાગ્ર મને શ્રવણ કરો."

કોઈ નગર પર શત્રુરાજાએ આક્રમણ કર્યું એના ભયે પ્રજાજન વનમાં નાસી ગયા. કેમકે દેવતાઓ પણ ભયના માર્યા ચોદિશ જતા રહે છે તો પછી આ માનવીઓની શી તાકાત ! એકદા ત્યાં પણ લુંટારા ચોર લોકોનો ભય લાગ્યો. કેમકે દુઃખમાં ડુબેલા હોય છે એવાઓને વિપત્તિ પાછળ લાગેલી જ રહે છે. સર્વ લોકો વનને વિષે ગયા હતા પરંતુ એક અંધ અને એક પંગુ–બે જણ ક્યાંય પણ ગયા નહોતા કેમકે એમને ભયની ગંધ પણ નહોતી એટલે કોઈ સ્થળે નગરમાં રહ્યા હતા. કેમકે ભક્ષક જંતુઓને વિષે શ્રેષ્ઠ એવો કીટક કદિ કોદરા પર બેસતો નથી. ચોરલોકો લોકોનું સર્વ ધન લુંટી ગયા પછી વળી ત્યાં અગ્નિદેવે દર્શન દીધાં. કહેવત જ છે કે ભાગ્ય વિફર્યું હોય ત્યાં અનેક આપત્તિઓ આવી પડે છે.

અગ્નિનો કોપ થયો જાણીને પેલો અંધ હતો તે ભૂમિ પર રહેલા મત્સ્યની પેઠે, દયાજનક સ્થિતિએ પહોંચ્યો, એનું કટિવસ્ત્ર ઢીલું પડી ગયું અને પોતે અગ્નિની સમક્ષ જ ચાલ્યો, કેમકે પ્રવૃત્તિ કર્યા વિના કોઈનું કલ્યાણ થયું સાંભળ્યું નથી. વળી ચાલવાની શક્તિ રહિત પેલો પંગુ અગ્નિ જોયા છતાં પણ દશે દિશાઓમાં જોઈ રહ્યો. કહ્યું છે કે વિદ્વાનોની સભામાં, સારાં વચન ન કહેતાં આવડે એવો માણસ મૌન જ ધારણ કરે છે. પંગુએ પેલા અંધને કહ્યું–તું જાય છે ખરો, પણ કદાચ અગ્નિમાં પડવાથી પતંગની જેમ તારા પ્રાણ જશે. મારાં ચક્ષુઓ સાજાં છે, અને તારા ચરણ સાજા છે; જેમ કોઈનામાં માનસિકબળ હોય, ને કોઈનામાં શારીરિક બળ હોય તેમ. માટે તું જો મને તારી પીઠ પર બેસાડીશ તો આપણે ઈચ્છિત સ્થળે અક્ષત પહોંચી જઈશું. કેમકે ઉપાય જાણનારનું આ પૃથ્વી પર લેશ પણ અનિષ્ટ થતું નથી. અંધે એ વાતની હા કહી એટલે ચતુર પંગુ સદ્ય એની પીઠ પર આરૂઢ થયો, તે જાણે એની અપંગતા જ પગ કરીને કોઈ અતિ સુંદર રાજ્યાસને આરૂઢ થઈ હોય નહીં ! આમ વિકટ માર્ગ પર પણ લેશ પણ સ્ખલન

વિના ચાલ્યા જતા અંધને પંગુએ ઈષ્ટસ્થાને પહોંચાડ્યો, કેમકે ઉપાય ઉત્તમ હોય તો એ શા માટે ફળિત ન થાય ?

(વીર પ્રભુ સભાને સંબોધીને કહે છે) એ પ્રમાણે જ્ઞાન અને ક્રિયા ઉભય સાથે હોય તો નિશ્ચયે કાર્યસિદ્ધિ થાય છે. આ અન્વય જ્ઞાન થયું હવે વ્યતિરેકી જ્ઞાન વિષે સાંભળો.

એકદા કોઈ નગરમાં ક્યાંય અગ્નિ સળગી ઉઠ્યો. એનો સર્વ વિજયી ધગધગાટ એટલો ભયંકર રીતે વધી ગયો કે સમસ્ત વસ્તુઓ એના સપાટામાં આવી ગઈ. લોકો પણ એ જોઈ અતિશય આક્રંદ કરવા લાગ્યા અને શોકાકુળ હૃદયે પોતાનું દ્રવ્ય આદિ ત્યજી દઈને જ્યાં ત્યાં પલાયન કરી ગયા, એમ કહીને કે આપણે જીવતા જાગતા હઈશું તો દ્રવ્ય ક્યાં પુનઃ નથી ઉપાર્જન કરી શકાતું ? એ નગરમાં બે અપંગ હતા. એક અંધ અને બીજો પંગુ. એ બે વ્યક્તિના હીનભાગ્યને લીધે કોઈને એમનું સ્મરણ થયું નહીં. અથવા તો ચોર લોકો કોઈ ષંઢનું હરણ કરી જતા હોય ત્યારે શૌર્યવાન એવો પણ કયો માણસ એની પાછળ દોડે છે ? બંને અપંગોમાં એક અંધ હતો, એ ચાલતો ચાલતો અગ્નિની એકદમ નિકટમાં–સમીપમાં બળી જઈ મૃત્યુ પામ્યો. કેમકે વૃદ્ધિ પામતા આવતા અગ્નિને, સામે જઈને વશ્ય કરવાને કોણ સમર્થ હોય ? એજ વખતે પેલો પંગુ પણ 'અગ્નિ મારી નિકટ આવતો જાય છે.' એમ આર્તસ્વરે આક્રંદ કરતો એ જ અગ્નિમાં બળી મૂઓ. અથવા તો પ્રાણીને પોતાનાં કરેલાં કર્મો ભોગવ્યા વિના છુટકો છેજ ક્યાં ?

આ દષ્ટાન્તમાં અંધ અને પંગુ બંને એકત્ર થઈ પરસ્પર સહાયકર્તા ન થયા તો કંઈપણ કરી શક્યા નહિ. (અને વિનાશ પામ્યા) તેજ પ્રમાણે જ્ઞાન અને ક્રિયાનું સમજવું. બાણપરથી શર છોડવામાં પણ બંને હસ્તની એકત્ર સહાય વિના ક્યાં ચાલે છે ? માટે મોક્ષ પ્રાપ્ત કરવું હોય તો પવિત્રતાનાં એકલાં જ સ્થાનરૂપ જ્ઞાન અને ક્રિયામાં સર્વ વિવેકી જનોએ ઉદ્યુક્ત રહેવું જ જોઈએ.

આ પ્રમાણે શ્રી મહાવીરે ઉપદેશ આપ્યો, એ શ્રવણ કરીને ભક્તિમાન શ્રોતાઓ એમને નિર્મળ વૃત્તિએ સાષ્ટાંગ નમન કરી પોતપોતાને સ્થાને

જવા લાગ્યા. એમનામાં એક આકાશગામી વિદ્યાધર હતો એ પણ જવા તૈયાર થયો. પરંતુ આકાશમાં ઊડવાનો પ્રયત્ન કરતાં તે સદ્ય નીચે ભૂમિ પર પડ્યો. જેમ તોફાનમાં સપડાઈ ગયેલું નાવ ઉછળીને પાછું પાણી પર પડે છે એમ ઊડવા જતાં નીચે પડી ગયો. એટલે એ વિદ્યાધરનું મુખ નિસ્તેજ થઈ ગયું. એ સમજી ગયો કે એને પોતાની વિદ્યાનું વિસ્મરણ થયું છે. એણે વિશેષ વિશેષ પ્રયત્ન કરી જોયા પરંતુ સર્વ નિષ્ફળ ગયા. એટલે તો જાણે એ ઠરી જ ગયો. આમ બન્યું એ જોઈને શ્રેણિક નરેશ્વરે ત્રિકાળજ્ઞાની પ્રભુને પ્રશ્ન કર્યો–હે જિનદેવ ! પાંખો પૂરી ન આવી હોવાને લીધે પક્ષી અને મહાવાયુને લીધે વહાણ ઊંચે ચઢે છે ને સદ્ય પાછું પડે છે એવું આ ખેચર–વિદ્યાધરને થાય છે એનું કારણ શું ?

ભગવંતે ઉત્તર આપ્યો–એને એની આકાશગામિની વિદ્યાના પાઠનું વિસ્મરણ થયું છે માટે એમ થાય છે. બેમાંથી એક ઔષધની ગેરહાજરી હોય છે તો પ્રવીણ વૈદ્યનો પ્રયોગ પણ ક્યાં ફળીભૂત થયો દીઠો ? પણ આવી વિદ્યા અને એના મંત્ર ઐહિક સુખને આપનારા છે ખરા, પણ એટલા માટે જિનધર્મનું તંત્ર, હીન અને વ્યર્થ છે એમ ગણી એને ઉવેખી એ મંત્રોના પાઠની પાછળ સુજ્ઞજનોએ આગ્રહ રાખવો નહિ. આત્મહિતૈષી જીવ એવી વિદ્યાપ્રાપ્તિ માટે પ્રયત્ન પણ કરે નહિ. કારણકે અધિક વિદ્યા રસલોલુપી જીભની જેમ અનેક અનર્થોનું મૂળ છે. જુઓ, કોઈ મૂર્ખજનો કદાપિ ભવભયભંજન શાસ્ત્રસૂત્રોનો અભ્યાસ કરતાં એકાદ અક્ષર મૂકી દે અથવા એકાદ અક્ષર નવો ઉમેરી દે તો वृषपद्महिमानी[1] એ પદનો જેમ અર્થભેદ થઈ જાય છે તેમ, જિનભગવાને ઉપદેશેલાં અનુષ્ઠાન–ક્રિયામાં પણ ભેદ પડી જાય છે અને એમ થવાથી જ્ઞાનના સુખરૂપી મુક્તાફળની દેનારી મુક્તિ પણ દુષ્પ્રાપ્ય બને છે. અને એમ થવાથી જ્ઞાનના સુખરૂપી

---

૧. આ પદમાં वृष (ઔષધિ વિશેષ), पद्म (કમળ) અને हिमानी (હિમ-ઠાર) એ ત્રણ શબ્દ છે. એ પદનો અર્થ એવો નીકળે કે વૃષ અને પદ્મને જેમ હિમ (દઝાડે છે–બાળી નાખે છે) તેમ... મુર્ખ માણસ એ પદને वृष, वृषय, पद्, महिमा, मानी કંઈ એવી રીતે છુટું પાડીને અનર્થ કરે.

મુક્તાફળની દેનારી મુક્તિ પણ દુષ્પ્રાપ્ય બને છે અને એ મુક્તિ–મોક્ષ પ્રાપ્ત ન થાય તો દીક્ષા લીધી શા અર્થની ? પછી તો દીક્ષા એટલે 'સ્વોદરપૂર્ણાર્થે ભિક્ષા' એમ કહેવાય. એમ બંને વાત કડવી ઝેર લાગશે. માટે એમ તો ન જ કરવું.

વિદ્યાધર સંબંધી વૃતાંત શ્રવણ કરીને સુબુદ્ધિ અભયકુમારે એની પાસે અમૃતથી પણ અધિક મિષ્ટ વાણીવડે કહ્યું "જો ઉચિત લાગે તો તમારી નિરવદ્ય વિદ્યા મારી આગળ ભણી જાઓ." વિદ્યાધરે એ વાત બહુ હર્ષ સહિત અંગીકાર કરી અને અભયકુમારની પાસે એનો પાઠ કરી ગયો અને અભયકુમાર પણ એ સાંભળી, હૃદયમાં સ્થાપી, વિદ્યાધરની પાસે જ પાછો પૂર્ણપણે બોલી ગયો. કારણકે એના એક જ પદથી સર્વ પદોનું અનુમાન કરવાની (પદાનુસારિણી) શક્તિ અભયકુમારમાં હતી. વિદ્યા આપી એટલે તો, કોઈ માણસ દુઃખ પરંપરાથી એકદમ મુક્ત થાય, ને તેથી અત્યંત હર્ષિત થાય એવી રીતે વિદ્યાધર અત્યાનંદ પામ્યો. વળી એણે અભયકુમારને એની સાધના કરવાની રીતિ પણ કહી. પછી સર્વજનો પર ઉપકારનો વર્ષાદ વરસાવનાર એવા અભયકુમારની અનુજ્ઞા લઈ, સર્વ કર્મથી મુક્ત એવા સિદ્ધની જેમ, આકાશને વિષે ઊડયો અને મનના કરતાં પણ અધિક વેગથી પોતાને સ્થાને પહોંચી ગયો. અહીં અભયકુમાર પણ મળેલી વિદ્યાની સાધના કરીને પરમ ખ્યાતિ પામ્યો.

આમ કૈરવકમળસમાન ઉજ્જ્વળ કીર્તિના કારણભૂત અનેક અનેક ઉત્તમ કાર્યો કરીને રાજપુત્ર અભયકુમાર પ્રજાજનોને સતત આશ્ચર્યમાં લીન કરતો હતો.

શ્રેણિકરાજાનો સભામંડપ સર્વમંત્રીઓના શિરોમણિ–નંદારાણીના પુત્ર–અભયકુમાર અને સમૃદ્ધસામંતો વગેરેથી નિરંતર વિરાજી રહેતો અને રાજા આવીને સિંહાસન પર બેસતો તે વખતે એ જાણે સર્વ દેવોને અધિપતિ સાક્ષાત્ ઈન્દ્ર પોતે હોય એવો શોભતો. વળી ધર્મનો મર્મ જાણનારાઓમાં અગ્રણી, વાચાળ અને બુદ્ધિશાળી અભયકુમારની સાથે અનેકવિધ, અમૃતથી પણ મિષ્ટ એવા વાર્તાલાપ કરી સભાજનોનાં મન અત્યંત રંજિત કરતો અને જેમાં આનંદ અને હર્ષની જ વાતો હોય એવા

સુંદર વિનોદોમાં કાળ વ્યતીત કરતો.

એકદા સુવર્ણસિંહાસને આરૂઢ થયેલા એ ગર્વિષ્ટ નરપતિએ સભા સન્મુખ હાસ્યપૂર્વક પ્રશ્ન કર્યો "મનુષ્યો કેટલાક ધર્મિષ્ઠ હોય છે અને કેટલાક પાપિષ્ઠ પણ હોય છે. તો કહો કે એ બેમાં વિશેષ સંખ્યા કોની હશે ?" બુદ્ધિસાગર અભયકુમાર તો નિરૂત્તર રહ્યો, પણ શેષ સભાજનોએ ઉત્તર આપ્યો "હે નાથ ! પાપિષ્ઠ વિશેષ હોય છે; ધર્મિષ્ઠ જીવ ઓછા હોય છે. કેમકે બજારમાં પણ રૂ-કપાસના ઢગલાને ઢગલા દેખાય છે, અને રત્નાદિક અલ્પ હોય છે." પછી અત્યન્ત વિચારશીલ અભયકુમાર મૌનનો ભંગ કરીને બોલ્યો "હે પિતાજી ! એ કથન અસત્ય છે; ધર્મિષ્ઠ વિશેષ હોય છે ને પાપિષ્ઠ ઓછા હોય છે." અહો ! નિશ્ચયે કોઈક સૂરિઓ જ એના જેવા (બુદ્ધિશાળી) હશે. એણે વિશેષ ઉમેર્યું કે "હે તાત ! જો મારું વચન સત્ય નથી એમ કહેતા હોય તો બહેતર છે કે સભાજનો સત્વર પરીક્ષા કરે, કારણકે પરોક્ષ જ્ઞાન વડે જ આ સર્વેજનો કહે છે. સત્ય વાત તો પ્રત્યક્ષ પ્રમાણવાળી હોય એજ કહેવાય." એ સાંભળી સૌ કહેવા લાગ્યા "હે સ્વામિન ! એમ જ કરો, સત્વર પરીક્ષા કરો." અથવા તો શ્રેષ્ઠ સમૃદ્ધિવાળા સ્વામીને કયો સેવક "ચિરંજીવ, ચિરંજીવ" એમ નથી કહેતો ?

અભયકુમારે પણ પછી પોતાનું કથન સત્યતાવાળું છે એવું સિદ્ધ કરવાનો એક વિચિત્ર યુક્તિ રચી; એક શંખના વર્ણસમાન ઉજ્જ્વળ અને બીજું મેઘના વર્ણ જેવું કૃષ્ણ-એમ બે દેવાલયો બંધાવ્યા; તે જાણે સજ્જનની કીર્તિ અને દુર્જનની અપકીર્તિનાં સ્મરણ-સ્તંભો ચિરકાળે પ્રકટ થયાં હોય નહીં ! પછી નિત્ય એકજ માર્ગે ઊભા રહીને એણે દાંડી પીટાવીને ઉદ્‌ઘોષણા કરાવી કે નગરમાં જે જે ધર્મિષ્ઠ માણસો હોય એમણે સર્વેએ હસ્તને વિષે બળી લઈને સત્વર વિના શંકાએ, હંસપક્ષીઓ, માનસ સરોવરે જાય છે તેમ શ્વેત દેવાલયમાં જવું; અને જેઓ પાપિષ્ઠ હોય એમણે શૂકર એટલે ભુંડ પંકપૂર્ણ ખાબોચીયાએ જાય છે એમ કૃષણવર્ણા દેવાયમાં જવું.

અભયકુમારની એ પ્રકારની આજ્ઞા સાંભળીને તરત જ પુષ્કળ

માણસો શ્વેત દેવાલય તરફ આવવા લાગ્યા; બજાર ખુલે ત્યારે સંખ્યાબદ્ધ માણસો જેમ ક્રય વિક્રય કરવા આવે છે એમ, આવનારાઓ એ દેવાલયને એક દ્વારેથી પ્રવેશ કરતા હતા અને બીજે દ્વારે નીકળતા હતા; જેવી રીતે ચક્રવર્તી રાજાનું સકળસૈન્ય સર્વથા રૂપ્યગિરિની વિશાળ ગુહામાં પ્રવેશ કરીને સામે દ્વારે નીકળે છે એમ. બહાર નીકળતા પ્રત્યેકને રાજાના સેવકો પુછવા લાગ્યા-કહે ભાઈ ! તું ધર્મિષ્ઠ કેવી રીતે; કહે ભાઈ ! તું ધર્મિષ્ઠ કેવી રીતે ? એટલે એકે કહ્યું "હું કૃષિકાર છું. અપંગ વગેરેને સારી રીતે અનાજ આપું છું. વળી આ પક્ષિગણ પણ મારા ધાર્યા ઉપર જ નિર્વાહ કરે છે. શું દાનના દેનાર રાજાને કે શું પ્રજાને, શું ગૃહસ્થને કે શું સાધુને, અથવા એ સિવાય અન્ય જનોને પણ ત્યાં સુધી જ સર્વ સારાં વાનાં છે કે જ્યાં સુધી મારા કોઠારમાં પુષ્કળ ધાન્ય હોય છે. આવું જે ધાન્ય-એને ઉત્પન્ન કરનારો હું ધર્મિષ્ઠ કેમ નહીં ?"

વળી અન્ય એક જનને પૂછતાં એણે ઉત્તર આપ્યો "હું બ્રાહ્મણ છું. નિત્ય હું મારા ષટ્કર્મનું અનુપાલન કરું છું. હું નિત્ય અજાદિકનો વધ કરીને, અન્ય જનોને દુષ્કર એવા યજ્ઞ-હવન કર્યા કરું છું. અને એ અજાદિ પશુઓ પણ હવનમાં હોમાવાથી સ્વર્ગે જાય છે અને વિવિધ દેવાંગનાઓની પદવી પ્રાપ્ત કરે છે. નિશદિન શુદ્ધ અગ્નિ હોમને લીધે સકળ દેવગણને હું રંજિત કરું છું; અને એ દેવો પણ તુષ્ટમાન થઈને પૃથ્વીને વર્ષાદથી તૃપ્ત કરે છે એટલે એમાં ધાન્યની નિષ્પત્તિ થાય છે અને લોકો સુખે જીવન ગાળે છે. વળી લોકો વિવાહાદિક પણ મારાં જોઈ આપેલાં મુહૂર્ત પ્રમાણે કરે છે; અને પાણિગ્રહણ પણ હું કરાવું છે-એટલે જ એઓ સંસારસુખનો ઉપભોગ કરીને સ્વર્ગનો હેતુ-એવી પુત્રરૂપ સંતતિ પ્રાપ્ત કરે છે. વેદના પાઠથી પવિત્રિત બ્રહ્માના મુખ થકી નીકળેલા બ્રાહ્મણોને કોઈ પણ પ્રકારનું દુઃખ હોતું નથી, માટે એઓ નિરંતર પાપથી અલિપ્ત રહે છે; પંકયુક્ત જળથી જેમ પદ્મ-કમળ અલિપ્ત રહે છે તેમ."

વળી અભયકુમારના સેવકોના પ્રશ્નના ઉત્તરમાં એક ત્રીજા જણે કહ્યું, "હું ક્ષત્રિય છું. મારા નિયમના અનુપાલનને લીધે હું શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણથી પણ ચઢી જાઉં છું. હું શત્રુને કદિ પીઠ દેખાડતો નથી, અને

પડેલા શત્રુપર કદિ પ્રહાર કરતો નથી. ક્ષત્રિયો રક્ષણ કરે છે એટલે જ સર્વલોક પોતપોતાના ધર્મકાર્યો નિર્ભયતાથી કરી શકે છે. માટે આવી ક્ષત્રિયજ્ઞાતિને વિષે જન્મેલો મારા જેવો માણસ ધર્મિષ્ઠ કેમ નહીં ?"

વળી એક પ્રજાજને એમ ઉત્તર આપ્યો કે "હું કોઈપણ પ્રકારના મનોવિકારોથી રહિત એવો વૈશ્ય છું. પશુપાલન આદિ મારી પ્રવૃત્તિ છે તે હું કર્યા કરું છું; વળી રાજ્યમાં કર પણ ભરું છું. તો એ કરતાં વિશેષ સુંદર તમે શું માગો છો ?"

કોઈએ વળી એમ કહ્યું કે "હું વ્યાપારી વણિક છું. રાત્રિ દિવસ મારી દુકાને બેસી રહીને હિંગ, તેલ આદિ વસ્તુઓ સ્વચ્છ અને સાફ કરી વેચીને દ્રવ્ય ઉપાર્જન કરું છું અને આનંદથી રહું છું. મેઘ પૃથ્વીને જળથી તુપ્ત કરે છે તો હું યે યથાશક્તિ ભિક્ષુકોને કંઈ કંઈ આપીને સંતોષ પમાડું છું. કહો, ત્યારે હું ધર્મિષ્ઠ ખરો કે નહીં ?"

વળી એક બીજાએ કહ્યું કે "હું વૈદ્ય છું. મલ, મૂત્ર, નાડી આદિની સંપૂર્ણ પરીક્ષા કરીને લંઘન, કવાથ, તપ્ત ઉકાળેલું જળ આદિ પ્રયોગો વડે વાત-પિત્ત-જ્વર, શ્લેષ્મ વગેરે વ્યાધિઓનું નિવારણ કરીને લોકોને નીરોગી બનાવું છું;-જે કામ કરવાને દેવો પણ સમર્થ નથી. કહો ત્યારે, આવા જીવિતદાન આપનારા મારા જેવાનો ધર્મ ઉત્કૃષ્ટ નથી ?"

પછી વળી એક અન્ય જનને પૂછતાં એણે કહ્યું-હું કલાલ છું. લોકોને ઉત્તમ સુરા-મદ્ય આપું છું. ને એઓ એ આનંદપૂર્વક હોંશે હોંશે પીવે છે. આમ એમને સુખ ઉપજાવનારો હું ધર્મિષ્ઠ જ કહેવાઉં. મારી નિંદા કરે એ જ પાપિષ્ઠ." એક બીજાએ વળી કહ્યું, "હું કોટવાળ છું. લોકો પાસેથી ન્યાયપૂર્વક દ્રવ્ય કઢાવું છું. કેમકે ઉન્માર્ગે જનારા પાસેથી હું દ્રવ્ય લઈને વળતી શિક્ષા આપું છું (કે ફરી એ એવે માર્ગે ન જાય) ત્યારે કહો, એક અત્યંત નૈષ્ઠિક યતિની જેમ હું ધર્મિષ્ઠ ખરો કે નહીં ?"

આ પ્રમાણે અકેકને પૂછતાં સર્વેએ પોતપોતાને ધર્મિષ્ઠમાં ગણાવ્યા. અરે ! એક મરણોન્મુખ ખાટકી આવ્યો એણે પણ કહ્યું કે હું ધર્મિષ્ઠ છું. છાગ-ગાય આદિ પ્રાણીઓને સ્વેચ્છાએ હણીને પછી આપી દઉં છું.

બહેન, ભાણેજ અને સર્વ જ્ઞાતિજનોને એમનું ઉત્તમ માંસ આપું છું. વળી પ્રાહુણા આવે તો એમને પણ વિનાસંકોચે આપું છું અને શેષ રહે એ વેચી નાખું છું. એમ કરવાથી સર્વે માંસાહારીઓ અત્યંત હર્ષ પામે છે. ત્યારે કહો, હું ધર્મિષ્ઠ કેમ નહીં ?"

આમ શ્વેતદેવપ્રાસાદમાં પ્રવેશ કરીને સંખ્યાબદ્ધ પ્રજાજનોએ પોતપોતાની ધર્મિષ્ઠ જીવોમાં ગણત્રી કરાવી. અથવા તો અસત્ય પંથના અનુયાયીઓ પણ પોતાને ક્યારે નિર્ગુણી સમજે છે ?

પણ અપવાદ તરીકે બે શ્રાવકો એવા નીકળ્યા કે જેમણે કૃષ્ણવર્ણા પ્રાસાદમાં પ્રવેશ કર્યો અને તત્ક્ષણ મહાન આશ્ચર્યે લોકોના અંતઃકરણમાં પ્રવેશ કર્યો. બંને જણ પ્રવેશ કરીને સામે દ્વારે નીકળતા હતા ત્યાં દેવતાઓથી પણ અધિક તેજસ્વી એવા શ્રેણિક ભૂપતિના સેવકોએ એમને પૂછ્યું "અરે ! ભાઈઓ, તમે વળી શું દુષ્કૃત્ય કર્યું છે કે આ કૃષ્ણમંદિરને વિષે પ્રવેશ કર્યો ? પોતપોતાના મનથી પોતપોતાને ધર્મિષ્ઠ કહેવરાવીને અન્ય સર્વ લોકો તો શ્વેતમંદિરમાં ગયા હતા."

એ સાંભળીને એ બંને શ્રાવકો વિષાદપૂર્વક કહેવા લાગ્યા–અમને ખેદ થાય છે કે અમો મહાપાતકી છીએ. કેમકે અમે ગુરુ સમક્ષ મદ્યપાન-વિરમણવ્રત અંગીકાર કરીને પુનઃ ખંડિત કર્યું છે. માટે હે રાજપુરુષો ! અમે પરમ નિકૃષ્ટ પાપાત્મા અને આ લોકમાં લુટારા જેવા છીએ. અમે આ કૃષ્ણમંદિરમાં આવ્યા એ ઉચિત જ કર્યું છે. કેમકે સર્પ અને લુટારાઓનું આ જ સ્થાન હોય. આમાં તો કેવળ સાધુઓને જ ધન્ય છે કે જેઓ ભાવપૂર્વક અને નિશ્ચતપણે વ્રત ગ્રહણ કરે છે અને ગ્રહણ કરેલું પાછું યાવજ્જીવ નિર્વહે છે. વળી જેમનામાં શ્રાવકનાં લક્ષણ હોય એમને ધન્ય છે, જેઓ પ્રતિજ્ઞા લઈને એનો પાછો નિર્વાહ કરનારા હોય એમને ય ધન્ય છે, અને જેઓ સર્વદા સુગ્રહ એવો સ્થૂલ પણ અભિગ્રહ કરે એમને પણ ધન્ય છે ! વળી અભિગ્રહ કરીને પુનઃખંડિત કરે એના કરતાં પ્રથમથી જ અભિગ્રહ ન કરનારા સારા. આપણા આભૂષણમાં રત્ન ન હોય એનું કંઈ નહીં; પરંતુ રત્નજડિત હોય એમાંથી રત્ન નષ્ટ થઈ જાય એ સારું નહીં. અમને એ જ ખેદ થાય છે કે આવો મનુષ્યજન્મ અને

એની સાથે શોક સંતાપ આદિને ટાળનાર એવું શ્રી તીર્થંકરનું શાસન પ્રાપ્ત કરીને પણ અમે અમારો અભિગ્રહ ખંડિત કર્યો.

અમે આવાં અકાર્ય-પાપ કર્યાં છે એ કારણથી લોકોનાં દેખાતાં આ કૃષ્ણપ્રાસાદમાં પેઠા. કારણકે પાપિષ્ઠોનું પાપ પ્રકટ થાય એ સારું, ને ધર્મિષ્ઠોનો ધર્મ ગુપ્ત રહે એ સારો. "પાપિષ્ઠ મનુષ્યો વિશેષ છે અને ધર્મિષ્ઠની સંખ્યા અલ્પ છે." -એવું સભાજનોનું કહેવું બુદ્ધિનિધાન અભયકુમારના કથનને સંગત જ છે. કેમકે યુક્તિયુક્ત વચન કોને સંમત નથી હોતું. એણે જે કેવળ યુક્તિ વાપરીને ઊલટું કહ્યું છે એનો અર્થ અમે એવો કરીએ છીએ કે "પાપિષ્ઠ મનુષ્યો સર્વદા પોતાને ધર્મિષ્ઠ ગણે છે; ફક્ત ધર્મિષ્ઠ જીવો જ પોતાના દોષ જાણે છે." -એ કથનની વાસ્તવિકતા સમજાવવાને માટે એણે એમ કહેલું હોવું જોઈએ. અથવા તો એના જેવા અત્યંત ગંભીર પુરુષનું મન વિદ્વાન પંડિતોમાંથી પણ ઘણા થોડા જ કરી શકે છે.

પછી તો પ્રજાજનોએ રાજપુત્ર અભયકુમારની પ્રશંસા કરી કહ્યું, "હે મંત્રીશ્વર ! બુદ્ધિના સાગર એવા તમે જ ઉત્તમ વચનોરૂપી કિરણો વડે તેજોનિધિસૂર્યની પેઠે જગતરૂપી કમળપુષ્પને પ્રબુદ્ધ કરો છો. શ્રીમતી નંદારાણીના પુત્ર, તમે આ સૂર્ય, ચંદ્રમા, નક્ષત્રો, દ્વીપો, સમુદ્રો, પૃથ્વી અને હેમાદ્રિની હયાતિ પર્યન્ત ચિરંજીવ રહો, અતુલ રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરો અને જગતને આનંદ પમાડો."

આમ શ્રેષ્ઠબુદ્ધિનું નિધાન એવો અભયકુમાર એક મુનિવરના જેવા પવિત્ર, અનુપમ કાર્યો કરી કરીને, તથા શંખ-કુન્દપુષ્પ આદિ જેવી ઉજ્જ્વળ ઘટનાઓ ઉપસ્થિત કરી કરીને નિરંતર લોકોનાં ચિત્તને આશ્ચર્યમાં લીન કરતો.

❋ ❋ ❋

**શ્રી અભયકુમાર મંત્રીશ્વર જીવનચરિત્રનો**
**દશમો સર્ગ સમાપ્ત**

## સર્ગ અગ્યારમો

પિતાના રાજ્યની દિવાનગિરિ કરતા પુત્રે હવે તો પોતાના અનેકવિધ આશ્ચર્યકારક બુદ્ધિચાતુર્યપૂર્ણ પરાક્રમો વડે પૂર્વજોને પણ વિસરાવી દીધા. રાજાપ્રજાનાં એકત્રિત કાર્યોમાં પણ નિષ્પક્ષપાતપણે વર્તન કરી ઉભયનું હિત ચિન્તવી દશે દિશાઓમાં ન્યાયઘંટા વગડાવી. રાજતંત્રમાં અકથ્ય નિપુણતાના યોગે વિપત્તિનાં વાદળાનો સંહાર કરી, લઘુ બંધુઓના કટુ વચનોને પણ સહી લઈ, 'શિષ્ટ પુરુષોની રક્ષા અને દુષ્ટજનોને શિક્ષા' એ સૂત્ર નિત્ય હૃદયમાં રાખી, ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થને યથાકાળ સાધ્યા કર્યા. સકળ રાજ્ય કાર્યભાર એક હસ્તે ચલાવતાં છતાં પણ રાજ્યસંપત્તિનો માલિક થવા ન ઈચ્છ્યું. જળમાં નાવ પોતે તરે છે અને બીજાઓને તારે છે એમ એણે પોતો ધર્મપરાયણ રહી અન્યને પણ ધર્મપરાયણ કર્યા. બાહ્ય શત્રુઓનો તેમજ ક્રોધાદિ અભ્યન્તર શત્રુઓનો વળી એવો સંપૂર્ણ પરાજય કર્યો કે એઓ એની સામે આંખ ઊંચી જ ન કરી શક્યા.

આમ પ્રસ્તાવ થઈ રહ્યો છે એવામાં એકદા શ્રેણિકરાયે પ્રમોદપૂર્ણ વચનો વડે અભયકુમારને કહ્યું– વ્હાલા પુત્ર ! હું સમજુ છું કે રાજ્યપાટ ભોગવવાની તને લેશમાત્ર સ્પૃહા નથી, તો પણ હું કહું છું કે "હવે વત્સ ! તું રાજ્યનું સ્વામિત્વ ગ્રહણ કર. તારા જેવો અનુપમ બુદ્ધિશાળી, મહા પરાક્રમી જ્યેષ્ઠ પુત્ર છતાં, અન્યને રાજ્ય અપાય નહીં. ભાર વહેવા માટે ધોરીને જ ધુંસરીએ જોડાય. હવે તો મારી ઈચ્છા ચિંતારત્નના માહાત્મ્યને પણ જિતનાર શ્રીવીરના ચરણકમળની ઉપાસના કરવાની થઈ છે. પુત્ર ! મેં રાજ્ય બહુ ભોગવ્યું. પરલોક પણ સાધવો જોઈએ. આ પતિત પંથને વિષે મુર્ખજનો જ મમત્વ ધરીને પડ્યા રહે." એ સાંભળી અભયકુમારને કાંતો ખલ પુરુષના મુખમંડન જેવું પૂજ્ય પિતાની આજ્ઞાનું ખંડન કરવું રહ્યું, કાં તો વિશાળ સંસારસાગરમાં રગદોળાવું રહ્યું. 'હાં કહે તો હાથ જાય, ના કહે તો નાક કપાય.' –એવા સંકટમાં વિચાર કરતાં કંઈ ઉપાયનું સ્મરણ થઈ આવવાથી એણે કહ્યું 'આપે જે મને આદેશ કર્યો તે બહુ ઉત્તમ છે. વળી ઉચિત અનુચિત અન્ય કોણ સમજે

એમ પણ છે ?' પરંતુ આપ કિંચિત કાળ રાહ જુઓ. હું સમય આવ્યે આપને કહી દઈશ. મારે કહેવાનું સ્થાન આપ જ છો."

એવામાં ત્રણ જગતના નાયક, અખિલ વિશ્વને આનંદદાયી શ્રી વીરજિન, સંસારી જીવોના હિતાર્થે પૃથ્વી પર વિચરતા વિચરતા, ઉદાયન નૃપતિને પ્રવ્રજ્યા આપી, મરૂદેશમાંથી જાણે અભયકુમારનાં પુણ્યથી આકર્ષાઈને આવ્યા હોય નહીં એમ ત્યાં રાજગૃહી નગરીમાં પુનઃ પધાર્યા. અમર નિર્જર દેવોએ તત્ક્ષણ સમવસરણની રચના કરી. કારણકે દેવોને ચિંતવન માત્રથી જ સર્વકાર્ય સાધિત થાય છે. સર્વત્ર સુવર્ણની પવિત્રતા સૂચવતા હોય નહીં એમ નવા નવા સુવર્ણકમળો પર ચરણયુગલ મૂક્તાં મૂક્તાં પ્રભુએ પૂર્વદ્વારેથી સમવસરણમાં પ્રવેશ કર્યો. એમને જોતાં જ સર્વ કોઈનો મોહ–ભ્રમ ટળી ગયો, સંસારની અસારતા જણાઈ, સત્યનો ભાસ થયો. પ્રભુ પણ પછી "नमो तिथ्थस्स" એમ કહીને, પ્રતિબોધ દેવા માટે આસને બિરાજ્યા. કેમકે પ્રતિબોધ એટલે દેશનારૂપી નદી ભગવાનરૂપી પર્વતમાંથી વહે છે.

એટલામાં તો દેવ, મનુષ્ય અને તિર્યંચ પણ સમૂહમાં પ્રભુને વંદન કરવાને આવવા લાગ્યા. ફક્ત નરકના જીવો પરાધીન એટલે બિચારા શું કરે ? પ્રભુ પધાર્યા એજ સમયે ઉદ્યાનપાલકે જઈને શ્રેણિકરાયને વધામણી. આપી કે– 'હે દેવ ! ત્રણ જગતના સ્વામી, સુરાસુરોને પણ વંદ્ય, સકળ કર્મદળના સંહારક, ધર્મપ્રવર્તક, કેવળજ્ઞાની ચરમ તીર્થંકર શ્રી વીરપ્રભુ પધાર્યા. શ્રી મહાવીરના આગમનની વાત સાંભળીને ભૂપતિને અત્યંત ઉલ્લાસ થયો; અને તેથી એવા હર્ષના સમાચાર લાવનાર બાગવાનને પ્રેમપૂર્વક દાન દીધું અને અસંખ્ય પુણ્ય ઉપાર્જન કર્યું. પછી "આજે નિશ્ચયે મારી સકળ લક્ષ્મીની સાર્થકતા થશે કેમકે જિનેન્દ્રને વંદન કરવા જવાના ઉત્તમ કાર્યમાં એનો ઉપયોગ થશે." એમ વિચારી અત્યાનંદ સહિત, જાણે દશે દિશાઓને પૂરી નાખતો મહાસાગર વહ્યો આવતો હોય નહીં એમ, સમગ્ર સામગ્રી સાથે પ્રભુને સમવસરણે આવ્યા.

સકળકળાકૌશલ્ય નિષ્ણાત અભયકુમાર પણ પોતાની શંકાનું નિવારણ કરવાની અત્યંત ઉત્સુકતાને લીધે હર્ષસહિત પિતાની સાથે સમવસરણે

ગયો. ત્યાં ઊંચા સિંહાસન પર વિરાજેલા સુવર્ણસમાન ગૌરવર્ણા જિનેશ્વરની, પોતાના સમગ્ર પરિવાર સહિત ત્રણ પ્રદક્ષિણા દેતો મગધપતિ શ્રેણિકરાય, જાણે સુમેરુ-હેમાચળની આસપાસ તારામંડળ સહિત ફરતો શીતદ્યુતિ-ચંદ્રમા જ હોય નહીં એવો શોભી રહ્યો. પછી ત્રણ જગતના નાથની સ્તુતિ કરી એમને વંદન કરી ધર્મ શ્રવણ કરવા ઉચિત સ્થાને બેઠો. ભગવાને પણ યોજનગામિની વાણીવડે ભવ્યજનોને ઉપદેશાત્મક ધર્મ સંભળાવવાનો આરંભ કર્યો.

આ આધિ, વ્યાધિ ને ઉપાધિથી ભરેલા સંસારમાં એક ધર્મ માત્ર જ સારભૂત હોઈ સમગ્ર દુઃખોને નિવારનારો છે. પંચ પરમેષ્ઠીને હૃદયના સત્ય ભાવસહિત નમસ્કાર કરવો એ ધર્મનું મૂળ છે; રાજા જેમ રાજ્યના સાત અંગોનું[1] મૂળ કહેવાય છે તેમ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-એમ પાંચ પરમેષ્ઠી છે. અરિહંત, સર્વથા પ્રથમ પૂજાને યોગ્ય છે-એઓ કર્મરૂપી અરિ એટલે શત્રુને હણનારા હોવાથી 'આરહંત' કહેવાય છે. સર્વ કર્મરૂપી બીજને પુનઃ ન ઉગે એવી રીતે બાળી નાખીને એમનો (કર્મનો) ક્ષય કરે તે 'સિદ્ધ'. તે પંદર પ્રકારે છે; સ્ત્રિસિદ્ધ, સ્વ-લિંગાસિદ્ધ, અન્યલિંગાસિદ્ધ, ગૃહિલિંગાસિદ્ધ, એકસિદ્ધ, તીર્થસિદ્ધ, તીર્થંકરસિદ્ધ, અતીર્થસિદ્ધ, પુંસિદ્ધ, નપુંસકસિદ્ધ, અનેકસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ અને અન્યબોધિતસિદ્ધ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આચારોથી યુક્ત જેઓ છે એઓ આચાર્ય કહેવાય છે. નિરંતર સ્વાધ્યાય અને અધ્યાપન[2] આદિમાં ઉદ્યત રહેનારા-એ ઉપાધ્યાય અને ક્રિયાઓનું અનુપાલન કરી મોક્ષ સાધે છે એઓ સાધુ કહેવાય છે. આ પાંચ પરમેષ્ઠીનું પ્રત્યેક મનુષ્યે દિવસે ને રાત્રિ એ, સુખમાં તેમજ દુઃખમાં, હર્ષમાં ને શોકમાં, ઘરની બહાર તેમજ અંદર, ક્ષુધાતુર હો કે તૃપ્ત હો ત્યારે ય, અને જતાં કે આવતાં સર્વદા

---

૧. સ્વામિ, અમાત્ય, સુહત્, કોષ, રાષ્ટ્ર, દુર્ગ અને સેના-એ સાત રાજ્યનાં અંગો કહેવાય છે.

૨. અભ્યાસ કરવો અને કરાવવો.

ધ્યાન ધરવું. દહીંનો સાર જેમ ઘૃત છે અને કાવ્યનો સાર જેમ ધ્વનિ કાવ્ય[1] છે તેમ સર્વ-ધર્માનુષ્ટાનોનો[2] સાર પરમેષ્ઠી નમસ્કાર છે.

એ પરમેષ્ઠીનમસ્કારનું જો પૂર્ણ-ભાવસહિત સ્મરણ કરવામાં આવે તો અગ્નિ જળસમાન થઈ રહે છે, ભુજંગ પુષ્પની માળા થઈ જાય છે, વિષ અમૃતતુલ્ય બને છે, કૃપાણ એટલે તલવાર કંઠાભરણહાર બની જાય છે, સિંહ હરિણ સમાન શાંત થઈ જાય છે, શત્રુ મિત્રરૂપ બને છે, દુર્જન સજ્જનરૂપ બને છે, અરણ્યો જાણે વસવા યોગ્ય ગૃહો હોય એવાં બની જાય છે, ચોરલોકો લુંટારા મટી રક્ષણ કરનારા થાય છે અને પ્રતિકૂળ ગ્રહો હોય એ પણ અનુકૂળ થાય છે. એટલું જ નહીં પણ, દુષ્ટ શુકન થયાં હોય તો પણ ઉત્તમ શકુનોનું ફળ મળે છે, દુષ્ટ સ્વપ્નોને સ્થળે શ્રેષ્ઠ સ્વપ્નોનું ફળ પ્રાપ્ત થાય છે, ડાકિની પ્રેમવત્સલા માતા જેવી બની રહે છે, વિકરાળ વેતાળ-ભૂતાદિ પણ પિતા સમાન માયાળુ થઈ જાય છે, અને દુષ્ટ મંત્ર તંત્ર યંત્રાદિ પ્રયોગ પોતાની શક્તિ ત્યજી નિષ્ફળ બને છે- કંઈપણ અશુભ કરી શકતો નથી. કેમકે સહસ્રકિરણવાળા સૂર્યનો ઉદય થયે ઘુવડ પક્ષીને ગુપ્તસ્થાને અંધકારમાં જઈ રહ્યા વિના છુટકો નથી.

માટે સુજ્ઞજનોએ નિદ્રામાં કે જાગૃતાવસ્થામાં, સ્થિર થઈ બેઠા હો કે ગમનાગમન કરતા હો, માર્ગમાં કંઈ સ્ખલના થાય કે વળી છીંક આવે ત્યારે પણ એ મહામંત્રનું સ્મરણ કરવું. આ નમસ્કારના પ્રભાવથી આ લોકમાં અર્થ, ઈષ્ટ વસ્તુ આદિની પ્રાપ્તિ થાય છે, અને પર જન્મે પણ ઉત્તમ કુળમાં જન્મ થાય છે, સ્વર્ગ મળે છે અને મોક્ષ પણ નજદીક આવે છે. આ નવકારમંત્રના પ્રભાવ ઉપર એક કથાનક છે તે શ્રવણ કરો.-

પૂર્વે ક્રિયાનુષ્ઠાનોને વિષે નિરંતર ઉદ્યત એવો કોઈ જિન ભક્ત શ્રાવક હતો. એને એક પુત્ર હતો પરંતુ એ પુત્રમાં પિતા કરતાં સર્વ વિપરીત ગુણો હતા. એ ભારે કર્મી હોવાથી એને 'ધર્મ'નું નામ પણ ગમતું નહીં. કેમકે ધર્મવિષયે 'વાસના' જ હેતુ છે; શ્રાવકના કુળમાં જન્મ

---

૧. ધ્વનિકાવ્ય, અને ચિત્ર કાવ્ય-એમ ત્રણ પ્રકારનાં કાવ્યો છે. એ ત્રણમાં ધ્વનિકાવ્ય સૌથી ઉત્તમ છે. કેમકે એમાં વાચ્યાર્થ કરતાં. વ્યંગ્યાર્થ ચઢી જાય છે.

૨. ક્રિયા.

થવાથી જ, 'ધર્મ' પ્રાપ્ત થયો કહેવાય નહીં. પુત્રને 'ધર્મ' માં દોરવાને માટે પિતા એને કહેતો કે ભાઈ, ઘેર બેસી રહ્યો છે ત્યારે દેવમંદિરે તો જઈ આવ, પરંતુ એ કશું માનતો નહીં. છેવટે એણે એને ઉત્તમ નમસ્કારમંત્ર શીખવ્યો અને એને કહ્યું કે વત્સ ! આ એક પરમ વિદ્યા છે, માટે તારે આપત્તિ સમયે એનું ધ્યાન ધરવું. એ તારું દુઃખ નિવારણ કરશે. પુત્રે પિતાનું એ કહેવું માન્ય રાખ્યે એટલે એને કંઈક નિરાંત થઈ. પછી કેટલેક કાળે એનું મૃત્યુ થયું. પિતા પંચત્વ પામ્યા એટલે વનહસ્તિની જેમ નિરંકુશ એવો કુબુદ્ધિ પુત્ર જેવા તેવા માણસો સાથે હરવા ફરવા લાગ્યો. એવામાં કોઈ દુર્બુદ્ધિ ત્રિદંડીએ એને જોયો. એણે જાણ્યું કે એ 'બત્રીશ લક્ષણો' પુરુષ છે એટલે પોતાના સ્વાર્થને માટે એના ઘરની આગળ પોતે એક ઘર લીધું; અને દાન-ભોજન-સન્માન આદિ વડે એની સાથે પરમ મૈત્રી કરી.

એકદા એ ત્રિદંડીએ એને કહ્યું- જો તું એક પણ અંગ છેદાયા વિનાનું -અક્ષત મૃતક લઈ આવે તો હું તને કુબેર સમાન સમૃદ્ધિવાન બનાવી દઉં. ધનના લોભી વણિકપુત્રે પણ એની શોધમાં ફરતાં કોઈ વૃક્ષ પર પોતાને જોઈતું હતું એવું મનુષ્યનું મૃતક જોયું; અને એ વાત પેલાને કહી. એટલે કૃષ્ણ ચતુર્દશીને દિવસે એ મૃતકને કોઈ ભયાનક સ્મશાનને વિષે લઈ ગયા. ત્યાં એના (મૃતકના) હાથમાં ત્રિદંડીએ એક ખડ્ગ આપ્યું, અને વણિકપુત્રને એ મૃતકના ચરણ પાસે બેસાડ્યો.

પછી એ પાખંડીએ એ (વણિકપુત્ર) ના વધ માટે જાપ જપવા માંડ્યો એટલે મૃતકના શરીરમાં કોઈ વ્યતંર અધિષ્ટિત થયો અને મૃતક ઉછળવા માંડ્યું. હાથમાં ખડ્ગવાળા મૃતકને પોતા તરફ ઉછળતું જોઈ વણિકપુત્ર ભયભીત થયો. આવી આપત્તિમાં એને પિતાએ કહેલ 'નમસ્કાર' મંત્રનું સ્મરણ થઈ આવ્યું એટલે એનું ધ્યાન ધરવા લાગ્યો. એટલે પેલો વેતાલ ભૂમિ પર પડ્યો અને પાંખડી આશાભંગ થયો. છતાં એણે વિશેષ વિશેષ જાપ જપવા માંડ્યો. વણિકપુત્રને પણ 'મંત્ર' પર વિશ્વાસ બેઠો એટલે એ પણ એને વારંવાર સંભારવા લાગ્યો. મૃતક પુનઃ ઉછળ્યું અને પુનઃ ભૂમિ પર પડ્યું.

ત્રિદંડી તો સ્તબ્ધ થઈ ગયો અને પેલાને પૂછવા લાગ્યો-અરે તું કંઈ (મંત્ર આદિ) જાણે છે ? પેલાએ ના કહી. કેમકે 'અજાણપણું' બતાવવાથી વખતે (આ લોકમાં) છુટી જવાય છે. યમના આવ્હાન માટે પાપિષ્ઠ ત્રિદંડીએ સારી રીતે જાપ જપવા માંડ્યા અને વણિકપુત્રે પણ શ્રદ્ધા બેસવાથી પોતાના 'મંત્ર'નો એક ચિત્તે જાપ શરૂ રાખ્યો. વેતાળ ત્રીજીવાર ઉછળ્યો અને ક્રોધાયમાન થઈને ત્રિદંડીનો ખડ્ગવતી શિરચ્છેદ કર્યો; સુથાર કાષ્ટનો છેદ કરે એવી રીતે. એટલે તો એ પાંખડી પાપિષ્ઠ ત્રિદંડીનું શરીર સુવર્ણમય બની ગયું. એ વખતે તો એ 'સુવર્ણ પુરુષ' ને ત્યાં જ ગુપ્તપણે રાખી દઈને રાત્રિએ પુનઃ આવી વણિકપુત્ર પોતાને ઘેર લઈ ગયો. આમા નવકારમંત્રના પ્રભાવથી એ ધનવાન થયો. અન્યથા એનો જ વધ થઈને 'સુવર્ણ પુરુષ' થઈ જાત. પછી ધર્મનો આવો ઉત્કૃષ્ટ પ્રભાવ જોઈને એ ધર્મપરાયણ થયો.

(શ્રી વીરપ્રભુ કહે છે) આ અર્થ એટલે દ્રવ્ય પ્રાપ્ત કરનાર શ્રાવકનું 'દૃષ્ટાન્ત' તમને કહ્યું. હવે એ મંત્રથી કામ એટલે ઈષ્ટપ્રાપ્તિ કેમ થાય એ દૃષ્ટાન્ત કહું છું તે એક ચિત્તે શ્રવણ કરો.

પૂર્વે જિનેશ્વરપ્રણીત ધર્મને વિષે તનમનથી લીન એવી એક અર્હદ્દાસી નામની શ્રાવિકા હતી. એનો સ્વામી હતો એ મિથ્યાદૃષ્ટિ હતો. તુલ્યયોગ તો પુણ્યશાળી વિના અન્યત્ર ક્યાં હોય છે જ ? ધર્મનો દ્વેષી હતો એટલે એણે તો અન્ય સ્ત્રી પરણવા માટે ઈચ્છા કરી પરંતુ એક સ્ત્રીની હયાતિમાં એને કોઈ પોતાની કન્યા આપવા નીકળ્યું નહીં. આમ થવાથી એ એનો ઘાત કરવાની કોઈ યોજના કરવા લાગ્યો અને એટલા માટે એણે એકદા એક ઘડામાં ગુપ્તપણે સર્પ આણ્યો, અને ભોજન આદિની સમાપ્તિ પછી રાત્રે પોતાની સ્ત્રીને કટાક્ષમાં કહ્યું-ગજગામિની ! પેલા ઘટમાં હું પુષ્પ લેતો આવ્યો છું તે જરા મને આપો.

પતિદેવના કુટિલ આશય નહીં જાણનારી સ્ત્રી એ લેવા ગઈ અને અંધકાર હતો માટે પંચ-પરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગી. નવકાર મંત્ર ભણતાં ભણતાં જ એણે ઘડામાં હાથ નાખ્યો. તે વખતે એનો પ્રિય (?) સ્વામિનાથ પણ પોતાના મનોરથોનું ધ્યાન ધરી રહ્યો હતો. અર્હદ્દાસીએ

હાથ નાખ્યો તે વખતે જ શાસનદેવીએ પેલો ભુજંગ અપહરી લઈને એને સ્થળે સુવાસે મઘમઘી રહેલી પુષ્પની માળા મૂકી દીધી–એ માળા એણે જઈને પતિને અર્પણ કરી. "આ કોઈ અન્ય સ્થળેથી લઈ આવી કે શું થયું ?" એવી શંકા થવાથી પતિરાજ પોતે ઊભો થઈને ઘડો હતો ત્યાં ગયો. ઘડામાં જુએ છે તો સર્પ ન મળે, એની નાસિકાએં તો કુસુમોનો બ્હેકાટ આવ્યો. તત્ક્ષણ પશ્ચાત્તાપને લીધે પોતે પ્રિયાના ચરણમાં પડ્યો અને એને સર્વ વૃત્તાન્ત અથેતિ કહી સંભળાવ્યો; અને સાથે કહેવા લાગ્યો–હે શ્રીમતી ! મેં દુષ્ટે તારો બહુ અપરાધ કર્યો છે માટે તું સતી છે તો સર્વ ક્ષમા કર. પછી એણે પ્રસન્ન થઈ એને ગૃહની સ્વામિનીને પદે સ્થાપી, અને એના પ્રતિબોધથી પોતે પણ શુદ્ધ શ્રાવક થયો.

ત્યારપછી વળી શ્રી વીરપ્રભુએ નવકારમંત્રના પઠનથી આરોગ્યની પણ પ્રાપ્તિ થાય છે એ ઉપર ત્રીજું દૃષ્ટાન્ત આપ્યું.

પૂર્વે એક નદીને તીરે કોઈ નગર હશે. તે નદી પર કોઈ એક પ્રાજન એકદા શરીર ચિંતાને અર્થે ગયો. ત્યાં એણે નદીના જળમાં તણાતું જતું એક બીજપૂર (બીજોરું) જોયું. એટલે એણે એ લઈ લીધું તે જાણે સાક્ષાત્ એનું 'લાભોદય' કર્મ અને પ્રાપ્ત થયું હોય નહીં ! એ એણે જઈને રાજાને અર્પણ કર્યું, અને રાજાએ એ પોતાના રસોઈયાને દીધું. રસોઈયાએ એને સમારી સુધારી શાક બનાવી ભોજન અવસરે રાજાને પીરસ્યું. શાકના વર્ણ અને સુગંધથી હર્ષિતમને એ સમગ્ર એણે પ્રાશન કર્યું અને એના લાવનાર પર તુષ્ટમાન થઈ એને સારી બક્ષિસ આપી.

પછી પોતાના નાગરિકોને કહ્યું–આ બીજોરાનું મૂળ ઉત્પત્તિસ્થળ શોધી કાઢો. રાજાની આજ્ઞા થઈ એટલે એઓ પણ ભાતું બાંધી નદી પર જઈ તીરે તીરે ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં એક ઉદ્યાન એમની નજરે પડ્યું એમાં બીજોરાનું વૃક્ષ હતું એ જોઈને કહેવા લાગ્યા–આ વૃક્ષ તો પૂર્વથી જ દેવતાધિષ્ઠિત છે. એનું ફળ ગ્રહણ કરે એનું મૃત્યુ જ સમજવું; એ વિના ફળ લઈ શકાશે નહીં. એમ વિચારી, સર્વેએ આવી રાજાને એ વાત કહી. પણ રાજાને એ ફળની એવી તીવ્ર અભિલાષા થઈ હતી કે એણે તો કહી દીધું–તમારું ગમે એમ થાઓ, મરો યા જીવો; પરંતુ મને

ફળ લાવી આપો. રાજાને એમ બોલવામાં શો બાધ હોય ? પારકું મસ્તક અને પારકો ક્ષુર ! એટલે લોકોએ પણ સર્વ પ્રજાજનોનાં નામવાળી જુદી જુદી ચીઠ્ઠીઓ લખીને એક ઘડો લાવી એમાં નાખી. એમાંથી રોજ એક ચીઠ્ઠી કાઢતાં એ જેના નામવાળી હોય એણે પેલા વનમાં જઈ એ ફળ તોડી, બહાર રહેલાઓને આપી દેવું એમ નક્કી કર્યું. પણ તોડી આપનારો ભલે ત્યાં તરત મૃત્યુ પામે.

એમ કરતાં કરતાં કાળસમાન વિકરાળ એવો બહુ સમય વ્યતીત થયો. રોજ એક જણ ફળ તોડી આપે અને ત્યાં જ મરણ-શરણ થાય. એવામાં એકદા એક શ્રાવકના નામવાળી ચીઠ્ઠી આવી. પણ રાજાથી કોણ છૂટીને ગયું છે ? એ શ્રાવકે વિચાર કર્યો કે કદાચિત્ એ વૃક્ષનો અધિષ્ઠાયક, કોઈ વ્રત લઈને વિરાધ્યું હોય એવો દેવતા હોય તો એ નવકારમંત્રના શ્રવણથી પ્રતિબોધ પામે ખરો. એમ વિચારી મુખકોષ બાંધી ત્રણ નૈષેધિકી કરી નમસ્કાર મંત્રનો ઉચ્ચાર કરતાં કરતાં એણે વનવાટિકામાં પ્રવેશ કર્યો. એટલે વૃક્ષ પર રહેલા યક્ષને મંત્ર સાંભળીને સ્મરણ થયું કે હું પૂર્વભવે જિનધર્માનુરક્ત હતો. પરંતુ ધર્મને વિરાધવાથી યક્ષ થયો છું. હા ! મને અત્યંત ખેદ થાય છે. જો આણે મને નમસ્કાર મંત્ર સંભળાવી જાગ્રત ન કર્યો હોત તો હું આમ સદાકાળ જીવોનો વધ કરીને સંસાર-સાગરમાં રઝળી મરત. હવે આ શ્રાવક મારો ધર્મદાતા ગુરુ થયો માટે એ નિશ્ચયે મારે પૂજવા યોગ્ય છે.

એમ વિચાર કરીને એને વંદન કરીને કહેવા લાગ્યો-હે શ્રાવકશિરોમણિ ! હવે તમારે કોઈએ અત્રે આવવું નહીં. તમારે જોઈએ છીએ એ ફળ હું મોકલાવ્યા કરીશ. પછી એ શ્રાવકે પણ એ વાત રાજાને જઈને કહી. અને એણે પણ સન્તુષ્ટ થઈ એને બહુ દ્રવ્ય આપ્યું. પછી વ્યંતર પણ પ્રત્યેક દિને રાજાને ઓશીકે બીજપૂર ફળ મૂકી જવા લાગ્યો; કેમકે દેવતાઓ પ્રતિજ્ઞા પાળનારા છે. આ નમસ્કારમંત્રના પ્રભાવથી એ શ્રાવકે લક્ષ્મી અને આરોગ્ય ઉભય પ્રાપ્ત કર્યા. જીવિતસમું બીજું આરોગ્ય કર્યું ?

એ પ્રમાણે 'નમસ્કાર'નું ઈહલોકસંબંધી ફળ સમજાવીને પુનઃ શ્રીવીરે

એનું પરલોકસંબંધી ફળ જણાવવા માટે કહ્યું કે,

વસંતપુર નામનું નગર હતું. ત્યાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. એ નગરમાં એક જૈનધર્મ પાળનારી લીલાવતી નામે વેશ્યા રહેતી હતી. એ નિત્ય ચંડપિંગલ નામના એક ચોરની સાથે વિલાસસુખ ભોગવતી. એકદા એ ચોરે રાજાના જ મહેલમાં ચોરી કરીને એક અમૂલ્ય હાર ઉપાડ્યો કેમકે ચોરલોકોનું સાહસ કંઈ જેવું તેવું હોતું નથી. હાર લાવીને એણે વેશ્યાને આપ્યો અને વેશ્યાએ પણ એ ગોપવીને પોતાની પાસે રાખ્યો.

એક સમયે નગરજનોએ મળીને મોટો ઉદ્યાનિકા મહોત્સવ (ઉજાણી) આરંભ્યો. વેશ્યાઓ, દાસીઓ વગેરે પણ શ્રેષ્ઠ આભૂષણો ધારણ કરીને બગીચામાં ગઈ. આ લીલાવતીએ પણ પોતે સૌથી શ્રેષ્ઠ ગણાવા માટે પેલો હાર પહેરી લીધો. તેજતેજનો અંબાર એવો એ હાર જોઈને અન્ય વેશ્યાઓને અત્યંત આશ્ચર્ય થયું. પરંતુ એવામાં, રાજાની જે રાણીનો એ હાર હતો એની દાસીની એ તરફ દૃષ્ટિ ગઈ, અને એણે એ ઓળખ્યો. કારણ કે ચોરી ગમે એટલી ગુપ્ત રાખ્યા છતાં ચોથે દિવસે પ્રકટ થવા વિના રહેતી નથી. રાજાને પોતાને આ વાતની ખબર પડી એટેલ એણે પૂછ્યું કે એ વેશ્યા કોની સાથે રહે ? એના પ્રત્યુત્તરમાં એને જણાવવામાં આવ્યું કે એ વેશ્યા ચંડપિંગળની સાથે રહે છે. એ સાંભળીને રાજાએ સત્વર એને શૂલિપર ચઢાવ્યો.

હવે વેશ્યા તો શ્રાવિકા હતી એટલે એણે ‘મારા વલ્લભ ચંડપિંગળને મારે અર્થે શૂલિ મળી છે.’ એમ વિચારી એનું હિત ચિન્તવીને એને પંચપરમેષ્ઠી મંત્ર સંભળાવ્યો. અને એને વિશેષમાં કહ્યું, –હે પ્રિય ! તું આ વખતે એવું નિદાન એટલે ‘નિયાણું’ કરે કે તું અહીંથી મૃત્યુ પામી આવતા જન્મમાં રાજપુત્ર તરીકે જન્મ લે. ચોરે પણ એના વચનપરથી એવું નિદાન કર્યું અને શુભ ધ્યાને મૃત્યુ પામ્યો. પુનર્જન્મમાં એનો જીવ રાજાની પટ્ટરાણીની કુક્ષિએ આવ્યો અને પિતાના મનોરથોની સાથે ગર્ભને વિષે વૃદ્ધિ પામતો પૂર્ણ સમયે પુત્રપણે ઉત્પન્ન થયો. વાત અકસ્માત્ એમ બની કે પેલી વેશ્યા લીલાવતી જ પ્રારબ્ધયોગે આ રાજશિશુને રમાડવા રહી.

વેશ્યાજાતિ મહાચતુર એટલે એણે વિચાર્યું કે ચંડપિંગળના મૃત્યુનો અને રાણીને ગર્ભ રહ્યાનો એક જ સમય છે. તો આ રાજપુત્ર ચંડપિંગળનો જીવ હશે કે કેમ ? એ વિચારે એ એકવાર એને રમાડતી રમાડતી બોલી ગઈ કે "ચંડપિગંળ, રડે છે શા માટે ? બાળકને તો એ વખતે પોતાનો નામોચ્ચાર સાંભળીને પોતાની પૂર્વ જાતિનું સ્મરણ થયું. એટલે અનુક્રમે વયે વૃદ્ધિ પામતો રાજ્ય કાર્યભારને યોગ્ય થયો અને પિતાના મરણ પછી રાજ્યાસને બેઠો ત્યારે નમસ્કાર મંત્રનો પ્રભાવ સમજી એમાં ભક્તિપૂર્વક શ્રદ્ધા રાખી એણે જિનધર્મ અંગીકાર કર્યો. પ્રાંતે એણે અને ગણિકાએ બંનેએ સંસારસાગરનો પાર ઉતારનારી જૈની દીક્ષા ગ્રહણ કરી અને ચારિત્રનું સમ્યક્પ્રકારે પાલન કરી સ્વર્ગ પ્રાપ્ત કર્યું."

આમ નવકારમંત્રના પારલૌકિક ફળ વિષે એક દૃષ્ટાન્ત આપી શ્રી વીરપ્રભુએ વળી એક અન્ય દૃષ્ટાન્ત પણ આપ્યું તે આ પ્રમાણે,

પૂર્વે એક મથુરા નામની નગરી હતી એમાં એક જિનદત્ત નામનો શ્રાવક વસતો હતો. નગરીમાં એક 'હુંડિક' નામનો ચોર નિરંતર પ્રજાના ઘરમાં ચોરી કરતો. પરંતુ એ એકદા નગરરક્ષક (પોલીસ) ના હાથમાં સપડાઈ ગયો એટલે એને શૂળીએ ચઢાવવામાં આવ્યો. એની પાસે એના સંબંધીમાંથી કોણ આવે છે એની તપાસ રાખવા રાજપુરુષો નિકટમાં ગુપ્ત ઊભા રહ્યા. એવામાં દયાનિધિ જિનદત્ત શ્રાવક એ માર્ગે થઈને જતો હતો એની પાસે ચોરે તુષાતુર હોઈને જળ માગ્યું. જિનદત્તે એને કહ્યું, આ હું તને સંભળાવું છું તે નવકારમંત્રનો ઉચ્ચાર કર્યા કર એટલામાં જળ લઈ આવું. હું જળ લઈને આવું એટલામાં જો તું એ ભૂલી જઈશ તો હું તને જળ આપીશ નહીં.

શ્રાવક જળ લેવા ગયો અને પાછળ ચોરેએ પદ સંભાર્યા જ કર્યા. પરંતુ એને જળ લઈ આવતાં જોવા છતાં અને મને હમણાં જ જળ મળશે એમ સમજીને એને હર્ષ થયો છતાં, એના તો જળ પીધા વિના જ પ્રાણ ગયા. કેમકે રાજાના માણસોએ જિનદત્ત શ્રાવકને ચોરને અન્નપાન લાવી આપનાર તરીકે રાજ્યનો ગુનેગાર ગણીને બંદીવાન બનાવ્યો. એટલે રાજાએ એને પણ શૂળીએ ચઢાવી દેવાનો આદેશ કર્યો. પણ વાત એમ

બની કે પેલા ચોરના નવકારમંત્રનો ઉચ્ચાર કરતાં કરતાં પ્રાણ ગયા હોવાને લીધે એ યક્ષ થયો. એ યક્ષે પોતાનાં ઉપકર્તા શ્રાવકને અવધિજ્ઞાનનો ઉપયોગ દઈ દુઃખપૂર્ણ સ્થિતિમાં જોઈ, એક મહાન પર્વતને ઉપાડી નગરને માથે લટકતો રાખી અંતરીક્ષમાં કહ્યું, હે દુષ્ટ ભૂપતિ અને માનવો ! આ ભક્તિમાન શ્રાવક મારો ઉપકારક ગુરુ છે એને તમે મુક્ત કરો. અન્યથા તમારો આકાશે કે પાતાળે ક્યાંય પણ મોક્ષ નથી. એ સાંભળી રાજાએ અને સર્વ પ્રજાએ યક્ષની વારંવાર ક્ષમા માગી અને જિનદત્ત પણ છુટ્યો. ખરી વાત છે કે ન્યાય તો પ્રાણને ભોગે જ મળે છે. પછી લોકોએ એ યક્ષનું એક મંદિર પણ ત્યાં બનાવરાવ્યું.

શ્રી વીરજિનેશ્વર સમવસરણને વિષે દેવ, મનુષ્ય અને તિર્યંચોની પર્ષદા સમક્ષ આ પ્રમાણે દષ્ટાન્તો આપી, નમસ્કારમંત્ર ઉત્તમકુળને વિષે જન્મ અપાવનારો અને સ્વર્ગનો પણ હેતુરૂપ છે એમ બતાવી આગળ કહે છે કે “એ પંચપરમેષ્ઠી નમસ્કારના પ્રભાવથી જ પ્રાણીઓને શાશ્વતસુખ બક્ષનાર એવો મોક્ષ ભૂતકાળને વિષે પ્રાપ્ત થયો છે, વર્તમાનકાળમાં પ્રાપ્ત થાય છે અને ભવિષ્યકાળને વિષે પ્રાપ્ત થશે. ઉત્કૃષ્ટ મોક્ષસુખના અભિલાષી ભરત-ઐરવત-મહાવિદેહાદિ ક્ષેત્રોના સર્વ મનુષ્યો એ ‘નમસ્કાર’ નો પાઠ કર્યા જ કરે છે. જે માણસ શ્રદ્ધાસહિત એ મહામંત્રના એક લક્ષ જાપ કરે અને શ્રી સંઘની પૂજા કરે એ નિશ્ચય તીર્થંકર થાય છે. જે પ્રાણીને એના પર રતિ એટલે પ્રેમ નથી એણે ગમે એટલી તપશ્ચર્યા કરી હોય, એણે ગમે એટલો અભ્યાસ કર્યો હોય કે શાસ્ત્ર શ્રવણ કર્યા હોય, અથવા ગમે એટલી ક્રિયા કે અનુષ્ઠાનો કર્યા હોય તો પણ વ્યર્થ છે.

નમસ્કાર મંત્ર ચતુર્દશ[૧] પૂર્વનો ઉદ્ધરેલો સાર છે માટે જ વિદ્વાન અને પંડિતો એને વિષે પ્રયત્નશીલ રહે છે. વળી મરણોન્મુખ અવસ્થામાં અંતસમયે તો એનું વિશેષ ધ્યાન ધરવું. કેમકે એવી સ્થિતિમાં એજ માત્ર ઉત્કૃષ્ટ આયુધ-શસ્ત્ર છે; જેવી રીતે ઘરમાં અગ્નિ લાગ્યો હોય એ વખતે

---

૧. ‘પૂર્વ’ના વિસ્તૃત અર્થ માટે જુઓ આ ચરિત્રનો બીજો ભાગ પૃષ્ઠ ૨૮૮.

ઘરનો ધણી અન્ય સર્વ દ્રવ્યાદિ જતાં કરીને સર્વવિપત્તિથી રક્ષણ કરનારું એક ફક્ત રત્ન જ ગ્રહણ કરે છે, અથવા તો જેમ કોઈ શત્રુનો પરાજય કરવાને સુભટ એક અમોઘ શસ્ત્ર જ ગ્રહણ કરે છે તેમ. વળી એવી અંતાવસ્થાને સમયે, સર્વ પૂર્વધરો આવે તો યે સકળશાસ્ત્રોની પરાવર્ત્તના કરવાને શક્તિમંત થતા નથી. માટે એ સર્વે દ્વાદશાંગી વરજીને આ એના ઉદ્ધારનું એકાગ્રચિત્તે ધ્યાન ધરે છે. આ નમસ્કારમંત્ર ભવિજન પદ્માસન કરી હસ્તયુગલને યોગમુદ્રાએ જોડી રાખીને પછી ગણે. નવકારમંત્ર ગણવાનો ઉત્સર્ગ થકી આ જ વિધિ છે. જે એ વિધિએ ન ગણી શકે એણે પાંચે પ્રથમ અક્ષરો अ ( रिहंत ), सि ( द्ध ), आ ( चार्य ), उ ( पाध्याय ), सा ( धु ) એમ असिआउसा નું ચિંતવન કરવું. એટલું કરવાની પણ જેનામાં શક્તિ ન હોય એણે ओम् એવા એક અક્ષરનું ચિંતવન કરવું. કારણ કે એ ओम्ની વ્યુત્પત્તિમાં अરિહંત, अશરીરી (સિદ્ધ), आચાર્ય, उપાધ્યાય અને मुનિ સર્વ આવી જાય છે.

વાચા કુંઠિત થવાથી અથવા ગાઢ અનારોગ્યતાને લઈને એટલું પણ ન બોલી શકે એવાએ અન્ય પાસે એ મધુર સ્વરે બોલાવીને ભાવસહિત સાંભળવો. જે મહાત્માને અંતકાળે આ નવકાર મંત્ર પ્રાપ્ત થાય એણે સમજવું કે એનાં દુ:ખદોહગ દૂર ટળ્યાં અને સુખસંપત્તિ આવીને ભેટી. મહાભાગ્યશાળી પ્રાણીને જ મરણસમયે નમસ્કારમંત્રના અક્ષરો શ્રવણે પડે છે. ભરસમુદ્રમાં અથડાતા રઝળતા સર્વે મનુષ્યને નૌકા ક્યાં મળી જાય છે ? વળી આ નમસ્કારમંત્ર પિતા, માતા, ભગિની, બંધુ, સહોદર અને મિત્રની જેમ પરમ ઉપકારી છે; સર્વ મંગળ વસ્તુઓમાં પહેલે પદે છે. વળી એનું નિત્ય ધ્યાન ધરનાર પણ એક મંગલરૂપ જ છે. માટે પોતાનું હિત ઈચ્છનારા સર્વ કોઈએ એના ધ્યાનને વિષે પૂરો આદર કરવો.

પ્રભુની આવી, જગતનું કલ્યાણ કરનારી અમૃતમય દેશના શ્રવણ કરીને શ્રોતાવર્ગ નમસ્કાર પર પૂર્ણપણે આસક્ત થયો. કેમકે જિનેન્દ્રોનો પ્રયાસ સદા સફળ જ હોય છે. આમ પ્રભુ રાજગૃહીમાં સ્થિર રહ્યા ત્યાં સુધી એમને મુખેથી પ્રતિદિન 'ધર્મ' નું શ્રવણ કરતા પ્રજાજન પરમ આનંદ પ્રાપ્ત કરતા જણાવા લાગ્યા.

એકદા સુબુદ્ધિમાન અભયકુમારે પ્રભુ પાસે જઈ વંદન કરી મધુર શબ્દોમાં આત્મસિદ્ધિગર્ભિત સ્તવના કરી કે 'હે જિનેશ્વર ! આપના શાસનની બહાર રહેલા (જૈનેતર) લોકો એમ કહે છે કે "આકાશમાં પુષ્પો હોય છે એ વાત જેવી મિથ્યા છે એવી જ આત્માના અસ્તિત્વની વાત મિથ્યા છે; પ્રમાણનો અભાવ છે માટે. એ લોકો પૂછે છે કે તમે સ્ત્રી, પુરુષ, અશ્વ, હસ્તિ આદિને પ્રત્યક્ષ જુઓ છો એ પ્રમાણે એ આત્માને તમે ક્યાંય પ્રત્યક્ષ જોયો ?" વળી અનુમાનથી પણ એ (આત્મા) નું જ્ઞાન થવું અશક્ય છે. કારણકે એ (અનુમાન) ત્યારે જ નીકળી શકે કે જ્યારે આપણી પાસે સાધ્યની સાથે લિંગ અને ક્વચિત્ દૃષ્ટાન્ત પણ હોય; અને અહીં તો આત્મરૂપ સાધ્યની સાથે કંઈ પણ લિંગ દેખાતું નથી. વળી આત્મા જેવી અન્ય કોઈ પ્રસિદ્ધ વસ્તુ પણ નથી કે જેની એને ઉપમા આપી શકાય. વળી 'આત્માનું અસ્તિત્વ' પ્રતિપાદન કરવા સંબંધી આગમોમાં પણ અન્યોઅન્ય વિરુદ્ધતા નિવેદન કરેલી છે તો એના પર પણ શી આસ્થા રહે ? વળી એના વિના ઉપપદ્ય ન થાય એવું પણ કંઈ નથી, કે જેથી અર્થાપત્તિથી પણ એ (આત્મા) જાણી શકાય. આમ પાંચે પ્રમાણોનો અભાવ છે એમ બતાવીને વિરુદ્ધ પક્ષવાળાઓ 'આત્મા નથી' એમ સિદ્ધ કરે છે. પણ એમનું એ મંતવ્ય અસત્ય છે.

"હું કહું છું કે આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરવાને માટે પૂરતાં પ્રમાણ છે." 'હું સુખી છું, હું દુઃખી છું, હું જ્ઞાની છું.' એમ કહીએ છીએ એજ એના અસ્તિત્વનું પ્રત્યક્ષ પ્રમાણ. વળી એ આત્મા અનુમાનથી પણ જ્ઞેય છે; કેમકે સુખ દુઃખ આદિ ધર્મો, એમનામાં ધર્મત્વ છે માટે, કોઈને આશ્રયીને રહેલા હોવા જોઈએ. જેમકે નવ્યત્વ (નવીનપણું), વૃત્તત્વ (ગોળાકારપણું) એવા જે 'ઘટ' ના ધર્મ છે એ 'ધર્મી' ઘટને આશ્રયીને રહેલા છે. હવે આ સુખદુઃખાદિ ધર્મો દેહાદિને આશ્રયીને તો નથી રહ્યા કેમકે એમ કહેવામાં 'બાધક' આવે છે; માટે એ 'ધર્મો' જે 'ધર્મી' ને આશ્રયીને રહેલા છે એ 'ધર્મી'-એ જ નિશ્ચયે આત્મા. વળી આ આત્મા ઉપયોગવાન છે, કર્મોનો કર્તા છે, ભોક્તા છે, શરીરથી ભિન્ન છે- ઈત્યાદિ લક્ષણોએ જ્યારે લક્ષિત છે ત્યારે એ ઉપમાનગોચર કેમ ન

થાય ? સાધર્મ્યથી જ નહીં, પરંતુ વૈધર્મ્યથી પણ એનું ઉપમાન ગોચરત્વ છે જ.

વળી આગમને વિષે આદિમાં, મધ્યમાં કે અંતમાં ક્યાંય પણ એના અસ્તિત્વની સામે વિરુદ્ધતા નથી. એમાં તો ઊલટું 'कामदुहा घेनु' એવું આત્માનું વિશેષણ બતાવ્યું છે. માટે આગમ એટલે શાસ્ત્રો પણ એનું અસ્તિત્વ નિશ્ચિત જ કરે છે. વળી 'અર્થાપત્તિ' થી પણ એ આત્મગમ્ય છે કેમકે જો આત્મા ન હોય તો પછી પરલોક કોનો ? પુણ્ય પાપ પણ કોનાં, અને સુખ દુઃખ તથા બંધ મોક્ષ પણ કોનાં ? વળી 'અનુપત્તિ' થી પણ, આત્મા 'છે' એમ બોધ થાય છે કેમકે વિરુદ્ધ કહેતાં, સુખાદિ ભોગવનાર અન્ય કોણ હોય ? એમ તો ન કહેવાયને, કે આહાર લે દિવસે જમનારો, અને શરીર વધે રાત્રે જમનારાનું ? આમ પાંચે પ્રમાણોથી, હે પ્રભુ ! આત્માનું અસ્તિત્વ પ્રતિપાદિત થયું. પરંતુ આપના શાસનની બહારના મૂઢ લોકો કંઈ સમજતા જ નથી. આપના જેવાના પ્રસાદથી જ ભવ્યજનો વસ્તુને યથાસ્થિત સમજે છે. સૂર્યનો ઉદય થાય છે ત્યારે જ વસ્તુ જેવા હોય તેવા સ્વરૂપમાં દેખાય છે. તો હે ભગવાન ! હવે આપ મારા પર એટલી કૃપા કરો કે મારી બુદ્ધિને વિષે નિરંતર આસ્તિકપણું રહે.

આ પ્રમાણે જિનેશ્વરની સ્તુતિ કરી અભયકુમારે વળી દેશનાને અંતે પ્રભુને વંદન કરી વિજ્ઞાપના કરી કે હે સ્વામિન્ ! કેવળજ્ઞાનીઓમાં જેમ જંબૂસ્વામી ચરમ કેવળી થયા છે એમ રાજર્ષિઓમાં કયા રાજા ચરમ રાજર્ષિ થશે ? પ્રભુએ ઉત્તર આપ્યો–હે અભયકુમાર ! અંતિમ રાજર્ષિ સર્વપૂર્વોક્ત બિંદુસારની જેમ ઉદાયન નૃપતિ થશે. વળી "એ ઉદાયન કોણ" એવા અભયકુમારના પ્રશ્નના ઉત્તરમાં જિન ભગવાને મંથન કરાતા મહાસાગરના ધ્વનિ સમાન ગંભીર ધ્વનિથી કહ્યું,–

આ ભરતક્ષેત્રમાં જ રત્નાકર સાગરના તટપર સર્વ રમણીયતાનું સ્થાન એવો સિંધુસૌવીર દેશ આવેલ છે. ત્યાં એક જ વાર વાવણી કર્યા છતાં પૃથ્વી વારંવાર પાક આપે છે–એવી એ બહુ બહુ રસાળ છે. ત્યાં વળી કદિ દુષ્કાળ તો દષ્ટિએ જ પડતો નથી, પોતાના વૈરિ જળપૂર્ણ

મહાસાગરનું નામ સાંભળીને જ હોય નહીં એમ. વસતિવાળા ગામમાં કોઈ પણ પ્રજાજનને ઘેર આવી ચઢેલો અજાણ્યો પંથીજન પણ ભોજન પામ્યા વિના જતો નથી. એ દેશની કેટલી પ્રશંસા કરવી ? ત્યાંના વસનારા સર્વ અત્યંત ઋજુપ્રકૃતિવાળા છે. ત્યાં તસ્કર કે શત્રુરાજાના સૈન્યનો લેશ માત્ર ભય ન હોવાને લીધે જેવું નામ તેવા જ ગુણવાળું 'વિતભય' નામનું નગર છે. એ નગરમાં કંપ તો પ્રાસાદના શિખર પર આવેલી ધ્વજાઓમાં જ છે, પારૂષ્ય પથ્થરમાં જ છે. વળી તીક્ષ્ણતા ખડ્ગમાં જ, ખળ[1] તલના વિકારમાં જ, બંધન કાવ્યમાં જ, વિયોગ સ્વપ્નમાં જ, ચિંતા ધર્મોપાર્જનમાં જ, વર્ણસંકરતા વિચિત્ર ચિત્રક્રિયામાં જ અને મદ હસ્તિઓમાં જ છે. લોકોમાં એમાંનું કંઈ પણ દોષ જેવું પ્રજામાં ગણો તો ફક્ત એ જ કે સર્વજન પરદુ:ખે દુ:ખી છે.

એ નગરમાં કમળ જેવાં સુંદર વિસ્તીર્ણ લોચનવાળો, છતાં લોચનની લેશ પણ ઈર્ષ્યા વિનાનો, અન્ય મુક્તિમુનિ જ હોય નહીં એવો ઉદાયન રાજા રાજ્ય કરે છે. કુક્ષત્રિયોએ ત્યજી દીધેલી વીરવૃત્તિ ચોમેરથી આવીને એને જ હર્ષસહિત આલિંગન દઈને રહી છે; એક જ પતિની સ્ત્રી (સતી સ્ત્રી) પોતાના પતિને આશ્લેષીને રહે છે એમ. એ ઉદાર નરપતિના કમળ પુષ્પસમાન મૃદુ[2] એવા બંને પ્રકારના કરને લીધે એની સર્વ પ્રજા સુખી છે. એનું ચિત્ત વિષયાસક્ત[3] છતાં એ વિષયલંપટ નથી. પરદારાથી નિવૃત્ત છતાં પણ પરદારાસક્ત[4] છે. જેને એકલો ન્યાય જ પ્રિય છે એવા આ રાજાના દેશમાંથી અપમાનિત થઈને અન્યાય તો મુખ બતાવવા ઊભો રહ્યા વિના જ જાણે દેશાંતરમાં જતો રહ્યો છે. વિતભય પ્રમુખ ત્રણસોને ત્રેસઠ નગરોનો, સિંધુસૌવીર આદિ સોળ દેશોના અને મહાસેન વગેરે દશ મુકુટધારી સામંતોનો અધિપતિ છતાં એ અન્ય રાજાઓ પર પણ વિજય મેળવ્યા કરે છે.

---

૧. ખળ=(૧) તલનો ખોળ, (૨) ખળ પુરુષ. ૨. (૧) મૃદુ-કોમળ કર-હસ્ત; (૨) મૃદુ-હળવો કર-વેરો. ૩. વિષય=(૧) રાજ્ય, દેશ; (૨) કામભોગ. ૪. પરદારાસક્ત=શત્રુને રંજાડવામાં આસક્ત.

આ ઉદાયન રાજાને દીપકની શિખાની જેવી પ્રભાવાળી, સ્નેહમયી, બુદ્ધિમતી પ્રભાવતી નામે પટ્ટરાણી હતી. ઉત્કૃષ્ટશીલ એજ એનાં અલંકાર હતા, અને શીલને પણ એ અલંકારભૂત હતી; જેમ હેમમુદ્રાને મણિ અલંકારભૂત છે અને મણિને પુનઃ હેમમુદ્રા છે એમ, જાણે પોતાના સહોદર શીલ પ્રત્યે અત્યંત વલ્લભતા ધરાવતી હોઈ એને પોતાના અંકને વિષે બેસાડવા માટે (રાણી પાસે) આવી હોય નહીં એવી એ (રાણી) ની લજ્જાળુતા પણ બહુ વિરાજી રહી હતી. ક્ષીર, ડિંડીર[૧] અને ચંદ્રમાના કિરણોથી પણ અધિક નિર્મળ કુળમાં જન્મેલી ચેટક રાજા જેવાની પુત્રીને માટે વિશેષ શું કહેવું ? બસ એટલું જ કે એ ધુરંધર શ્રાવિકા હતી, એનું સમ્યક્દર્શન ઝળહળી રહ્યું હતું અને એણે ઉત્તમ કાર્યો કરી કરીને તીર્થનો ઉદ્યોત કર્યો હતો.

આ પ્રભાવતી રાણીથી રાજાને અભીચિ (અભિજિત) નામનો પુત્ર થયો હતો. તે અત્યંત શૂરવીર હતો, તે જાણે અભિજિત નક્ષત્રને વિષે એનો જન્મ થયો હતો માટે જ હોય નહીં ! યુવરાજપદે આ અભીચિ જ હતો. વળી રાજાને કેશિ નામનો એક ભાણેજ હતો.

હવે ચંપાનામની નગરીમાં કુમારનંદી નામનો એક સુવર્ણકાર રહેતો હતો. કુબેરની જેમ એ અસંખ્ય દ્રવ્યનો સ્વામી હતો. પ્રકૃતિથી એ પારાપત[૨] ની જેવો અતિ કામલંપટ હતો. પરંતુ આવા વિવિધ વિડમ્બના ઉપજાવનારા વ્યસને છોડ્યા છે પણ કોને ? હરકોઈ રૂપવતી કન્યા એના દૃષ્ટિપથમાં કે શ્રવણપથમાં આવતી એને એ પાંચસો સુવર્ણ આપીને પણ પોતાની પત્ની બનાવતો. દ્રવ્યના લોભથી લોકો પણ એને કન્યા આપતા. આમ એણે પાંચસો સ્ત્રીઓનો મેળ કર્યો. પણ કામી પુરુષોની આવી જ રીતિ હોય છે, એમાં કંઈ આશ્ચર્ય નથી. એ સ્ત્રીઓની સાથે પોતે એક એક સ્તંભી પ્રાસાદને વિષે રહેતો છતો સુખવિલાસ ભોગવતો. પોતે જાતે ઉપાર્જન કરેલા ભોગવૈભવ ભોગવતાં માણસને અટકાવે પણ કોણ ? વળી એ ઈર્ષ્યાળુ સ્વભાવવાળો હોવાથી પોતાની સ્ત્રીઓને બહાર નીકળવા દેતો

---

૧. સમુદ્રના ફીણ. ૨. પારેવું.

નહીં; નરકમાંથી બહાર નીકળવા ઈચ્છતા નારકીના જીવોની જેમ. આ કુમારનંદીને, પાંચ શુદ્ધ અણુવ્રતધારી, નાગિલ નામનો શ્રાવક મિત્ર હતો. અથવા તો પૃથ્વી પર સર્વત્ર નિર્ગુણી જનો જ વસે છે એમ નથી.

મહાસાગરમાં એક પંચશૈલ નામનો દ્વીપ છે જે જાણે, એ સમુદ્રનું મધ્ય ખોળી કાઢવાના આશયથી એની અંદર રહ્યો હોય નહીં ! એ દ્વીપમાં બે સમાનરૂપાકૃતિવાળી વ્યંતર દેવીઓ રહેતી હતી, તે જાણે પરસ્પર પ્રીતિ બાંધવાને એકત્ર મળેલી સરસ્વતી અને લક્ષ્મી જ હોય નહીં ! આ દેવીઓ પોતાના સ્વામી, દ્વીપના અધિપતિ,-વિદ્યુન્માલીની સંગાથે ક્રીડાસુખ ભોગવતી રહેતી હતી; જેવી રીતે ગંગા અને પાર્વતી શિવની સંગાથે ભોગવે છે એમ. એક સમયે દેવોનો સ્વામી ઈન્દ્ર નંદીશ્વરદ્વીપે તીર્થયાત્રા નિમિત્તે જવા નીકળ્યો એટલે એના આદેશથી આ બે દેવીઓ પણ પોતાના પતિસહ ચાલી નીકળી. એમને આમ સાધર્મિકનો મેળાપ થયો એ પણ એમનાં ધન્ય ભાગ્ય જ સમજવાં.

પણ એજ સમયે એક અનિષ્ટ વૃત્તાન્ત બન્યો કે વિદ્યુન્માલી શૈલભ્રષ્ટ પાષાણની જેમ સહાયહીન ક્ષણમાત્રમાં ચ્યુત થયો અને બંને વ્યંતરદેવી ભર્તા વિનાની થઈ પડી. એમ થવાથી મહાશોકસમુદ્રમાં નિમગ્ન થયેલી બંને ચિંતવવા લાગી કે “આ તો આપણને શાંતિ મેળવવા જતાં વેતાળ આવીને ઊભો રહ્યા જેવું થયું. ત્યારે હવે આપણે અન્ય કોઈને પ્રલોભનમાં નાખી આપણો પતિ બનાવીએ કેમકે નાથ વિનાની સ્ત્રીઓને લોકો તરફથી પરાભવ પામવાનો સંભવ રહે છે.” આમ પતિ મેળવવાની આકાંક્ષામાં આકાશમાં ફરતાં ફરતાં એમની દૃષ્ટિ ચંપાનગરીમાં પેલા પાંચસો સ્ત્રીઓ સંગાથે ક્રીડા કરી રહેલા કુમારનંદી પર પડી. એટલે “કામીપુરુષોને કામરૂપી પ્રલોભનથી જ લુબ્ધ કરી શકાય.” એમ વિચારી એ સ્ત્રીલંપટ સોનારને પોતાના ગ્રાહમાં લેવાનો નિશ્ચય કરી આકાશમાંથી સત્વર એની પાસે ઉતરી ઊભી રહી. અહો ! સ્વાર્થ પ્રાણી પાસે શું નથી કરાવતો ? આકાશમાંથી નીચે ભૂમિ પર, અને ભૂમિ પરથી ઊંચે આકાશમાં સ્વાર્થ પ્રાણીને લઈ જાય લાવે છે.

સ્વર્ણકાર તો દિવ્યકાન્તિવાળી એ ઉભય દેવીઓને જોઈ કામાધીન

થઈ “અહો ! આ તે શું કામદેવ દગ્ધ થવાથી પતિવિહિન થયેલી રતિ અને પ્રીતિ ચોદિશ ભ્રમણ કરતી અહીં આવીને ઊભી છે ? અથવા ઋષિના શાપથી ભ્રષ્ટ થઈ ભૂમિ પર આવી પડેલી રંભા અને તિલોત્તમા (અપ્સરા) છે ?” આમ સંકલ્પ વિકલ્પ કરતો હર્ષપૂર્ણ ચિત્તે એમને પૂછવા લાગ્યો-પુણ્યરૂપી લાવણ્યની સરિતા જેવી, અને લલિત લલનાઓના શિરોમણિ જેવી તમે કોણ છો ? દેવીઓએ ઉત્તર આપ્યો,- હે મર્ત્યલોકના માનવી ! અમે હાસા અને પ્રહાસા નામની દેવીઓ છીએ. એમના મધુપાનથી ઉન્મત્ત થયેલી કોકિલાના જેવા સુંદર મનહર મધુર સ્વરથી મુગ્ધ બની જઈ એમના સન્મુખ જોઈજ રહી સુવર્ણકાર તો તત્ક્ષણ મૂર્છા પામ્યો. શત્રુનું કામ કરતો કામદેવ કામિજનને બીજું આપે પણ શું ? પછી મૂર્છા વળી એટલે એણે એમની સંગાથે ક્રીડા કરવાની ઈચ્છાથી પ્રાર્થના કરી કે કામજવરથી તપી રહેલા એવા મને તમે તમારા સંગમરૂપ જળ વડે શીતળતા પમાડો. દેવીઓએ ઉત્તર આપ્યો-જો તારે અમારું પ્રયોજન હોય તો અમારી સાથે પંચશૈલ દ્વીપે ચાલ. એમ કહીને બંને જણીઓ જાણે ધનુષ્ય પરથી બાણ છુટ્યું હોય અથવા પાશમાંથી પક્ષી છુટ્યું હોય એમ સત્વર આકાશમાં ઊડી ગઈ.

પૂર્ણપણે કામદેવના પાશમાં આવી ગયેલો કુમારનંદી તો એ જોઈ કંઈક વિચાર કરી સદ્ય સુવર્ણની ભેટ લઈ નૃપતિ પાસે જઈ કહેવા લાગ્યો-હે રાજન્ ! મારે પંચશૈલ દ્વીપે જવું છે. રાજાએ સંમતિ આપી એટલે એણે નગરમાં સર્વત્ર ઉદ્‌ઘોષણા કરાવી કે જે કોઈ કુમારનંદીને પંચશૈલ દ્વીપે લઈ જશે એને એ નિ:સંશય એક કોટિદ્રવ્ય આપશે. એ ઉદ્‌ઘોષણા સાંભળી એક વૃદ્ધ જીર્ણકાય નાગરિકે વિચાર્યું-અહો ! આજે મને ઘૃતનાં ભોજન મળ્યાં, મારું પ્રારબ્ધ હજુ પ્રકાશે છે ખરું ! એનું કોટિદ્રવ્ય લઈષ પુત્રોને આપી, યશ અને કીર્તિ ઉભય સંપાદન કરાવનારું સાહસ કરી, પડું પડું થઈ રહેલા મારા માનવદેહનું અંતિમ ફળ લઈ લઉં. કારણે કે નાસી જતા પામર ઊંટનો જે લાભ મળ્યો એ લઈ લેવો કહ્યો છે. એમ વિચારી એ વૃદ્ધે પડહને સ્પર્શીને સુવર્ણકાર પાસેથી કોટિદ્રવ્ય લીધું; પરંતુ એમાં શું ? પ્રાણના વિક્રય બદલ અનેક કોટિ મળે તોયે નિરર્થક.

એ સર્વ દ્રવ્ય પછી પેલાએ પોતાના પુત્રોને આપ્યું. કેમ ન આપે ? સ્ત્રી અને સંતાનો સિવાય અન્ય કોને આપવાને અર્થે સર્વે લોકો દ્રવ્ય ઉપાર્જન કરે છે ? ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા બંને (વૃદ્ધ અને સુવર્ણકાર) પછી, માર્ગમાં જોઈએ એ અન્નપનાદિ સર્વ સામગ્રી લઈને સત્વર સમુદ્રતટે ગયા. અનર્ગળ જળનો રાશિ મહાન સમુદ્ર ખેડવો હતો માટે ત્યાં વૃદ્ધે શુભ કર્મ જેવું નિચ્છિદ્ર અને ખળ પુરુષના હૃદય જેવું નિષ્ઠુર પ્રવહણ તૈયાર કરાવ્યું. વિજય મેળવવા નીકળેલા સૈન્યની જેમ એ પ્રારંભે સ્થિરતા રાહત ઝોલાં ખાતું હતું. એની બંને બાજુએ ઉપરાઉપર દૃઢ કાષ્ટના ફલક એટલે પાટીયાં મૂક્યાં હતાં, અને એનાં બંને-આદિ અને પ્રાંતભાગ દ્વિતીયાના ચન્દ્રમાની જેવા વળેલા હતા. આપણા ગૃહોને હોય છે એમ એના પર સર્વત્ર ઢળતું આચ્છાદન હતું. એના મધ્યમાં વક્ત્ર કહેવાતા સ્તંભો ઊભા કર્યા હતા. એને ચોમેર નાળીએરીની છાલવતી મઢી લીધેલું હતું, અને ખીલા વગેરેવતી દૃઢ કર્યું હતું. વચ્ચોવચ્ચ શોભિતો સુંદર કુવાનો સ્તંભ હતો, તે જાણે એ વૃદ્ધની કીર્તિરૂપી વલ્લરીને આરોહણ કરવાને જ હોય નહીં ! વળી એ પ્રવહણમાં વિશુદ્ધ શણનો બનાવેલો, એના વેગમાં વૃદ્ધિ કરનારો મહા વિસ્તારવંત શ્વેત સઢ હતો, તે જાણે ચાંદીનો પટ હોય નહીં એવો શોભી રહ્યો હતો.

પછી પીઠનો પવન જોઈને એકદા પ્રવહણે નાંગર ઉપાડ્યું, સ્વર્ણકાર અને વૃદ્ધ બંને એના પર આરૂઢ થયા અને પ્રવહણે સમુદ્રમાં પ્રવેશ કર્યો. જળમાર્ગે મત્સ્યોના સમૂહો એમની દૃષ્ટિએ પડતા. કેટલાંક તો હર્ષથી મુખમાં જળ લઈ, પ્રભાતસમયે ગુજરાતવાસીઓ દંતધાવન વેળાએ કરે છે એમ એ જળના જાણે કોગળા કરતા. કેટલાંક વળી સમુદ્રની સપાટીની નીચે જતા રહેતા અને પુનઃ ઉપર આવતા. વળી બીજા એવા પણ હતા કે જેઓ સર્પની જેમ પોતાની જ જાતિનાંને ગળી જતા. કેટલાંક સરલપણે, વહાણ ચાલતું એની સંગાથે ક્રીડા કરતા ચાલ્યાં આવતાં હતાં તો કેટલાક તરંગોની ઉપર ને ઉપર રહીને જાણે આનંદ કરતાં હતા. કેટલાંક જળના સંક્ષોભને સહી ન શકવાથી બહાર કીનારા ઉપર નીકળી પડતા; સ્મારણાદિ (ક્રિયા) ન સહી શકનારા સાધ્વાભાસ જેમ ગચ્છ બહાર

નીકળી જાય છે એમ. કોઈ અજગરોની જેમ ફુત્કાર કરી રહ્યા હતા, તો કોઈક વળી, હસ્તિઓ શૈલની સાથે (મસ્તક) અફાળે છે એમ, પ્રવહણની સાથે મસ્તક અફાળી રહ્યા હતા. આમ મત્સ્યોની વિવિધ ચેષ્ટાઓ નીહાળતાં નીહાળતાં અને પોતપોતાની વાર્તા કહેતાં કહેતાં સ્વર્ણકાર અને પેલા વૃદ્ધે સંસારના જેવો દુસ્તર મહાસાગર બહુ ઉલ્લંઘન કર્યો.

તે સમયે વૃદ્ધે કહ્યું–હે મિત્ર ! કિનારા પર આવેલું પેલું વટવૃક્ષ જોયું કે ? એ પર્વતની તળેટીમાં ઉગ્યું છે, ઉત્તમ રાજ્યની જેમ એના મૂળ ઊંડાં ગયાં છે અને યદુવંશની શાખાઓની જેમ એની શાખાઓ અત્યંત વિસ્તારવાળી છે. આ આપણું વહાણ એ વૃક્ષની નીચે પહોંચે ત્યારે તારે શાખામૃગની[1] જેમ એની શાખાએ વળગી જવું. કારણકે અહીં સમુદ્રમાં હવે એવા મહાન આવર્ત[2] આવશે કે જેમાં સપડાઈ જઈ આપણું વહાણ ભાંગી નાશ પામશે અને હું કે તું કોઈ જીવતા રહેશું નહીં. પેલા પંચશૈલ દ્વીપથી પ્રતિદિન ભારંડ પક્ષીઓ યામિક એટલે પહેરેગીરની જેમ સંધ્યા સમયે એ વૃક્ષ પર આવીને રાત્રિ નિર્ગમન કરે છે. ત્રિપાદ એટલે ત્રણ ડગલાવાળા વામનાવતારના વિષ્ણુની જેમ એ ભારંડપક્ષીઓ ત્રિપાદ એટલે ત્રણપગા હોય છે માટે તારા શરીરને એ પક્ષીના વચલા પગ સાથે વસ્ત્રવતી મલ્લગાંઠની જેમ દઢ બાંધી વળગી રહેજે. એટલે પ્રભાત થયે જ્યારે એ વૃક્ષપરથી ઊડી પંચશૈલ દ્વીપે જશે ત્યારે તેની સાથે તુંયે ત્યાં પહોંચી જઈશ. સ્મરણમાં રાખજે કે તારે દઢપણે વળગી રહેવાનું છે. જો વિસ્મરણ થયું તો સમજ જે જે પરમાચાર્યના ક્ષુલ્લક–શિષ્યની જેમ નીચે કઠોર ધરણીપર પડીશ અને તારાં હસ્તપાદ આદિ ભાંગશે. એ સાંભળી સ્વર્ણકારે “આ પરમાચાર્ય વગેરેની શી વાત છે.’ એવો પ્રશ્ન પૂછવાથી વૃદ્ધે કહ્યું–

પૂર્વે કોઈ આશ્રમને વિષે પરમાચાર્ય નામે તપાસ રહેતો હતો. એને એક શિષ્ય હતો. પણ ગુરુ શિષ્ય બંને જણ મૂર્ખ હતા. એકદા સ્વર્ગમાંથી કામધેનુ ધરણી પર આવી તેને જોઈને ક્ષુલ્લકના મનમાં અત્યંત આશ્ચર્ય

---

૧. વાનર. ૨. સમુદ્રમાં જળ કોઈ કોઈ સ્થળે વર્તુલાકારે–કુંડાળામાં ફર્યા કરે છે એ ‘આવર્ત’ કે ભમરી કહેવાય છે.

થયું. કામઘેનુ તો આવીને તત્ક્ષણ પાછી શ્યામ ગગનતળમાં ઊડી ગઈ. પણ એ પરમાચાર્યનો ક્ષુલ્લક-શિષ્ય ક્યાંકથી એના પુચ્છને વળગી પડ્યો અને અત્યંત સુખના સ્થાનરૂપ સ્વર્ગને વિષે પહોંચ્યો. ઉત્તમ મોદક આદિનો આહાર કરતો કેટલાક દિવસ એ ત્યાં રહ્યો. વળી કામઘેનુ પૃથ્વી પર આવી ત્યારે એ પણ એના પુચ્છનું અવલંબન કરીને પૃથ્વી પર આવ્યો. એને જોઈને હર્ષ પામી ગુરુએ ગાઢ ઉત્કંઠાસહિત પૂછ્યુ-વત્સ ! તું હમણાં જોવામાં આવતો નહોતો તો કહે, ક્યાં ગયો હતો ? શિષ્યે ઉત્તર આપ્યો-હે પ્રભો ! હું તો કામઘેનુની સાથે, પુણ્યહીન જનોને દુર્લભ એવા સ્વર્ગમાં ગયો હતો અને ત્યાં મને તો સુરરાજ-ઈન્દ્ર મોદક આદિનું મિષ્ટ ભોજન જમાડતા હતા. એ સાંભળી એ વાતમાં શ્રદ્ધા ઉત્પન્ન થવાથી ગુરુને પણ સ્વર્ગમાં જઈ મોદક જમવાનો વિચાર થયો.

ગુરુનું મન જાણી શિષ્યે કહ્યું- આપનો વિચાર બહુ શ્રેષ્ઠ છે. વળી હે સ્વામિન્ ! તમે કહો તો આપણા યજમાનને ય સ્વર્ગમાં લઈ જઈએ. ભલે ત્યાંના મિષ્ટાન્નનો સ્વાદ એ પણ લે. એ પણ આપણા આશ્રિત જ છે ને. એ પરથી ગુરુએ "કલ્યાણકારી કાર્યમાં વિરોધ શો" એમ કહીને ચંદ્ર, આદિત્ય, મહાદેવ, મધુસુદન વગેરે યજમાનોને બોલાવી સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. યજમાનો પણ ગુરુનો મહાન ઉપકાર માની સ્વર્ગમાં જવા તૈયાર થયા. એટલે ગુરુએ શિષ્યને કહ્યું-તેં સ્વર્ગનો માર્ગ જોયો છે માટે તું ધેનુને પુચ્છે વળગ, હું તારી પાછળ તને વળગીશ અને આ યજમાનો અનુક્રમે મને અને પરસ્પર વળગી જશે. એમ નક્કી કરી, એ પ્રમાણે અનુક્રમે પરસ્પર વળગી જઈ ધેનુની પાછળ આકાશને વિષે ચાલવા લાગ્યા. માર્ગને વિષે ક્ષુલ્લકને ગુરુ વગેરેએ પ્રશ્ન કર્યો-સ્વર્ગમાં મોદક કેવા અને કેવડા હોય છે ? એ પરથી ક્ષુલ્લકે હર્ષના આવેશમાં મોદકો આવા-આવડા હોય છે એમ બતાવવા પોતાના હસ્ત પ્રસાર્યા. ક્ષુલ્લકની આવી મૂર્ખતાને લીધે સર્વ કોઈ ભૂમિ પર પછડાઈ પડ્યાં; અને કોઈના હસ્ત, તો કોઈના ચરણ અને કોઈના દાંત ભાંગી ગયા અને અત્યંત દુ:ખે પીડાતા ઘર ભેગા થયા. પછી ચિરકાળે મહાપ્રયાસે સાજા થયા.

(વૃદ્ધ પોતાના મિત્રને કહે છે) માટે કુમારનંદી, તું આ ક્ષુલ્લકની

જેમ મૂર્ખાઈ ન કરતાં, ભારંડને પગે દઢપણે વળગી રહેજે એટલે તું નિર્વિઘ્નપણે પંચશૈલે પહોંચી જઈશ. સુવર્ણકારે પણ વૃદ્ધનું સર્વ કથન માન્ય કર્યું. દેવીઓને મળવાની મૂર્ખાઈભરી હોંશમાં આટલાં જોખમ વહોરીને અહીં સુધી આવ્યો એને એ વૃદ્ધનું કહેવું હવે સર્વ પ્રકારે મસ્તક પર ચઢાવ્યા વિના છુટકો જ ક્યાં હતો ? એટલામાં તો પ્રવહણ વટવૃક્ષની હેઠળ આવી પહોંચ્યું અને કુમારનંદી એની શાખાએ વળગી પડ્યો, તે જાણે, "તું યક્ષનો આવાસરૂપ છો તો યક્ષિણીઓ ક્યાં છે એ મને દેખાડ." એમ વૃક્ષને કહેવાને જ હોય નહીં ! એજ વખતે નૌકા આવર્તમાં સપડાણી અને એના ભાંગીને ટુકડા થઈ ગયા. સ્વર્ણકાર તો આખી રાત્રિ વડની શાખાને વળગી રહ્યો. આશામાં ને આશામાં આખો જન્મારો સુદ્ધાં એમ વળગી રહેનારા માણસો પણ હોય છે.

પછી પ્રભાતે, ઉડવાની તૈયારી કરતા કોઈ ભારંડને મધ્યસ્થ એટલે વચલે પગે સ્વર્ણકાર વળગી પડ્યો. અથવા તો આ પૃથ્વી પર કોણ એવા હોય કે જે મધ્યસ્થનો આશ્રય ન લે ? સ્વર્ણકાર એ પક્ષીને વળગી પડ્યો એ જાણે, ભવિષ્યમાં મળનારા દેવજન્મમાં એને ઉડવું પડશે માટે એની અગાઉથી અજમાયશ કરવાને જ હોય નહીં ! આગળ દીર્ઘ ચંચુયુક્ત મુખ અને પાછળ અતિ વિસ્તૃત પુચ્છ, વળી બંને બાજુ પહોળી પ્રસારેલી પાંખો-એવા પક્ષીને ચરણે વળગી આ આકાશમાર્ગે જતો કુમારનંદી-આ દશ્ય, નાળચું નીચે હોય એવાં ચાર પત્રોવાળાં આકાશકમળના દશ્ય સમાન મનહર લાગતું હતું. (અલ્પ સમયમાં) વિશુદ્ધ[૧] પક્ષદ્વયવાળા[૨], સુમન-[૩] માર્ગગામી સજ્જનની જેમ એ પક્ષીએ એ વિહ્વળ સુર્વણકારને એને ઈષ્ટ સ્થાને પહોંચાડ્યો. ત્યાં પહોંચતાં જ કામિજનરૂપી હસ્તિની પાશ જેવી, અત્યંત સૌંદર્યયુક્ત હાસા પ્રહાસા યક્ષિણીઓએ મદનાતુર કુમારનંદીની દષ્ટિએ પડી.

એમને નિહાળીને "મારાં ધન્યભાગ્ય કે આવી દેવીઓ સંગાથે હું

---

૧. શુદ્ધ ઉજ્જ્વળ. ૨. માતાનું અને પિતાનું એમ બે પક્ષ; બે પાંખો. ૩. શુદ્ધ અંતઃકરણના માર્ગ; દેવતાનો માર્ગ-આકાશમાર્ગ.

આજે ક્રીડાસુખ અનુભવીશ." એવું ચિંતવન કરતા એ સ્વર્ણકારને વિના વિલંબે દેવીઓએ કહ્યું-દેવતાની આકૃતિઓ કોતરેલી હોય એવાં આભૂષણો મૃત્યુલોકના માનવીને યોગ્ય ન હોય એમ અમારા જેવી દેવીઓ તારા જેવા મનુષ્યશરીરીના ઉપભગોને પાત્ર નથી. એ સાંભળીને પેલો તો વિલક્ષ થઈ ચિંતવવા લાગ્યો-હા ! મારી પાંચસો સ્ત્રીઓ યે ગઈ અને આ દેવીઓ યે જાય છે ! કૉશ ને કુહાડી બંને ગયાં ! મેં આમના રૂપથી મોહિત થઈને મારી સર્વ સ્ત્રીઓને ત્યજી દીધી. એ મેં ઊંચે આકાશમાં રહેલા મેઘને જોઈને, મારી પાસે રહેલા જળપૂર્ણ ઘટને ભાંગી ફોડી નાખ્યા જેવું કર્યું છે !" આમ ચિંતવી રહેલા કુમારનંદીને પુનઃ યક્ષિણીઓએ કહ્યું-જો તું અગ્નિપ્રવેશ કે અન્ય કંઈ એવું કરીને દેવરૂપ પ્રાપ્ત કર તો અમારો પતિ થઈ શકે, અને એમ થાય તો અમે તને નિત્ય માનવજનને દુષ્પ્રાપ્ય એવાં દિવ્ય સુખનો લ્હાવો લેવરાવીએ."

એ સાંભળીને એણે કહ્યું-હું એકાકી ક્યાં જાઉં અને શું કરું ?" એટલે યક્ષિણીઓએ એને હંસની જેમ હસ્ત પર બેસાડીને ક્ષણવારમાં ચંપાનગરીના ઉદ્યાનમાં લઈ જઈ મૂક્યો. આમ જે સ્થળેથી આવતાં અનેક માસો વીત્યા હતા તે સ્થળે નિમેષમાત્રમાં પહોંચી ગયો. લોકોએ તો એને સદ્ય ઓળખી કાઢ્યો અને પૂછ્યું કે અરે ભાઈ ! ઘર તો પ્રાણ બરાબર હતું છતાં એને છોડીને આટલા બધા દિવસ સુધી તું ક્યાં ગયો હતો ? એટલે એણે, વ્યાસમુનિએ રામકથા[૧] કહી સંભળાવી હતી એમ પોતાની સર્વ વિતકકથા એમને કહી સંભળાવી. પછી હાસા પ્રહાસા યક્ષિણીઓના સૌંદર્યમાં અતિ મુગ્ધ થયેલો હોઈ એણે, જાણે સુવર્ણની સાથે સ્પર્ધા કરવાને જ હોય નહીં એમ અગ્નિપ્રવેશની તૈયારી કરી.

આ વખતે એનો મિત્ર પરમશ્રાવક નાગિલ હતો એણે આવીને એને ઉપદેશનાં શબ્દો કહેવા માંડ્યા. કારણ કે ધર્મમિત્રની આવે પ્રસંગે જ ખબર પડે છે. એણે શિક્ષા આપી કે મિત્ર ! તેં આ લોકો ઉપહાસ કરે એવું શું આદર્યું ? તારા જેવાઓ તો લોકો પ્રશંસા કરે એવું કંઈ સુંદર

---

૧. રામાયણ.

કાર્ય કરે. તું વિષયાધીન થઈને નિરર્થક મનુષ્યજન્મ ગુમાવવા નીકળ્યો છે એ સુવર્ણના કાચબાને માટે મહાન પ્રાસાદને તોડી પાડી નાખવા જેવું કરે છે. જો તું કામભોગની લાલસાએ આ વ્યવસાય આદરી બેઠો હોય તો એ માટે તો તારે પાંચસો જેટલી પત્નીઓનું સાધન છે. દેવીઓને ભવિષ્યમાં પત્ની બનાવવા માટે આ તારી વર્તમાન સ્ત્રીઓને ત્યજી દેવા તૈયાર થયો છે એ તારું કાર્ય, ઉદરમાં રહેલી વસ્તુને માટે, હાથ પર રહેલી વસ્તુનો ત્યાગ કરવા જેવું મૂર્ખતાભરેલું છે. ભોગવિષય પરત્વે પણ તું જિનભગવાન પ્રણીત ધર્મને અનુસરીને ચાલ. કેમકે પાંચ જ પૈસા માગવાનો પ્રસંગ આવ્યો હોય તો તે પણ સજ્જન પાસે માગવા, અન્ય પાસે નહીં-એમ કહ્યું છે.

જિનેશ્વરનો ધર્મ ફક્ત મોક્ષ પ્રાપ્ત કરવાનું જ સાધન છે એમ નથી; અર્થ અને કામની પ્રાપ્તિ પણ એનાથી થાય છે; કેમકે કોટ્યવધિ દ્રવ્યનું દાન કરવાની જેનામાં શક્તિ હોય છે એને મન એકસો શી ગણત્રીમાં ? તને તારી અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ થશે, પણ સાથે અગ્નિજનિત પીડા પણ ભોગવવી પડશે. ક્ષપણક[1] સ્વર્ગે તો જશે પરંતુ લોકોની નિંદા, તીરસ્કાર અને નિર્ભત્સ્ના પામીને જ. નિર્વિઘ્નપણે ઈષ્ટ વસ્તુઓનો આપનાર કોઈ હોય તો એ કેવળ જૈનધર્મ જ છે. હદ ઉપરાંત વ્યાજ લેનારા હોય એઓ પણ જો આપ્ત એટલે વિશ્વાસપાત્ર અને પ્રતિષ્ઠાવાળા હોય તોજ સુખકારક થાય. માટે હે મિત્ર ! અજ્ઞાનજનો જ પસંદ કરે એવા આ મૃત્યુથી પાછો ફર. કારણકે એ વિષની પેઠે પરિણામે અત્યંત ભયંકર છે. હમણાં તો ધર્મ, અર્થ અને કામ-એ ત્રણ પુરુષાર્થ સાધવામાં તત્પર રહે. પછી જ પંડિતને યોગ્ય એવું મૃત્યુ તારું થશે અને તું એ સ્વીકારી લેજે. એવું મૃત્યુ ઉત્તમ મૃત્યુ કહેવાય અને એજ પુનઃ પુનઃ જન્મમરણને મૂળમાંથી જ છેદે છે. કેમકે મર્મને જાણનારો ગોત્રિય જ ગોત્રિયનો નાશ કરી શકે છે.

આ પ્રમાણે મહાત્મા નાગિલે બહુ બહુ રીતે નિવાર્યો છતાં સ્વર્ણકાર તો નિદાનપૂર્વક અગ્નિમાં પ્રવેશ કરી મરણાધીન થયો. એના જેવા બીજું કરે પણ શું ? એ સુવર્ણની જ પરીક્ષા કરી જાણતો હતો. કામદેવરૂપ

---

૧. એક ક્ષપણક ભિક્ષુની વાર્તા છે એમાંથી આ દષ્ટાંત આપ્યું છે.

વૈરિના પાશમાં ગ્રહાયો હોવાથી એ ધર્મનો મર્મ લેશ પણ જાણી શક્યો નહીં. પણ આવું મૃત્યુ અંગીકાર કરીને પણ એણે પંચશૈલનું સ્વામિત્વ મેળવ્યું એ જાણે એને તો કલ્યાણકારી થયું. કોઈને માગ્યા છતાં યે નથી મળતું એમાં તો પૂરી ન્યૂનતા.

નાગિલશ્રાવકને તો આવું અજ્ઞાનતા ભરેલું મૃત્યુ જોઈને અત્યંત નિર્વેદ થયો. અથવા તો આવા જીવોને પદે પદે વૈરાગ્ય થાય છે. એણે તત્ક્ષણ ગૃહવાસ ત્યજીને ત્યાગી દીક્ષા ગ્રહણ કરી, અને પોતે પરીષહોને લીલામાત્રે કરીને સહન કરવા તૈયાર થઈ ગયા. સાધારણ માણસો ન પાળી શકે એવું ચારિત્ર નિરતિચારપણે પાળીને ચઢતે પરિણામે મૃત્યુ પામી એ અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી એણે અવધિજ્ઞાનનો ઉપયોગ દઈને જોયું તો પોતાનો મિત્ર પણ દેવપણે ઉત્પન્ન થયો હતો તે, હાસા પ્રહાસા સાથે ભોગવિલાસ ભોગવી રહ્યો હતો.

જાણે ભવસમુદ્રમાં અથડાતા જીવોને માટે વિશ્રામસ્થળરૂપ હોય નહીં એવો, જંબુદ્વીપથી આઠમો નંદીશ્વર નામનો વલયાકાર દ્વીપ છે. એ દ્વીપના બરાબર મધ્યભાગમાં, ચારે દિશાએ ચાર અંજનગિરિ પર્વતો છે. એ પર્વતોની ચોરાશીસહસ્ર યોજન ઊંચાઈ છે; અને એઓ પૃથ્વીની નીચે એક સહસ્ર યોજન ઊંડા ગયેલા છે. વળી તળભાગમાં એમનો વિસ્તાર નવહજાર ને ચારસો (મતાન્તરે દશહજાર) યોજનપ્રમાણ છે, અને છેક મથાળે સહસ્ર યોજન પ્રમાણ છે. ઉપરથી નીચે ઉતરતાં પ્રત્યેક યોજને એમનો વિસ્તાર ત્રણ અઠ્ઠાવીશાંશયોજન વૃદ્ધિ પામતો જાય છે, અને નીચેથી ઉપર જતાં એટલો જ ઘટતો જાય છે. પૂર્વદિશામાં 'દેવરમણ,' દક્ષિણમાં 'નિત્યોદ્યોત,' પશ્ચિમમાં 'સ્વયંપ્રભ,' અને ઉત્તરે 'રમણીય' અંજનગિરિ છે. એમનાથી, લક્ષલક્ષ યોજનને અંતરે, લક્ષયોજનના વિસ્તારવાળી અને સહસ્ર યોજન ઊંડી, ચોદિશ ચચ્ચાર નિર્મળજળે ભરેલી મનહર પુષ્પકરિણી આવેલી છે. નંદિષેણ, ગોસ્તૂપા, સુદર્શના, નંદા, નંદોત્તરા, સુનંદા, નંદિવર્ધના, ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરીકિણી, વિજયા, વૈજયન્તી, જયન્તી અને અપરાજિતા–આવાં એ સોળેનાં નામ છે.

એમનાથી પાંચસો યોજનને અંતરે પાંચસો યોજનના વિસ્તારવાળાં

અને દશસહસ્ર યોજન દીર્ઘ વન આવેલા છે; પૂર્વે 'અશોક,' દક્ષિણે 'સપ્તપર્ણક,' પશ્ચિમે 'ચંપક' અને ઉત્તરે 'આમ્ર' વન છે. વળી ઉપર ગણાવી એ સોળ પુષ્કરિણી એટલે વાવોની અંદર દશસહસ્ર યોજન વિસ્તૃત, ચોસઠ સહસ્ર યોજન ઊંચા, અને સહસ્ર યોજન જળની અંદર– એવા સોળ સ્ફટિકમય, પલ્યાકૃતિ, 'દધિમુખ' નામના પર્વતો છે. ચારે 'અંજનગિરિ' તથા સોળે 'દધિમુખ' ઉપર સો યોજન દીર્ઘ, પચાસ યોજન વિસ્તૃત અને બહોંતેર યોજન ઊંચા, તોરણ અને ધ્વજાઓયે યુક્ત અત્યંત સુંદર જિનમંદિરો છે.

આ મંદિરોને દેવ, અસુર, નાગ અને સુપર્ણ નામના દ્વાર છે, અને એ જ નામના એમના રક્ષક દેવતા છે. દ્વારો સર્વે સોળ યોજન ઊંચા અને આઠ યોજન પહોળાં છે. દ્વારે દ્વારે ચિત્તને આહ્‌લાદ ઉપજાવનારા કળશો છે; 'મુખમંડપ,' 'પ્રેક્ષામંડપ' આદિ મંડપો છે; તથા મણિપીઠ, ધ્વજ, સ્તૂપ, પ્રતિમા અને ચૈત્યપાદપ છે. સર્વ જિનભવનોને વિષે આઠ યોજન ઊંચી અને સોળ યોજન લાંબી પહોળી મણિપીઠિકાઓ છે. એ પીઠિકાઓની ઉપર પ્રમાણ યુક્ત રત્નમય દેવચ્છંદ આવેલા છે. એના પર અનેક પાપોને હરનારી, પર્યંકસંસ્થાનવાળી એકસો ને આઠ મનહર જિનપ્રતિમાઓ છે. એ પ્રતિમાઓના ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એવાં નામો છે. આ સર્વ પ્રતિમાઓની રક્તપ્રવાળ સમાન કાન્તિ છે અને અંકરત્નમય નખ છે. એમનાં નાભિ, જિવ્હા, તાલુ, શ્રીવત્સ, ચૂચુક, અને હસ્તચરણના તળ સૂર્યકાન્ત મણિ સમાન દેદીપ્યમાન છે; પાંપણ, તારા, શ્મશ્રૂ, ભ્રૂલતા, કેશ અને રોમરાજિ રિષ્ટરત્નમય છે; ઓષ્ટ પ્રવાલમય છે; દંતપંક્તિ સ્ફટિકમય છે; શીર્ષઘટી વજ્રમય છે; અંદરથી પ્રવાળ સમાન રક્ત કાન્તિ વિસ્તારતી નાસિકા સુવર્ણમય છે; પ્રવાળ સમાન રક્ત પ્રાંતવાળાં નેત્રો અંકરત્નમય છે. આમ અનેક મણિમયી જિન પ્રતિમાઓ ત્યાં વિરાજે છે.

તીર્થપતિના આવા આવા બિમ્બની સન્મુખ હસ્ત જોડી રહેલી નાગ, યક્ષ, ભૂત અને કુંડધારી બબ્બે પ્રતિમાઓ, બંને પાર્શ્વભાગમાં બબ્બે ચામરધારી પ્રતિમાઓ અને પૃષ્ઠભાગમાં એકેક છત્રધારી પ્રતિમા છે. વળી

ચંદનના ઘટ, સુવર્ણના કુંભ, ઘંટા, દર્પણ, પુષ્પની ચંગેરિકા, ઉત્તમ આસન છત્ર આદિ પણ હોય છે.

વાવોની વચ્ચે વચ્ચે બબ્બે બબ્બે થઈને કૂલ બત્રીશ એવા અન્ય પણ રતિકર પર્વતો છે. એમની ઉપર પણ પૂર્વવત્ બત્રીશ દેવમંદિરો છે. આ ચૈત્યોને વાંદવાને ખેચરદેવો પર્વતિથિએ જાય છે. વિદિશામાં પણ સહસ્ર યોજન ઉન્નત અને દશ સહસ્ર યોજનના વિસ્તારવાળા રત્નમય સુંદર ગોળાકૃતિ પર્વતો છે. એમનાથી લક્ષ યોજનને અંતરે ચતુર્દિશામાં ઈશાનેન્દ્રની દેવીઓની, જમ્બૂદ્વીપના જેવી આઠ આઠ, મણિની શાળાઓથી વીંટળાયેલી રાજધાનીઓ છે. એઓમાં પણ જિનબિમ્બ સમન્વિત જિનાલયો છે. આ પ્રમાણે એકંદર બાવન પર્વતો પર બાવન જિનાલયો છે.

આવા નંદીશ્વર દ્વીપની યાત્રા કરવાને દેવો પોતપોતાના પરિવાર સહિત ચાલ્યા. એમનું મન તો ત્યાં એમની પૂર્વેજ પહોંચી ગયું હતું. ત્યાં ઈંદ્રની આજ્ઞાથી હાસા પ્રહાસાએ નૃત્યનો આરંભ કર્યો.

કેમકે એક સાધારણ નૃપતિની આજ્ઞાનું ઉલ્લંઘન થઈ શકતું નથી તો સુરેન્દ્રની આજ્ઞાનો લોપ કેમ થાય ? ત્યાં એ બંને યક્ષિણીઓએ પોતાના સ્વામી વિદ્યુન્માલીને કહ્યું-હે નાથ ! તમે વસુદેવની જેમ સદ્ય પટહ બજાવવા માંડો. એ સાંભળી “મને પણ આજ્ઞા કરનાર કોઈ જગતને વિષે છે શું ?” આમ ગર્વ સહિત એણે હુંકાર કર્યો. પણ એ હુંકાર કરતો રહ્યો અને પટહ ઊંચકાઈને, પુત્ર પિતાને કંઠે વળગે એમ એને ગળે લાગી ગયો. વિદ્યુન્માલીએ પટહ ઉતારી કાઢી નાંખવાનું કર્યું, પરંતુ એક સુશિષ્ય તીરસ્કાર પામ્યા છતાં ગુરુની સન્નિધિથી ખસે નહીં એમ એ એને ગળેથી ખસ્યો નહીં. એટલે એ યુદ્ધમાંથી નાસી આવેલા ક્ષત્રિયની જેમ અથવા શિક્ષા પામેલા વાદીની જેમ લજવાઈ જઈ નીચું જોઈ રહ્યો. એ પરથી એની સ્ત્રીઓએ એને કહ્યું-હે પ્રિય ! લજ્જા છોડો, પંચશૈલના અધિપતિઓ પરાપૂર્વથી એ કરતા જ આવ્યા છે. પત્નીઓએ આવો પ્રતિબોધ આપીને એની પાસે રૂચિ વિના પણ પટહ વગાડાવ્યો અથવા તો બાળકને પણ બળાત્કારે કટુ ઔષધ ક્યાં નથી પાવામાં આવતું ? સ્ત્રીઓ મધુર સ્વરે ગાન કરતી હતી એમની સાથે તાલમાં પટહ વગાડતો વગાડતો

ચાલતો વિદ્યુન્માલી દેવતાઓની નિકટમાં પહોંચ્યો. આહા ! જે સંગીતક કરીને માનવીઓ દ્રવ્ય મેળવે છે એ સંગીતક આવા આભિયોગિક દેવતાઓને મુધા-મફત કરવું પડે છે-એ એક વિચિત્રતા જ છે.

દેવ સમુદાયને વિષે વિદ્યુન્માલીદેવનો મિત્ર નાગિલ દેવ પણ આવ્યો હતો. એ પૂર્વભવના સ્નેહને લીધે એને મળી વાતચિત કરવા આવ્યો. વિદ્યુન્માલી તો એનું તેજ જોઈ સહન કરી શક્યો નહીં; અત્યંત કપિલ માનવી સૂર્યનું તેજ ખમી શકતો નથી એમ. એટલે જાણે શત્રુના સૈન્યના ભયથી જ હોય નહીં એમ એ નાસી જવા લાગ્યો. તેથી એ અચ્યુતદેવે પ્રભાત સમયના દીપકની જેમ પોતાનું તેજ સંહર્યું અને વિદ્યુન્માલીને પૂછ્યું કે હે દેવ ! કંઈ ઓળખાણ પડે છે કે નહીં ? પેલાએ ઉત્તર આપ્યો-હું એવો ક્યાંનો ગર્ભશ્રીમંત કે તમારા જેવા સુરેન્દ્ર સમાન દેવને ન જાણું ? પણ એને સમ્યક્પ્રકારે ઓળખાણ પડી નથી એમ જાણી એણે પ્રતિબોધવાને અર્થે પોતાનું અસલ નાગિલ શ્રાવકનું રૂપ ધારણ કર્યું અને કહ્યું-મેં વાર્યા છતાં તેં અગ્નિ પ્રવેશ કર્યો તેથી તું આવો અલ્પઋદ્ધિવાળો દેવ થયો છે. કારણ કે જેવો વ્યાપાર એવું ફળ મળે છે.

હે મિત્ર ! મારી પાસે હતાં એ સર્વે ઉપાયોરૂપી શસ્ત્રો મેં હિમ્મત હાર્યા વિના ફેંકયા પરંતુ તને એક પણ લાગ્યું નહીં. એટલે તારી એવી ચેષ્ટાને લીધે મને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી જૈની દીક્ષા ગ્રહણ કરી અને અચ્યુત દેવલોકમાં દેવપણે હું ઉત્પન્ન થયો છું. કેમકે એવી દીક્ષા મોક્ષ સુદ્ધાં અપાવવાને શક્તિમાન છે. આ મહર્દ્ધિક દેવતાની વાત સાંભળીને, પોતે જાણે સર્વસ્વ ગુમાવ્યું હોય એમ એને અત્યંત ખેદ થયો અને કહેવા લાગ્યો-અહો ! મેં તારા જેવા પરમ મિત્રનાં વચનોની અવગણના કરી. કુદેવત્વ પામેલા મારા જેવા અધમે હવે હાથ ઘસવા રહ્યા; જેવી રીતે કોઈ ધનુષ્યધારીને રણક્ષેત્રમાં ધનુષ્યની દોરી તુટી જવાથી થાય છે એમ. પરંતુ મહર્દ્ધિક નાગિલ દેવે કહ્યું હવે શોક કરવો વૃથા છે. કેમકે ગઈ તિથિ બ્રાહ્મણ પણ વાંચતો નથી. પણ હવે તારે શું કરવું એ કહું, સાંભળ-જે ભવ્યજીવો પરમહર્ષસહિત જિનેશ્વરના બિંબ ભરાવે છે એમને સ્વર્ગ અને મોક્ષનાં સુખો હસ્તગત જેવાં છે, માટે તારે ચિત્રશાળામાં કાયોત્સર્ગે રહેલા

ભાવસાધુ-મહાવીરની એક પ્રતિમા કરાવવી અને એ કરાવ્યા પછી અન્ય પણ જિનબિંબો કરાવવાં કે જેથી અન્ય ભવને વિષે તને દુર્લભ એવું પણ બોધિરત્ન પ્રાપ્ત થાય. જેઓ શ્રદ્ધાપૂર્વક ત્રણે કાળ જિનબિંબની પૂજા કરે છે એમનાં દુ:ખ દારિદ્રરૂપી શૈલો વજ્રપાત થવાથી જ હોય નહીં એમ સર્વથા ચૂર્ણ થઈ જાય છે. એનો કુયોનિને વિષે તો જન્મ થતો જ નથી, અને અન્ય પણ સર્વ અશુભ એનાથી દૂર દૂર નાસી જાય છે.

હાસા પ્રહાસાના ભર્તા પેલા વિદ્યુન્માલી દેવે, પુત્ર પિતાની આજ્ઞા મસ્તકે ચઢાવે એમ, મહર્દ્ધિ દેવપણે ઉત્પન્ન થયેલા નાગિલ મિત્રની આજ્ઞા હર્ષભેર સ્વીકારી; અને નંદીશ્વર દ્વીપની યાત્રાથી પોતાને કૃતાર્થ માનતો દેવ પણ ઉત્તમ કર્મ ઉપાર્જન કરીને પાછો વળ્યો. ત્યાર પછી ઉત્તમ આશાઓથી ઉછળી રહેલા અંતઃકરણવાળા વિદ્યુન્માલીએ અમને ક્ષત્રિય-કુંડગામમાં ગૃહસ્થાવાસમાં કાયોત્સર્ગે રહેલા જોયા, એટલે મહાહિમવત્ પર્વતે જઈ ત્યાંથી ગોશીર્ષચંદન લાવી એની અમારી યથાદૃષ્ટ મૂર્તિ બનાવી અને એને સુંદર રીતે અલંકૃત પણ કરી. વળી એજ ચંદનનો તત્ક્ષણ સંપુટ પણ બનાવીને એને વિષે એ પ્રતિમા સ્થાપન કરી.

હવે કોઈ એક પ્રવહણ લવણસમુદ્રને વિષે જળમાર્ગ કાપતું જતું હતું એને પ્રચંડવાયુને લીધે જળ કલ્લોલ પર ઉછળતાં પડતાં સમુદ્રમાં જ છ માસ વીત્યા. વિદ્યુતના ચમકારા થયા કરતા હતા. અને મેઘની ઘોર ગર્જના ને લીધે સમુદ્રનાં જળ સંક્ષોભિત થતાં હતાં એટલે વહાણ અત્યંત ડામાડોળ થવા લાગ્યું. અતિ ભારે વજનના નાંગરોથી નાંગરાયેલું હતું છતાં પણ પ્રચંડ વાયુને લીધે આકાશમાં ઉછળવા માંડ્યું અને ક્ષણમાં ઉપર જતું અને ક્ષણમાં પુનઃ નીચે આવતું તે જાણે હીંચોળા ખાતું હોય નહીં એમ દેખાવા લાગ્યું. વળી આવર્ત એટલે જળ કુંડાળામાં ગોળગોળ ફરવા લાગ્યું. તે જાણે હલેસાંરૂપી હસ્તોવડે નૃત્યકારની જેમ નૃત્ય કરતું ચમકારે ફરતું હોય નહીં એમ જણાવા લાગ્યું.

વારંવાર વિકરાળ વાયુના સપાટાથી ઘસાઈ ઘસાઈને કોઈ કોઈ જગ્યાએ નાંગરો પણ માનવોની જીવન દોરીની જેમ તુટવા લાગ્યા, મદ્યપાન કરવાથી ઉન્મત્ત થયેલા માણસની જેમ વળી ક્ષણમાં અત્યંત ત્વરાએ તો

ક્ષણમાં અતિ મંદપણે ચાલવા લાગ્યું અને ક્યારેક તો સ્થિર જ થઈ ઊભું રહેવા લાગ્યું. ઉછળતા તરંગોનું જળ અંદર પ્રવેશ કરી પાછું ખળખળ અવાજ કરતું બહાર નીકળતું તે જાણે પ્રવહણ પોતે સમુદ્રમાં બુડી જવાના ભયને લીધે રૂદન કરતું હોય નહીં એમ દેખાવા લાગ્યું. આવા આવા ઉત્પાતોને લીધે વહાણ હાથમાં ન રહ્યું એટલે વહાણના સુકાની અને નાવિક મૂર્છાગત થયા. હલેસાં મારવા-વાળાઓએ પણ, રાત્રિને વિષે ચોર લોકો ધન લુંટવા આવતાં પહેરેગીરો કરી મુકે છે એવો કોલાહલ કરી મૂક્યો. અંદર વણિક્ વ્યાપારીઓ હતા એમણે લોભને લીધે પોતાના રત્નો આદિ સાર દ્રવ્ય મુખને વિષે, મસ્તકને વિષે, કટિવસ્ત્રમાં અને કુક્ષી આદિ જગ્યાએ રાખી લીધું. વહાણનો નાયક અત્યંત મુંઝવણમાં પડ્યો અને ઉતારુ સર્વે પોતે પોતાના ઈષ્ટ દેવનું સ્મરણ કરવા લાગ્યા.

પ્રવહણની આ દુર્દશા, વિધુન્માલી દેવતા આકાશને વિષે જતો હતો એની દષ્ટિએ પડી. એટલે એણે સદ્ય સર્વ ઉત્પાતનું નિવારણ કરી વહાણના અધ્યક્ષ આદિ સર્વનાં મન શાંત પાડ્યાં ક્યાં પામર માનવો અને ક્યાં સામર્થ્યવાન દેવજાતિ ! વળી પછી એણે પ્રત્યક્ષ થઈને એને પોતાની પાસે રહેલી દેવાધિદેવની પ્રતિમાવાળી પેટી સુપ્રત કરી અને કહ્યું કે-હે મહાભાગ ! તું હવે સુખેથી સિંધુ તરી શકીશ. તું અહીંથી સિંધુ સૌવીર દેશને વિષે આવેલા વિતભય નગરે જજે, ત્યાં નગરના મોટા ચોકમાં રહી 'હે લોકો ! આ પેટીમાં મારી પાસે દેવાધિદેવની પ્રતિમા છે તે તમે લઈ જાઓ. એ પ્રમાણે તું ઉદ્‌ઘોષણા કરજે.' આ પ્રમાણે નાવિકને કહીને વિધુન્માલી દેવ અંતર્ધાન થયો અને પ્રતિમાના પ્રભાવને લીધે વહાણ પણ, બુદ્ધિમાન માણસ શાસ્ત્રનો પાર પામે છે. (પારંગામી થાય છે) એમ સત્વર સમુદ્રનો પાર પામી ગયું.

વીતભય નગરે પહોંચી, પોતાની પાસેની પેટી લોકોની દષ્ટિસમક્ષ રાખી, વહાણના અધિપતિ વણિકે દેવતાના કહ્યા પ્રમાણે ઉદ્‌ઘોષણા કરી. એ સાંભળીને ત્યાંનો તાપસ ભક્ત રાજા ઉદાયન પોતે, અન્ય તાપસો, પરિવ્રાજકો અને વિપ્રો સુદ્ધાં એકત્ર થઈ ગયા. પ્રતિમા બંધ કરેલી પેટીમાં હતી માટે પેટી ઉઘાડવાને, લોકો વિષ્ણુ, બ્રહ્મા, બુદ્ધ આદિ

પોતપોતાના દેવનું સ્મરણ કરીને પેટી પર કુહાડા આદિ વડે પ્રહાર કરવા લાગ્યા, એમ કહીને, કે "હે રૂદ્રાક્ષ અને કુંડિકાના ધારણહાર ! સાવિત્રીપતિ ! હંસવાહન ચતુર્મુખ બ્રહ્મા ! અમને દર્શન દ્યો. હે વસુધાપતિ ! કંસઘાતક ! લક્ષ્મીરમણ ! સમુદ્રશાયી કૃષ્ણ દેવ ! અમને દર્શન દ્યો. તમારા તીર્થની અવમાનના થતી હોવાથી પૃથ્વી પર અવતરેલા, હે ! કરૂણાસાગર બુદ્ધદેવ, અમને દર્શન આપો."

આમ વિવિધ દર્શનવાળાઓએ વિવિધ દેવનું સ્મરણ કરી તીક્ષ્ણ પરશુ આદિ વડે પ્રહાર કર્યા પરંતુ પેટી તો જાણે વજ્રની હોય નહીં એમ લેશ પણ ભેદી શકાઈ નહીં ઉલટું એમ થયું કે પર્વતો પર દંતુશલ વડે પ્રહાર કરનાર હસ્તિના દંતુશળો જ ભાંગી જાય એમ, પ્રહાર કરનારાઓના કુહાડા જે, દઢ લોખંડમય હતા છતાં, ભાંગી જવા લાગ્યા. "લાગ્યું તો તીર, નહીંતર થોથું" એમ ગણીને પણ અનેક જણાએ પ્રહાર કરી જોયા પરંતુ સર્વે વિલક્ષ થઈ હારીને હેઠા બેઠા. ઉદાયન નૃપતિ પોતે પ્રભાતનો આવેલો એ પણ આ આશ્ચર્ય જોઈ રહ્યો હતો. સમય વખત કોઈની વાટ જોતો નથી એટલે પ્રભાત વીત્યું અને મધ્યાહન થયો તેથી સહસ્ર કિરણ વાળો સૂર્ય પણ "અરે લોકો ! તમે પૂરા મુર્ખા છો તમારી બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે કે જેથી તમે ત્રણ જગતને વંદનિક એવા દેવાધિદેવને મુકીને સામાન્યજનોએ માનેલા અદેવોને સંભારો છે અને એમ કરીને એઓ તમને દર્શન દે એમ માગો છો." એ પ્રમાણે ક્રોધાયમાન થઈ કહેતો હોય નહીં એમ અત્યંત તપવા લાગ્યો.

એ વખતે ભોજનવેળા વીતી ગઈ છતાં હજુ સ્વામીનાથ ભોજનાર્થે કેમ ન પધાર્યા, એમ કહી રાણી પ્રભાવતીએ દાસીને રાજા પાસે મોકલી. પરંતુ રાજાએ ઊલટી રાણીને, આશ્ચર્યકારક ઘટના બની રહી હતી એ જોવા ત્યાં બોલાવી. નિ:સીમ સ્નેહ તે આનું નામ ! પ્રેમી રાજાએ પ્રિયા-રાણીને સર્વ વૃત્તાન્ત અથેતિ વર્ણવ્યો. કેમકે એવી (ગુણવતી) સ્ત્રીને એવી ઘટના કહેવી એ યોગ્ય જ છે.

પતિદેવનો કહેલો વૃત્તાન્ત શ્રવણ કરીને, રાણી પ્રભાવતી જે પરમશ્રાવિકા હતી એણે કહ્યું-હે નાથ ! આપે કહ્યા એ બ્રહ્મા પ્રમુખ દેવો

કંઈ દેવાધિદેવ ન કહેવાય. દેવાધિદેવ તો ફક્ત એક જ છે અને એ અર્હત્ જિનદેવ છે. કેમકે, જુઓ ! છખંડ યુક્ત પૃથ્વીનો નેતા હોય એજ ચક્રવર્તી કહેવાય છે, અન્ય નહીં આ સંપુટ-પેટીમાં દેવાધિદેવ જિનભગવાનની જ મૂર્તિ હોવી જોઈએ અને એમ હોવાને લીધે જ, બ્રહ્મા વગેરેનાં નામ લઈ સંભારી દર્શન માગનારાઓને, એ પ્રતિમાએ દર્શન નહીં દીધાં હોય. જુઓ, આપણે મનુષ્યો પણ, કોઈ આપણને અન્ય નામે બોલાવે છે ત્યારે ક્યાં ઉત્તર આપીએ છીએ ! માટે હે સ્વામીનાથ અને નાગરિકો ધ્યાન રાખો કે હું જિનદેવને સંભારીને 'દર્શન આપો' એમ કહું છું અને બતાવી આપું છું કે એ પેટીમાં જિનની પ્રતિમા છે. પ્રભાવતીના એવા કથનથી લોકો એકતાને જોઈ રહ્યા. એણે તો, જાણે પેટીને કોઈ ગુપ્ત સાંધો હોય એ શોધી કાઢવાને માટે જ હોય નહીં એમ પ્રથમ એના પર યક્ષકર્દમનું સિંચન કર્યું; પછી અંજલિ ભરી પુષ્પો ચઢાવી નમન કરી, અંજલિ જોડી રાખી, કુદૃષ્ટિ-અજ્ઞાનીઓનો મદ ભંજન કરતી બોલી-હે વીતરાગ પ્રભુ ! હે સર્વજ્ઞ દેવાધિદેવ ! મને દર્શન દ્યો.

પ્રભાવતીએ આટલો શબ્દોચ્ચાર કર્યો ત્યાં તો કુંચી વડે તાળું ઉઘડી જાય એમ, સંપુટ ઊઘડી ગયું અને એમાંથી, જેમ છીપ ઉઘડતાં જ મોતી નીકળે છે એમ, ગોશીર્ષચંદનની પ્રતિમા નીકળી કે જેના ઉપર ચઢાવેલાં પુષ્પો-પુષ્પમાળા આદિ તાજાં બિલકુલ અણકરમાયેલા હતાં. લોકો તો એને પ્રમોદપૂર્ણ લોચનો વડે જોઈ રહ્યા. "અહો, આ અર્હન્ ! જ જગત્રયને વિષે દેવાધિદેવ છે કે જેનું નામ માત્ર લઈને સ્મરણ કર્યાથી પ્રતિમાએ દર્શન દીધાં." એમ કહી જય જયના શબ્દોથી દિશાઓને ગજાવી મૂકી. રાણી પ્રભાવતીએ પણ ભક્તિપૂર્વક પ્રતિમાને વંદન કરીને, સાક્ષાત્ સરસ્વતી જ હોય નહીં એમ સ્તુતિ કરવા માંડી;-હે આધિ ઉપાધિ વિમુક્ત સૌમ્યમૂર્તિ પ્રભુ ! હે અજ્ઞાનતિમિરભાસ્કર ! દયાસિન્ધુ ! જગદ્બંધુ ભગવાન ! તમે આ જગત્રયને વિષે જયવન્તા વર્તો. હે જિનનાયક ! નાના પ્રકારના શસ્ત્રો, અક્ષમાળા અને કંચનકામિનીનો સર્વથા ત્યાગ કરીને આપે આપને વિષે ઈર્ષ્યા, મોહ, અને રાગનો સર્વથા અભાવ છે એમ સિદ્ધ કરી આપ્યું છે. આપની શાંત, દાંત અને નિરંજના મૂર્તિ જ કહી આપે છે કે આપને

વિષે નિ:સંશય દેવાધિદેવત્વ છે જ.

આ પ્રમાણે ત્રણ જગતના નાથની પ્રતિમાની સ્તુતિ કરી પછી રાણીએ પેલા નાવિકના અધ્યક્ષનું પણ પોતાના નાના બંધુની જેમ સારું સન્માન કર્યું. ચેટક રાજાની પુત્રીને વિષે એવો વાત્સલ્યભાવ હોય એમાં આશ્ચર્ય પણ શું ? ત્યારપછી એણે એ પ્રતિમાને ધ્વજાપતાકાથી વ્યાપ્ત એવા નગરના મુખ્ય મુખ્ય માર્ગોએ થઈને લઈ જઈ અંત:પુરને વિષે પધરાવી. એ વખતે સ્થળે સ્થળે વારાંગનાઓ કુદતી ફરતી રાસ રમતી નૃત્ય કરી રહી હતી, ગાંધર્વ લોકો ગાયન કરી રહ્યા હતા, અને સર્વ આચાર્યો, બંદિજનો પ્રમુખ જય જય મંગળ કરી રહ્યા હતા. આમ પ્રભાવના કરવાનું કારણ એ કે પ્રભાવના પણ દર્શનનું એક અંગ છે. પછી ત્યાં એણે એક શુદ્ધ દેવસ્થાન બનાવરાવી પોતાના અંત:કરણને વિષે જ સ્થાપિત હોય નહીં એમ, એ પ્રતિમાને સ્થાપી (પ્રતિષ્ઠા કરી) અને નિરંતર સ્નાન કરી ઉજ્જ્વળ વસ્ત્ર પહેરી એની ત્રિસંધ્ય પૂજા કરવા લાગી, એ વખતે રાજા ઉદાયન વીણા વગાડતો અને રાણી પોતે પ્રતિમાની સમક્ષ ઈન્દ્રાણીની પેઠે કરૂણરસ ભર્યું નૃત્ય કરતી. આ પ્રમાણે નિત્ય સંગીત કરવામાં તત્પર રહેતી, પાપમળ દૂર કરતી અને માનવજન્મને સફળ કરતી પ્રભાવતી સમય નિર્ગમન કરતી હતી.

એવામાં એક અદ્‌ભુત ઘટના બની. એકદા રાજા ઉદાયન રાગ-સ્વર-મૂર્છાનાને વ્યક્ત કરતો વીણા વગાડતો હતો અને રાણી ગાઢ હર્ષભર અભિનયપૂર્વક નૃત્ય કરતી હતી તે વખતે રાજાએ જોયું કે કેતુની જેમ રાણીને મસ્તક જ ન મળે. આવું અશુભ-અરિષ્ટ જોઈ ભાવી દુ:ખની શંકા થવાથી, રાજાના હાથમાંથી, જીર્ણ ભીંતમાંથી પથ્થર પડી જાય એમ, વીણાનો ગજ પડી ગયો. તત્ક્ષણ સંગીત બંધ પડવાથી હર્ષોલ્લાસ છિન્ન ભિન્ન થઈ જવાને લીધે પ્રભાવતી, પતિ પર પૂર્ણ ભક્તિવાળી હતી છતાં, ક્રોધાયમાન થઈ; અને કહેવા લાગી-હે નાથ ! શું નૃત્યના તાલમાં મારી કંઈ ત્રુટી તમોએ દીઠી કે તમે રસિક છતાં આમ સદ્ય વીણા વગાડતા અટકી ગયા ? આમ આગ્રહપૂર્વક પૂછાયેલા પ્રશ્નનો રાજાએ દુ:ખપૂર્ણ હૃદયે મહાકષ્ટે ઉત્તર આપ્યો. કેમકે પ્રિયજન સંબંધી અમંગળ વાત

સ્નેહીઓથી કઈ રીતે કહી જાય ? પરંતુ રાણીએ તો એ સાંભળી લેશપણ ધૈર્યનો ત્યાગ કર્યા વિના રાજાને કહ્યું–આવા દુર્નિમિત્ત પરથી હું મારું આયુષ્ય હવે અલ્પ શેષ રહ્યું છે એમ સમજું છું. પરંતુ જન્મથી જ એકલા ધર્મકાર્યોમાં જ તત્પર રહેલી હોવાથી મને મૃત્યુનો લેશ પણ ભય નથી. આ અપશુકન મને તો ઊલટું હર્ષદાયક છે કારણ કે એ મને હવે સંસાર ત્યજી ચારિત્ર–દીક્ષા ગ્રહણ કરવાને પ્રેરે છે. એમ કહી મુખ પર લેશ પણ ગ્લાનિનાં ચિન્હ પ્રકટ નહોતાં એવી રાણી પછી પોતાને સ્થાને ગઈ. નિર્વાણ સમય નિકટમાં આવે છે ત્યારે દીપકની શિખા પણ ઊલટી વિશેષ પ્રકાશિત થાય છે એ વાતથી કોણ અજાણ્યું છે ? જિનભગવાનના અનુયાયીઓ સિવાય અન્ય મતવાળાઓમાં વિવેકાવિવેક દેખાય પણ ક્યાંથી ?

એકવાર વળી એમ બન્યું કે રાણી જિનબિંબની પૂજા કરવા નિમિત્તે સ્નાન કરી તૈયાર થઈ અને દાસીએ એનાં વસ્ત્રો એની પાસે લાવી ધર્યાં. એ વસ્ત્રો અરિષ્ટના કારણે રાણીની દૃષ્ટિએ રક્ત દેખાયાં. મોટા માણસોને પણ અવસાન સમયે પ્રકૃતિમાં વિપર્યય થાય છે એ કથન પ્રમાણે, રાણી દેવપૂજાના વસ્ત્રો દાસી અનુચિત કેમ લાવી એમ થવાથી, એના પર ક્રોધાયમાન થઈ અને એ ક્રોધના આવેશમાં એણે એના ભણી એક દર્પણ ફેંક્યું. એ દર્પણના તીક્ષ્ણ પ્રહારે દીનદાસીના પ્રાણ લીધા. કારણકે આયુષ્ય ક્ષીણ થવા આવ્યું હોય છે ત્યારે માણસના બેઠા બેઠા પણ પ્રાણ જતા રહે છે, ને આયુષ્ય વિદ્યમાન હોય તો મહાન શસ્ત્રો પણ એને કંઈ નથી કરી શકતાં. ક્ષણવાર પછી પ્રભાવતીએ જોયું તો એ જ વસ્ત્રો એને ઉજ્જ્વળ જણાયાં. પિત્તનો ઉદ્વેગ જતો રહ્યા પછી માણસને, શંખ એના મૂળ શુદ્ધ ઉજ્જ્વળ વર્ણમાં વર્તાય છે એમ, આથી તો રાણી પોતાની જાતની નિંદા કરતી કહેવા લાગી–અહો પંચેન્દ્રિય જીવની હત્યારૂપ પાપ કરનારી મારા જેવીને અત્યંત ધિક્કાર છે ! અન્યની હત્યા કરવાથી નરકે જવું પડે છે તો આ તો સ્ત્રી હત્યા થઈ એ મને શાની બીજે લઈ જાય ? કારણ કે તાલપુટ વિષનો તો એક અણુ માત્ર જ સદ્ય પ્રાણઘાતક નીવડે છે માટે હવે મારે ચારિત્ર અંગીકાર કર્યા વિના શુદ્ધિ નથી. મષીથી

મલિન થયેલ વસ્ત્ર, દૂધ વિના અન્ય શાથી શુદ્ધ થઈ શકે ?

આમ તીવ્ર પશ્ચાત્તાપ કરતી પતિદેવ પાસે જઈ સર્વ વાતનો ઉલ્લેખ કરી વિશેષમાં કહેવા લાગી કે–હે નાથ ! એક ઘટના તો તમે નજરે નિહાળી, અને બીજા આ વસ્ત્રના વર્ણના વિપર્યાસની ઘટના એ ઉભય પરથી મને હવે મારું આયુષ્ય અલ્પ છે એમ સમજાય છે માટે હે પ્રાણવલ્લભ ! મારે ચારિત્ર ગ્રહણ કરવું છે એમાં તમારે કંઈ વિઘ્ન ઉપસ્થિત ન કરવું. જુઓ શાસ્ત્રમાં રાજ્યસંપત્તિ, દેવસંપત્તિ અને પ્રિયજનનો સંયોગ–આ સર્વ સુલભ કહ્યાં છે, પરંતુ વિરતિ એટલે ત્યાગ ભાવ એ અત્યંત દુર્લભ કહ્યો છે. માટે કૃપા કરીને વાત્સલ્યભાવે મને સમંતિ આપો એટલે હું મારું કાર્ય સાધું.

રાજાએ રાણીના આવા આગ્રહને લીધે સમંતિ આપીને કહ્યું કે–તારી નિર્વિઘ્ને કાર્ય સિદ્ધિ થાઓ. જા, તારી ઈચ્છા પૂર્ણ કર. વળી જો તું ગમે ત્યારે સ્વર્ગે જાય તો તે સમયે તારે તારાં દિવ્ય સુખ ઘડીભર પડતાં મૂકીને પણ અહીં આવી મને દીપકની જેમ જાગ્રત કરવો. રાણીએ પણ એ વાત અંગીકાર કરી. પછી દાન દઈ પુરવાસીઓને સંતુષ્ટ કરી એણે ચારિત્ર ગ્રહણ કર્યું. અને સાથે જ અનશન આદર્યું. કેમકે મૃત્યુ નિકટમાં આવી ઊભું જાણ્યા પછી ભોજનની આશા કેવી ? એ પછી અનશનને અંતે મૃત્યુ પામી ત્યાંથી એનો જીવ પહેલા દેવલોકમાં મહર્દ્ધિદેવતા–પણે ઉપન્યો કેમકે શું આ લોકમાં કે શું પરલોકમાં, રાજ્ય તો મોટાઓનું જ છે. પછી દેવતાએ આપેલી પ્રતિમાનું પૂજન આદિ દેવદત્તાનામની એક કુબ્જા દાસી હતી તે કરવા લાગી. પૂર્ણ ભાગ્યોદયવાળાને જ આવો પ્રસંગ પ્રાપ્ત થાય છે એ સાથો સાથ સ્મરણમાં રહે.

પ્રભાવતીનો જીવ દેવતા થયો હતો એણે પોતે વચન આપ્યું હતું એને અનુસરીને રાજાને પ્રતિબોધ આપ્યો. પરંતુ એ પ્રતિબોધ લાગ્યો નહીં. કેમકે હેતુની હયાતિ છતાં પણ ક્વચિત્ ફળોત્પત્તિ થતી નથી. એમ પણ બને છે. એટલે એણે અવધિજ્ઞાનથી 'એ આ રીતે જાગ્રત થશે–પ્રતિબોધી શકાશે' એમ તત્ક્ષણ કોઈ યુક્તિ વિચારી, નાટકને વિષે નટ લે છે એમ તાપસનો વેષ લીધો. અને જાણે નરપતિને આજે કંઈ ફળ થશે એવું

સુચવતો હોય નહીં એમ હસ્તને વિષે દિવ્ય અમૃત ફળો લઈને રાજા પાસે આવ્યો. આવીને એણે એ ફળોની એની પાસે ભેટ કરી; જો કે દેવતાઓ ફળ આપે એમાં કંઈ વિસ્મયકારી તો નથી જ, પોતે તાપસનો ભક્ત હતો એટલે એણે પણ તાપસે આપેલ વસ્તુનું બહુમાન કર્યું. અથવા તો લોકરૂઢિ જ એવી છે કે ગુરુ કંઈ પ્રસાદ આપે એનું સૌ કોઈએ બહુમાન કરવું. એવાં સુપક્વ, સુગંધી અને સ્વાદિષ્ટ ફળનાં પ્રાશનથી રાજાની ઈન્દ્રિયોને અત્યંત હર્ષ થયો અને 'આવાં ફળો મેં ક્યાંય જોયાં કે સાંભળ્યા પણ નથી. તો પૃથ્વી પરના મનુષ્યોને દુર્લભ એવા કલ્પવૃક્ષના ફળ સમાન આ ફળ ક્યાં મળે છે ?' એમ તાપસને પૂછ્યું. એટલે તાપસ રૂપધારી દેવતાએ ઉત્તર આપ્યો–હે નરેન્દ્ર ! તારા નગરની નિકટમાં આવેલા આશ્રમમાં જ આ ફળો થાય છે, અથવા તો પૃથ્વીને વિષે નિધાનો જ્યાં ત્યાં પ્રત્યેક સ્થાને ભરેલાં જ છે. બહુ ઉત્કૃષ્ટ હોવાથી એ મેં તને ભેટ ધર્યાં છે. કારણ કે તું પણ એક લોકપાળ છે અને સર્વ આશ્રમોનો વળી ગુરુ છે. એ ફળ નિકટના જ આશ્રમમાં થાય છે એ સાંભળી રાજાનું ચિત્ત એ આશ્રમે જવાને બહુ ઉત્કંઠિત થયું.

એટલે તાપસ દેવે પણ એને સદ્ય નગર બહાર એકાકી લઈ જઈ, એક ઐન્દ્ર જાલિક–જાદુગરની જેમ, અનેક તાપસોથી ભરેલો આશ્રમ નજરે દેખાડ્યો, ત્યાં મનોહર ફળોથી લચી ગયેલાં વૃક્ષો જોઈ "અહો આજે તો યથેચ્છ–તૃપ્તિ પર્યન્ત ફળાહાર થશે." એમ કહી વૃક્ષપરથી ફળ લેવા દોડ્યો. કારણ કે આ રસલંપટ જીવ્હા મોટા મોટાના પણ માન મૂકાવે છે. રાજા હજુ તો પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં તો કૃત્રિમ આશ્રમના કૃત્રિમ તાપસો એને મુષ્ટિ પ્રહાર કરવા લાગ્યા. એટલે એ તો શૂરવીર છતાં એકાકી હોઈને ભયભીત થઈ પલાયન થઈ ગયો. વીર્ય ઉભરાઈ જતું હોય છતાં પણ વિવિધ કર્મોના આવરણ હોય તો પ્રાણીની કેવી દશા થાય છે એ જોયું ? ભયને કારણે પલાયન કરી જતાં, દર્પણ સમાન નિર્મળ અંતઃકરણવાળા ઉત્તમ સાધુઓ રાજાની નજરે પડ્યા. એમણે એને નિર્ભય કર્યો અને એ પણ એમને શરણે ગયો. એટલે એકલા ધર્મિષ્ઠ એવા એ મુનિઓએ એને શાંત કરી અમૃત તુલ્ય મિષ્ટ મનોહર ધર્મોપદેશ સંભળાવ્યો.

આ અસાર સંસારમાં ભાવ શત્રુઓથી પરાજય પામી હેરાન થતા પ્રાણીઓને મોક્ષ પ્રાપ્ત કરવાની અભિલાષા હોય તો એમણે એક ફક્ત ધર્મનું શરણ લેવું. એ ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ એટલે સુદેવ, સુગુરુ અને સત્ય ધર્મને વિષે રૂચિ. બુદ્ધિમાન મનુષ્યોએ દેવ તથા ગુરુને ઓળખવા જોઈએ અને તત્ત્વને જાણવા જોઈએ.

જેમકે રાગ, અરતિ, રતિ, દ્વેષ, પ્રમાદ, ભય, જન્મ, ચિંતા, હાસ્ય, જુગુપ્સા, શોક, મિથ્યાત્વ, અજ્ઞાન, દર્પ, વિષાદ, અવિરતિ, નિદ્રા અને અંતરાય-એ અઢાર દોષો જેનામાં ન હોય એજ દેવ સમજવા. વળી નિરંતર બ્રહ્મચર્ય પાળનાર, કરૂણામય જીવન નિર્ગમન કરનાર, શત્રુ અને મિત્રમાં સમભાવવાળા તૃણ અને સ્ત્રીજનને એક ગણનારા તથા સુવર્ણ અને કાષ્ઠને સમદૃષ્ટિએ જોનારા હોય એ ગુરુ સમજવા. વળી તત્ત્વો જાણવા જોઈએ. એ તત્ત્વો નવ છે; જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. ધર્મને વિષે શંકા નો ત્યાગ, આકાંક્ષાનો ત્યાગ, અનિશ્ચયનો ત્યાગ અને મૂઢદૃષ્ટિનો ત્યાગ એમ આ ચાર ત્યાગ, તથા વૃદ્ધિકરણ, સ્થિરતા, સાધર્મિક વાત્સલ્ય અને પ્રભાવના એમ થઈને કુલ આઠ, દર્શન એટલે ધર્મના આચારો છે. એ આઠેનું સમ્યક્ત્વની નિર્મળતાને અર્થે પરિપાલન કરવું. આઠમાં વળી તમારે-રાજાઓને વાત્સલ્ય અને પ્રભાવનાને વિષે વિશેષ ધ્યાન આપવું કારણ કે તમો-રાજાઓ સમર્થ કહેવાઓ. એટલે તમે એ વિશેષ પ્રકારે કરી શકો. વળી પ્રભાવક પુરુષોમાં પણ રાજાઓને ગણાવ્યા છે. 'વાત્સલ્ય' ના બે પ્રકાર છે; દ્રવ્ય વાત્સલ્ય અને ભાવવાત્સલ્ય, સાધર્મિક બંધુઓને અન્ન, પાન, દ્રવ્ય, વસ્ત્રો અને પુષ્પ આદિ આપવા એ દ્રવ્યવાત્સલ્ય. જે સર્વનો 'જિનભગવાન્' એ એક જ દેવ હોય અને 'ક્રિયાને વિષે તત્પર' એવા એક જ ગુરુ હોય-એઓ જ સાધર્મિક કહેવાય; અન્ય નહીં. નમસ્કાર માત્ર જ જાણતો હોય એવા સાધર્મિકને પણ પરમ પ્રેમપૂર્વક બંધુ તુલ્ય ગણવો, બંધુથી પણ અધિક ગણવો.

સાધર્મિકની સાથે વળી કદિ પણ વિવાદ, કલહ, યુદ્ધ કે વેર ન કરવું. જે નિર્દય થઈ ક્રોધમાં આવી જઈ સાધર્મિક પર પ્રહાર કરે છે એ

જગદ્ બાંધવ શ્રી જિનપ્રભુની આશાતના કરે છે. વિધવિધ જાતિમાં જન્મેલા અને વિધવિધ સ્થળના નિવાસી એવા સુમતિ સાધર્મિકો પર શ્રીમંતોએ કે વિદ્વાનોએ દ્રવ્યદાન કે જ્ઞાનદાનરૂપ ઉપકાર કરવો એ અતિ પ્રશંસા પાત્ર છે, સુંદર છે.' અને વળી પુણ્ય બંધનો હેતુ છે. રામે વજ્રાયુદ્ધ અને ભરત ચક્રવર્તીએ સકળ સંઘનું જેવી રીતે વાત્સલ્ય કર્યું છે તેવું સર્વ કોઈએ કરવું. સાધર્મિકો ને અન્ન પણ ન મળતું હોય અને એમ થવાથી સીદાતા હોય ત્યારે સામર્થ્યવાન શ્રાવકો એ ભોજન કરવું કલ્પે નહીં.

વળી ધર્મ કાર્ય કરવામાં જેઓ નિશ્ચેતન જેવા થઈ ગયા હોય એમનામાં ચૈતન્ય લાવી ધર્મને વિષે સ્થિર કરવા એનું નામ 'ભાવવાત્સલ્ય.' જેમકે, ભાઈ તમે ગઈ કાલે સાધુને ઉપાશ્રયે કે જિનમંદિરે પણ દેખાયા નહીં એનું શું કારણ ? 'એના ઉત્તરમાં જો એ કંઈ કૌતુક-નાટક ચેટક જોવા ગયો હોવાનું કે તેવું અન્ય કંઈ કારણ બતાવે તો એને યોગ્ય મિષ્ટ શબ્દો વડે સમજાવવો કે તમારા જેવા વિવેકાવિવેકના જ્ઞાનવાળાએ પ્રમાદ કરવો ઉચિત નથી. આ મનુષ્ય જન્મ દુર્લભ છે એમાં પણ વળી ધર્મ વિશેષ દુર્લભ છે. અને એમાં પણ આવી સાધુ કે શ્રાવકની સર્વ સામગ્રી પામવી એ તો સર્વથી દુર્લભ છે. કેમકે જીવિત, યોવન અને લક્ષ્મી આદિ સર્વ અનિત્ય છે. દુર્લભ મનુષ્ય જન્મ પામીને જે ધર્મને વિષે પ્રમાદ કરે છે એઓ અમૃતની કુપ્પીને પગ ધોવામાં ઢોળી નાખ્યા જેવું કરે છે, સુવર્ણને સ્થળે માટીનું ઢેફું મૂક્યા જેવું કરે છે, અને કાગડાને ઉડાડી મૂકવાને ચિંતામણિ ફેંક્યા જેવું કરે છે.' આવું આવું કહીને સાધર્મિકને પ્રતિબોધ પમાડવો. હે રાજન્ ! આમ બંને પ્રકારના વાત્સલ્ય વિષયે તમારે ચિત્ત લગાડવું.

હવે પ્રભાવના વિષે. ધર્મનો પ્રભાવ વધારવો એનું નામ પ્રભાવના. તીર્થયાત્રા, રથયાત્રા, જિનેશ્વરોના તીર્થ હોય એની યાત્રા કરવા જઈને, એમની રથયાત્રા કરાવીને, એમની પૂજા ભણાવવાનું વગેરે કરીને, તથા એમના પ્રસાદ એટલે મંદિરો બંધાવીને ધર્મનો પ્રભાવ વધારવો. હે નૃપતિ ! ભવ્યપ્રાણીઓ ભાવનામાં ચઢીને આ પ્રભાવનાઓ કર્યા કરે તો, શત્રુના મર્મને જાણનારો જેમ એ શત્રુને ભેદી શકે છે તેમ, ભવ એટલે

'પુનઃ જન્મ પુનઃ મરણ' નો ભેદ એટલે વિચ્છેદ કરી શકે છે. આવો ઉપદેશ દઈને મુનિઓએ એ ઉદાયન નૃપતિને એવી રીતે પ્રતિબોધ પમાડ્યો કે એને જૈન ધર્મ સર્વ ધાતુઓએ પરિણતિ પામ્યો–નસે નસે ઉતરી ગયો. એને હવે લાગ્યું કે–મને આજ સુધી ધૂતારાઓની જેમ તાપસોએ ઠગ્યો છે. એટલે એણે હિંસક તાપસોનું દુષ્ટ દર્શન ત્યજીને અહિંસા પ્રધાન જિનદેવના શાસનનો સ્વીકાર કર્યો. અને "આજે મારાં ધન્યભાગ્ય. આજે મારો આત્મા પવિત્ર થયો, આજે હું કૃતકૃત્ય થયો." એમ કહેવા લાગ્યો. વિષ ત્યજીને અમૃતનું ભોજન કરનાર નિઃસંશય પૂર્ણ પ્રશંસાને પાત્ર જ થાય છે.

આ બધું થવા દીધા પછી પ્રભાવતીનો જીવ–દેવતા વાદળામાંથી સૂર્ય બહાર નીકળે એમ રાજા પાસે પ્રકટ થયો, અને બધો વૃત્તાંન્ત એને નિવેદન કરી ધર્મને વિષે સ્થિર કર્યો અને પછી તરત જ પાછો અન્તર્ધાન થઈ ગયો. રાજા તો આવું જોઈ આશ્ચર્ય સ્તબ્ધ બની આમ તેમ જોવા લાગ્યો. એટલામાં તો દેવતાએ વિકુર્વેલું માયાજાળનું દશ્ય બદલાઈ ગયું; ન મળે કંઈ આશ્રમ, કે ન મળે કોઈ સાધુમુનિ. એને બદલે પોતાની જ સભા રાજાની દષ્ટિએ પડી.

આ ઘટના બની તેજ દિવસથી આ ઉદાયન રાજા પરમ ધર્મિષ્ઠ શ્રાવક થયો. ધાર્મિક જનોની, કોઈ પણ એક નિશ્ચિત ખાણ હોતી નથી (કે જેમાંથી રત્નાદિની પેઠે ઉત્કૃષ્ટ જીવો નીકળ્યા જ કરે. એમની તો આ પ્રમાણે એકેક કરતાં કરતાં સંખ્યા વધે)

હવે ગાંધાર નામના એક દેશમાં કોઈ ગાંધાર નામનો જ, શ્રાવક વસતો હતો. એ એક ક્ષણ પણ પાપની ગંધ સુદ્ધાં સહન કરી શકતો નહીં. એકદા એ ગાંધાર વૈતાઢ્યપર્વત પર રહેલી અરિહંતની પ્રતિમાને વંદનપૂજન કરવાની ઈચ્છાએ એ પર્વતની તળેટીએ ગયો. અહો ! મનુષ્યને કયા મનોરથ નથી થતા ? તળેટીએ પહોંચીને એ અન્નપાણીનો ત્યાગ કરી (ઉપવાસ આરંભી) શાસન દેવતાનું ધ્યાન ધરીને બેઠો. કેમકે આવા મોટા અભીષ્ટ મનોરથની સિદ્ધિને અર્થે એમ કર્યા વિના અન્ય ગતિ નથી. એનું એવું ઉગ્ર સાહસ જોઈ શાસન દેવતાએ તુષ્ટમાન થઈ એના

મનોરથ પૂર્ણ કર્યા. એને ઉપાડી પર્વત પર લઈ જઈ, ભક્તિપૂર્વક વંદનાદિ કરી રહ્યા પછી, પુનઃ દેવતાએ એને નીચે લાવી મૂક્યો. કેમકે યોગ અને ક્ષેમ, બંનેવાનાં નિશ્ચયે દેવતાના હાથમાં છે. વળી એને એણે મનઃકામના પૂર્ણ કરનારી એકસોને આઠ ગુટિકાઓ આપી. અથવા તો એવા ધર્મિષ્ઠ પ્રાણીઓ પ્રતિ દેવતાઓ વાત્સલ્યભાવ દર્શાવે એ યોગ્ય જ છે.

પછી ગાંધાર પણ અજમાયશ માટે એ ગુટિકાઓમાંથી એક ગુટિકા મુખમાં નાખી એવું ચિંતવન કર્યું કે હું વીતભય નગરને વિષે જઈ જીવિતસ્વામીની પ્રતિમાને વંદન કરું. આમ ચિંતવ્યું કે તત્ક્ષણ એ દેવતાની જેમ વીતભય નગેરે પહોંચી ગયો. ત્યાં પેલી કુબ્જા દાસી દેવદત્તા, જેના દેહની પ્રભાવતીના સંગાથી ભવિષ્યમાં કોઈ અવર્ણનીય પ્રભા થવાની છે એણે એને એ પ્રતિમાના દર્શન કરાવ્યાં. ગાંધારને વળતે જ દિવસે કોઈ વ્યાધિ થઈ આવ્યો. એટલે દેવદત્તાએ ઉત્તમ ઔષધ-પથ્ય આદિ વિધિ વડે એની પરમ આદરપૂર્વક શુશ્રૂષા-ચાકરી કરી, અને રાત્રિને દિવસ પરિશ્રમ વેઠીને એને તંદુરસ્ત બનાવી દીધો. અથવા તો આયુષ્ય હોય એનો ઉપાય છે. કૃતજ્ઞ ગાંધારે પણ બદલામાં પોતાની પાસેની સર્વ ગુટિકાઓ એને આપી દીધી. કહ્યું છે કે ઉપકાર કરવાથી જ મહંત પુરુષોની કૃપા મેળવી શકાય છે. દેવદત્તાને પણ આ મનવાંછિત પૂરનારી ગુટિકાઓ પ્રાપ્ત થઈ એ એની દેવપૂજાનું જ સત્ફળ સમજવું. પછી મહામતિ ગાંધારે તો પોતાનું અલ્પ આયુષ્ય જાણીને દુર્ગંધની જેમ ગૃહસ્થાશ્રમ ત્યજી દઈ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તેજ ક્ષણે રૂપ સૌંદર્યને ઈચ્છતી કુબ્જા દેવદત્તાએ સૌંદર્ય રૂપી અંકુરોને ઉત્પન્ન કરવાને મેઘસમાન એવી એક ગુટિકા મુખને વિષે નાંખી. એના પ્રભાવથી એ દિવ્ય રૂપધારી સુંદરી થઈ ગઈ; જેવી રીતે વિશ્વકર્માની હસ્તકળાથી પૂર્વે સૂર્યની મૂર્તિ થઈ ગઈ હતી એમ. આ દેવદત્તાની કાન્તિ જે ગુટિકાના પ્રયોગથી સુવર્ણવર્ણી-સોના જેવી થઈ તે ગુટિકાને તે વખતથી જનસમાજ સુવર્ણ ગુટિકા એ નામથી ઓળખે છે.

કુબ્જા તો પોતાનું નવીન સુંદર રૂપ જોઈ વિચારવા લાગી;-જ્યાં સુધી મને સુંદર રૂપાકૃતિવાળો ભર્તાર ન મળે ત્યાં સુધી આ મારી રૂપસંપત્તિ અરણ્યમાં ઉગેલી માલતીની જેમ વૃથા છે. આ મહીપતિ ઉદાયન ઘણો યે

ઉદાર શૂરવીર અને રૂપવાન છે પરંતુ ગંગાને જેમ ભગીરથ, તેમ મારે એ પિતાતુલ્ય છે. મારી સન્મુખ આ અન્ય ભૂપતિઓ પણ છે પરંતુ એઓ તો, તારા જેમ ચંદ્રમાના અને ગ્રહો જેમ સૂર્યના સેવકો છે એમ, ઉદાયનના સેવકો છે. એવા એકાદ સેવકરાજાને મારા પતિ તરીકે સ્વીકારું એમાં મારી ખ્યાતિ નહીં થાય કેમકે ધણીને નામે અશ્વનું મૂલ્ય અંકાય છે. માટે હવે શ્રેષ્ઠ ભૂપતિ તો ચંડપ્રદ્યોતરાજા છે એ મારો ભર્તાર થાઓ એમ ચિંતવીને એણે એક ગુટિકા મુખમાં નાખી. માગીએ એટલું મળે એમ હોય ત્યારે શા માટે ઓછું માગવું એ કહેવત જ એણે તો ધ્યાનમાં રાખી.

વળી એક વખત ગુટિકાના પ્રયોગથી સુંદર રૂપ થયું એટલો લાભ થયો એટલે લોભ વધ્યો અને સુંદર ભર્તાર મેળવવાને માટે પ્રયાસ આદર્યો. મુખમાં ગુટિકા નાખી એટલે એના અધિષ્ઠાયક પેલા દેવતાએ, રૂપસુંદરી બનેલી દેવદત્તાનું ચિંતવેલું સિદ્ધ કરવાને માટે અવંતિપતિ-ચંડપ્રદ્યોત રાજા પાસે જઈ, દૂતીકાર્ય કર્યું પેલી દેવદત્તા દાસીના રૂપસૌંદર્યનું ઉત્કૃષ્ટ વર્ણન કર્યું કે-હે રાજન્ ! એની આગળ તારું સમસ્ત અંતઃપુર કશી ગણત્રીમાં નથી. કેમકે એને પગને અંગુઠે બાંધેલી પણ અન્ય સ્ત્રી શોભતી નથી. આ સાંભળીને ચંડપ્રદ્યોતનરાજા સદ્ય એનાં દર્શન કરવા અત્યંત ઉત્કંઠિત થયો; વિદ્વાન માણસ જેમ રમ્ય કથા કહેવાતી હોય એને વિષે ઉત્કંઠિત થાય છે એમ. એણે તો સત્વર એક દૂતને એની પાસે મોકલ્યો, કેમકે મોટા માણસો, સ્વાર્થ હોય છે ત્યાં નાના-નાના પણ યાચક બને છે. એ દૂતે જઈને રૂપસુંદરી બની ગયેલી પેલી દાસીને કહ્યું-અમારો સ્વરૂપવાન રાજા ચંડપ્રદ્યોત તારાપર મોહિત થયો છે; અને તારી સાથે સુખ ભોગવવા ઈચ્છે છે, એના ઉત્તરમાં એ કિન્નર કંઠીએ મધુર સ્વરે કહ્યું- 'પ્રદ્યોતન' એ નામે ખ્યાતિ પામેલા પ્રદ્યોત એટલે પ્રકાશને કોણ ન ઈચ્છે ? પરંતુ એણે પોતે અહીં આવીને મને એનું રૂપ બતાવી જવું જોઈએ. કેમકે બજારમાં પણ જે વસ્તુ લઈએ છીએ એ એનો રૂપરંગ જોયા પછી જ લઈએ છીએ.

દૂતે જઈને આ વૃત્તાન્ત એના સ્વામીને કહ્યો એટલે એ તો એના સૌંદર્યની વાત સાંભળીને અતિ મોહિત થયેલ હોવાથી રાત્રિને સમયે પોતાના

'અનલગિરિ' નામના હસ્તિ પર આરૂઢ થઈને દેવદત્તા પાસે એ આવી પહોંચ્યો. અથવા તો સોયની પાછળ દોરો વહ્યો જ આવે છે એ તદ્દન સત્ય વાત છે. બંનેની દૃષ્ટિ મળી કે સદ્ય એમનાં મન પણ પોતાની મેળે જ વિના યત્ને પરસ્પર મળી ગયાં; ચતુર તુણનારાથી તુણાયેલા બે વસ્ત્રો પરસ્પર મળી જઈ એકરૂપ થઈ જાય છે એમ. પછી પરમ પ્રેમ પૂર્વક ચંડપ્રદ્યોતન નરપતિએ કહ્યું–હે મૃગનયની સુંદરી ! હવે તું મારે નગરે ચાલ જેથી હું દેશ–કાળ અને સ્થિતિને અનુસરીને તારા સર્વે અભીષ્ટ મનોરથો પૂર્ણ કરું. દૂર રહેલાઓનાં તો જવાં અને આવવાં પૂરતાં જ કાર્યો થાય; એમાં કંઈ એમનો વિશેષ સ્વાર્થ સિદ્ધ થાય નહીં, દેવદત્તાએ ઉત્તર આપ્યો–હે સ્વામીનાથ ! હું આવવાને તૈયાર છું. પરંતુ મારી એક વાત સાંભળો–જેમ ઝુંટણક પશુ મનુષ્યની ઉષ્મા વિના જીવી શકતો નથી એમ હું મારા દેવાધિદેવની પ્રતિમા વિના રહી શકું એમ નથી. માટે શ્રીખંડની–ચંદનની એક અન્ય પ્રતિમા કરાવીને લાવો. અધિકારીના આદેશના જેવો ચેટિકાનો એ આદેશ એણે પણ માન્ય કર્યો અને અન્ય પ્રતિમા કરાવવા માટે ચેટિકા પાસેની પ્રતિમા નીરખી નીરખીને જોઈ, કેમકે એમ જોયા વિના એના જેવી બીજી કરાવવી એ કેવી રીતે બની શકે ?

પછી તો પ્રેમસાગરમાં નિમગ્ન એવા એ દંપતીએ યથેચ્છ વિલાસસુખ અનુભવ્યું અથવા તો નવીન વસ્તુ પ્રાપ્ત થયે સર્વ કોઈને એને વિષે રાગ થાય છે જ. જેણે આકાશમાર્ગ ઉલ્લંઘન કર્યો છે એવો અને સ્વલ્પતાર પરિચ્છદવાળો રાજા, રાત્રિ વીત્યે, ચંદ્રમા જેમ પશ્ચિમ દિશાએ પહોંચે છે એમ, પોતાની નગરીએ આવી પહોંચ્યો. આવીને સદ્ય, પોતે જોઈ હતી એવી પ્રતિમાના અનુસારે અન્ય ચંદનમયી ઉત્કૃષ્ટ પ્રતિમા બનાવરાવી. પછી લક્ષ્મીપતિ કૃષ્ણ વાસુદેવ કૌસ્તુભ મણિને ધારણ કરે છે એવી રીતે એ નવી બનાવરાવેલી પ્રતિમાને, હૃદય પર ધારણ કરી ચંડપ્રદ્યોતન અનલગિરિ હસ્તિ પર આરૂઢ થઈ પાછો ઉદાયન રાજાને નગરે આવ્યો, આવીને, દેહધારી મોહિની મંત્ર હોય નહીં એવી એ પ્રતિમા ચેટિકાને સોંપી–આપી. ચેટિકા દેવદત્તાએ પણ અવંતીના સ્વામી આ ચંડપ્રદ્યોતનને

વિષે પોતાનું મન આસક્ત થયેલ હોવાથી, ઉદાયન રાજાના મહેલમાં જે શ્રેષ્ઠ પ્રતિમા હતી એ લઈ લીધી એને સ્થાને આ નવી પ્રતિમા મૂકી દીધી. પછી ચંડપ્રદ્યોતન રાજા પણ ધર્મ અને કામની જોડી હોય નહીં એવી એ પ્રતિમા અને દેવદત્તા-ઉભયને હસ્તિ પર બેસાડી પોતાની રાજ્યધાની પ્રત્યે પાછો આવ્યો. ત્યાં એ ચેટિકા-દેવદત્તા પ્રભાવતીની જેટલી જ ભક્તિસહિત પ્રતિમાની ધૂપ-પુષ્પ-ફળ વગેરેથી પૂજા-અર્ચા કરવા લાગી.

પાછળ 'વીતભય' નગરમાં ઉદાયન રાજા પ્રભાતે સ્નાન વિલેપન આદિ કરી શ્રેષ્ઠ અખંડ ઉજ્જ્વળ વસ્ત્ર પહેરી દેવગૃહમાં દેવાધિદેવની પૂજા કરવા ગયો. ત્યાં એણે, પ્રતિમા પર ચઢાવેલા પુષ્પો-પુષ્પમાળાઓ આદિ જે નિરંતર અમ્લાન-કરમાયા વિનાના તાજાં જ રહેતાં એ, આજે દોષિત મનુષ્યના મુખની જેવાં મ્લાન કરમાઈ ગયેલાં-જોયાં. એટલે એ 'હા ! આ શું થયું' એમ ખેદ કરતો વિચારમાં પડ્યો કે આ એ પ્રતિમા નથી. આ તો એનાથી વિલક્ષણ પ્રકારની છે. अन्या सा राजिका यस्या । लभ्या द्रम्मेन पादिका ।।૬૧૦।।

વળી પોતાનું જ ધન માનીને નિધિની જેમ પ્રતિમાનું પડખું છોડતી જ નહોતી એ દેવદત્તા ચેટી પણ અહીં દેખાતી નથી. હસ્તિઓનો હવે મદ જતો રહ્યો જણાય છે અને એઓ સાધુની જેમ વિરક્ત થઈ ગયા હોય એમ લાગે છે એટલે અનિલવેગ હસ્તિ જ અહીં સુધી આવ્યો. અને એની સહાયથી માલવપતિ ચંડપ્રદ્યોતન પ્રતિમા અને દાસી બંનેને લઈ ગયો છે. સ્ત્રીઓનું ચોરીથી હરણ કરી લઈ જવાનો એને જ અભ્યાસ છે.

કલ્પના અને અનુમાનથી સત્ય જાણી લઈ ઉદાયનનૃપતિએ પ્રદ્યોતન રાજા પાસે એક ચતુર વાચાળ દૂત મોકલ્યો. કારણ કે આવી બાબતોમાં રાજાઓનો એવો ધર્મ છે. એ પ્રવીણ દૂતે જઈને સભામાં બિરાજેલા માલવપતિની સમક્ષ કંઈક મૃદુ અને કંઈક કર્કશ શબ્દોમાં કહ્યું કે-હે રાજન ! જગતને વિષે એકલો વીર શિરોમણિ અને એકલો જ શરણાગત રક્ષક એવો જે સિંધુ-સૌવીર આદિ અનેક દેશનો સ્વામી ઉદાયન નરેશ તેનો હું દૂત છું. એણે જ મને આપની પાસે મોકલ્યો છે. અને એમની જ આજ્ઞાનુસાર મારે આપને કંઈક કહેવું છે. મારી દાસી પ્રત્યે તમને પ્રેમ

હતો અને તેનો તમારા ઉપર પ્રેમ હતો તો ભલે; તે તમારી જ છે. મારો સ્વામી કોઈની યોગ્ય ઈચ્છાઓનો પ્રતીકાર કરતો નથી. પરંતુ હે વિવેકજ્ઞ ! તમે દેવાધિદેવની પ્રતિમા લઈ ગયા છો એ અમને પાછી સોંપો. કેમકે એ પ્રતિમા મારા રાજા જેવા પરમ જિનભક્તને ત્યાં જ શોભે. (રહે એ યોગ્ય છે.) વળી હે અવંતીપતિ ! મારા પ્રભુના અન્ય પણ અનેક રત્નો અહીં વિરાજી રહ્યાં છે. (એમને વિષે કંઈ કહેવાનું નથી)-પણ આ પ્રતિમા તો મૂળથી જ એમની છે માટે એને વિષે કહેવાનું છે. માટે એ અમારી અનુપમ પ્રતિમા અમને સોંપી દ્યો. એમાં જ તમારું કલ્યાણ છે. કેમકે મારો સ્વામી શત્રુનો પહેલો અપરાધ શિશુના અપરાધની જેમ સહન કરી લે છે. પણ જો તમે આ કથન નહીં માનો તો એનું પરિણામ તમને કષ્ટદાયક થશે. કેમકે કદાપિ ક્યાંય પણ કેસરિ સિંહને છંછેડવો સારો નથી.

ઉદાયનનૃપતિના દૂતનાં તીવ્ર વચનોથી જેને અંગોઅંગ અત્યંત ક્રોધ વ્યાપી ગયો હતો એવો પ્રદ્યોતનભૂપતિ કહેવા લાગ્યો-હે દૂત ! તું નિશ્ચયે શ્વાનપાલની સભામાં ઉછરી મોટો થયો છે. નહીં તો આવા અસંબદ્ધ વાક્યો તારા મુખમાંથી નીકળે નહીં. તારી પાસે જે આવાં વચનો બોલાવરાવે છે તે તારો સ્વામી વળી તારાં કરતાંયે ચઢી જાય એવો હશે. તમારી આપેલી ચેટિકા મારા ઘરમાં રહેશે એમ તમે ધારો છો શું ? અરે ! લક્ષ્મી કદિ કોઈની આજ્ઞાનુસાર (કોઈના) ઘરમાં રહી છે ખરી ? શું મોં લઈને એ મારી પાસે પ્રતિમા પાછી માગવા નીકળ્યો છે ? હાથીના મુખમાં ગ્રાસ પેઠો એ કોણ બહાર કઢાવવા સમર્થ છે ? 'આ પ્રતિમા એની છે અને આ રત્નો આનાં છે' એવું એવું જે તમે કહો છો એ પણ અસત્ય છે કેમકે એ સર્વ એક ખડ્ગને વશવર્તી છે. વળી આ પ્રતિમા તો હું મારા ભુજદંડના બળથી અહીં લાવ્યો છું. તે અવર-માંડળિક-રાજાની પેઠે હું કેમ પાછી સોંપું ? મેં અનેક દુર્જય રાજાઓને પણ વશ કર્યા છે એ વાત શું તારા સ્વામી નથી જાણતા કે વારંવાર સામર્થ્યની વાત કર્યા કરે છે ?

એ સાંભળીને માલવપતિની પાસે ઉદાયન રાજાના દૂતે પણ અત્યંત તીક્ષ્ણ તીક્ષ્ણ શબ્દ બાણનો પ્રહાર કર્યો. કેમકે સભા વચ્ચે નાચવા

નીકળવું ત્યાં બુરખો નાખી મોં શું છુપાવવું ? એણે કહ્યું–હે ભૂપતિ ! એ વાત સત્ય છે કે મારા રાજાએ આપને દાસી નથી આપી. પણ એ એક સત્ય વાતની સાથે આ એક બીજી પણ સત્ય વાત છે કે (એણે તમને દાસી નથી આપી તો) હવે તમને દાસ્ય આપશે. તમારી પાસેથી એ મહાબળ રાજા બળપૂર્વક પ્રતિમા પાછી લેશે. હસ્તિના કુંભસ્થળમાં રહેલાં એવાં મુક્તાફળ પણ શું કેસરસિંહ બહાર નથી કાઢી શકતો ? વળી તમે સર્વ વસ્તુ ખડ્ગને જ વશવર્તી છે." એવું જે કહ્યું તે તો અમે સવિશેષ પ્રમાણ કરીએ છીએ; પરંતુ ખડ્ગ તો મારા રાજાનું જ, અન્યનાં તો લોખંડના ખંડ–ટુકડા માત્ર જ. એ સિવાય તમે જે ભુજદંડના સામર્થ્યની વાત કરી એ હવે (યુદ્ધમાં) જણાશે. 'કોણ શૂરો ને કોણ નહીં' એની પરીક્ષા તો રણક્ષેત્રમાં જ થાય છે. વળી ધુધુમાર આદિ રાજાઓએ જે તારે માથે વીતક વીતાડી છે તે મારો રાજા જાણે છે. માટે હવે મૌન રહો. તમારું સર્વ પરાક્રમ જાણ્યું. હવે બહુ આડંબર રહેવા દ્યો. કારણ કે બાંધી મૂઠી લાખની. હે રાજન્ ! જો મારું વચન અસત્ય નીવડે તો હું સત્યમેવ શ્વાનપાળોનો ઉછેરાયેલો ખરો. પરંતુ તમારું વચન અસત્ય નીવડે તો... તો તમે... પણ તમને કંઈ કહેવાય નહિ. આટલું આટલું કહેતા છતાં તમે મારું વચન માનતા નથી. પણ એમાં કાંઈ આશ્ચર્ય નથી; પાકે ઘડે ક્યાંય કાંઠા ચઢતા નથી.

દૂતનાં આવાં આવાં અપમાનકારક વચનોએ તો અવંતીપતિના ચિત્તમાં ધમધમી રહેલો ક્રોધાગ્નિ પ્રજ્વલિત કર્યો. એથી આક્રોશ સહિત કહ્યું–અરે દુરાચારી દૂત ! જા, તારા રાજાને કહે–હું પ્રતિમા નથી આપતો; ને સંગ્રામ માટે સજ્જ છું. તું દૂત ચીઠ્ઠીનો ચાકર, એટલે તને જવા દઉં છું. નહીંતર તને શિક્ષા કર્યા વિના છોડત નહીં. પછી એણે પોતાના માણસોને આજ્ઞા કરવાથી એમણે એને ગળે પકડીને બહાર કાઢી મૂક્યો.

દૂતે પછી સત્વર આવીને પોતાના રાજાને યથાસ્થિત વાત નિવેદન કરી. કેમકે સેવકજનોએ સ્વામીને અસત્ય વાત કહીને ઠગવા ન જોઈએ. દૂતનું કહેવું સાંભળીને, સમુદ્રના તરંગો જેમ વાયરો ઉત્પન્ન થવાથી ક્ષોભ પામે એમ, સભાસદો સર્વ ક્ષોભ પામ્યા. હું શત્રુપર વિજય મેળવીશ,

શત્રુનો અવશ્ય પરાજય કરીશ એવી રાજપુત્ર-અભીચિના મનની વાત બહાર પ્રકટ કરતી હોય નહીં એમ એના ભાળ પ્રદેશને વિષે ત્રણ રેખા પ્રકટી આવી. રાજાના ભગિની પુત્ર-ભાણેજ કેશીનું પણ ઉદય પામતા સૂર્યના જેવું લાલચોળ અંગ થઈ ગયું. ક્રોધાવિષ્ટ જૈત્રસિંહે પણ આ હમણાં જ શત્રુને એના દેશમાંથી હાંકી કાઢું છું એમ સૂચવતો હોય નહીં એવો દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો. દંતાવળ સુભટ વળી વૈરિઓનો દાંતવડે પણ પકડીને પરાજય કરવો જોઈએ એમ સૂચવતો હોય નહીં એમ દાંતવડે હોઠ કરડવા લાગ્યો.

સિંહબળ તો પોતાના સ્કંધ અફાળવા લાગ્યો તે જાણે એમ સૂચવવાને કે હું શત્રુને આ મારા સ્કંધના બળથી જીતી લઈશ. સભામાં એક સિંહ સમો મહાપરાક્રમી સિંહ નામે હતો એ તો "શત્રુ ગમે એટલો મિત્રોનાં બળવાળો હશે તો પણ મારી પાસે એની શી ગણના ?" એમ કહીને એનો ઉપહાસ કરવા લાગ્યો. સભામાં એક આહવ નામનો હતો એ વળી "હું યુદ્ધક્ષેત્રમાં (પીઠ નહીં બતાવતાં) શત્રુ સમક્ષ હૃદય સ્થળ ધરીશ." એમ કહેતો હોય નહીં એમ પોતાનું ઉન્નત હૃદય બતાવવા લાગ્યો. (છાતી કાઢવા લાગ્યો) સમરાંગણમાં તત્પર એવો એક સમર નામનો હતો એ પોતાની તર્જની હલાવવા લાગ્યો તે એમ સૂચવવાને હોય નહીં કે શત્રુઓ મારી એક આંગળી પ્રમાણ છે. એમ તલ્પસિંહ નામનો હતો એ તો વારંવાર પોતાના વક્ષઃસ્થળ પર હાથ ફેરવવા લાગ્યો તે જાણે એને એમ કહેતો હોય નહીં કે તારી જ દ્રઢતાથી વૈરિનો પરાજય કરવાનો છે માટે તું દ્રઢ થજે. એક પરબલ નામનો સુભટ તો રિપુના સૈન્યનો સંહાર કરવાને માટે જાણે એની સંખ્યા કેટલી છે એની ગણત્રી કાઢતો હોય નહીં એમ પોતાના બંને હાથ પીસવા લાગ્યો. એક પૃથ્વીસિંહ નામનો સુભટ તો ક્રોધમાં પૃથ્વીને પાદ પ્રહાર કરવા લાગ્યો, એમ કે તું અધાપિ મારા શત્રુઓને તારા ઉત્સંગમાં કેમ રાખી બેઠી છે ? એક કર્ણ નામનો યોદ્ધો પુનઃ પુનઃ મસ્તક ધુણાવવા લાગ્યો તે જાણે એટલા માટે કે હજુ સુધી શત્રુપર વિજય મેળવવા માટે જવામાં કેમ વિલંબ કરાય છે. શત્રુ ક્યાં છે, મારી નજરે પાડો કે જેથી હું એને શિક્ષા કરું એમ એક ચતુર્ભુજ

નામનો મલ્લ ચોદિશ દષ્ટિ ફેરવવા લાગ્યો.

આ પ્રમાણે સભામાં સર્વત્ર સંક્ષોભ થઈ રહ્યો એ જેઈને પૃથ્વીપતિ ઉદાયન રાજાએ સર્વેને સંબોધીને કહ્યું-તમે શાંત થાઓ, તમારી સર્વની ઈચ્છા અનુસાર વર્તન કરીશું. એમ કહીને સદ્ય એણે આદેશ કર્યો. એટલે એવા કાર્યમાં હતા એ માણસોએ તત્ક્ષણ એટલા બળથી એ ડંકો વગાડ્યો કે પૃથ્વીતળની સાથે રિપુના હૃદય પણ કમ્પાયમાન થયાં અને એના નાદથી સર્વે દિશાઓ પૂરાઈ ગઈ.

ભેરીનો નાદ સાંભળીને મહાવ્રતો અત્યંત હર્ષસહિત જંગમ પર્વતો હોય નહીં એવા હસ્તિઓને તૈયાર કરવા લાગ્યા. દ્રઢ અંગોપાંગવાળા અશ્વારો વળી સિંધુ-કેકાણ-વાલિક આદિ દેશોની ઉત્પત્તિના અશ્વોને સજ્જ કરવા લાગ્યા. રથિકો શુદ્ધ જંગમ દેવનિવાસ હોય નહીં એવા ધ્વજા અને કળશવાળા પોતાના રથોને તૈયાર કરીને માર્ગને વિષે લાવી રાખવા લાગ્યા. આટલા દિવસ અમારા સ્વામીનું અન્ન ખાઈને અમે હવે જ એનો સારી રીતે બદલો વાળી આપીશું એમ ઉત્સાહપૂર્વક કહેતો હોય એમ ધનુષ્ય બાણ-ખડ્ગ આદિ શસ્ત્રોથી સજ્જ થયેલા પદાતિ-પાયદળના સૈનિકો હર્ષમાં આવી જઈ પુનઃ પુનઃ નાચવા કુદવા લાગ્યા.

પછી જ્યોતિ:શાસ્ત્રના જાણ એવા દૈવજ્ઞ પંડિતોએ આપેલા ઉત્તમ લગ્ને, મહાવત નરેશ્વરને માટે સજ્જ કરેલો પદ્મહસ્તિ નિયુક્ત સ્થળે લઈ આવવા ગયો તેજ ક્ષણે એ અતિશય મદમાં આવ્યો; વાદને વિષે જેમ એક સામર્થ્યવાન્ વાદી મદમાં આવે છે એમ સિંદુર આદિ વિવિધ વસ્તુઓથી વિભૂષિત-એવા એ હસ્તિપર નૃપતિ આરૂઢ થયો, તે જાણે શરીરધારી (સાક્ષાત્) વિજય ઉપર આરૂઢ થયો હોય નહીં ! પછી છત્રધારી સેવકે એના છત્રાકાર મસ્તક ઉપર છત્ર ધર્યું એ પણ યોગ્ય જ થયું કેમકે સમાન ગુણવાળાઓનો પરસ્પર સંબંધ શોભે જ છે. એ છત્ર એ વખતે લોકોની દષ્ટિએ જાણે બેવડું હોય નહીં એમ લાગ્યું તે જાણે ઉભય-બંને રાજ્યનાં છત્રો એકત્ર થઈ (વિજયી) રાજાના મસ્તક પર રહ્યાં હોય નહીં ! વળી વારાંગનાઓ નૃપતિને ચામર ઉરાડતી હતી તે જાણે, “હે મહારાજા ! તું તમારા પર આક્રમણ કરવા આવીશ નહીં”-એમ કહી

એને શાંત કરવાને પ્રતિપક્ષી ચતુર કળાબાજ રાજાએ પ્રથમથી જ પોતાના તરફનો કર મોકલાવી દીધો હોય નહીં એમ ભાસ થતો હતો. વળી એની આગળ, પાછળ અને બાજુએ સૈનિકોનો પરિવાર સજ્જ થઈ ઊભો હતો. આવી આવી અનેક સમૃદ્ધિને લીધે તે જાણે સાક્ષાત્ દિવસ્પતિ ઈન્દ્ર પૃથ્વી પર ઉતરી આવ્યો હોય નહીં એવો વિરાજી રહ્યો હતો.

પછી ઉત્તરોત્તર કલ્યાણકારી અને વિજય પ્રાપ્તિ સૂચક ઉત્તમ શકુનો થતાં જોઈ હર્ષિત થઈ ઉદાયન મહારાજા નગરની બહાર નીકળ્યો. અશ્વો ચાલતાં ચાલતાં માર્ગમાં પૃથ્વીને પોતાનાં કઠોર ખરીઓ વડે ખોદી નાખવા લાગ્યા તે જાણે કઠોર ચરણવાળા રાજાઓની પણ આવી જ અવસ્થા થાય છે એમ સૂચવન કરતા હોય નહીં ! રથોનો સમૂહ પણ ચક્રોના આઘાત વડે ધરણીને ફાડી નાખવા લાગ્યો તે જાણે પૃથ્વીની નીચે રહી એના ભારને ધારણ કરી રહેલ શેષનાગનાં દર્શન કરવાને માટે જ હોય નહીં ! પાછળ ચાલનાર હસ્તિઓ વળી અશ્વો તથા રથોએ ખોદી નાખેલી પૃથ્વીને પુનઃ દુરસ્ત કરતા આવતા હતા તે જાણે એમ સૂચવવાને કે નાનાઓએ બગાડેલું પુનઃ મોટાઓ સુધારી લે છે. જેમના પર માણસો સવાર થયેલા છે એવા, અને વેગમાં ચાલવાને લીધે બંને બાજુએ હવામાં ફરફરી રહેલાં સુંદર પક્ષો વાળા દૃઢ શરીરી ઉંટો વારંવાર નીચી ઊંચી ડોક કરતા હતા તે જાણે આકાશને વિષે ઉડવાને ઈચ્છતા હોય નહીં એમ ભાસ થતો હતો.

ધન અને ધાન્યથી ભરેલાં અનેક વાહનો પાછળ આવતાં હતાં તે જાણે પૃથ્વીમાંથી પ્રકટ થઈને નિધાનો રાજાની સાથે ચાલ્યાં આવતાં હોય નહીં ! ઉદાયન મહારાજાની પાછળ જ જાણે એના જેવા એક દાનેશ્વરી શૂરવીર પૃથ્વીપતિને સહાય કરવાને માટે દશ દિક્પાળો પૃથ્વી પર ઉતરી આવ્યા હોય નહીં એવા, મહાસેન આદિ દશ મુકુટબંધ રાજાઓ વિરાજી રહ્યા હતા. એ વખતે વળી ભાસ્કર સૂર્યદેવતા પણ રાજાના સૈન્યના ચાલવાથી ઉડેલી રજ વડે ઢંકાઈ ગયો તેથી "અહો, બહુ સારું થયું કે આ ધૂળે મને છુપાવી દીધો, અન્યથા એ રાજા મને જોઈને મારો પણ પરાભવ કરવા આવત." એમ જાણે ખુશ થતો હોય નહીં, પણ અમને તો એમ

લાગે છે કે શર એટલે તીરોએ ભરેલાં ભાથાને પોતાના અંગ પર બાંધી લેતા ધનુષ્યધારીઓને જોઈને સૂર્યદેવને શંકા થઈ કે રખેને એઓ મારાં પણ શર બાંધી લેશે એવું ચિંતવીને એણે પોતાનાં સહસ્રશર એ વખતે ઊડતી ધુળના સમૂહને વિષે ગોપવી દીધાં હશે.

આ પ્રમાણે માર્ગને વિષે વિષમ (વસ્તુઓ) ને સમકરતી અને સમવસ્તુઓને વિષમ કરતી નદી વહી આવતી હોય નહીં એમ ઉદાયન રાજાની સમસ્ત સેના પરમ ઉત્સાહપૂર્વક વહી આવતી હતી એવામાં એ રાગદ્વેષ મુક્ત માનવજાતિ મમત્વમાં આવી જાય છે. એમ નિર્જલ પ્રદેશમાં આવી પડી. તેથી જળના અભાવને લીધે વૈરિણી હોય નહીં એવી તૃષાથી પીડાતા સમસ્ત સૈનિકો પરાક્રમશાળી છતાં અત્યંત દુઃખી થવા લાગ્યા. અને જળનું જ ધ્યાન ધરતાં કોઈ કોઈ સ્થળે અલ્પમાત્ર શમી આદિ વૃક્ષોની છાયા મળી એ છાયાને આશ્રયે પડ્યા.

તૃષાને લીધે અંધ જેવા બની ગયેલા કેટલાક તો અન્ય કંઈ ઉપાય ન જોઈને, સન્નિપાતથી પીડાતા હોય નહીં એમ જ્યાં ત્યાં આળોટવા લાગ્યા; અને એ તૃષા શમાવવાને વૃક્ષનાં પત્રો તથા આમળાંનાં ફળ કે અન્ય મળી આવી એવી હરકોઈ થંડી વસ્તુઓ મુખમાં નાખવા લાગ્યા. જળ નહીં મળવાથી દીન જેવા બની ગયેલા સકળ સૈન્યે જીવનની આશા પણ છોડી, કારણ કે જળ હોય તો જ જીવન છે. પણ એટલામાં તો રાજાએ, પ્રભાવતી જે અત્યારે દેવતા સ્વરૂપે સ્વર્ગમાં હતી એનું સ્મરણ કર્યું. કારણ કે પ્રાણ કંઠે આવ્યા હોય ત્યારે સંજીવની જ શોધવી પડે છે. એ દેવતા પણ સ્મરણમાત્રથી જ રાજાની સમક્ષ આવીને ઉપસ્થિત થયો; વશ કરેલું ચેટક-ભૂતપ્રેત જેમ સિદ્ધપુરુષની સમક્ષ આવી ખડું થાય છે એમ આવીને દેવતાએ તત્ક્ષણ ત્રણ મોટાં પુષ્કર જળથી ભરી દીધાં અને સાથે ત્રિભુવનને કીર્તિથી ભરી દીધું. વાવો ભરાઈ ગઈ એટલે સૈનિકો તૃપ્તિપૂર્ણ જળપાન કરીને સુખી થયા. કહ્યું છે કે જેમ પ્રાણીના દુર્ભાગ્યની સીમા નથી તેમ એના ભાગ્યની પણ સીમા નથી.

આ પ્રમાણે દેવતાએ રાજાને વિપત્તિથી પાર ઉતાર્યો અથવા તો એનો ભવિષ્યમાં ભાવ-આપત્તિથી પણ નિસ્તાર કરનાર એજ છે. આમ એનું

કાર્ય સિદ્ધ કરી દઈને તત્ક્ષણ દેવતા અંતર્ધાન થયો. અથવા તો દેવહૃદયથી ઉત્પન્ન થયેલ પ્રકાશ પ્રકટ રહે પણ કેટલો વખત ?

પછી, બળ જેનું વૃદ્ધિ પામ્યું છે એવા આ ઉદાયન રાજાએ આગળ પ્રયાણ કર્યું. અથવા તો સત્પુરુષોએ કદિ પાછાં પગલાં કર્યાં સાંભળ્યાં છે ? એમ કરતાં જ્યારે પ્રદ્યોતન રાજાના દેશના સીમાડામાં ઉદાયને પ્રવેશ કર્યો ત્યારે ભયને લીધે ભાણેભાણા અથડાઈ ફૂટવા લાગ્યા અને લોકોએ જ્યારે જોયું કે શત્રુનું સૈન્ય આવી પહોંચ્યું છે ત્યારે તો હવે આપણું શું થશે એની જ ચિંતા કરવા લાગ્યા. વળી વાહનો મોઘાં થઈ ગયા, ખોરાક આદિની વસ્તુઓનું પણ બહુ મૂલ્ય બેસવા લાગ્યું, સમગ્ર વસ્તુઓની અછત થઈ પડી. ઉદાયન રાજા તો સર્વ પ્રજાનું પોતાની પ્રજા સંતતિની જેમ પાલન કરવું જોઈએ એવી ન્યાયદૃષ્ટિ રાખી દેશને લેશ પણ ઉપદ્રવ કર્યા વિના શત્રુ-ચંડપ્રદ્યોતની રાજ્યધાની ઉજ્જયિની સુધી આવી પહોંચ્યો. અને મહંત પુરુષો કરતાં પણ અધિક ગુણવાન્ નરો પૃથ્વીમંડળ પર કૈંક પડ્યા છે એ વાતને સત્ય કરી બતાવી.

ચંડપ્રદ્યોત પણ ગર્વ આણીને સામો યુદ્ધ કરવા ઉતરી પડ્યો. તુરત જ પોતાના સૈન્યના બે ચતુર્થ ભાગ એકત્ર મોકલીને વૈરિની સેનાને આગળ આવતી અટકાવી. એણે પછી પ્રયાણ માટે ભેરી વગાડવાનો આદેશ કર્યો તો એમાંથી પોતાના સ્વામીનું અનિષ્ટ સૂચવતો હોય નહીં એવો કર્કશ નાદ નીકળવા લાગ્યો. વળી પટ્ટહસ્તિને સજ્જ કરી લાવવામાં આવ્યો ત્યાં, એના પક્ષવાળાનો પરાજય થવાનો છે એમ પોકારતી હોય નહીં એવી છીંક કોઈને આવી. વિજયધ્વજ આવ્યો એયે ક્યાંક પછડાઈને આવ્યો એ પરથી જાણે એમ સૂચિત થયું કે હવે એના માલિકના ભાગ્યમાં પછાડા જ છે. છત્ર લઈને આવનાર છત્રધર સેવક પણ તે વખતે ઠેશ વાગવાથી ભૂમિ પર લોટી પડ્યો. સુભટોનાં ભાલપ્રદેશમાં ચંદનના ત્રિપુંડક કરવામાં આવ્યાં પણ તે તો ક્ષણવારમાં સુકાઈ ગયાં તેથી જાણે એમ સૂચિત થયું કે એમનો વીર રસ જ જાણે શુષ્ક થઈ ગયો છે. સૈનિકો સજ્જ થયા હતાં તો પ્રથમથી જ એમના શરીરમાંથી પ્રસ્વેદ ગળવા લાગ્યો એણે જાણે એમ સૂચવ્યું કે એમનું પરાક્રમ જ ગળી જવા લાગ્યું છે.

પછી યુદ્ધની શરણાઈ વાગવી શરૂ થઈ એમાંથી નીકળતો કરુણ સ્વર જાણે એમ સૂચવતો હતો કે ભવિષ્યમાં આવી પડનારી વિપત્તિની શંકાથી એ રૂદન કરી રહી છે. વળી રાજાનો પ્રતાપ સૂચવતો દાહ–તાપ ચોમેર શરૂ થયો અને દિશાઓ સર્વે પણ જાણે રજસ્વળા હોય નહીં એ રજોમય થઈ રહી (ધૂળ ઊડવા લાગી) સૈન્યના ભારથી જ થયો હોય નહીં એમ વળી ધરતીકંપ થયો, અને ચંડપ્રદ્યોતના પ્રતાપનો પાત થયો હોય નહીં એમ દિવસે પણ ઉલ્કાપાત થયો. આ ઉપરાંત અન્ય પણ અનેક અશુભ શુકનો થયાં એને યુદ્ધથી નિશ્ચયપૂર્વક વારતો હોય નહીં એમ વાયુ પણ પ્રચંડપણે સામો વાવા લાગ્યો; અને નગરમાંથી બહાર નિસરતાં જ કાળો નાગ આડો ઉતર્યો, તે જાણે વિધાતાએ એના બંધનને માટે રજ્જુ તૈયાર કરી એની દષ્ટિએ પાડ્યું હોય નહીં ! આમ એને યુદ્ધથી નિવારવા અનેક કુશકુનો થયાં છતાં એને ન માની રાજાએ પ્રયાણ જ કર્યું. આ શકુનો જ ન્યાયાધીશની જેમ ન્યાય આપી રહ્યાં છે માટે યુદ્ધ ન કરવા જતાં પાછા ફરો–એમ અનેક રાજ્યાધિકારીઓના પણ અવાજો આવવા છતાં, રાજા અહંકારે ભરેલો હોવાથી અટક્યો નહીં. કેમકે કર્મ પ્રમાણે જ બુદ્ધિ થાય છે.

પછી તો રામ અને રાવણનાં સૈન્ય સામસામાં આવ્યાં હોય નહીં એમ એ બંને નૃપતિઓનાં સૈન્ય યુદ્ધમાં ઉતરી પડ્યાં; અને પોતપોતાના સ્વામીઓનું ઈષ્ટ કરવા તત્પર બની સંતુષ્ટપણે નાચતા કૂદતા ઉભયપક્ષના સુભટોએ સિંહનાદ કર્યો.

ચંડપ્રદ્યોતે પોતાના સેનાપતિ વગેરેને બોલાવી, પોતે જાણે દેવતાઓનો ગુરુ બૃહસ્પતિ હોય નહીં એમ, એમને શિક્ષાવચનો કહ્યાં અરે સુભટો ! તમે સ્યેનપક્ષી અનેરાં નાનાં પક્ષીઓનો શિકાર કરે છે એમ, તમારા જ્વલંત પરાક્રમ વડે અનેક બળવાન રાજાઓનો પરાજય અનેકવાર કર્યો છે. પરંતુ આ ઉદાયન અત્યંત બળવાન છે, એનો પક્ષ સમર્થ છે; એટલે એ દુર્જય છે. તમે સ્યેન છો તો એ વિનતાસુત–ગરૂડ છે. એનો પુત્ર અભીચિ એકલો જ અનેક સુભટોને નમાવવા સમર્થ છે. તમે સર્વ ભલે ગજરાજ હો પણ એ કેસરીસિંહ છે. વળી એનો ભાણેજ કેશી છે એ જેમ

એક મુનિ લીલામાત્રમાં પોતાના સમસ્ત વાળને ઉખેડી નાખે છે એમ એ રમતાં રમતાં આપણા સૈન્યને ઉખેડી તોડી નાખે એવો છે.

એના અન્યબંધુઓ પણ શત્રુને પાણી પાય એવા છે, માટે એઓ કુંભકર્ણની જેમ તમને સંગ્રામમાં ત્રાહિ ત્રાહિ પોકરાવશે. એના પક્ષના મહાસેન વગેરે દશ મુકુટધારી રાજાઓ છે એઓ તો વળી એવા ભુજબળવાળા છે કે આ દશ દિક્પાળો દશ વિવિધ દિશાઓમાં વાસ કરી રહ્યા છે એ જાણે એમનાથી ભયભીત થઈને નાસી જઈ ત્યાં રહ્યા હોય નહીં ! એના અન્ય સામંતો છે. એઓ પણ એવા બળવત્તર છે કે દેવતાઓ પણ એમના આગળ પાણી ભરે. એમનામાંનો ઊતરતામાં ઉતરતો સામંત પણ એક સહસ્ર સુભટોને પૂરો પડે એવો છે. આમ બાબત છે માટે હે વ્હાલા સુભટો ! તમારે એકમના થઈ એવી રીતે યુદ્ધ કરવાનું છે કે શત્રુઓનો પરાજય મળે અને તમને વિજયપતાકા પ્રાપ્ત થાય.

આ બાજુએ વીતભયનગરીના સ્વામી ઉદાયન રાજાએ પણ પોતાના સૈનિકોને ભણાવવામાં કંઈ કચાશ રાખી નહીં. કારણ કે સર્વ કોઈને અન્યને પીરસાયેલો મોદક પોતાને પીરસાયેલા કરતાં મોટો લાગે છે.

એ સમયે રણક્ષેત્રને વિષે યુદ્ધનાં તૂરી આદિ વાજીંત્રો એવાં પૂર્ણ જોશથી વાગવા લાગ્યાં કે જાણે હમણાં જ આખા બ્રહ્માંડને ફાડી નાંખશે. સંગ્રામને માટે વૃદ્ધિ પામતા ઉત્સાહથી સૈનિકોનાં શરીર ઉચ્છવાસ પામ્યાને લીધે એમનાં બખ્તરો પણ જાણે જીર્ણ રજ્જુઓ હોય નહીં એમ ત્રટ્ત્રટ્ ત્રુટવા લાગ્યાં. અશ્વોને ગર્વપૂર્વક ગ્રહણ કરતા વીરપુરુષો તૈયાર થઈ ગયા અને એ અશ્વોએ પણ પોતાની પીઠ પર પર્યાણ નખાતાં હર્ષસહિત હેષારવ કર્યો. રથવાળાઓએ રથોને વિષે શસ્ત્ર ભર્યાં, અને પાયદળ પણ બખ્તર ચઢાવી શસ્ત્રબદ્ધ થઈ તૈયાર થઈ ગયું. વળી એ વખતે, એમનાં પૂર્વજોનાં પરાક્રમોનું સ્મરણ કરાવતા, આદરેલા યુદ્ધકાર્યને પૂરેપૂરું નિર્વહન કરવાનું ફળ સમજાવતા, વારંવાર ઉત્સાહ વધારવાને એમનાં પરાક્રમોનું કીર્તન કરતા, ખડીથી શ્વેત બનાવેલા હસ્તોવાળા, વાચાળ ભાટ બારોટો; હસ્તિ, અશ્વ, રથ અને પાયદળ એમ પ્રત્યેક સૈન્યમાં ફર્યા કરવા લાગ્યા; નગરને વિષે રાત્રિ સમયે પહેરેગિરો ફર્યા કરે છે એમ.

તુરત જ ભાલેભાલાવાળા, ત્રિશૂળે ત્રિશૂળવાળા, બાણાવાળીએ બાણાવળી, શક્તિએ શક્તિવાળા, દંડે દંડવાળા, મુદ્ગરે મુદ્ગરવાળા, ચક્રધરે ચક્રધરો, તલવારીઓએ તલવારીઓ-કોઈ રથમાં બેઠેલા, કોઈ અશ્વ પર સવાર થયેલા, કોઈ હસ્તિપર આરૂઢ થયેલા અને વળી કોઈ પાદચારિ પણ પોત પોતાનાં જ્વલંત પરાક્રમ દર્શાવતા, પસંદગી પ્રમાણેના હરિફ યોદ્ધાઓ સાથે એના નામ લઈ લઈને, યુદ્ધ કરવા સામસામા આવ્યા; એવામાં અસાધારણ કરૂણામૃતના સાગર એવા સિંધુદેશપતિ ઉદાયન રાજાએ ક્ષણવાર યુદ્ધ બંધ રખાવી, પોતાના એક કુશળ દૂતને સત્વર ચંડપ્રદ્યોત રાજાની પાસે મોકલ્યો. એ દૂતે જઈ પોતાના સ્વામીનું કહેલું એને કહી સંભળાવ્યું, "હે બળવાન નરપતિ ! જેમ પ્રાણીઓને અને એમનાં કર્મોને છે એમ વૈર તો મારે અને તારે છે. તો આ દાવાનળ યુદ્ધથી અન્ય નિરપરાધી માનવીઓનો શા માટે સંહાર થવા દેવો ? મંદોન્મત્ત સાંઢ પરસ્પર અફળાય-ઝટકાય ભલે, પણ એને લીધે વૃક્ષોનો કચ્ચરઘાણ શા માટે થવા દેવો ? માટે હે રાજન્ ! પ્રભાતે આપણે બે જ એકાકી યુદ્ધમાં ઉતરીએ. તે વખતે જેનો વિજય થાય એને પરાક્રમસૂચક તિલક કરી, પરાજય પામેલાએ સન્માન આપવું. વળી આપણે એ યુદ્ધ રણક્ષેત્રમાં ફક્ત રથમાં બેઠાં બેઠાં જ કરવું." ચડંપ્રદ્યોતે પણ દૂતનું એ કહેણ માન્ય રાખ્યું.

આમ ઉભય પ્રતિપક્ષીઓ પરસ્પર સંમત થવાથી, એમનામાંના એક-ઉદાયને સદ્ય પ્રતિહારદ્વારા પોતાના સૈનિકોને યુદ્ધ શરૂ કરતાં બંધ રાખ્યા. એટલામાં તો સમસ્ત વૃત્તાન્ત સર્વત્ર પ્રસરી ગયો. ઉભય રાજાઓ પરસ્પર દ્વન્દ્વયુદ્ધ કરશે એ વાત સર્વેએ સાંભળી. અને સૌ કોઈ વળતા દિવસનું સિંહયુદ્ધ જોવાને તલપાપડ થઈ રહ્યા. પ્રતિહારના કહેવાથી રથ, અશ્વ અને ગજરાજ વગેરે સર્વ રણક્ષેત્રમાંથી પાછા ફર્યા. કૃપણના દ્રવ્યની જેમ તલવારો કોશાધીન થઈ, પુસ્તકોના પાનાંની જેમ, ભાલાંઓ બંધાઈ ગયાં, પ્રત્યંચા પરથી ધનુષ્ય અને ધનુષ્ય થકી તીર ઉતારી જાણે ખાલી રાડાં હોય એમ ભાથામાં ભરી લેવામાં આવ્યાં, અને મુદ્ગરો પણ હેઠે મૂકાઈ ગયા. પરંતુ રાજા ઉદાયનના તે તે સુભટોને તો આમ બનવાથી જાણે

વજ્રનો પ્રહાર થયો હોય નહીં એમ થયું. એ ઓ વિચારમાં પડ્યા કે એવો કોણ શત્રુ અત્યારે આવી સલાહ કરાવવા માટે નીકળી આવ્યો !

અમારે તો બહુ બહુ વખતથી ઈચ્છેલો આવો યુદ્ધ પ્રસંગ વિદ્વાનોને યાત્રાના ઉત્સવની જેમ માંડ માંડ પ્રાપ્ત થયો હતો, એ યુદ્ધનો નિષેધ કરાવીને અમારા રાજાના દુષ્ટ અવળા સલાહકારે તો અમારું સર્વસ્વ, અરે ! અમારું જીવિતવ્ય પણ હરી લીધું છે. હવે અમારા રાજાને આવો ચંડપ્રદ્યોત જેવો શત્રુ કોણ ઉત્પન્ન થશે કે જેની સાથે યુદ્ધ કરીને અમે અમારા મનોરથ પૂર્ણ કરી શકીશું ? અમારો આયુધાભ્યાસ, અમારું શસ્ત્રધારણ અને અમારું ભુજબળ એ સર્વ વાનાં સ્થળને વિષે કમળ ઉગાવવાના પ્રયત્નની જેમ વૃથા નિષ્ફળ થતાં જોઈ અમને બહુ ખેદ થાય છે ! અમે અમારા માલિકનું અન્ન અણહકનું ખાધું ઠરે છે. અમારો અહીં ઉપયોગ ન થયો તો હવે ક્યાં થશે ? આવા આવા ચિંતવન-વિચાર કરવા પૂર્વક નિઃશ્વાસ મૂકતા અને વીલે મોંએ એઓ રણક્ષેત્રમાંથી પાછા વળ્યા. પણ બીજું કરે પણ શું ? સેવકોએ સ્વામીને આધીન રહેવું પડે. એ વખતે ચંડપ્રદ્યોતરાજાએ પણ પ્રતિહારદ્વારા કહેવરાવીને પોતાના સર્વ સૈનિકોને યુદ્ધનો આરંભ કરતા નિવાર્યા.

બીજે દિવસે ઉઠીને સ્નાન કરી શુદ્ધ થઈ ઉદાયનરાજાએ સુગંધિ દ્રવ્ય-પુષ્પ વગેરેથી જિનબિંબની પૂજા કરી, વજ્રથી પણ ન ભેદી શકાય એવું દુર્ભેદ્ય કવચ અંગપર પહેરી લીધું અને પોતે જોકે અખિલ જગતનું રક્ષણ કરવાને સમર્થ હતો છતાં, પોતાના મસ્તકના રક્ષણાર્થે શિર રક્ષક એટલે ટોપ ધારણ કર્યો. વળી પીઠે વિવિધ શરોથી ભરેલાં બે ભાથાં બાંધી લીધાં અને બળવંત વામભુજામાં દંડ ગ્રહણ કર્યો. આમ સજ્જ થઈ રથમાં બેસી, બંદિજનોનાં હે નરપતિ ! તું સુખી રહે તારો વિજય થાઓ.' એવાં મંગળિકસૂચક આશીર્વચનો શ્રવણ કરતો કરતો પ્રભાતસમયે જ રણક્ષેત્રને વિષે આવી ઊભો રહ્યો. કેમકે સત્પુરુષો સર્વદા પોતાનું વચન પાળે જ છે. પણ ચંડપ્રદ્યોત તો એને રથમાં બેસી આવતો જોઈ, એ રથારૂઢ થવાથી પરાજિત થવો મુશ્કેલ છે એમ ધારી પોતે અનિલવેગ હસ્તિપર બેસીને ત્યાં આવ્યો. એવા નિષેધેલા વાહન પર આરૂઢ થયેલા એ ચંડપ્રદ્યોતને ઉદાયને

તત્ક્ષણ કહી વાળ્યું કે જો "ભલે તું વચનભંગ કરીને હસ્તિપર આરૂઢ થયો તથાપિ પ્રતિજ્ઞાને લોપનાર મુનિજનની જેમ તારો પણ મોક્ષ નહીં થાય. વળી તેં આમ તારું જ વચન તોડ્યું માટે તું તો પહેલેથી જ હારી ચૂક્યો છે હવે તો, ચંડપ્રધોત, તું કંઈક ભદ્રસ્વામી થા; અને આવું અસદ્વર્તન ત્યજી દે." એટલું સંભળાવીને સદ્ય ઉદાયન રાજાએ વૈરિઓની શ્રવણેન્દ્રિયોને ફાડી નાખનારો ધનુષ્યનો ટંકારવ કર્યો.

પછી જાણે શત્રુને ઘેરી લેવાને માટે જ હોય નહીં એમ એણે દક્ષતા વાપરી રથને સતત વર્તુળાકારે ફેરવ્યા કરવાનું સારથિને કહી દીધું. એ સ્થિતિમાં લોકો એને ન ભાળી શક્યા ભાથામાંથી તીર કાઢતાં, કે ન દેખી શક્યા બાણપર એ તીરોનું અનુસંધાન કરતાં, કે ન જોઈ શક્યા આકર્ષીને એ તીરો છોડતાં લોકોને તો એકધારે ધોધબંધ વરસતા ઉત્તરાના મેઘની જેવી તીરની સતત અવિૃષ્ટિ જોઈને જાણે એમ જ શંકા થઈ કે આ તે શું બાણાવળી અર્જુન પુનઃ પેદા થયો ! વળી ચંડપ્રધોતના અસ્ત્રોને તો એણે જ્યાં ત્યાં એકદમ અસ્તવ્યસ્ત કરી ફાવવા દીધાં જ નહીં; જેમ કોઈ પ્રવીણ તર્કશાસ્ત્રી પ્રતિવાદીએ બતાવેલા દોષોનું મૂળમાંથી જ નિરાસન કરી નાખે છે એમ. એમ કરતાં એણે શત્રુના અનિલવેગ હસ્તિના ચારે ચરણો પોતાના તીવ્ર બાણોથી વીંધી નાંખ્યા; અને એમ કરીને એ હસ્તિના માલિકનું મન પણ વીંધ્યું-એને મનભંગ કર્યો. આમ બાણના શલ્યોથી એ ગજરાજ એવો ઘવાયો કે ચરણ વગરના માણસની જેમ એકપણ પગલું ભરી શક્યો નહીં અને ખટકારપૂર્વક ધરણી પર પડ્યો; જેમ જીવડાંઓએ થડ કોરી ખાધાને લીધે વૃક્ષ પડી જાય છે એમ એટલે ઉદાયને ચંડપ્રધોતને સત્વર હસ્તિ પરથી પાડીને જીવતો પકડી લીધો. ખરે જ **यतो धर्मः ततो जयः ।** પછી રોષમાં જ એના લલાટમાં 'દાસી પતિ' એવા વિવર્ણ અક્ષરોની મુદ્રા દેવરાવી. એનું સકળ સૈન્ય જોઈ રહ્યું. એક દોરો પણ એણે તોડ્યો નહીં. કેમકે નિર્નાયક સેના હતભાગ્ય જ હોય.

આવી રીતે ચંડપ્રધોતને સ્વાધીન કરી પછી, જે સ્થળે પ્રતિમા હતી ત્યાં વીતભયનો વિજયી રાજા પહોંચીને એને નમસ્કાર કરી પૂજન-અર્ચન કરી એને લેવા જાય છે ત્યાં શાશ્વતીની જેમ એ ઉપાડાણી નહી-ચાલી જ

નહીં. એટલે વિશેષ પ્રકારે પૂજા કરી અંજળી જોડી વિજ્ઞાપના કરી. કેમકે દેવો પ્રત્યે વિજ્ઞાપના જ હોય. (વિજ્ઞાપના સિવાય) કોઈ અન્ય લાભ હોય નહીં. એણે કહ્યું-હે સ્વામિન ! મેં આ સર્વ કર્યું તે તમારે માટે જ-તમને મારે ત્યાં લઈ જવા માટે જ કર્યું છે. કેમકે ખોવાઈ ગયેલું ચિંતારત્ન પુનઃ હસ્તગત કરવા માટે કોણ પ્રયત્ન નથી કરતું ? હે જિનેન્દ્ર ! તમે હવે મારા દેશમાં પાછા આવતા નથી તો શું તમે મને ભાગ્યહીન જોયો કે મારામાં ભક્તિ ન ભાળી ? એના ઉત્તરમાં એના અધિષ્ઠાયક દેવે કહ્યું-હે નરેન્દ્ર ! તુ વિષાદ ન પામ. તારું નગર ભવિષ્યમાં રેતીના મેદાનરૂપ થઈ જવાનું છે તેથી જ હું ત્યાં આવવાની ના કહું છું. અધિષ્ઠાયકદેવતા જેમને હોય છે એવા જિનબિંબ અને અન્ય બિંબ વચ્ચે આ પ્રકારનું અંતર હોય છે. હે રાજન ! તારા જેવો શ્રાવક શિરોમણિ તો ભાગ્યવાન્ જ છે કારણ કે દેવાધિદેવને વિષે તારી આવી અનુપમ ભક્તિ છે.

અધિષ્ઠાયક દેવતાની એવી વાણી સાંભળ્યા પછી તે નિરૂપાય બની વિષાદ ત્યજી પ્રતિમાને વંદન કરી, પોતાનું કાર્ય સિદ્ધ થયું નહીં તોયે, રાજા પોતાની રાજ્યધાની તરફ પાછો ચાલી નીકળ્યો. પણ બંદિવાન કરેલા ચંડપ્રધોતને સાથે લઈ પ્રયાણ કરતાં માર્ગ કાપતાં જાણે એના રોષાગ્નિને શાંત કરવા માટે જ વર્ષાઋતુ બેસી ગઈ. 'અરે પૃથ્વી ! તારો સ્વામી તો બંધનમાં પડ્યો, છતાં તું રસાતળ કેમ નથી જતી એમ કહે તો હોય નહીં એમ વર્ષાદ એ પૃથ્વીને પોતાની સ્થુળ ધારા વડે ભેદવા લાગ્યો. મેઘ સતત એક ધારે વરસવા માંડ્યો એટલે કૃતીર્થિકના પંથની જેમ માર્ગો સર્વે પંકિલ થઈ ગયા. એટલે રાજા ઉદાયનને પડાવ નાંખીને માર્ગમાં જ રહેવું પડ્યું. એના સપક્ષી દશ મુકુટધારી રાજાઓ પણ અહીં સાથે જ હતા એઓ એનું ધુળનો કોટ બનાવીને રક્ષણ કરવા લાગ્યા. ત્યાં રહ્યા એટલે એ સ્થળ એક નગર થઈ રહ્યું અને દશ રાજાઓએ ઊભું કર્યું માટે 'દશપુર' (મંદસોર) નામથી પ્રસિદ્ધ થઈ અત્યારે પણ વિદ્યમાન છે. ત્યાં ઉદાયને ચંડપ્રદ્યોતનનો ભોજનાદિથી સર્વદા સારો સત્કાર કર્યો. એમ વર્ષાકાળ સુખે નિર્ગમન કરતાં, જાણે ચંડપ્રધોતના સતપુણ્યને લીધે જ હોય નહીં એમ પર્યુષણાપર્વ આવ્યાં.

પર્યુષણા પર્વ આવ્યા એટલે શ્રાવક શિરોમણિ ઉદાયન રાજાએ ઉપવાસનાં પચ્ચખ્ખાણ કર્યાં. કેમકે એક ઉતરતામાં ઉતરતો શ્રાવક પણ એ દિવસે કંઈક પણ પચ્ચખ્ખાણ કર્યા વિના રહેતો નથી. પછી રસોઈવાળાએ ચંડપ્રદ્યોતને જઈ પૂછ્યું-મહારાજ ! તમે આજે ભોજન લેશો કે કેમ ? એનું એવું વચન સાંભળીને એને તો ત્રાસ છુટ્યો. કારણ કે શત્રુના સ્વાધીનમાં રહેલાઓને પદે પદે ભયનું કારણ રહે છે. પણ એણે તો "આજે આ મને પુછવા આવ્યો છે એનું કંઈ સારું પરિણામ લાગતું નથી. વધ કરનારાઓ જેવું પશુનું કરે છે એવું કદાચિત એ મારું કરશે. નિશ્ચયે દાઝયા ઉપર ડામ જેવો એ મારો ઉપહાસ કરે છે." એમ ચિંતવીને ઉત્તર આપ્યો કે "આજે તું મને પૂછવા આવ્યો છે તો શું આજે કંઈ વિશેષ છે ? નિત્યના કાર્યમાં આવી અન્યથા પૃચ્છા શી ?"

રસોઈઆએ એ સાંભળી કહ્યું-આજે પર્યુષણાપર્વ છે માટે અમારા રાજાને અને અંતઃપુર તથા સર્વ પરિવાર સુદ્ધાંને ઉપવાસ છે માટે તમને પૂછ્યું છે. હે રાજન ! જો તમે જમવાના હો તો તમારે માટે રસોઈ કરું. કારણ કે જેવા અમારા સ્વામી એવા જ તમે અમારા મનથી અમારા સ્વામી છો. એ સાંભળીને એને શંકા થઈ કે કદાચિત હું એકલો જમનારો હોઉં ને મને આ લોકો વિષ આપે તો શું થાય ? એમનો અપર માતા સંબંધી સ્નેહ હું સારી રીતે જાણું છું. આમ ચિંતા થવાથી એણે રસોઈયાને ઉત્તર આપ્યો ભલા માણસ, બહુ સુંદર થયું કે તેં મને આ પર્વનું સ્મરણ કરાવ્યું. એમ પણ પૂર્વે આ પર્વ દિવસે ઉપવાસ કરતાં. પણ અત્યારે ધ્યાન ન રહ્યું કારણ કે ધર્મ સુખી માણસોના ચિત્તમાં જ હોય છે. મારા માતપિતા શ્રાવક ધર્મ પાળતા. તો હું પણ આજે ઉપવાસ કરીશ. આ હકીક્ત રસોઈઆએ જઈને ઉદાયન રાજાને નિવેદન કરી ઉદાયને તો હાસ્યપૂર્વક કહ્યું-પ્રદ્યોત વળી ક્યારનો શ્રાવક ! વ્રત પચ્ચખ્ખાણ તો એનાથી નાસીને ક્યાંયને ક્યાંય જતા રહે છે ! એ ઉપવાસ કર્યાનું કહેતો હશે એ ફક્ત ભયને લીધે જ ! પર્વ દિવસની ગણત્રી એ એનું વૃથા બાનું છે. જેમ પૂરી લઈ આવ્યો હોય કાક, ને નામ દેવાય આદિત્યનું-એના જેવું આ થાય છે. ગમે તેમ હો, એ જેવો તેવો પણ હું એને મારો કરીને રાખીશ.

કેમકે જ્યાંસુધી એ બંધનમાં છે ત્યાંસુધી મારે પર્યુષણા કલ્પે નહીં. આવો ઉત્કૃષ્ટ દિવસ પ્રાપ્ત થયે પણ મારા જેવો જે કોઈ કષાય ત્યજે નહીં એ ખોટો નામધારી શ્રાવક કહેવાય, એનામાં સમ્યક્ત્વનો લેશ પણ ન સમજવો.

આમ વિચારપૂર્વક પશ્ચાત્તાપ કરી ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતની પરાધીનતાથી છુટો કરી એને સ્વાધીનતા સોંપી કારણ કે જિનભગવાનના શાસનમાં, ક્ષમા આપવી અને ક્ષમા માગવી–એ ધર્મનો સાર છે. વળી એના લલાટમાં જે છાપ પડાવી હતી તે ન દેખાય એટલા માટે, ત્યાં ઉદાયને જાણે ઘાવ રૂઝવવાને માટે હોય નહીં એમ, એક સુવર્ણપટ્ટ બંધાવ્યો. પૂર્વે રાજાઓને મસ્તકે મુકુટ આભરણનું કામ સારતા, પણ આજની ચંડપ્રદ્યોત સંબંધી આવી ઘટના પછી એ સ્થાન સુવણપટ્ટે લીધું. વળી બીજું પણ ઉદાયને એ કર્યું કે એને એનો માળવાદેશ પાછો સોંપ્યો કારણ કે પ્રતિજ્ઞા પૂરણની વાત હોય ત્યાં મહાન પુરુષો અન્ય વસ્તુનો લોભ ત્યજી દે છે. સિંધુનાથ ઉદાયનના આવા આદેશથી ચંડપ્રદ્યોતને, રામચંદ્રના બેસાડવાથી જેમ બિભીષણને રાજ્ય મળ્યું હતું એમ, પોતાનું રાજ્ય પુનઃ હસ્તગત થયું.

આમ વૃત્તાંત બની રહ્યો છે એવામાં ધનરસને સ્વચ્છ અને પ્રિય બનાવતી જાણે નિર્મળામ્બરા કમળાક્ષી વરવધુ હોય નહીં એવી શરદ્ઋતુ આવી પહોંચી. ક્ષીર–હિમ આદિ વસ્તુઓના જેવા ઉજ્જ્વળ મેઘ આકાશમાં, શોભવા લાગ્યા, તે જાણે બજારમાં રહેલા રૂના પિંડ હોય નહીં ! વળી, જેની અંદર અનેક કમળપુષ્પો ઉગી નીકળ્યાં છે એવી કમળ તળાવડીઓ પણ, એ ઋતુની કૃપાથી આપણે નિર્મળતા પ્રાપ્ત કરી છે એમ સમજીને સહસ્ર નેત્રો બનાવીને મદભર થઈ સર્વત્ર એની શોભાને નીહાળી નીહાળીને જોઈ રહી હોય એમ વિરાજી રહી. મેઘના જુથમાંથી છુટી બહાર નીકળેલો દેદિપ્યમાન સૂર્ય તો જાણે અગ્નિના તાપમાંથી બહાર કાઢેલો સુવર્ણનો પિંડ હોય નહીં એમ પ્રકાશી રહ્યો. ચંદ્રમા પણ જાણે સૂર્યનો પ્રતિસ્પર્ધી હોય નહીં એમ, એ સૂર્યે દિવસના ભાગમાં તપાવેલી પૃથ્વીને રાત્રિને સમયે પોતાના શીતળ કિરણો વડે ઠંડી પાડવાનું પોતાને લાયકનું કાર્ય કરવા લાગ્યો. હંસપક્ષીઓ સૌંદર્ય ગુમાવી બેઠેલા સરોવરોને ત્યજી દઈ, નવીન

સૌંદર્ય જેમણે ધારણ કર્યું હતું એવા સરોવરો પ્રત્યે ઊડી જવા લાગ્યા. કેમકે જગતમાં સર્વ કોઈને લોભ હોય છે.

કૃષિકારો હાથમાં ગોફણો લઈ મોટેથી બોલી બોલીને ધાન્યના ક્ષેત્રોનું રક્ષણ કરવા લાગ્યા; કેમકે ધન પ્રાણ સમાન છે. શેરડીના ક્ષેત્રોનું રક્ષણ કરનારઓ ક્ષેત્રમાં રહ્યા રહ્યા જાણે શેરડીના અમૃત રસપાનથી પ્રાપ્ત થયેલા હોય નહીં એવા મધુરસ્વરે ગીતો લલકારી રહ્યા હતા. મદોન્મત બળદના યૂથ જાણે ખરજ મટાડવાને હોય નહીં એમ પોતાના આગલા પગવતી ભૂમિ ખોદી રહ્યા હતા અને શૃંગોવડે નદીમાં તટપર પ્રહાર કરી રહ્યા હતા. વળી વર્ષાકાળમાં જે નદીઓ પૂર આવ્યાને લીધે જોશબંધ વહેતી હતી એનો સંચાર હવે મંદ પડી ગયો કારણ કે સર્વ કોઈને સમૃદ્ધાવસ્થામાં જ ઉન્માદ થાય છે. મયૂરનાં પીંછા ખરવા લાગ્યાં અને અને હંસોમાં સૌંદર્ય આવવા લાગ્યું. અથવા તો ઈર્ષ્યાળુ કાળનરેશ્વરનો સ્વભાવ જ એવો છે કે એકનું ગૌરવ હરી લેવું અને બીજાને આપવું.

કાદવ સર્વ શોષાઈ જવાથી માર્ગો સુગમ થઈ ગયા; જેવી રીતે વિજયશાળી ભૂપતિ ચોર લોકોને ઉચ્છેદ કરીને માર્ગોને સુગમ કરી દે છે એમ. અશ્વના મુખમાંથી નીકળતા ફીણસમાન ઉજ્જ્વળ કાશવૃક્ષોને જાણે આ શરદઋતુના યશના અંકુરો હોય નહીં એમ, પુષ્પ આવ્યાં. અસન, કૂટજ, બાણ, સપ્તછદ ઈત્યાદિ વૃક્ષો પણ જાણે એ શરદની શોભાને જોઈને રોમાંચિત થયાં હોય નહીં એમ પુષ્પિત થયાં. જેમને ફળ આપ્યાં હતા એવી વાલુંકી વગેરે સર્વ વેલીઓ પોતપોતાના એ ફળોને પત્રો વડે આછાદી રહી; જેમ એક પંખિણી પોતાનાં ઈંડાને આચ્છાદીને રહે છે એમ. ચકચકિત થતા કણોથી વ્યાપ્ત લીલાં ઘાસની શ્રેણી જાણે પૃથ્વી મૃગની આંખો પર રહેલી મોતીજડિત નીલી અંગી-વસ્ત્ર હોય નહીં એવી શોભી રહી. શબ્દ કરતાં સારસ પક્ષીઓનાં ટોળાં આકાશને વિષે ઊડી રહ્યાં હતાં તે જાણે ઉદાયન રાજાની કીર્તિને સ્વર્ગ સુધી પહોંચાડવા જતાં હોય નહીં ! કોઈ કોઈ સ્થળે વળી નીલવર્ણા શુકપક્ષીઓ પંક્તિબદ્ધ બેઠેલા દેખાતા હતા તે જાણે શરદલક્ષ્મીએ રાજ્યના ઉત્સવમાં તોરણો બાંધી દીધાં હોય નહીં એવા શોભતા હતા.

આવી આવી શરદકાળની શોભા થઈ રહી હતી એને જોઈને, પછી રાજા ઉદાયન, સકળ સૈન્યને લઈને દશપુરથી નીકળી પોતાના દેશભણી ચાલ્યો. વિજય કરીને આવતો હતો એટલે રસ્તે એને લોકોએ યોગ્ય ભેટો આપવા માંડી એ લઈને રાજ્યધાની પ્રત્યે આવી પહોંચ્યો. એટલે સઘ રાજ્યના અગ્રેસરોએ નગર શણગારાવીને એનો પ્રવેશ મહોત્સવ કર્યો. કારણ કે એવે પ્રસંગે-એવું કરવું શોભે. રાજમાર્ગમાં સ્થળે સ્થળે તોરણ બંધાયાં, અને હાટે હાટે કસુમ્બાની ધ્વજાઓ ફરકી રહી. બજારો સાફસુફ કરાવીને જળનો છંટકાવ કરવામાં આવ્યો. વિજય મેળવીને નગરમાં આવેલા એવા પોતાના મહારાજાના, નાગરિકો સર્વત્ર પ્રમોદપૂર્વક દર્શન કરી રહ્યા, અને માંગલિક વિદ્વાનોએ અનેક માંગલિક આશીર્વાદો આપ્યા. આવો આવો સત્કાર પામીને ઉદાયન ભૂપતિએ, ઈન્દ્ર જેમ પોતાની સુધર્માસભામાં પ્રવેશ કરે એમ, પોતાના મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ પ્રજાજનો દર્શન-વંદન અર્થે આવવા લાગ્યા એમની સર્વની સાથે એણે બહુમાનપૂર્વક વાતચિત કરી. કારણ કે ઉત્તમ પુરુષોએ પ્રેમ મેળવવો હોય તો મદ ત્યજી નમ્રતા જ દાખવવી જોઈએ. ધર્મ, અર્થ અને કામ-આ ત્રણ પુરુષાર્થો પરસ્પર વિરોધી કહેવાય છે છતાં ત્રણેય આ પ્રમાણે આ મહીપતિમાં વિરોધરહિતપણે રહ્યા એ ખરેખર એક આશ્ચર્યકારક વાત થઈ.

એકદા ઉદાયન રાજાએ પૌષધશાળાને વિષે પૌષધવ્રત લીધું. અહો ! એવા રાજા જેવાની પણ ધર્મશ્રદ્ધા અવર્ણનીય છે. ભાગ્યવાનજનો વિશેષ વિશેષ ધર્મિષ્ઠ થતા જાય છે એ કહેવત પ્રમાણે રાત્રે ધર્મજાગરણ કરતાં એને અતિ સુંદર વિચારો થયાં. "જે દેશ, નગર કે ગામમાં શ્રીમંત મહાવીરપ્રભુ પોતે વિચરતા હોય છે તે સર્વનાં ધન્યભાગ્ય સમજવા. અને એ ભગવાનના મુખકમળથી નીકળતાં ઉપદેશરસનું ભ્રમરની લીલાવડે પાન કરનારાઓ પણ ભાગ્યશાળી સમજવાં. વળી જેઓ જન્મમરણના ભય ટાળવાને, એ શ્રીમહાવીરપ્રભુની સમીપ સમ્યક્‌દર્શન પૂર્વક શ્રાદ્ધધર્મને અંગીકાર કરે છે એઓ પ્રશંસાને પાત્ર છે. રણક્ષેત્રને વિષે જેમ સુભટો વિજય પ્રાપ્ત થવાથી જે પ્રશંસાને પાત્ર છે તેનાથી પણ શ્રી મહાવીર સ્વામી પાસે સર્વવિરતિ ગ્રહણ કરનાર વિશેષ પ્રશંસાપાત્ર છે. શ્રી ધર્મ વિધિમાં

લખે છે કે-"

"[1]धन्ना जयम्मि जेहिं, पत्ता बालत्तणे वि जिणदिक्खा"
जम्हा ते जीवाणं, न कारणं कम्मबंधस्स ॥१॥
धन्नोऽहं जइ सामी, वीरजिणो इत्थ एइ विहरंतो ।
तो सहलं नियजम्मं, करेमि गिन्हिय समणधम्मं ॥२॥

સારાંશ - જગતમાં તેઓને ધન્ય છે કે જેઓ બાલ્યાવસ્થામાં જ જિનદીક્ષા પામે છે કારણ કે તેઓ સંસારના જીવોને કર્મબંધનું કારણ થતા નથી. જો સ્વામી શ્રી મહાવીર જિનેશ્વર વિચરતા વિચરતા હમણાં આ મારા નગરમાં પધારી નગરને અલંકૃત કરે તો હું ધન્ય થાઉં કૃતકૃત્ય થાઉં અને શ્રમણ ધર્મ-સર્વ દુઃખને કાપનારી મોક્ષ સુખને આપનારી દીક્ષા અંગીકાર કરી મારા મનુષ્ય જન્મને સફળ કરું-મારા આત્માનો નિસ્તાર કરું.

આવા આવા એ ઉદાયન ભૂપતિના વિચારો જાણીને, હે અભય-કુમાર ! અમે એના પર ઉપકાર કરવાને કારણે, ચંપાપુરીથી વિહાર કરીને વીતભયનગરે આવ્યા. ત્યાં દેવોએ રચેલા સમવસરણને વિષે, ભવ્ય જીવોના ઉપકાર અર્થે ધર્મોપદેશ દેવા અમે સિંહાસન પર બેઠા. અમારા આગમનની વાત સાંભળીને ઉદાયનને ક્ષુધાતુર માણસને અનેક-વિધ પકવાન્ન મળવાથી જે હર્ષ થાય-એનાથી અનંતગણો હર્ષ થયો; અને તેથી અમારા સમાચાર આપનારને પુષ્કળ દ્રવ્ય આપી સંતુષ્ટ કર્યો; અને પ્રિયભાષી જીભ કામધેનુ સમાન મનવાંછિત આપનારી છે-એ પ્રત્યક્ષ કરી બતાવ્યું. પછી એ અન્ય સર્વ કાર્ય પડતાં મૂકી અત્યંત પ્રમોદ સહિત સકળ પરિવારને સાથે લઈને મહાન આડંબરપૂર્વક અમને વંદન કરવા આવ્યો; અને અમારી પ્રદક્ષિણા કરી, નમી વૈમાનિક દેવોની પાછળ

---

૧. આ પ્રમાણે શ્રી ઉદાયન મહારાજાની આ 'બાલ્યાવસ્થામાં જેઓ દીક્ષાને પ્રાપ્ત થાય છે તેમને ધન્ય છે' ભાવના વાંચી સાધુઓ અને દીક્ષાઓ માટે મર્યાદા મૂકી શાસ્ત્ર વિરુદ્ધ આક્ષેપો કરનાર લેખકો કંઈ વિચાર કરશે કે ?

બેઠો. કેમકે ધર્મને વિષે તેમજ કર્મને વિષે ક્રમ સાચવવો સારો છે. અમે પણ ભવ્ય પ્રાણિઓને બોધ થવા માટે ધર્મનું વ્યાખ્યાન શરૂ કર્યું. કેમકે એથી તીર્થંકર નામ કર્મનો અનુભવ થાય છે. રૂપ, સૌભાગ્ય, લાવણ્ય, લક્ષ્મી અને રાજ્યની કૃપા–આટલાં વાનાં પુણ્ય કર્યું હોય તો જ પ્રાપ્ત થાય છે. પાપ કર્યાં હોય એને, એથી વિપરીત એટલે કદ્રુપ, દુર્ભાગ્ય વગેરેનો યોગ થાય છે. પુત્રાદિ પરિવાર ગમે તેટલું ખરચે–વાપરે તોયે, પુણ્યશાળીનું દ્રવ્ય ખુટતું નથી. પણ નિષ્પુણ્ય જનોનું તો, હોય તે યે જતું રહે છે. એ પર ભદ્રશ્રેષ્ઠી અને એના પુત્ર અભદ્રનું દૃષ્ટાન્ત છે તે આ પ્રમાણે,–

પૂર્વે કોઈ રત્નપુર નામનું મોટું નગર હતું. એ નગરમાં નાના પ્રકારના મૂલ્યવાન રત્નોના સમૂહને સમૂહ જોવામાં આવતાં હતા એથી જાણે એ વિશાળ રત્નાકર–સાગર હોય નહીં એમ ભાસ થતો હતો. ત્યાં સર્વ નાગરિકોનો શિરોમણિ ધનેશ્વર નામનો એક શ્રેષ્ઠી રહેતો હતો. એ ઉદારતામાં બળિરાજા સમાન અને દ્રવ્યમાં કુબેરભંડારી તુલ્ય હતો. એને, બીજી લક્ષ્મીદેવી હોય નહીં એવી, ઉદાર, સરલ, ધીરસ્વભાવી, ગંભીર પ્રકૃતિવાળી, મિષ્ટ બોલનારી અને દૃઢ મનની ધનશ્રી નામની પત્ની હતી. એ દંપતીને એક સાગર નામનો પુત્ર હતો. એ પુત્ર, જેમ સાગર અનેક મત્સ્યોથી ભરેલો છે એમ સર્વ દૂષણોએ પૂરો હતો. એને વળી બીજી નર્મદા હોય નહીં એવી જડના સહવાસવાળી કુટિલ અને નીચગામી નર્મદા નામની સ્ત્રી હતી. ધનેશ્વર અને ધનશ્રી બંને પરમ જિનભક્ત હતાં અને સાધુ વગેરેને પ્રતિકૂળની આશા વિના પુષ્કળ દાન દેતા. વળી અહોનિશ નિર્મળ શીલનું અનુપાલન કરતા, સદા તીવ્ર તપશ્ચર્યા આદરતા, નિત્ય અનિત્યાદિ બાર ભાવના અને વારંવાર ઉત્કૃષ્ટ વૈભવ સહ તીર્થયાત્રાએ જતા આવતા. આમ ધર્મ પરાયણ રહી પોતાનો મનુષ્યાવતાર સફળ કરતા.

પરંતુ એઓ આમ દ્રવ્યનો વ્યય કરતા એથી સાગરને અને એની સ્ત્રીને તો ઊલટું બહુ દુ:ખ થયું એટલે એઓ વિચારવા લાગ્યા–આ વૃદ્ધોની તો બુદ્ધિ નષ્ટ થઈ છે. જ્યાં ત્યાં આમ દ્રવ્ય ખરચી નાખે છે તો કદાચિત કાલેજ એમનું મૃત્યુ થયું તો પછી આપણે માટે રહેશે શું ? જો

બધું વાપરી નાખશે ને કંઈ નહીં રહેવા દે તો આપણે તો હાથમાં ઠીબકું લઈ ભીખ માગવી પડશે. આમ વિચારી એકદા એ દુર્બુદ્ધિ પુત્રે પિતાને કહ્યું-તમને તે શું વાયુ થયું છે કે સન્નિપાત ફાટી નીકળ્યો છે કે કોઈ ગ્રહના પાસમાં સપડાયા છો કે તમારી બુદ્ધિ જ ભ્રષ્ટ થઈ છે કે આમ રોજને રોજ આપી આપીને ધનનો નાશ કરવા માંડ્યો છે ! તમે પિતા નહીં પરંતુ કટુંબમાં વેરિ જાગ્યા છો. હવેથી જો એક કોડી પણ કદિ કોઈને આપી તો મારા જેવો કોઈ બુરો નથી. એમ જાણજો. પણ ધનેશ્વર તો પુત્ર પ્રતિબોધને યોગ્ય નથી-એમ સમજીને અર્દ્ધ ભાગ લોકોના સમક્ષ આપી પુત્રને મિત્ર બનાવ્યો. પછી તો એને વૈરાગ્ય થયો એટલે અનેક ધર્મ સ્થાનોમાં સવિશેષ વ્યય કરવા માંડ્યો પણ એનું દ્રવ્ય ઘટવાને બદલે ઊલટું ધર્મની સાથો સાથ વૃદ્ધિ પામવા લાગ્યું. અનુક્રમે પોતાની છેલ્લી ઘડી આવી પહોંચી સમજીને જે હતું તે સમસ્ત દ્રવ્ય ઉત્તમ બીજની પેઠે સાત ક્ષેત્રમાં વાપરી અનશન આદરી, નવકાર મંત્રનું સ્મરણ કરતાં શુભ ધ્યાને મૃત્યુ પામી બંને સ્વર્ગે ગયા. પાછળ સાગરે તો પોતાનું ધન નહીં પોતે ભોગવ્યું કે નહીં દીધું ને એમજ વિદ્યાની પેઠે નાશ પામ્યું.

આમ થવાથી એ બંને દુર્ભાગી પેટ ભરવા માટે લોકોને ઘેર કામ કરવા રહ્યા. પણ તોયે કેટલેક કાળે કંઈ વ્યાધિ થવાથી કામ કરવાને અશક્ત થઈ ગયા અને કોઈએ પણ એમને ખાવાનું દીધું નહીં. કારણ કે હાથ પગ ચાલતા હોય ત્યાં સુધી જ કંઈ મળવાનું હોય તો મળે છે. પછી તો દયામણું મોં કરીને હાથમાં ઠીબ લઈને ઘેર ઘેર ભીખ માગવા નીકળ્યા. શી વિધિની ગતિ ! “અમારે ભીખ માગવી પડશે.” એમ જે એમણે કહ્યું એ સર્વ ખરું પડ્યું. માટે કહેવાય છે કે સમજણવાળાએ પોતાની જીભે કદિ પણ પોતાને વિષે અશુભ શબ્દ કાઢવો નહીં. આમ દુ:ખમય જીવન વીતાવી બંને પાપિષ્ઠ સ્ત્રી પુરુષ દુર્ધ્યાને મૃત્યુ પામી, કંઈ પણ પુણ્ય ઉપાર્જ્યું નહોતું તેથી દુર્ગતિમાં ગયા. જેટલો કાળ ધનેશ્વર અને ધનશ્રી સુખે સ્વર્ગમાં રહ્યા તેટલો કાળ એમના પુત્રે અને પુત્ર વધુએ ભવભ્રમણ કરતાં દુ:ખમાં કાઢ્યો. શ્રેષ્ઠીનો જીવ સ્વર્ગમાંથી દેવતાનું આયુષ્ય પૂર્ણ થયે, કાશપુર નગરમાં ભદ્ર નામે સમૃદ્ધિવાન અને સર્વશ્રેષ્ઠ શ્રેષ્ઠી થયો.

ધનશ્રીનો જીવ પણ સ્વર્ગ થકી ચ્યવીને એ ભદ્રશેઠને લક્ષ્મી નામે ભાર્યાપણે ઉત્પન્ન થયો.

હવે આ જ કાશપુર નગરમાં ધનચંદ્ર નામે એક ધનવાન શ્રેષ્ઠી રહેતો હતો. એને ધનવતી નામની બહુ ગુણવાન સ્ત્રી હતી. વાત એમ બની કે જ્યોત્સના અને કુમુદ્વતીને પરસ્પર પ્રેમ કહેવાય છે એવો જ પ્રેમ લક્ષ્મી અને ધનવતીની વચ્ચે બંધાયો. પરંતુ બંનેમાંથી એકેયને સંતાન નહોતું એટલો એમને ખેદ હતો. અનુક્રમે એકદા લક્ષ્મીએ મધ્ય રાત્રિએ એવું સ્વપ્ન જોયું કે અત્યંત તપેલા લાલચોળ અંગારા પોતાના મુખને વિષે પ્રવેશ કરે છે.

એવું જોવાથી મનમાં અતીવ વિષાદ થયો એટલે તે સતી શિરોમણી (લક્ષ્મી) તત્ક્ષણ જાગી ગઈ. જાગીને એણે એ કુસ્વપ્નની વાત પતિને કહી. પતિ તો પોતાની સામાન્ય બુદ્ધિથી સમજી ગયો કે એવા સ્વપ્નના અનિષ્ટ પરિણામ થાય છે. અથવા તો એક બાળક હોય છે એ યે સમજે છે કે હંસ પક્ષી સુંદર અને કાક સુંદર નહીં. તોયે પ્રભાત થયે એણે સ્વપ્ન પાઠકને તેડાવીને એવા સ્વપ્નનું ફળ શું થવું જોઈએ એમ પૂછ્યું. પેલાએ પણ યથાર્થ–સત્ય હતું એજ કહ્યું. કેમકે વિદ્વાનો કદિ વંચક હોય નહીં. એણે એમ કહ્યું કે–હે શ્રેષ્ઠી ! જો શાસ્ત્રમાં કહેલી વાત પ્રમાણ હોય તો, આ સ્વપ્નનું ફળ એવું છે કે તમારે ત્યાં મહા–કુલક્ષણો, પારકે પુણ્યે જીવનારો અને સર્વ કોઈનો દ્વેષી–એવો પુત્ર થશે. તમારે એનો જન્મોત્સવ કે અન્ય કંઈ પણ કરવું નહીં. એનું નામ 'અભદ્ર' પાડવું અને એના પ્રત્યે આદરભાવ રાખવો નહીં. કેમકે સન્માનને પાત્ર તો ગુણિજનોના ગુણ હોય. સ્વપ્નપાઠકે આ પ્રમાણે કહ્યું એ સાંભળી, સમજી, એને સન્માનપૂર્વક રજા આપી. લક્ષ્મીને તો તેજ વખતે, પૃથ્વીની અંદર રહેલા નિધિમાં સર્પ આવીને રહે એમ, અતિ દુર્ભાગી સાગરનો જીવ ગર્ભમાં આવીને રહ્યો. પછી પૂર્ણ સમયે લક્ષ્મીને, છાયાને જેમ શનિશ્ચર પ્રસવ્યો એમ, સ્વપ્ન પાઠકે કહી બતાવેલા કુલક્ષણોવાળો પુત્ર પ્રસવ્યો. એનું માતાપિતાએ 'અભદ્ર' એવું નામ પાડ્યું. પુત્રનો જન્મ મહોત્સવ તો ન થયો પણ એનું એક સુંદર નામ પણ મળ્યું નહીં. ક્યાંથી મળે ? ભાગ્ય કોનાં

લાવે ? અને ભાગ્ય ન હોય તો એ મળે પણ ક્યાંથી ?

વળી આ પ્રમાણે ધનવતીને પણ સ્વપ્ન આવ્યું એમાં એને લોકોને આકાશમાં જેમ કેતુની રેખા દેખાય છે એવી, શ્યામવર્ણની ધુમાડાની શિખા દૃષ્ટિગોચર થઈ. એણે સદ્ય એ વાત પતિને કહી અને સ્વપ્નપાઠકને કહી. સ્વપ્નપાઠકે ઉત્તરમાં સર્વ પૂર્વ પ્રમાણે જ કહ્યું, ભેદ એટલો કે એને પુત્રી અવતરશે અને એનું 'અલક્ષ્મી' એવું નામ પાડવું. હવે ધનવતીને નર્મદાનો જીવ ગર્ભે આવીને રહ્યો. પછી કાળ પૂર્ણ થયે એને પુત્રી પ્રસવી એનું નામ 'અલક્ષ્મી' પાડ્યું. એના લક્ષણો સર્વે 'અભદ્ર' જેવાં જ હતાં. 'જેવો યક્ષ એવું જ બલિ' એમ થયું.

અભદ્રને યોગ્ય અવસરે માતપિતાએ કળાચાર્ય પાસે અભ્યાસ કરવા મૂક્યો. કારણકે એઓ એના હિતચિંતક છે. પરંતુ બન્યું એમ કે કલાચાર્ય શિક્ષણ શીખવે પણ એ કંઈ શીખે નહીં, અને અન્ય શિષ્યો સાથે કલહ કર્યા કરે. જો ગુરુ એને હિતકારક શિક્ષાના બે શબ્દો કહે તો એ તેજ વખતે સામો દુષ્ટ ઉત્તર આપે એટલે એણે એની ઉપેક્ષા કરી અને એમ થવાથી નિરક્ષર રહ્યો. કારણ કે શસ્ત્ર અને શાસ્ત્રાર્થનું જ્ઞાન પ્રાપ્ત થવું અધ્યાપકને આધારે છે. પિતાએ એનો ધનવતીની પુત્રી અલક્ષ્મી સાથે વિવાહ કર્યો. નિપુણ વિધિએ જ જેને જે યોગ્ય હતું તેને તે આપ્યું-એમજ સમજી લેવું.

હવે આ અભદ્ર તરૂણવયે પહોંચ્યો પણ અહંકાર એનામાં એટલો બધો હતો કે ડોક તો ઊંચી ને ઊંચી જ રાખતો, ભાગ્યહીન હતો છતાં પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો, હતો તો પોતે ફક્ત વાચાળ, પણ જાણે વિદ્વાન હોય એમ વર્તવા લાગ્યો; અને મૂર્ખ શિરોમણિ છતાં જાણે પોતે બધું જાણતો હોય એમ દેખાવ કરવા લાગ્યો. પછી ભદ્રશ્રેષ્ઠી પુત્રવધુ અલક્ષ્મીકાને ઘેર તેડી લાવ્યો કેમકે ગમે તેવી-સારી નરસી વધુ હોય પરંતુ સાસરે તો સુંદર જ કહેવાય છે. પણ સાસરે આવી ત્યાં એનાં કુલક્ષણ દૃષ્ટિગોચર થયા વિના રહ્યાં નહીં. 'આવ' કહેતાં જતી રહે 'જા' કહેતા આવીને બેસે, અને રસોઈ કરવા પેસે તો ઘેલછાને લીધે થાળી પણ પછાડે. ઘરની અંદરથી કચરો કાઢી નાખવાનું કહે તો બહાર

સાવરણી ફેરવે, અને બહારનો ભાગ સ્વચ્છ કરવાનું કહેતાં અંદર વાળવા જાય. જળ ભરવા જાય ત્યાં અન્ય પનીહારીઓ સાથે તકરાર કરીને અથવા તો બેડું ફોડીને જ ઘરે આવે. ચુલા પાસે મોકલી હોય તો સાડી સળગાવીને આવે. ન ન્હાય કે ન ધૂએ-શરીરે મલિન ને વસ્ત્ર પણ એવાં જ. સાસુ એકવાર કંઈ કહેતો સો વાર સામું બોલે.

બ્રાહ્મણ શ્રમણ આદિ યાચકોને ઘરમાં પેસવા ન દે. કોઈ સાધુ ગોચરી માટે ફરતા આવી ચઢે ને 'ધર્મલાભ' કહે તો એને કહે કે ધર્મલાભ ફોડ તારે માથે. કુટુંબનું પૂરું ન થઈ શક્યું એટલે પાખંડી બનીને ઠીક પારકાં ઘર ભાંગવા ચાલી નીકળ્યા લો ! કોઈ વાર બ્રાહ્મણ ભિક્ષુક આવી એને 'અખંડ સૌભાગ્ય' દઈ, 'નારાયણ પ્રસન્ન' કહી યાચના કરે તો ઉત્તર આપે કે- 'ઈશ્વર પ્રસન્ન' તારે ત્યાં જ રાખ. અત્યારમાં તારે માટે કોણે ઠારી મૂક્યું છે કે આવીને ઊભો છે ? કોઈ બ્રાહ્મણ આવીને વળી કહે કે- પૂર્ણ ત્રયોદશી ને રવિવાર, પુષ્ય નક્ષત્રને શોભન યોગ, બહેન, ભોજન કરાવો-તો એને ઉત્તર આપે કે-સવારના પહોરમાં આવ્યા તો કોણે રાંધી મૂક્યું છે ? પેલા જો કહે કે 'ત્યારે કણિક આપો' તો ઉત્તર આપે કે કણિક બજારમાં છે, જાઓ ત્યાં.

કોઈ વિપ્રો વળી ગાયત્રીનો પાઠ બોલતાં બોલતાં નિર્લજ્જ થઈ કણિક માટે ઊભા જ રહે ને ખસે નહીં તો એ 'આ તો નિત્ય આવી આવીને મારા કાન જ ખાઈ જાય છે.' એમ કહી ચુલામાંથી બળતું ઉંબાડીયું લઈ આવી દોડીને દ્વિજની સન્મુખ ધરે. એટલે પેલાઓ પણ કલકલાટ કરી મૂકીને હસતા જાય ને કહેતા જાય કે શેઠના ઘરમાં કોણ કહે છે કે એ વહુ છે ? કોઈક રાક્ષસણી આવી લાગે છે ! કોઈવાર કોઈ ધુળીયા બાવા ભિક્ષાર્થે આવે તો કહે કે-રાખ ચોળીને લંગોટ ભેર આવી કેમ ઊભાા છો ? લાગો છો ગધેડા જેવા ! આવાં આવાં એનાં નિત્યનાં આચરણ હતાં એથી લોકમાં એની બહુ નિંદા થવા લાગી. એટલે ભદ્ર શ્રેષ્ઠીએ પણ મનમાં જ દુહાઈ એને પીયરે મોકલી દીધી. કારણકે ખાલી ઘરને ભર્યું દેખાડવા. માટે એમાં ચોરને થોડા જ રખાય છે ?

એવામાં એકવાર એમ બન્યું કે ભદ્રશેઠ અત્રે રાત્રે શય્યામાં સૂતા

હતા એ વખતે કોઈ બે જણને એણે કલહ કરતા જોયા. એક બહાર ઊભો હતો એણે અંદર રહેલાને કહ્યું–અરે ! તું બહાર નીકળી જા, મારે અંદર આવવું છે. તારો સમય પૂરો થયો, હવે મારા સ્વામીનો વારો આવ્યો છે. એટલે અંદર રહેલો હતો એણે પૂછ્યું–તું કોણ છે ! તારો સ્વામી કોણ છે ? પેલાએ ઉત્તર આપ્યો–હું અપુણ્ય છું ને અભદ્ર મારો સ્વામી છે. એ સાંભળી અંદર રહેલો કહેવા લાગ્યો–મારો સ્વામી હજુ વિદ્યમાન છે ત્યાં તારો સ્વામી કેવી રીતે અંદર પ્રવેશ કરી શકશે ? દીપક ઝગઝગાટ પ્રકાશતો હોય ત્યાં અંધકાર ક્યાંથી આવી શકે ? અપુણ્ય પૂછ્યું–તું કોણ, ને તારો સ્વામી કયો ? પેલાએ ઉત્તર આપ્યો–હું પુણ્ય ને મારો સ્વામી ભદ્રશ્રેષ્ઠી. હે અપુણ્ય ! જો તું અહીં આવ્યો તો તારા બુરા હાલ સમજવા. એ ઉત્તર મળવાથી બહાર રહેલો તત્ક્ષણ પલાયન કરી ગયો. રાત્રિએ બનેલો આ વૃત્તાંત પ્રભાતે ભદ્રશેઠે પોતાની સ્ત્રી શીલવતી લક્ષ્મીને કહી સંભળાવ્યો.

પણ શેઠે જેમ શય્યામાં રહ્યા છતાં બે પુરુષોનો સંવાદ સાંભળ્યો હતો એમ વળતે દિવસે શેઠાણીએ પણ રાત્રે પોતે શય્યામાં હતી તે વખતે બે સ્ત્રીઓનો પરસ્પર સંવાદ સાંભળ્યો. એક સ્ત્રી બહાર ઊભેલી હતી એણે અંદર રહેલીને કહ્યું–અલિ ! તું બહાર નીકળ, મારે અંદર આવવું છે. હવે મારી સ્વામિનીનો આ ઘરમાં આવીને રહેવાનો વારો છે. જોતી નથી કે રાશીઓ પણ પોતપોતાના વારા પ્રમાણે સૂર્યને ભજે છે ? એ સાંભળી અંદર રહેલીએ પૂછ્યું–તું કોણ છે અને તારી સ્વામિની કોણ છે ? પેલીએ ઉત્તર આપ્યો– 'મારું નામ અસંપત્તિ, ને મારી સ્વામિની અલક્ષ્મી. એ સાંભળી અંદર રહેલીએ કહ્યું–જેનું નામ લેવાથી લોકો સુખ સંપત્તિમાં મગ્ન રહે છે એવી મારી ઉત્તમ સ્વામિની હજુ વિદ્યમાન છે ત્યાં તારા જેવી કુલટાનો અહીં પ્રવેશ કેવો ? જો ! મારું નામ સંપત્તિ છે ને મારી સ્વામિનીનું નામ લક્ષ્મી છે–યાદ રાખજે, ભુલતી નહીં. એ સાંભળી બહાર ઊભેલી સ્ત્રી સર્પિણીની જેમ એકદમ ચાલી ગઈ.'

આ વૃત્તાંત લક્ષ્મીએ પણ પ્રભાતે પોતાના પ્રિય પતિને કહી સંભળાવ્યો, એટલે એણે કહ્યું–પેલા સ્વપ્ન પાઠકે કહ્યું હતું એ બધું સત્ય જ કહ્યું હતું.

અન્યથા આ બે પુરુષોનો, ને આ બે સ્ત્રીઓનો આવો સંવાદ ક્યાંથી થાય ? નિશ્ચય આપણી પાછળ, આપણા પુત્રનું જ પ્રારબ્ધ સારું નથી. માટે આપણે એને માટે એક કોટિ સુવર્ણ ભૂમિને વિષે ભંડારી રાખીએ. શેષ છે એ ક્ષીણ થશે તોયે આ નિધાનને લીધે પુત્ર અને એની સ્ત્રી દુ:ખી નહીં થાય. એમ કહી નિધિને ભૂમિની અંદર ભંડારી પુત્રને બોલાવી બતાવી કહ્યું-અમે વિદ્યમાન છીએ ત્યાં સુધી તું સ્વેચ્છાએ ખા, પી, ને આનંદ કર. બીજું દ્રવ્ય ખુટે નહીં ત્યાં સુધી તારે આ નિધિનો સ્પર્શ કરવો નહીં. શેઠે આ સર્વ કહ્યા પછી તો ભાઈ સાહેબ ઊલટા આડે રસ્તે ઉતર્યા. એનો દુરાચાર એટલો વધી ગયો કે માંજરમાં ભ્રમર લપટાય એમ એ એક મદનમંજરી નામની વેશ્યાના ફંદમાં ફસાયો. અન્ય સર્વ કાર્ય ત્યજી દઈને એ કુલટામાં આસક્ત થઈ રહેવા લાગ્યો એવામાં કેટલેક દિવસે એના માતપિતા પંચત્વ પામ્યા.

પરાપૂર્વથી બનતું જ આવે છે એમ, માતપિતાના અવસાન પછી. સર્વ લક્ષણે પુરો હતો છતાં પુત્ર હતો એટલે એ અભદ્રભાઈ ઘરનો માલિક થયો. ભાગ્યહીન રૂપાળાં અલક્ષ્મીબાઈ પણ ઘેર આવ્યાં. પતિ પત્નીનો વિધિએ સરસ મેળ મેળવ્યો હતો. તેમનો અમેળ કેમ બને ? વળી પેલો પુરુષ અપુણ્ય ને પેલી સ્ત્રી અસંપત્તિ રાહ જોઈ રહ્યા હતાં એ યે હવે યોગ્ય અવસર પ્રાપ્ત થયો એટલે આવીને ઊભાં રહ્યાં ને જોગેજોગ મળ્યો. અભદ્રે વળી અધુરામાં પૂરું મદનમંજરીને ઘરમાં લાવીને બેસાડી. કુળ મર્યાદા છોડી એને લાજ વળી શી ! 'જેણે છોડી લાજ એને ત્રણ ભુવનનું રાજ' વૃદ્ધ સ્વજનોએ હિતૈષી થઈને એને બહુ બહુ સમજાવ્યો-ભાઈ અભદ્ર, આ વેશ્યાને ઘરમાં લાવી રાખી તે રુડું નથી કહેવાતું. ધનની હાનિ થાય છે. લોકો નિંદા કરે છે ને ઉપરાંત તારા શરીરનો પણ ક્ષય થાય છે. માટે ભલો થઈ આ વેશ્યાને છોડી દે જેથી તારું ભદ્ર-કલ્યાણ થઈ જાય. પરંતુ શરમનો છાંટોય જેનામાં નહોતો એવો અભદ્ર ભદ્ર માગતો જ નહોતો, એટલે કહેવા લાગ્યો-અરે વૃદ્ધો, તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. તમે તમારું ઘર સંભાળો, મારું ઘર સંભાળનારો હું ક્યાં નથી ? એ સાંભળી શિક્ષા આપવા આવેલા વિલખું મોં કરી સૌ સૌને ઘેર ગયા.

અભદ્ર પિતાનો વહીવટ સંભાળી વ્યાપાર કરવા લાગ્યો પરંતુ જે જે વ્યાપાર કરવા જાય એમાં અવળા પાસા પડે. એમ થવા લાગ્યું. એના ચતુષ્પદ-પશુ હતાં એ સર્વ એકદા વનમાંથી ચોર લોકો લઈ ગયાં. દાસદાસીઓના હસ્તક જે કંઈ ધન હતું એ એઓજ ગળી ગયાં. જેમની પાસે લેણું હતું એ માગવા ગયો તો એમણે કાંઈ દીધું નહીં. ઊલટો તકરાર ને ઝઘડો કરવા લાગ્યા. ભોજન માત્ર પણ મહાકષ્ટે મળે એવી સ્થિતિમાં ભાઈ આવી પડ્યાં. દૈવ પ્રતિકૂળ હોય ત્યાં બીજું થાય પણ શું ? વેશ્યા મદનમંજરી પણ એને નિર્ધન જાણીને મૂકીને જતી રહી. કેમકે જતી ન રહે તો ક્યાંક એનું કુળ લજવાય ખરું ને ?

હવે તો એ શોકના સંતાપરૂપી મોટા સમુદ્રના આવર્તમાં પડ્યો. એ આવર્તમાંથી કેમે નીકળી શકાય એમ ન રહ્યું. ઘરમાં રહ્યાં. હવે પોતે ને અલક્ષ્મી શેઠાણી, ને શેષમાં અપુણ્યને અસંપત્તિ, બહુ દુઃખી થયો એટલામાં એને પેલા પિતાએ કહી રાખેલી નિધાનની વાત યાદ આવી. એ નિધાન ભૂમિમાંથી ખોદી કાઢી હસ્તગત કરી પુનઃ મનુષ્ય થવાનો વિચાર કર્યો. ધનરહિત નર પશુ કહેવાય છે એટલે ધન આવે તો પશુતા જાય ને માનવતા આવે. એટલે રાત્રિને સમયે ભૂમિ ખોદવા માંડી તો કોઈ અદષ્ટ નિષેધક અવાજ આવ્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પોતાનું ભોજન લેવાની બ્રાહ્મણને ના કહી હતી એમ એ અવાજે ના કહી છતાં ખોદ્યું એટલે અંદરથી નિધાનને બદલે સર્પોની હારમાળા-ગુંછળાને ગુંછળા નીકળ્યાં ને એની આસપાસ વીંટળાઈ વળ્યાં, તથા એને દંશ દેવા લાગ્યાં. સર્પોના પાશ અને દંશ બંનેએ એકત્ર મળીને એના શરીરમાંથી પ્રાણને હાંકી કાઢ્યા. સુવર્ણકોટિનો નિધાન તો કોઈ યક્ષે પોતે હસ્તગત કરી પોતાને કબજે રાખ્યો. હે ધન ! તારા પ્રારબ્ધની બલિહારી છે કે, જેમને તારો ઉપભોગ નથી કરવો એવાઓને પણ તું અતીવ અતીવ પ્રિય છો !

પુણ્ય અને અપુણ્યનું ફળ દર્શાવનાર, ભદ્ર અને અભદ્રનું આ દૃષ્ટાન્ત શ્રવણ કરીને, હે પ્રાણીઓ ! તમારે અપુણ્યને વિષવત્ ગણીને ત્યજી દેવું અને કેવળ પુણ્ય જ ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરવો. આ પુણ્ય પ્રવર્તક અને નિર્વતક-એમ બે પ્રકારનું છે. દાન દેવાથી જે પુણ્યની

પ્રાપ્તિ થાય છે એ પુણ્યનું ફળ કામભોગ છે માટે એ પુણ્ય પ્રવર્તક (એટલે મનુષ્યને પ્રવૃત્તિમાં મૂકનારું); અને શીલ આદિથી જે પુણ્યની પ્રાપ્તિ થાય એ પુણ્યનું ફળ જન્મમરણનો ઉચ્છેદ છે માટે એ પુણ્ય નિવર્તક છે.

હે અભયકુમાર ! આ અમારો આપેલો ધર્મોપદેશ શ્રવણ કરીને ઉદાયન રાજાને દીક્ષા લેવાની ઈચ્છા થઈ. એટલે એણે અમને વિજ્ઞાપના કરી કે "પ્રભો, હું ઘરે જઈને રાજ્યની વ્યવસ્થા કરી આવીને તમારી પાસે ચારિત્ર અંગીકાર કરીશ, અને આ સંસારની માયારૂપ બંધનને તોડી નાખીશ." ઘેર જઈને એણે બુદ્ધિપૂર્વક વિચાર કરી જોયો તો એને જણાયું કે પુત્ર અભીચિને રાજ્ય સોંપીશ તો મેં જ હાથે કરીને એને અગાધ દુ:ખમાં નાખ્યો કહેવાશે કેમકે આસક્ત થઈને રહેનારા રાજાઓને રાજ્યને અંતે નરક છે. માટે મારો ભાણેજ કેશી છે એને રાજ્ય આપું. જો કે કેશી પણ ભાણેજ અને એને રાજ્ય આપું એટલે એ ય નરકાધિકારી થશે. પણ અભીચિ નિકટનો અને કેશી જરા દૂરનો સંબંધી એટલો ફેર છે. એમ દલીલો કરી જોઈ એક નિર્ણય ઉપર આવી ઉદાયને કેશીને રાજ્ય સોંપી, અઠ્ઠાઈ મહોત્સવ કરી, ધનદાનવડે યાચકોના મનોરથ પૂરી, હર્ષપૂર્વક પરમભક્તિ સહિત અમારી પાસે ચારિત્ર અંગીકાર કર્યું છે, અને અત્યારે એ ષષ્ઠ, અઠ્ઠમ, દશમ આદિ તીવ્ર તપશ્ચર્યાવડે, કિરણોવડે જેમ સૂર્ય જળને શોષવી નાખે છે એમ, પોતાની સપ્ત ધાતુઓને અત્યંત શોષવી રહ્યો છે.

એ ઉદયનરાજા આ અવસર્પિણીમાં અંતિમ રાજર્ષિ થયો છે; યુગ પ્રધાનોને વિષે જેમ દુ:પ્રસભ અંતિમ થઈ ગયો છે એમ.

શ્રી વીર ભગવાને આ પ્રમાણે ચરમરાજર્ષિ ઉદાયનનું ચરિત્ર રાજગૃહી નગરીમાં અભયકુમાર મંત્રીના પૂછવાથી દેવ, દાનવ અને શ્રેણિક રાજા વગેરેની બનેલી પર્ષદામાં વિસ્તાર સહિત અથેતિ કહી બતાવ્યું.

પછી અભયકુમારે હસ્તદ્વય, જોડીને કરતળમાં રહેલા આમલક્ફળની જેમ ત્રણે જગતને એકી વખતે જેઓ નીહાળી રહ્યા છે એવા વીરપ્રભુને, પૂછ્યું–હે દેવાધિદેવ ! ત્યારે હવે એ ઉદાયન મુનિનું ભાવિ ચરિત્ર કેવું છે એ પણ આપ કૃપા કરીને કહો. કારણ કે રસિકજનોને કથાનકનો

ઉત્તરોત્તર ભાગ સાંભળવાની સવિશેષ ઉત્કંઠા હોય છે. અભયકુમારની જિજ્ઞાસા તૃપ્ત કરવાને પ્રભુએ એ રાજર્ષિનું ભવિષ્યનું વૃત્તાંત કહ્યું એ આ પ્રમાણે,–

હે અભયકુમાર ! તપશ્ચર્યામાં પારણાને દિવસે નીરસ, વિરસ, રૂક્ષ અમ્લ અને કાળ પહોંચતો હોય એવા આહાર વડે શરીરને ટકાવી રહેલા અને કર્મરૂપી વૈરિઓનું ઉન્મૂલન કરવાને પ્રયત્ન કરી રહેલા એ મુનિને સહાય કરવાને માટે જ હોય નહીં એમ કોઈ વ્યાધિ ઉત્પન્ન થશે. તો પણ એ વ્યાધિ ભોગવ્યા વિના અન્ય કોઈ પણ રીતે હઠે એવો નથી એમ સમજી એ પોતાનાં કાર્યો તો કર્યા જ કરશે. કેમકે શૂરવીર સૈનિક પ્રહાર પડે તો યે વીરવૃત્તિ મૂકતો નથી. વૈદ્યો પણ એ વ્યાધિનું કોઈ વારણ નથી એમ સમજી જઈ આનંદિત મને એમને ઉપદેશ આપશે કે–હે મુનિ ! ધર્મકરણી અર્થે શરીર તંદુરસ્ત જોઈએ માટે તમે દૂધ–દહીંનું સેવન કરો. એમ કરવાથી તમારો વ્યાધિ જશે અને પુનઃ તમારી પાસે આવશે જ નહીં. દેહ છે તો ધર્મ થશે. પાપહર્તા મુનિ પણ વૈદ્યરાજોએ બતાવેલું એ ઔષધ પ્રાસુક અને સુલભ જાણીને ગૃહસ્થોના વાડા વિષે જ હોય નહીં એમ ગોકુળોને વિષે વિહાર કરશે. વિકૃતિનું સેવન કરનારા છતાં વિકૃતિના પરિવર્જક મુક્ત ધર્મચક્ર છતાં ધર્મચક્ર ફેરવશે.

એકદા, હે અભય ! મમત્વના ત્યાગી એ ઉદાયન મુનિ વિચરતાં વિચરતાં એજ વીતભયનગરમાં આવશે. એમને આવ્યા જાણી, કેશીના, જાણે કંઠપાશ હોય નહીં એવા, દુષ્ટ મંત્રીઓ કેશીને એમ સમજાવશે કે વ્રત પરિણામ ભગ્ન થવાથી ઉદાયન મુનિ પોતે હવે તારું રાજ્ય લેવા આવ્યા છે. સ્વર્ગના રાજ્ય જેવું આ રાજ્ય એમણે ઉત્તમ વાસના ઉત્પન્ન થયેલી હોવાથી એકદમ ત્યજ્યું હતું; શિયાળે બોરડીનાં બોર ત્યજ્યાં હતાં એમ. એ દૃષ્ટાન્ત આ પ્રમાણે છે;–

પૂર્વે કોઈ વનમાં એક શિયાળ રહેતું હતું એણે રાત્રિને વિષે કેટલાક મનુષ્યોને પરસ્પર એમ વાત કરતા સાંભળ્યા કે જે પ્રાણી, પોતાને અત્યંત પ્રિય હોય એવી વસ્તુનો નિયમ કરે એને નિશ્ચયે મહાપુણ્ય થાય. એ સાંભળીને શિયાળે પણ અભિગ્રહ કર્યો કે મારે પણ બોર ખાવાં નહીં

કેમકે એ મને બહુ પ્રિય છે. કાર્તિક માસ આવ્યો એટલે બોરડીઓ ફાલી અને બોર પાક્યાં એ જોઈ શિયાળે પોતાનું મન મનાવ્યું કે મારે બોર ખાવાનો નિયમ છે, કંઈ સુંઘી જોવાનો નિયમ નથી એમ કહી પાસે જઈ પ્રથમ એ બોર સુંઘ્યાં; અને પછી પુત્રની જેમ, એને વારંવાર હર્ષ સહિત ચુંબન કર્યું. વળી પછી 'મારે એ બોર મુખને વિષે ગળી જવાનો નિયમ છે, કંઈ મુખમાં નાખવાનો નિયમ નથી એવો સંકલ્પ કરી બોર મોંમાં નાંખ્યાં, અને દાંત વગરનાની જેમ ચગળ્યાં. પછી આવાં દુર્લભ સ્વાદિષ્ટ બોરની આગળ દેવતા પણ નિયમભ્રષ્ટ થઈ જાય તો મારા જેવાની શી વાત, માટે 'પડો વજ્ર એ નિયમ પર' એમ વિચારી શિયાળ મોંમાંના બોર ગળે ઉતારી ખાઈ ગયો.

આ શિયાળની જેમ ઉદાયનને પણ રાજ્ય ત્યાગ કર્યાનો પશ્ચાત્તાપ થયો છે. માટે એ રાજ્ય લેવાને જ આવ્યા હશે. પૂર્વે કંડરીકમુનિ પણ રાજ્ય લેવાને આવ્યા હતા એ તમે નથી જાણતા ? માટે એનો લેશ પણ વિશ્વાસ કરશો નહિ. કેમકે બૃહસ્પતિ પણ કહી ગયેલ છે કે અવિશ્વાસ-એજ નીતિનું મૂળ છે. દુષ્ટ પ્રધાનોનાં એવાં વચન સાંભળીને એ કેશી કહેશે કે જો ઉદાયન રાજ્ય ગ્રહણ કરશે તો હું તો એને આપી દઈશ; ભરતે રામને આપ્યું હતું એમ સ્વામી પોતાનો અધિકાર પુનઃગ્રહણ કરે એમાં સેવકે ક્રોધ શો કરવો ? આ મારા મામા મારા સ્વામી છે અને હું તો સર્વદા એનો સેવક છું. કેશીનાં એવાં વચન સાંભળીને એ દુરાત્મા સાલહકારો કહેશે કે-રાજન ! લીધેલું પાછું આપવું એ રાજાનો ધર્મ નહીં. એણે પોતે તમને રાજ્ય આપ્યું નથી, તમારા કર્મે તમને આપ્યું છે. એમ હોય તો અભીચિને મૂકીને રાજ્યલક્ષ્મી તમારી પાસે ક્યાંથી આવે ? ગોત્રજો જેમ પોતાનો હિસ્સો હઠપૂર્વક લે છે એમ રાજ્ય પણ પિતા, કાકા, ભ્રાતા, પુત્ર કે પૌત્ર પાસેથી પડાવી લઈ લેવું કહ્યું છે. આ રાજ્ય પોતે પોતાની મેળે જ જાણે હાલીચાલીને તમારી પાસે આવ્યું છે તે પાછું કેમ દેવાય ? એમ પાછું આપી દે છે એને લોકો પણ નિઃસત્વ ગણે છે. હે રાજન્ ! અર્ધ રાજ્ય લઈ લેનાર સેવક ઉપેક્ષા કરવા યોગ્ય નથી, તો આ તો સકળ રાજ્ય લેવા ધણી પોતે આવેલ છે તો એની તો કેમ જ

ઉપેક્ષા થાય ?

આવાં આવાં કુમંત્રીઓનાં વચનો ઉપરથી, એ કેશીનો ઉદાયન પ્રત્યે જે ભક્તિભાવ હશે એ ભક્તિભાવ જતો રહેશે. ફૂંકી ફૂંકીને કાન ભરવામાં આવે ત્યાં સારાવાર પણ શી હોય ? પછી તે અમાત્યોને પૂછશે કે 'ત્યારે હવે કરવું શું.' ત્યારે એઓ એને કહેશે કે એને વિષ દેવું. કારણ કે વિષથી સરતું હોય તો શસ્ત્રનો ઉપયોગ શા માટે કરવો ? તમારા મામા દહીંનો આહાર કરે છે તો એ દહીમાં જ વિષ ભેળવવાનું. એમ કરશો એટલે લોકોમાં તમારો અવર્ણવાદ પણ નહીં થાય. પછી મામાએ પાળી પોષી મોટો કરેલો મામાનો જ વૈરી બનશે અને ગોવાળણી પાસે દહીંમાં વિષ ભેળવાવશે. પણ એ વિષ કોઈ દેવતા સંહરી લેશે અને ઉદાયનને કહેશે કે તમને દહીં વિષવાળું જ મળશે માટે હવે દહીંનું મન કરશો નહીં. એ ઉપરથી ઉદાયન મુનિ, દહીં ઘણુંયે પથ્ય હોવા છતાં, એનો ત્યાગ કરશે. કારણ કે વિવેકી જનોએ, પોતાના સંયમની જેમ જ, પોતાની જાતનું રક્ષણ કરવું કહ્યું છે.

દહીં નહીં લઈ શકાયાને લીધે પાછો એનો વ્યાધિ વૃદ્ધિ પામશે. એટલે એ પુનઃ દહીંનો ઉપયોગ કરશે. કારણ કે સહેલા ઉપાયથી અર્થ સરતો હોય તો શા માટે એ ન કરી જોવો ? પુનઃ ગોવાળણી દ્રવ્યના લોભે વિષમિશ્રિત દહીં આપશે. અને કોઈ સમ્યગ્દષ્ટિ દેવી ત્રણ-ત્રણવાર એનું અપહરણ કરશે; પણ ચોથી વખત પ્રમાદને લીધે અપહરવું ભૂલી જશે. અથવા તો સાવધમાં સાવધ પહેરેગીરને પણ વખતે ક્ષણવાર નિદ્રા આવી જાય છે. મુનિ એ વિષમિશ્ર દહીંનો આહાર કરશે; અને વિષે તત્ક્ષણ સર્વ અંગે વ્યાપી જશે એટલે પોતાનું અવસાન નજીકમાં છે એમ સમજીને, અને કોપ કે શોક-કંઈપણ દર્શાવ્યા વિના, મુનિરાજ જન્મમરણના ફેરા ટાળનારું અનશનવ્રત ગ્રહણ કરી, ઉલ્લાસ યુક્ત ચિત્તે ભાવના ભાવશે કે;-

હે જીવ ! તેં શુદ્ધસિદ્ધાન્તરૂપ અમૃતરસનું જ સદા પાન કર્યું છે તો હવે કોઈના ઉપર કશો પણ ક્રોધ ન કરીશ. મને ફલાણાએ વિષ દીધું છે એમ ન ધારીશ. એમ જ સમજજે કે પૂર્વે ઉપાર્જન કરેલાં પાપોએ એ વિષ

મારા જેવો ભક્તિમાન ઔરસ પુત્રને મૂકીને એ બહેનના દીકરા કેશીને કેમ રાજ્ય આપે છે ? લોકોમાં સર્વત્ર ભાણેજ વગેરે વહાલા તો હોય પરંતુ કળારહિત વિપ્રની જેમ એઓ બહુ તો ભોજનાદિના સત્કારને પાત્ર કહેવાય. જ્યોતિષીઓ અભિચિનક્ષત્રનો ગણત્રીમાં લેતા નથી. એમ મારા પિતાએ પણ મારા જેવા તેજસ્વી અને શક્તિમાનને ગણ્યો નહીં. પિતા સ્વામિ જ જયાં અન્યાય કરે એમાં શો અપવાદ ! અથવા ઉત્તમ સુવર્ણાદિ ભાંડોની અશુચિ ગણાતી નથી. હવે મારાથી આ કેશીની મારા પિતાની જેવી સેવા થાય નહીં જો ઉઠાવું તો ઉદાયન રાજાના પુત્ર તરીકે મારી શોભા શી ! મારે માટે હવે વિદેશગમન કરવું શ્રેયસ્કર છે. કેમકે હંસ કાગડાના આધીનમાં રહે નહીં. વળી જો હું કદાપિ અહીં રહીશ તો ખળપુરુષો મારો ઉપહાસ કરશે કે સુઈ રહેલા અજગરની જેવા અભીચિનું રાજ્ય કેમ જતું રહ્યું ? જેમનામાં માન લાજ કે પુરુષાર્થ–કંઈ ન હોય એઓ જ પરાભૂત અવસ્થામાં શ્વાનની જેમ સ્વદેશમાં બેસી રહે.

એમ વિચારીને એ હવે વીતભયનગરનો ત્યાગ કરીને એની માસીના પુત્ર કુણિકને ત્યાં જશે. કુણિક પણ એને ગૌરવ સહિત સાચવશે. કારણકે મા અને માસીમાં અંતર શું ? કુણિકને ત્યાં એ આનંદમાં પોતાને ઘેર રહેતો હોય એમ રહેશે. લોકો સ્વજનો શોધે છે એ એટલા જ સારું. શોક ત્યજી જીવાજીવના તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી શુદ્ધ ક્રિયા કરતો અને હરકોઈના કાર્ય કરી દેતો એ ત્યાં બહુવર્ષ પર્યન્ત રહી શ્રાદ્ધ ધર્મ અંગીકાર કરશે. ઉદાયન અને પ્રભાવતીનો પુત્ર એમ એટલું કરશે એ બહુ યોગ્ય કહેવાશે. પણ ધર્મ કાર્ય કરતો છતાં, ચન્દ્રમાંથી કલંક જવાનું નથી. એમ એના મનમાંથી પિતાસંબંધી કલુષતા જશે નહીં. પ્રાંતે આરાધના કરી પોતે કરેલી ધર્મની ખંડનાનું સૂચવન કરતો હોય નહીં એમ પંદર દિવસ અનશન કરી રહેશે. ઉપવાસને પંદરમે દિને એ પિતૃગોચર અપરાધ ખમાવ્યા વિના મૃત્યુ પામીને ભુવનપતિમાં મહર્દ્ધિક દેવતા થશે. એના ક્રોધને લીધે એને સદ્ગતિ મળશે નહીં. મહર્દ્ધિક દેવતાનું એક પલ્યોપમનું આયુષ્ય પાળીને ત્યાંથી પાછો મહાવિદેહમાં આવી સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.

હે અભયકુમાર ! આ પ્રમાણે અમે તને ઉદાયનરાજર્ષિનું ચરિત્ર;

મારા જેવો ભક્તિમાન ઔરસ પુત્રને મૂકીને એ બહેનના દીકરા કેશીને કેમ રાજ્ય આપે છે ? લોકોમાં સર્વત્ર ભાણેજ વગેરે વહાલા તો હોય પરંતુ કળારહિત વિપ્રની જેમ એઓ બહુ તો ભોજનાદિના સત્કારને પાત્ર કહેવાય. જ્યોતિષીઓ અભિચિનક્ષત્રનો ગણત્રીમાં લેતા નથી. એમ મારા પિતાએ પણ મારા જેવા તેજસ્વી અને શક્તિમાનને ગણ્યો નહીં. પિતા સ્વામિ જ જયાં અન્યાય કરે એમાં શો અપવાદ ! અથવા ઉત્તમ સુવર્ણાદિ ભાંડોની અશુચિ ગણાતી નથી. હવે મારાથી આ કેશીની મારા પિતાની જેવી સેવા થાય નહીં જો ઉઠાવું તો ઉદાયન રાજાના પુત્ર તરીકે મારી શોભા શી ! મારે માટે હવે વિદેશગમન કરવું શ્રેયસ્કર છે. કેમકે હંસ કાગડાના આધીનમાં રહે નહીં. વળી જો હું કદાપિ અહીં રહીશ તો ખળપુરુષો મારો ઉપહાસ કરશે કે સુઈ રહેલા અજગરની જેવા અભીચિનું રાજ્ય કેમ જતું રહ્યું ? જેમનામાં માન લાજ કે પુરુષાર્થ–કંઈ ન હોય એઓ જ પરાભૂત અવસ્થામાં શ્વાનની જેમ સ્વદેશમાં બેસી રહે.

એમ વિચારીને એ હવે વીતભયનગરનો ત્યાગ કરીને એની માસીના પુત્ર કુણિકને ત્યાં જશે. કુણિક પણ એને ગૌરવ સહિત સાચવશે. કારણકે મા અને માસીમાં અંતર શું ? કુણિકને ત્યાં એ આનંદમાં પોતાને ઘેર રહેતો હોય એમ રહેશે. લોકો સ્વજનો શોધે છે એ એટલા જ સારું. શોક ત્યજી જીવાજીવના તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી શુદ્ધ ક્રિયા કરતો અને હરકોઈના કાર્ય કરી દેતો એ ત્યાં બહુવર્ષ પર્યન્ત રહી શ્રાદ્ધ ધર્મ અંગીકાર કરશે. ઉદાયન અને પ્રભાવતીનો પુત્ર એમ એટલું કરશે એ બહુ યોગ્ય કહેવાશે. પણ ધર્મ કાર્ય કરતો છતાં, ચન્દ્રમાંથી કલંક જવાનું નથી. એમ એના મનમાંથી પિતાસંબંધી કલુષતા જશે નહીં. પ્રાંતે આરાધના કરી પોતે કરેલી ધર્મની ખંડનાનું સૂચવન કરતો હોય નહીં એમ પંદર દિવસ અનશન કરી રહેશે. ઉપવાસને પંદરમે દિને એ પિતૃગોચર અપરાધ ખમાવ્યા વિના મૃત્યુ પામીને ભુવનપતિમાં મહર્દ્ધિક દેવતા થશે. એના ક્રોધને લીધે એને સદ્‌ગતિ મળશે નહીં. મહર્દ્ધિક દેવતાનું એક પલ્યોપમનું આયુષ્ય પાળીને ત્યાંથી પાછો મહાવિદેહમાં આવી સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.

હે અભયકુમાર ! આ પ્રમાણે અમે તને ઉદાયનરાજર્ષિનું ચરિત્ર;

ભૂતકાળનું અને ભવિષ્યમાં બનવાનું, તમારી સન્મુખ કહી દીધું.

અભયકુમારે પણ કહ્યું–હે ભગવાન ! આપનો મારા પર ઉપકાર થયો. અથવા તો આપની સુપ્રસન્ન દૃષ્ટિ કોની ઉપર નથી ?

પ્રભુનું ઉપદેશાત્મક વ્યાખ્યાન શ્રવણ કર્યાથી, જેના વ્રત ઉચ્ચારવાના પરિણામ થયા છે એવા અભયકુમારે, પછી ઊભા થઈ ત્રણ પ્રદક્ષિણા દઈ, નમી, પ્રભુને વિજ્ઞાપના કરી;–

"હે પ્રભુ ! આ અસાર સંસારરૂપ સમુદ્રમાં અથડાતા પ્રાણીઓને આપ જહાજ સમાન છો; કષાયરૂપી અગ્નિથી તપી રહેલા પ્રાણીઓને જળની જેમ ઠંડક આપનારા છો; મહામોહરૂપી અંધકારથી જેમની દૃષ્ટિ વ્યાપ્ત થઈ ગઈ છે એવાઓને સૂર્યસમાન પ્રકાશ આપનારા છો; કામરૂપી ગ્રહની સત્તામાં બંધાઈ રહેલાઓને ઉત્તમ મંત્રની જેમ મુક્ત કરનારા છો; અનેક શોક સંતાપરૂપી રજને વાયુની જેમ હરી લેનારા છો; જન્મ, જરા મરણરૂપી કંદને અગ્નિની જેમ દગ્ધ કરનારા છો. વળી આપ એક બીજની જેમ સમસ્ત મંગળિકરૂપી અંકુરાને ઉત્પન્ન કરનારા છે. એક પ્રતિભૂ જામીનની જેમ આરોગ્યરૂપ અનેક સંપત્તિના અપાવનારા છો, સ્વર્ગ અને અપવર્ગના સુખો આપવાને શક્તિવાન છે. અરે ! અમારા સર્વ મનવાંછિત પૂર્ણ કરવામાં આપ તો એક અનન્ય કલ્પદ્રુમ જ છે, હું તો એક બંદિવાનની જેમ હવે આ ભવનાં દુ:ખોથી મુંઝાઈ ગયો છું; એક દેવાદાર કે નિર્ધન કૌટુંબિક, કે બહુ કન્યાના પિતાની જેમ. વળી હવે મને આ ગૃહવાસ પ્રચંડ અગ્નિની જવાળાથી બળી રહેલા ઘર જેવો જણાય છે. મારે મન કામ દુષ્ટ શત્રુ જેવો, સ્ત્રીઓ રાક્ષસીસમાન, ભોગોપભોગ રોગના ઘર, સંયોગ કૌચના બીજ જેવા, લક્ષ્મી સૌંદર્યહીન અને રાજાની કૃપા વિષાદ જેવી છે. હવે તો હે પ્રભુ ! મને આ અપાર સંસારથી ગમે એમ કરીને તારો, જો મારામાં દીક્ષાની યોગ્યતા આપને જણાય તો દીક્ષા આપો."

અભયકુમારનાં આવાં નિર્વેદપૂર્ણ વચનો સાંભળી પ્રભુએ કહ્યું–તું આ અસાર સંસારથી ઉદ્વેગ પામ્યો છે એ તારા જેવા વિવેકીને યોગ્ય છે. તારા જેવા બુદ્ધિમાન દીક્ષા લેવાને યોગ્ય છે જ; ચક્ષુવાળા પ્રાણીઓ

મુખમંડનને લાયક છે એમ હે દેવાનાં પ્રિય ! હે દૃઢ નિશ્ચયવાન્ ! તારા મનોરથોમાં કંઈ વિઘ્ન ન આવો. વળી હવે તું ક્યાંય આસક્તિ કરીશ નહીં.

અભયકુમારે પછી 'હું માતપિતાની પાસેથી અનુજ્ઞા મેળવું ત્યાં સુધી આપના પાદપંકજ સમીપ રહી જન્મ સફળ કરીશ.' એમ શ્રી વીરને વિજ્ઞપ્તિ કરી પછી એમને નમી મેરૂસમાન અચળ મન કરી, હવે મને ક્યારે ચારિત્ર પ્રાપ્ત થશે એવા હર્ષાવેશથી રોમાંચિત થઈ પોતે ઘેર ગયો.

❈ ❈ ❈

**શ્રી અભયકુમાર મંત્રીશ્વર જીવનચરિત્રનો**
**અગ્યારમો સર્ગ સમાપ્ત**

## સર્ગ બારમો

ઘરે જઈને અભયકુમારે માતપિતાને વિજ્ઞપ્તિ કરી કે-શ્રી વીર જિનેશ્વર ઉદાયનરાજર્ષિને કહ્યું હતું કે 'ધર્મમાં ઢીલ શી ?' તો મારે પણ હવે વિના વિલંબે-ઢીલ કર્યા વિના ધર્મનું કામ કરવું છે-વ્રત લેવું છે. જો હું રાજ્યનો સ્વીકાર કરીશ તો વિલંબ થશે અને એ ધર્મનું કામ-દીક્ષા રહી જશે. અત્યારે શ્રી વીર તીર્થંકર જેવા ગુરુનો યોગ છે, અને હું આપના જેવા મહારાજાનો પુત્ર હોઈ દીક્ષા લઈશ એટલે ધર્મની સાથે કીર્તિ પણ પ્રાપ્ત થશે; માટે મને કૃપા કરી અનુજ્ઞા આપો તો સત્વર ચારિત્ર ગ્રહણ કરી શ્રીવીરને શરણે જાઉં. આ લોકની જેમ પરલોકને હું ન સાધું તો મારા જેવો મૂર્ખ બીજો કોણ ? આપની કૃપાથી મેં જેમ આ લોકનાં સુખ ભોગવ્યાં છે તેમ શ્રી વીર પ્રભુની કૃપાવડે પરલોકનાં સુખ ભોગવવા ઈચ્છું છું.

નિરંતર માતપિતાની ભક્તિમાં અનુરક્ત, નિર્મળ-સરલ સ્વભાવી, બુદ્ધિચાતુર્યના ભંડાર, દીર્ઘદષ્ટિ અને લોકો જેનાં દર્શનથી પોતાને ભાગ્યશાળી માનતા એવા અભયકુમારના મનોરથ સાંભળીને એના માતપિતાએ શોકથી ગદ્ગદિત થઈ કહ્યું-હે વત્સ ! જે રાજ્ય મેળવવાના લોભથી બાપ દીકરો, કાકો-ભત્રીજો, મામો-ભાણેજ, ભાઈઓ અને મિત્રો એકબીજાના પ્રાણ સુદ્ધાં લેવા તત્પર થાય છે એવું સુંદર, મોંઘું રાજ્ય તું, આપવા છતાં પણ લેતો નથી અને કહે છે કે રાજ્ય સ્વીકારું તો દીક્ષા રહી જાય. પરંતુ હે વિચક્ષણ પુત્ર ! તારા મનોરથ, યદ્યપિ કેવળ કલ્યાણરૂપ છે છતાં યે કોણ જાણે કેમ અમારા મોંમાંથી 'હા' નીકળતી નથી, પણ નકારરૂપ કઠોર શબ્દ નીકળે છે. માટે અમે વિદ્યમાન રહીએ ત્યાં સુધી થોભી જા, કે જેથી અમે નિરંતર તારું વિકસ્વર વદનકમળ હર્ષપૂર્વક નીહાળતા સુખમાં રહીએ. તું અમારા અવસાન પછી સુખે ચારિત્ર લેજે.

માતપિતાનાં નિષેધાત્મક વચનો સાંભળીને અભયકુમારે કોમળ શબ્દોમાં કહ્યું-સકળ પૃથ્વીને આનંદ આપનારા તમારા જેવા પિતા અને સર્વ પ્રાણી પર વત્સલભાવ રાખનાર મારાં માતા મને જે આદેશ કરો છો એ સર્વ સુંદર વાત છે. કારણ કે માતપિતા નિત્ય પુત્રનું શ્રેય કરવામાં તત્પર હોય છે. પરંતુ તમે મને જે 'અમે વિદ્યમાન રહીએ ત્યાંસુધી...' ઈત્યાદિ પ્રેમપૂર્વક

કહ્યું એ અનિશ્ચયાત્મક છે કેમકે આયુષ્યની ગતિ વિષમ છે. યુવાન, પ્રૌઢ કે વયોવૃદ્ધ-કોઈનું જીવિત ભલે ઓછું કે વધતું, નિયત-ચોક્કસ કરેલું નથી. બધું અનેકાંત છે માટે સમુદ્રનાં વાયુ પ્રેરિત તરંગોની જેવું આયુષ્ય ક્ષણભંગુર છે, એમાં પ્રતિક્ષણ મૃત્યુની જ વાટ જોઈ રહેવાની છે. વળી મારા ચારિત્ર ગ્રહણ કર્યા પછી જ્યારે તમે મને સાધુનો સંપૂર્ણ આચાર પાળતો શ્રીમાન વીર પ્રભુની ભક્તિપૂર્વક સેવા કરતો જોશો ત્યારે તમને હર્ષ થશે. માટે, પૂર્વે શ્રી નારાયણે જેમ સાંબપ્રદ્યુમ્ન વગેરેને, પાસે રહી દીક્ષા અપાવી હતી એમ, મને પણ તમે અપાવો.

આ પ્રમાણે, અભયકુમારે અતિ ગાઢ આગ્રહપૂર્વક માતપિતાને સમજાવ્યા, અને અંતે એમની સંમતિ મેળવી. સારા કામમાં સો વિઘ્નો આવી પડે છે એ સમજી, લેશ પણ વિલંબ કર્યા વિના, અભયકુમારે, પિતાની અનુજ્ઞા લઈને પોતાના સર્વ આવાસોમાં પોતા થકી અઠ્ઠાઈ મહોત્સવ કરાવ્યો, અને બહુમાન ભક્તિ પુરસ્સર આશ્ચર્યકારક સાધર્મી વાત્સલ્ય કર્યું.

શ્રેણિક રાજાએ પણ પોતાના કુટુંબીપુરુષોને તેડાવીને અભયકુમાર ચારિત્ર ગ્રહણ કરવાનો છે એવા સુંદર પ્રસંગને લઈને નગર શણગારાવ્યું. એમણે, વૈદ્ય રોગીનો દેહ શુદ્ધ કરે છે એમ રાજમાર્ગ આદિ સર્વ સ્થળો સાફસુફ કરાવ્યા અને વર્ષા કરે એવો જળનો છંટકાવ કરાવ્યો, વળી એની ઉપર સુગંધિ દ્રવ્યો તથા સુંદર પુષ્પો કુંકુમ વગેરે છંટાવ્યાં. બજારે બજારે સુંદર મંડપોની તોરણ તથા લાલકસુંબાના ઉલ્લોચ બાંધવામાં આવ્યા વળી સર્વત્ર વિવિધરંગની, સિંહ, અશ્વ વગેરેની આકૃતિવાળી ધ્વજા-પતાકાઓની પણ શોભા કરવામાં આવી.

પછી અભયકુમારને ઉત્તમ સામગ્રી વડે રાજાએ અંતિમ સ્નાન કરાવ્યું. કેમકે વત્સલતા બતાવવાનો એજ સમય હતો. કોમળ કરવાળા પુરુષોએ એને સુગંધિ તેલનું મર્દન કર્યું. મર્દન કર્યા પછી વળી એમણે, એને વિષે સ્નેહભાવ ધરનારા છતાં મૃદુ પીઠી ચોળીને સ્નેહ ઉતારી નાખ્યો. પછી સિંહાસન પર બેસાડીને એને એકસોને આઠ મૃત્તિકા સોનારૂપા અને મણિમય કુંભો વડે એકી સાથે બબ્બે ત્રણ ત્રણ લઈને સ્નાન કરાવ્યું; દેવમંદિર પર જાણે મેઘ વર્ષા વરસાવતા હોય નહીં ! એમ સ્નાન કરી

રહ્યા પછી મૃદુ અને સૂક્ષ્મરૂંવાટીવાળા ગંધવસ્ત્ર વડે એનું શરીર લુંછવામાં આવ્યું અને એના કેશપાશને વસ્ત્રમાં વીંટીને નીચોવવામાં આવ્યા, તે વખતે એમાંથી જળ ટપકવા લાગ્યું તે જાણે અલ્પસમયમાં પોતાનો ત્રોટ-લોચ થવાનો છે એના દુઃખને લીધે આંસુ સારતાં હોય નહીં ! વળી એક આશ્ચર્યકારી કાર્ય કરવામાં આવ્યું તે એ કે એનું શરીર સુગંધયુક્ત હોવા છતાં પણ, એને સર્વાંગે ગોશીર્ષ ચંદનનું વિલેપન કરવામાં આવ્યું. વળી એના કેશને શોભીતી રીતે ઓળી ઠીક ઠીક કરી એમાં પુષ્પ ભરાવવામાં આવ્યાં તે જાણે એમનો તુરત જ લોચ થવાનો છે માટે હર્ષ પૂર્વક એઓ સુવાસનો અનુભવ કરી લે એટલા માટે જ હોય નહીં ! એના મસ્તકે પુષ્પનો મુગટ તથા વક્ષ-સ્થળ પર પુષ્પનો હાર પહેરાવવામાં આવ્યો તે જાણે પુણ્યલક્ષ્મીના આદરસત્કારને અર્થે હોય નહીં !

એને જે વસ્ત્ર પહેરાવવામાં આવ્યાં તે પણ સર્વથા સુંદર-અશ્વલાલા જેવા મૃદુ, ફૂંક મારીએ ત્યાં ઊડી જાય એવાં હળવાં, જરીકસાબથી ભરેલાં છેડાવાળાં, અને હંસસમાન નિર્મળ અને શ્વેત. પછી એનું ચંદન, અક્ષત અને દધિ વગેરેથી કૌતુકમંગળ કરવામાં આવ્યું. વળી એને સૌ સૌને સ્થાને ઉત્તમોત્તમ આભૂષણો પણ પહેરાવવામાં આવ્યાં; મસ્તકે સર્વાલંકાર શિરોમણિ ચૂડામણિ, ભાલપ્રદેશે વિશાળ મુકુટ, કર્ણે મનહર કુંડળ, કંઠે સ્વર્ણનો ગળચવો, હાર અર્દ્ધહાર રત્નાવળી અને એકાવળી મોતીની માળા, બંને ભુજાએ અંગદ-કેયૂર અને ત્રીજી બાહુરક્ષિકા રાખડી, કળાંચીએ મણિજડિત વલય, અને હાથપગની આંગળીઓએ વજ્રરત્નાંકિતમુદ્રા.

આ પ્રમાણે શ્રેષ્ઠ વસ્ત્રાલંકાર પરિધાન કરી અભયકુમાર સજ્જ થયો એટલે એને માતપિતાએ અશ્રુપૂર્ણ નયને જોઈ રહી, પૂછ્યું-હે પ્રિયવંદ વત્સ ! કહે હવે તારે શું જોઈએ ? એણે કહ્યું-મારે માટે રજોહરણ અને પાતરા મંગાવો, શેષ વસ્તુઓ હવે શેષ નાગની જેમ દૂર રહો. સદ્ય રાજાએ બજારમાંથી [૧]કુત્રિકાપણથી લક્ષમૂલ્ય આપીને રજોહરણ અને પાતરા મંગાવ્યા.

---

૧. આ કુત્રિકાપણનો અર્થ જાણવાની ઈચ્છાવાળાએ શ્રી વિજયદાનસૂરીશ્વરકૃત શ્રી વિવિધ પ્રશ્નોત્તરનો ૨૦૧ પ્રશ્નોત્તર જોવો.

એજ વખતે, આ ખાસ પ્રસંગને માટે રાજાએ તૈયાર કરાવેલી, સહસ્ર પુરુષોએ ઊંચકેલી એક શુભકારી શિબિકા આવીને ઊભી રહી, જેને જોતાં જ લોકોનાં ચક્ષુઓ થંભાઈ ગયાં. ઉપર મૂલ્યવાન ઉલ્લોચ અને પડદાને સ્થળે મોતીની ગુંથણીની લટકતી હારમાળાઓથી એ શોભી રહી હતી. સ્તંભે સ્તંભે અત્યંત સુંદર આકૃતિવાળી પુતળીઓ અને અગ્ર સ્તંભે સુઘટિત મનહર વિદ્યાધર વિદ્યાધરીનાં જોડલાંથી એ વિરાજી રહી હતી. મધ્ય ભાગમાં આવી રહેલા શ્રેષ્ઠ સિંહાસન, સર્વત્ર ધમકતી સુંદર ઘુઘરીઓ, ચોદિશ મૂકેલા મોટા ગવાક્ષો, અને મધુર ટંકાર સ્વરથી આકાશને પૂરી નાખતી ઘંટા–આ સર્વથી એ અનુપમ દીપી રહી હતી. ઉલ્લસિત કિરણોવાળો સુવર્ણકળશ અને મંદ વાયુને લીધે ફરફરી રહેલી શ્વેત ધ્વજાપતાકાને લીધે એ અતીવ ઝળકી રહી હતી. એના પર મનુષ્ય, હસ્તિ, સિંહ, અશ્વ, ગાય, ચિત્તા, મયૂર, પોપટ, વાનર, હંસ, મૃગ, મત્સ્ય, કિન્નર, ચામર આદિ પ્રાણીઓનાં; ચંપક, પદ્મ આદિ અનેક લતાઓનાં અને સ્વસ્તિક આદિ મંગળચિન્હોનાં આળેખેલાં મનહર ચિત્રોને લીધે એ અદ્‌ભૂત ઓપી રહી હતી. વિશેષ શું કહીએ ? અસામાન્ય શિલ્પકળાની એ એક પ્રતિમા હતી–સમાન ગુણવત્તાને લીધે દેવવિમાનની જાણે નાની બહેન હતી !

આવી અનુપમ–વિશિષ્ટ રચનાવાળી એ શિબિકાને પ્રદક્ષિણા કરીને સમસ્ત વિધિનો જાણ અભયકુમાર દેવેન્દ્રની જેવી લીલાથી એના પર ચઢી ગયો, અને સૂર્ય ઉદયાચળને અલંકૃત કરે એમ એણે સિંહાસનને અલંકૃત કર્યું, એ વખતે સકળ પ્રજાવર્ગ એને વિકસિત નેત્રે જોઈ રહ્યો. તરત જ હંસસમાન ઉજ્જ્વળ વસ્ત્રોને લઈને એક પ્રૌઢ સ્ત્રી શિબિકાની પ્રદક્ષિણા કરીને, ઉપર ચઢી અભયકુમારની જમણી બાજુએ બેઠી, અને રજોહરણ તથા પાતરા હાથમાં લઈ એવી જ એક બીજી મહતરા સ્ત્રી ચઢીને અભય–કુમારની ડાબી બાજુએ બેઠી. વળી એક ત્રીજી સુંદર વસ્ત્રધારી, સર્વાંગસંપૂર્ણ અને દેવાંગના સમાન સૌંદર્યવાન સ્ત્રી એની પાછળ બેઠી અને એને મસ્તકે છત્ર ધરી રહી. અન્ય પણ, સપ્રમાણ આકૃતિ અને રૂપલાવણ્યને લીધે અપ્સરાઓ જ હોય નહીં એવી શંકા કરાવતી, બે સ્ત્રીઓ અભયકુમારની બંને બાજુએ બેઠી, અને એને નાના પ્રકારના રત્ન તથા

મણિઓએ જડેલા-સુવર્ણ દંડવાળા, ચંદ્રમાના કિરણોનો સમૂહ હોય નહીં એવો ભાસ કરાવતા, ચામરો વીંજવા લાગી. એક તરૂણી વળી સ્વચ્છ જળપૂર્ણ સુવર્ણની ઝારી લઈને એની વાયવ્ય દિશાએ બેઠી. શ્રેષ્ઠ શૃંગારમાં સજ્જ થઈ આવેલી એક વળી ઉત્તમ કાંચનના હાથાવાળો વીંજણો લઈ એને વાયુ ઢોળતી અગ્નિકોણે બેઠી.

આમ સર્વ આવશ્યક વ્યવસ્થા થઈ રહી કે સદ્ય નૃપતિએ આજ્ઞા કરી એટલે સમાન વય અને રૂપાકૃતિવાળા તથા એક સરખા વસ્ત્રાભરણોથી શોભતા, સહસ્ર યુવાનોએ શિબિકા ઉપાડી. તત્ક્ષણ મત્સ્ય, ભદ્રાસન, આદર્શ, વર્ધમાન, કુંભ, શ્રીવત્સ, સ્વસ્તિક અને નંદ્યાવર્ત-આ આઠ આગળ થયા. એની પાછળ હસ્તિ, સિંહ, અશ્વ વગેરેનાં ચિત્રામણવાળી અનેક વિવિધરંગી ધ્વજાપતાકા ચાલી. એની પાછળ રથ અને રથવાળા, એની પાછળ વળી અશ્વો અને અશ્વારો ચાલ્યા. અને બે બાજુએ હસ્તિઓ અને હસ્તિના મહાવતો ચાલ્યા. ત્યારપછી ઈક્ષ્વાકુ-યદુ-ભોગ-ઉગ્ર વગેરે કુળના સામંતો પોતપોતાના વાહન પર આરૂઢ થઈ ચાલવા લાગ્યા. એમની પાછળ ભાલાવાળા, ધનુષ્યવાળા, દંડવાળા, તીરકામઠાવાળા, શક્તિવાળા અને મગદ્ળવાળા ચાલવા લાગ્યા. એમની પછી વળી ઠેકતા, કુદતા, હસતા અને આનંદ કરતા, એકબીજાથી આગળ નીકળવાનો યત્ન કરતા પાયદળના માણસો ચાલ્યા. અને એમની એ પાછળ મોટા ધનવંતો, સેનાનાયકો, શ્રેષ્ઠિ વર્ગ, સાર્થવાહ, મંત્રીઓ અને મંત્રીશ્વરો ચાલ્યા.

પછી માર્ગને વિષે કોઈની દુષ્ટ દૃષ્ટિ ન લાગે એટલા માટે બહેન, વારંવાર હર્ષપૂર્વક અભયકુમારનાં લુણ ઉતારવા લાગી. અને માતા નંદાએ પણ એને આશીર્વાદ આપ્યો કે- વત્સ અભયકુમાર ! તું બાહુબલિ, સનતકુમાર વગેરેની જેમ યાવત્જીવ ચારિત્ર પાળજે. સિંહની જેમ ચાલી નીકળ્યો છે તો હવે વિહારમાં પણ સિંહત્વ દાખવજે. રાજલક્ષ્મીનો પરિત્યાગ કરીને તું પ્રવ્રજ્યા લેવા ઉદ્યત થયો છે એમાં તેં નિશ્ચયે પૂર્વ પુરુષોના લુપ્તપ્રાય થઈ ગયેલા આચાર વ્યવહારનો ઉદ્ધાર કર્યો છે. અત્યારસુધી તેં દ્રવ્યશત્રુઓને તો બહુબહુ પરાજય પમાડ્યા છે. હવે ભાવશત્રુઓનો પરાજય

કરી વિજય પતાકા પ્રાપ્ત કરજે અને મોસાળપક્ષ તથા પિતૃપક્ષ-એમ બંને કુળોને દીપાવજે.

એટલામાં તો जय, जय, नन्द, नन्द આનંદમાં રહેજે, વિજય પ્રાપ્ત કરજે એવા માંગલિક શબ્દો બારોટ-ભાટ-આચાર્ય-ચારણ વગેરે વર્ગના લોકોના મુખમાંથી બહાર પડવા લાગ્યા. નાન્દી, તૂરી આદિ વાજીંત્રોનો નાદ સાંભળવા લાગ્યા અને અનેક જોવા લાયક દૃશ્યો-તમાસા થવા લાગ્યા-એમાં અભયકુમાર ઉત્તરાનક્ષત્રના મેઘ જેમ ધોધબંધ વર્ષાદ વરસાવે છે એમ, થોકબંધ દ્રવ્ય વેરતો, યશ-કીર્તિથી દિશાઓને પૂરતો હોય નહીં એમ અર્થીજનોના મનોરથ પૂરતો, પિતાને મંદિરેથી પરમપ્રેમપૂર્વક સમવસરણ ભણી ચાલ્યો. એટલે નગરની તરૂણ અને વૃદ્ધ-સર્વે સ્ત્રીઓમાં ખળભળાટ ઉઠ્યો. કેમકે સ્ત્રીઓને કૌતુક પહેલું છે. એ વખતે એમનામાં માંહોમાંહે આ પ્રમાણે આલાપ-સંલાપ થયા. વાતો થવા લાગી;-

બહેન, તું ઉતાવળી ઉતાવળી ચાલી તો જરા મારી વાટ પણ નહીં જોઈ ? અલિ ! અભયકુમારને જોવાની બહુ ઉત્કંઠાવાળી પૂરાં વસ્ત્ર તો પહેર; આ તારા કેશ છુટી ગયા છે એ તો બાંધી લે. સખી ! તને તારાં સાસરીઆંની શરમ નથી આવતી ? હે ગજગામિની ! તને આ કુતૂહલ જોવા જવાની બહુ ઈચ્છા છે એમ તારાં વર્તન પરથી જણાય છે પરંતુ કાનમાંથી કુંડળ નીકળી ગયું એનું તો કંઈ ભાન નથી. અલિ ! સૌભાગ્ય મદઘેલી, 'કંઠમાંથી હાર નીચે પડી ગયો એ ધ્યાનમાં છે ? અરે સ્થુલાંગિ ! અભયકુમારને જોવો હોય તો ઉતાવળી ઉતાવળી દોડ, અરે ! કુતૂહલ જોવા દોડતી આવનારી, ધ્યાન રાખીને બધું જોઈ લેજે. ફરી ફરી આવું જોવાનું નહિ મળે. અલિ મુગ્ધા ! આમ ક્યાં સુધી નેત્ર વિકાસી વિકાસીને ત્યાં જોઈ રહીશ ? આ તારું કટિવસ્ત્ર ખસી જવાથી લોકો ઉપહાસ કરી રહ્યા છે એતો ભાળ ! અરે નિર્લજ્જ ! આ તારા વડીલ જોઈ રહ્યા છે ને તું કેમ દોડાદોડ કરી રહી છે ? મને પણ તારા પર બહુ ક્રોધ થાય છે ! અલિ પતિની માનીતી, તને કંઈ ધન યૌવનનો બહુ ગર્વ આવી ગયો છે કે આવડું મોટું ગવાક્ષ એકલી રોકી રહી છે ? જ્યાં ત્યાં કૌતુક જોવા જવા આવવામાં જ તારો જીવ છે-અન્યત્ર ક્યાંય

પણ નથી. એટલે જ તારું શરીર આમ વધી જઈને અત્યંત સ્થુળ થઈ ગયું છે એ વાત તારા લક્ષમાં નથી. અરે વૃદ્ધા ! આખો જન્મારો કૌતુક જોઈ જોઈને હજુ તૃપ્તિ ન પામી કે આમ વર્ગ રૂંધીને સૌની આગળ આવી ઊભી છે ? અલિ ગર્વિષ્ટ ! તારી માતાએ કે કોઈએ તને કદિ પણ શિખામણ આપી છે કે નહીં ? મારા જેવી વૃદ્ધાને અસહ્ય શબ્દ પ્રહાર કરતી શા માટે વારંવાર ધક્કા મારે છે ? હં પંડિતા ! તું તો બહુ વાચાળ ઠરી ! હવે તો તારો લવારો બંધ કર. આ અભયકુમાર આવ્યો એને હવે ધારીધારીને જો.

આ પ્રમાણે સ્ત્રીઓ વિવિધ વાર્તાલાપ કરી રહી હતી એવામાં અભયકુમાર નજદીકમાં આવ્યો. એટલે સકળ સ્ત્રી પુરુષો તત્ક્ષણ એકાગ્રચિત્તે જોઈ રહ્યા તેથી એઓ જાણે નિશ્ચિત પથ્થરના પુતળાં હોય નહીં એવો દેખાવ થઈ રહ્યો. "જેણે ધર્મ, અર્થ અને કામ–એ ત્રણે પુરુષાર્થો સાધવાપૂર્વક રાજ્ય ચલાવી સર્વ જગત પર એકલો પરોપકાર જ કર્યો છે એવા આ અભયકુમાર પોતાનો મનુષ્ય જન્મ સફળ કરવા ચાલ્યા એમ કહી કહી હજારો લોકો એમને આંગળી ચીંધવા લાગ્યા. પદેપદે સહસ્ર નેત્રો એમને જોઈ રહ્યા, તે જાણે કુમુદપુષ્પો, ચંદ્રમાને, કે કમળપુષ્પો સૂર્યને જોઈ રહ્યાં હોય નહીં ! ધન્ય છે એને ! ધન્ય છે એનાં ઉત્તમ લક્ષણોને, એની વિદ્વત્તાને, એનાં શૌર્યને, એનાં ધૈર્યને અને એની બુદ્ધિને ! કે સમૃદ્ધિથી ભરેલા મનહર રાજ્યને જીર્ણ પ્રાયઃ રજ્જુની જેમ ત્યજી દઈને આજે, સર્વ સંપત્તિના મૂળ એવા શ્રીમાન્ મહાવીરની સમક્ષ દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્ત કરવા ચાલી નીકળ્યો છે ! એ પ્રમાણે કહીને લોકો પ્રમોદપૂર્વક એની સ્તુતિ કરવા લાગ્યા.

વળી "આ અભયકુમારની જેવી આપણી પણ મતિ થાઓ કે જેથી આપણે પણ આ સંસાર સાગરનો પાર પામીએ." એવા મનોરથોપૂર્વક ધર્મિષ્ઠજનો એની પ્રશંસા કરવા લાગ્યા. ઐહિક ફળની આકાંક્ષાવાળા વળી એમ કહીને એના ગુણોને અનુરાગ કરવા લાગ્યા કે એના સમાન ભવ્યરૂપ, સુંદર કાંતિ, આકર્ષક લાવણ્ય, અને ઉત્તમ સૌભાગ્ય આપણને પ્રાપ્ત થાય તો કેવું સારું ! એના સદ્‌ગુણોથી આકર્ષાયેલા સ્ત્રી પુરુષો વળી

સૂર્યની જેમ એના ભણી પણ અંજલિ જોડી રહ્યા હતા. એ સૌને અભયકુમાર પોતે પણ સામું નમન કરી સત્કાર કરવા લાગ્યો. વળી કોઈ કોઈ તો "હે સુબુદ્ધિ અભયકુમાર, તું ઘણા દિવસો પર્યન્ત, બહુ બહુ માસ પર્યન્ત, બહુ છમાસી પર્યન્ત, અનેક વર્ષો પર્યન્ત ચારિત્ર પાળજે." એમ આશીર્વાદ દેવા લાગ્યા.

આ પ્રમાણે પ્રજાવર્ગની પ્રશંસા, સ્તુતિ, અભ્યર્થના, આશીર્વાદ આદિ મેળવતો, પ્રભાવના કરતો, ઉત્કૃષ્ટ ભાવના ભાવતો, સંસારની અસારતા અને વિષયની કટુતા બતાવી આપતો, એક તરફથી અદ્વિતીય પ્રમોદ અને બીજી બાજુએ પરમ સંવેગ ધારણ કરતો, તથા પોતાનાં સર્વ ચિરંતન ઉત્તમ કાર્યોથી લોકોને ચમત્કાર પમાડતો અભયકુમાર, આગળ પોતે અને પાછળ પિતા-શ્રેણિક, તેથી જાણે પોતે પિતાનો સન્માર્ગદર્શક દીપક હોય નહીં એમ, પ્રભુના સમવસરણની નજદીકમાં આવી પહોંચ્યો.

ત્યાં એનું સર્વોચ્ચ છત્ર દષ્ટિએ પડ્યું એટલે એ, વિધિજ્ઞ હોઈને, શિબિકામાંથી નીચે ઉતર્યો, તે જાણે વિમાનમાંથી ઈન્દ્ર ઉતર્યો હોય નહીં ! ઉતરીને રાજા વગેરે સર્વ પરિવારસહિત મોક્ષ લક્ષ્મીના દ્વાર જેવા સમવસરણના દ્વાર સુધી પગે ચાલતો ગયો. ત્યાં પુષ્પ-તાંબુલ વગેરે સચિત વસ્તુઓને ત્યજી, ઉત્તરાસંગ કરી એણે એકચિત્તે અંદર પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને જ્યાં જિનેશ્વરના મુખકમળનાં એને દર્શન થયાં કે તરતજ એણે અંજલિ જોડી, જાણે કર્મના સમુદાયને જલાંજલિ આપતો હોય નહીં ! એમ. પછી ત્રણ પ્રકારની શુદ્ધિને લીધે મનોહર જણાતા એ રાજપુત્રે અને સર્વ પરિવારે પુનઃ પુનઃ ભગવાનને નમન કરી, ત્રણવાર પ્રદક્ષિણા દીધી. ત્યારપછી મગધરાજ શ્રેણિક અને રાણી-નંદા આદિ સ્વજનોએ અંજલિ જોડી પ્રભુને નમી, સ્તુતિ કરી વિનંતિ કરી કે હે ભગવંત ! તમે સચિત્તના ત્યાગી છો તો પણ અમારી સચિત્ત ભિક્ષા સ્વીકારો-આ અભયકુમારને ગ્રહણ કરો. એમ કરશો એમાં અમે પણ તરી જઈશું. તીર્થંકર મૂકીને અન્ય કયું ઉત્તમ પાત્ર છે (કે જેને અમે અભયકુમારને આપીએ-સોંપીએ) ?

એ સાંભળીને, પરોપકાર કરવામાં તત્પર એવા જગન્નાથ વીરસ્વામીએ

કહ્યું- 'લાવો, લઈએ.' કેમકે ગુરુઓ (શિષ્યોનો) સંગ્રહ કરવામાં ઉદ્યત હોય છે. અભયકુમારે પણ ઊભા થઈ નમીને પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે - હે સ્વામી ! મારો સંસાર સમુદ્ર થકી નિસ્તાર કરો. એટલે જિનભગવાને પણ વામ ભાગે રહેલા એવા એ અભયકુમારના મસ્તક પર પોતાને હાથે વાસક્ષેપ કર્યો, તે જાણે પુણ્યના કણોનો ક્ષેપ કર્યો હોય નહીં ! પછી પ્રભુએ એને ચૈત્યવંદન, પ્રદક્ષિણા આદિ વિધિ કરાવી. કેમકે આવી વિધિ જિનભગવાનોથી જ ઉદ્ભવી છે. પછી પ્રભુએ એને, શ્રેણિકે આગળ આણીને મૂકેલો વેષ અપાવ્યો, તે જાણે મોક્ષ મેળવી આપવાની ખાત્રી માટેનું બહાનું જ હોય નહીં ! ગીતાર્થ મુનિઓએ એ વેષ એને ઈશાન દિશામાં લઈ જઈને પહેરાવ્યો; કેમકે ધર્મને વિષે પણ લજ્જા મોટી વાત છે. મુનિનો વેષ ધારણ કરીને ઈર્યાસમિતિ સાચવતો પ્રભુની સમક્ષ આવ્યો.

એ વખતે એ માનસરોવરમાં હંસ શોભે એમ સમવસરણમાં શોભી ઉઠ્યો. પછી ત્રિભુવનનાયકે પોતે એના મસ્તકના કેશ (ટુંપી ટુંપીને) દૂર કર્યા તે જાણે એના સર્વ-ન્યૂનાધિક ક્લેશો દૂર કર્યા હોય નહીં ! વળી પછી એને પ્રભુએ રીત્યાચાર પ્રમાણે સામાયિકસૂત્ર ઉચ્ચરાવીને પચંમહાવ્રત ગ્રહણ કરાવ્યાં. એટલે હવે ગૃહસ્થ મટીને ત્યાગી સાધુ થયેલાને (અભયકુમાર મુનિને) ઈન્દ્રાદિ દેવોએ અને શ્રેણિક વગેરે મનુષ્યોએ હર્ષપૂર્વક વંદન કર્યું. મુનિએ પણ એમને અનેક ઉત્તમ મનોરથોને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષસમાન-એવો ધર્મ લાભ દીધો. પછી એણે અંજલિ જોડીને પ્રભુને નમી વિજ્ઞાપના કરી કે હે ભગવંત ! હવે ધર્મ સંભળાવો એ પરથી પ્રભુએ દેવદુદુંભિના નાદ સમાન ગાજી ઉઠતી વાણીવડે, કર્મરૂપી તંતુઓને કાતરી નાખવામાં કાતર સમાન-એવી ધર્મદેશનાનો આરંભ કર્યો;-

હે મહાભાગ ! આ ચૌરાશીલક્ષ જીવયોનિવાળા સંસારમાં ત્રસયોનિનો અવતાર બહુ દુર્લભ છે. એમાં પણ પંચેન્દ્રિયતા દુર્લભ છે. એમાં વળી મનુષ્યત્વ, આર્યદેશમાં જન્મ, ઉત્તમકુળ અને ઉત્તમ જાતિની પ્રાપ્તિ એટલાં વાનાં દુર્લભ છે. એમાં પણ ઉત્તમ આરોગ્ય ઈન્દ્રિયોનું અક્ષતપણું અને સાધુનો યોગ દુર્લભ છે. એમાં પણ ધર્મ શ્રવણની રૂચિ થવી, એમાં પણ ધર્મ શ્રવણનો યોગ, એમાં પણ ઉત્તમ ક્ષાયિક ભાવ અને એમાં વળી

સંસારનો ત્યાગ અને મુનિવ્રતનું ગ્રહણ દુર્લભ છે. એમાં પણ ઉત્તમ ક્ષાયિક ભાવ અને એમાં પણ કેવળજ્ઞાન દુર્લભ છે. એમાં પણ જરા, મૃત્યુ, રોગ, શોક આદિ સર્વ વિપત્તિઓનો જ્યાં સર્વથા અભાવ છે એવું સર્વોત્તમ, અને શાશ્વત સુખનું ધામ મોક્ષપદ તો સૌથી દુર્લભ છે. આમ સર્વવાનાં એકબીજાથી તર-તમ-તાએ કરીને દુર્લભ જ છે. છતાં પણ તેં તો, આ સર્વમાંનું ઘણું ઘણું પ્રાપ્ત કર્યું છે ત્યારે હવે અન્ય રહ્યું એ પ્રાપ્ત કરવાને માટે, આ પંચમહાવ્રત તેં સ્વીકાર્યા છે તેના સંબંધમાં સવિશેષ યત્ન કરજે. શેઠની રક્ષિકા-અને રોહિણી પુત્ર વધુઓએ પાંચ શાળના કણના સંબંધમાં કર્યું હતું એમ તું પણ તારાં પાંચવ્રતના સંબંધમાં કરજે એમને સાચવીને પાળજે અને એમની વૃદ્ધિ કરજે. પ્રમાદ કરીને ઉજ્ઝિકાની જેમ તું એમને ત્યજી દેતો નહીં તેમ ભોગવતીની જેમ એઓનું ખંડન પણ કરતો નહિ, એ સાંભળીને અભય મુનિએ પૂછ્યું-હે જગન્નાથ, એ રોહિણી વગેરેનું શું વૃત્તાંત છે એ મને કૃપા કરીને કહો. પ્રભુએ પણ કહ્યું-હે સત્વવાન ! સાંભળ;-

આ જ ભરતક્ષેત્રમાં પૂર્વે રાજગૃહ નામના નગરમાં કુબેરનાં જેટલી ધનસંપત્તિવાળો એક ધન નામે શ્રેષ્ઠી વસતો હતો. એને એક આદર્શ મહિલા હોય નહીં એવી ધારિણી નામે પત્ની હતી. ધારિણીની કુક્ષિથી ગજદંત જેવા ઉન્નત અને ગુરુદેવગિરિસમાન શ્લિષ્ટ ધનપાલ, ધનદેવ, ધનઘોષ અને ધનરક્ષક નામના ચાર પુત્રોને અનુક્રમે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી નામની ચાર સુંદર સ્ત્રીઓ હતી. આવા પરિવારવાળા સુબુદ્ધિમાન શ્રેષ્ઠીએ કેટલોક કાળ સુખે નિર્ગમન કર્યો. એકદા એ રાત્રિને છેલ્લે પહોરે નિદ્રામાંથી જાગ્રત થયો તે વખતે એને એવા વિચારો આવ્યા કે-જેવી રીતે અનેક લાયકાતવાળા પુરુષોને લીધે ગૃહસંસાર નભે છે, તેવી રીતે, એવી જ લાયકાતવાળી સ્ત્રીઓ હોય તો એમનાથી પણ નિશ્ચય નભ્યો જાય.

પરિજન ભોજન કરી રહ્યા પછી પોતે ભોજન કરે, એઓના સૂતા પછી પોતે સૂએ, અને પ્રભાતે એમના પહેલાં જાગ્રત થાય એવી ગૃહિણી ખરેખર ગૃહલક્ષ્મી જ કહેવાય. પોતાનાં સ્વજનો, અતિથિ, સેવકવર્ગ અને

પશુઓની બધી ચિંતા પોતે જ કરે એવી ગૃહિણી નિશ્ચયે ગૃહલક્ષ્મી જ કહેવાય. મારા પુત્રોની માતા આવી લાયકાતવાળી હોઈને જ, મારી આટલી આખી જિંદગી પર્યન્ત મારો ગૃહસંસાર રૂડી રીતે ચાલ્યા કર્યો છે; ને કોઈની પણ ફરિયાદ આવી નથી. હવે મારી કઈ પુત્રવધુ, એવી જ રીતે ગૃહનો નિર્વાહ કરશે એ જાણવા માટે મારે એમની સર્વની પરીક્ષા કરવી જોઈએ. કેમકે ઘરનો આધાર સ્ત્રી પર છે.

આવા આવા વિચારો એના મનમાં ઉદ્‌ભવ્યા એટલે પ્રભાતે ઉઠીને રસોઈયાઓને બોલાવી રસોઈ કરાવી; વધુઓનાં પીયરીયા તથા અન્ય નાગરિકોને પણ જમવા નોતર્યા; અને સર્વને અનેક વસ્તુઓ આદરસહિત જમાડી, ધનને સાચવી એકઠું કરવાની ઈચ્છાવાળાઓનું પણ દિન લોકોને જમાડવાથી કંઈ ઘટી જતું નથી, જમીને મુખવાસ અત્તર, ગુલાબ લઈ સ્નેહીઓ મંડપને વિષે બેઠા એટલે શેઠે પોતાની જ્યેષ્ઠા પુત્રવધુને પાસે બોલાવી એને પાંચ શાળના દાણા આપીને કહ્યું "પુત્રી ! આ સર્વજનોની સાક્ષીએ તને આ કણ આપું છું–એ હું જ્યારે માગું ત્યારે મને પાછા આપજે." શ્વસૂરે કહ્યું એ સાંભળી કણ લઈ, રજા માગી, વધુ પોતાના ખંડમાં જઈ વિચારવા લાગી, "મારા સસરાજીનું રૂપ અને અંગોપાંગ સંકોચ પામતા જાય છે સંકુચિત થઈ ગયાં છે એટલું જ નહીં પણ એની ગતિ પણ શિથિલ થઈ ગઈ છે, કેશ ખરવા લાગ્યા છે, કાન કામ કરતા નથી. મુખમાંથી મિષ્ટ વચન ગયાં એની સાથે દાંત પણ ગયા છે; લાજશરમ ગઈ એની સાથે બુદ્ધિ પણ વહી ગઈ છે; કરોળીયાના મુખમાંથી નીકળે છે એમ એના મુખમાંથી પણ લાળ નીકળ્યા કરે છે; હાથ કૃશ થઈ જવાથી વલય મોટા પડે છે; મસ્તક પણ વૃક્ષની શાખાની જેમ હાલ્યા કરે છે એમ વૃદ્ધાવસ્થા પૂરી બેસી ગઈ છે. છતાં એમની આજ્ઞામાં ઐશ્વર્ય ન મળે. કોણ જાણે કેમ કોઈ એને આવું ન કરવા જેવું કરતાં અટકાવતું પણ નથી ? આડંબર તો બહુ કર્યો પણ આપ્યા ત્યારે પાંચ કણ ! ચકલીની પાસે ભારે મોટો ધડાકો કર્યો ! દ્રવ્ય ખરચીને ઉત્સવ કર્યો પણ આપવા તો મળ્યા ફક્ત કણ ! હણવો હતો એક ઉંદર માત્ર એમાં તો આખો ડુંગર ખોધો ! સાળના પાંચ કણ આપીને એને તો મને સૌની નજરમાં

હલકી પાડી છે ! શું મારા બાપને ઘેર એવા કણ મેં નથી ભાળ્યા ? લોકોમાં મારો ઉપહાસ કરાવનારા આ કણ હું તો સાચવી રાખનારી નથી; જ્યારે એ માગશે ત્યારે એવા બીજા ઘણાએ છે, એ આપીશ." આમ વિચાર કરીને એણે એ કણ ફેંકી દીધા.

વળી શેઠે બીજી વધુને બોલાવીને એને પણ એજ પ્રમાણે પાંચ કણ દીધા. એ લઈને એ પણ વિચારમાં પડી. "શું આજે સસરાજી ભાન ભૂલ્યા ? વૃદ્ધ થયા એટલે બુદ્ધિ ગઈ ? આટલો બધો નિરર્થક ખરચ એમણે શા માટે કર્યો ? મદ્યપાન કરનારાઓ સિવાય આવો નિરર્થક ખરચ કરનારા તો ક્યાંય ભાળ્યા નહીં ! વળી દેખાવ તો આ બહુ કર્યો, ને આપવાની વાત આવી ત્યાં કેમ કણ જ મળ્યા ! આ તો 'ખાંડણીયામાં ખાંડવાનું તો કંઈ નથી, ને સાંબેલાં આણ્યાં બે' એના જેવું એક આશ્ચર્ય થયું છે. મોંમાં કંઈ મિષ્ટ વસ્તુ ખાતા હોઈએ ને બચબચારો કરતા હોઈએ તો તો જાણે ઠીક. સસરાજીને ભાઈઓ, પુત્રો કે સાસુજી પણ કંઈ કહી શકતા લાગતા નથી. એ પોતે એકલા જ જાણે મોટા સમજુ થઈ ફરે છે ! વૃદ્ધ થયા એટલે યુક્તાયુક્ત ગમે તે કરતા ફરે છે પણ એમને ગણે છે કોણ ? કારણ કે બાળકને ને વૃદ્ધને સૌ સમાન લેખે છે. પરંતુ–એમ છતાંયે, એમને સર્વની સમક્ષ મને કણ આપ્યા છે એ મારે ફેંકી દેવા યોગ્ય નહીં. એમ વિચારીને એ તો ઉપરથી ફોતરાં કાઢી નાખીને પાંચે કણ ખાઈ ગઈ–મનમાં એમ ધારીને કે જ્યારે માગશે ત્યારે બીજા ક્યાં નથી, બહુ છે–એ આપીશ."

પછી ત્રીજી વહુને બોલાવીને એને પણ એજ પ્રમાણે કહીને શેઠે કણ આપ્યા. આ ત્રીજીમાં કંઈ બુદ્ધિ હશે એટલે એને એ પાંચ કણ લઈ એકાંતમાં જઈ વિચાર્યું કે સસરાજીએ આમ કણ આપ્યા એમાં નિશ્ચય કંઈ કારણ હોવું જોઈએ. નહીં, તો આટલો આટલો ખરચ કર્યો છે ને સર્વ સમક્ષ મને દેવામાં પાંચ કણ મળે એમ હોય નહીં. માટે એમણે કહ્યું એમ મારે એ સાચવી તો રાખવા. આમ ચિંતવીને એને એ પાંચ કણો એક વસ્ત્રના ટુકડામાં બાંધી દૃઢ ગાંઠ વાળી. અને એ ગાંઠને પોતાના આભરણના કરંડિયામાં સાચવીને મૂકી. એટલું જ નહીં પરંતુ એને તો હંમેશા સાંજ

સવાર બહાર કાઢી એની કોઈ પવિત્ર વસ્તુની જેમ આદરપૂર્વક ભક્તિ કરવાનું જારી રાખ્યું.

છેવટે ચોથી પુત્ર વધુને પણ બોલાવીને એને એજ સૂચનાપૂર્વક શાળના પાંચ કણ આપ્યાં. આ વહુ, જેનું નામ રોહિણી હતું એ મહા ચતુર હોઈને વિચારવા લાગી. "મારા સસરાજી જેઓ બૃહસ્પતિના જેવા બુદ્ધિશાળી, સમુદ્રના જેવા ગંભીર અને મેરૂસમાન ધૈર્યવાન છે, દીર્ઘદર્શી છે, બહુશ્રુત છે એને ઘણું ઘણું જોયેલ અને જાણેલ છે તથા મનવાંછિત આપનાર ચિંતામણિ જેવા અને મહારાજના શિરોમણિ છે–એમણે મને સર્વ સ્વજનોની સમક્ષ શાળના પાંચ કણ આપ્યા એમાં નિશ્ચય કંઈ મહાન પ્રયોજન હોવું જોઈએ કારણ કે સત્પુરુષો જે કંઈ કરે છે એ પણ અમુક ફળને અનુલક્ષીને જ કરે છે. માટે આ બાબતમાં મારી મતિ એમ કહે છે કે આ પાંચ કણોને મારે વવરાવીને થાય એટલી વૃદ્ધિ કરવી. આમ વિચારીને એણે પોતાના ભક્તિમાન સહોદરોને બોલાવીને કહ્યું–આ મારા શાળનાં દાણા છે તે તમે લઈ જઈને ધ્યાન રાખી તમારા ક્ષેત્રમાં વવરાવો–એમાંથી પુષ્કળ કણ નીપજશે. એ પરથી ભાઈઓએ બહેનનું વચન પ્રમાણ કરીને એ કણ લીધા, અને લઈને પોતાને સ્થાને ગયા.

પછી વર્ષાકાળ આવ્યો અને પૃથ્વી પર સર્વત્ર જળજળ થઈ રહ્યું ત્યારે એમણે એ પાંચે કણ કોઈ શુદ્ધ ક્ષેત્રના ક્યારામાં વવરાવ્યા. કેટલેક દિવસે એમાંથી જે કણ ઉત્પન્ન થયા એ સર્વ પુનઃ અન્યત્ર વવરાવ્યા. આમ વારંવાર યથોચિત વવરાવતાં ને એમાંથી ઉત્પત્તિ કરાવતાં શાળનાં તો ડુંડાને ડુંડાં ઉગી નીકળ્યાં. ઉદાર–ઉપાર્જક પ્રાણિનાં કર્મનાં બીજ હોય નહીં એમ એને પ્રથમ પુષ્પો અને પાછળ ફળ આવ્યાં. અનુક્રમે એ ડુંડાં પાક પર આવતાં લણી લીધાં અને કસુંબાની જેમ પગતળે ખુંદાવ્યાં. એમાંથી એક પ્રસ્થપ્રમાણ મગધદેશની ઉત્તમ–પ્રખ્યાત શાળ નીકળી. એ બીજે વર્ષાકાળે પાછી વાવી. એમ પૂર્વની વિધિએ વવરાવતાં ને વળી કૃષિ આદિ ક્રિયા કરતાં એમાંથી અનેક કુંભપ્રમાણ શાળ તૈયાર થઈ. ભાગ્ય અનુકૂળ હોય ત્યાં પછી શું ખામી ? પછી ત્રીજે અને ચોથે વર્ષે એ જ ક્રિયાઓથી સહસ્ર કુંભપ્રમાણ તૈયાર થઈ. પાંચમે વર્ષે વળી કંઈ પાર ન

આવે એટલી તૈયાર થઈ. તે જાણે રોહિણીને સર્વ વધુઓમાં પ્રથમપદ અપાવનારાં શુભ કર્મોની સુમહબદ્ધ હારમાળા હોય નહીં !

એવામાં કોઈ અવસરે પુનઃ ધનાવહ શેઠે સમસ્ત નાગરિકો તથા વધુઓનાં પીયરીયાંને તેડી ભોજનાદિથી સત્કારી સર્વને મંડપમાં બેસાડ્યા. પછી ચારે વધુઓને ત્યાં બોલાવીને કહ્યું "હે પુત્રીઓ ! મેં તમને પૂર્વે શાળના પાંચ કણ આપ્યા હતા તે લાવો. ચારમાંથી એક-ઉજ્ઝિકાએ તો ઘરમાં જઈ કોઠીમાંથી પાંચ કણ લાવી સસરાજીના હાથમાં મૂક્યા, એટલે એને શેઠે પૂછ્યું-હે પુત્રી ! તને તારા માતપિતા, ભાઈભાંડુ અને સાસુસસરાના સોગન છે-સત્ય કહી દે કે આ કણ પેલા જ કે બીજા ? એ સાંભળી એણે પોતાની હતી એવી વાત સત્ય જણાવી દીધી; કારણ કે નિર્ગુણીને પણ શપથ અર્ગલા સમાન છે. પછી ભોગવતીએ પણ કોઠીમાંથી કણ લાવીને સસરાના હાથમાં મૂક્યાં. કેમકે ફેંકી દીધેલી કે ખવાઈ ગયેલી વસ્તુ પુનઃ ક્યાંથી લાવી શકાય ? એને પણ, યથાવસ્થિત વાત કઢાવવાના પ્રયોગના જાણકાર વૃદ્ધ શેઠે અનેક શપથપૂર્વક પૂછ્યું એટલે એ પણ સર્વ હકીકત માની ગઈ. કેમકે વ્યન્તરો પણ આપેલા શપથનો લોપ કરતા નથી.

ત્રીજી રક્ષિકા નામની વધુ આવી એણે તો પોતે સાચવી મૂકેલા હતા એ પાંચે મૂળના કણો લાવીને સસરાને આપ્યા, શપથ આપીને પૂછવા પરથી, એણે યે પોતાની વાત હતી તે નિવેદન કરી. હવે વારો આવ્યો ચોથી રોહિણીનો. એણે સસરાને કહ્યું-હે પિતા ! કૃપા કરી અને ગાડાં, બળદ, ઉંટ, ખચ્ચર વગેરે વાહનો મને આપો એટલે મારા શાળના કણ તમને મંગાવી આપું. એ સાંભળીને પરમ પ્રીતિપૂર્વક શેઠે પૂછ્યું, "હે પુત્રી ! તું આ શું કહે છે ? એટલે પેલીએ ઉત્તરમાં પોતાનો, મુનિના વૃત્ત જેવો ઉજ્જવળ વૃત્તાંત અથેતિ કહી સંભળાવ્યો; અને શ્રેષ્ઠીએ આપેલા બળદ-ખચ્ચર વગેરેને પોતાને પીયરે મોકલી શાળિના કણ મંગાવી આપ્યા."

આ સર્વપ્રકાર સાંભળી રહી શેઠે, ઉજ્ઝિકાના ભાઈભાંડુઓને, ભ્રકુટી ચઢાવી ઊંચા નેત્રો કરી કહ્યું 'આ તમારી પુત્રી અને મારી પુત્રવધુ ઉજ્ઝિકા નામ પ્રમાણે ગુણવાળી છે એ નિર્લજના ચિત્તમાં પણ મારો લેશ પણ ભય નથી. એણે મારી આજ્ઞા ઉલ્લંઘન કરીને શાળના કણ ફેંકી દીધા તો હવે

એનું ફળ એને સદ્ય આપું છું. એને આજથી નિત્ય ઘર સાફસુફ કરવાનું, લીંપવાનું, તૃણ-ગોમય, ધુળ આદિ કચરો વાળવાનું, બાળકોની અશુચિ, વસ્ત્ર વગેરે ધોઈ સ્વચ્છ કરવાનું કામ સોંપું છું. એણે મનથી પણ બીજા કશા કામની ઈચ્છા કરવી નહીં. હવે એને મારા ઘરમાં અન્ય કશો અધિકાર નથી. કેમકે પદવી ગુણાનુસાર જ મળે છે. માટે હે બંધુઓ ! તમારે તમારી પુત્રીને શેઠ આવું નીચ કાર્ય સોંપે છે એમ જાણી મારા પર લેશ પણ રોષ કરવો નહીં.

પછી ભોગવતીના બંધુઓને કહ્યું આ તમારી પુત્રીએ પણ મારી આજ્ઞા ઉથાપી છે. કેમકે એ નિર્ભયપણે શાળના કણ ખાઈ ગઈ. એને હું પીસવું-ખાંડવુ-દળવું-રસોઈ કરવી તથા વલોણું કરવું-એ કાર્યો સોંપું છું. એ અન્ય કશાને યોગ્ય નથી. અથવા તો કાન વગરનાને કુંડળ શેનાં હોય ?

વળી રક્ષિકાના બંધુઓને પ્રેમપૂર્વક કહ્યું-તમારી રક્ષિકાએ શાળના દાણા સાચવી રાખીને મારી આજ્ઞા યથાયોગ્ય પાળી છે. માટે હું એને મારા ઘરના સુવર્ણ-મણિ-મુક્તા-વસ્ત્ર વગેરેનો ભંડાર સોંપું છું એણે એ ભંડાર રાત્રિ દિવસ સાચવવો. યોગ્ય પદવી ન આપનાર પ્રભુ પણ દોષને પાત્ર કહેવાય.

છેવટે રોહિણીના બંધુ વર્ગ સમક્ષ શેઠે પ્રમોદ સહિત કહ્યું, "સર્વ ગુણરત્નોના સાગર જેવી તમારી પુત્રીને હું ધન્યવાદ આપું છું. કેમકે એ મારી વધુએ પોતાની મેળે યથાયુક્ત વિચાર કરીને શાળના કણની વૃદ્ધિ કરી છે. માર્ગાનુસારિણી મતિ એનામાં છે એવી વિરલ મનુષ્યોમાં જ હોય છે. માટે એને હું અત્યારથી મારા આખા ઘરની સ્વામીનીનું પદ આપું છું. એની આજ્ઞા સિવાય એક પણ વસ્તુ ઘરથી બહાર જાય નહીં તેમ અંદર આવે પણ નહીં." એ સર્વથી નાની છે છતાં એની જ આજ્ઞા સર્વ કોઈએ માનવી. કેમકે ગુણ હોય તો મોટા થવાય છે, વયથી મોટા થવાતું નથી. સુધાકર ચંદ્રમાને જેમ સર્વ નક્ષત્રોમાં રોહિણી સન્માન્ય છે એમ મારા ઘરમાં પણ સર્વ વધુઓમાં એ સન્માન્ય હો. જેને મારી આ આજ્ઞાનું ખંડન કરવું હોય એણે એની આજ્ઞાનું ખંડન કરવું, અને જેને મારી આજ્ઞા માન્ય હોય એણે એની આજ્ઞા નિશ્ચયે માનવી.

શ્રેષ્ઠીનાં આ વચન સર્વ કોઈએ નિધાનની જેમ સંગ્રહી રાખ્યા. લોકોએ પણ રોહિણીની એક દેવીની જેમ પ્રશંસા કરી "પાંચ દાણામાંથી, કૃષ્ણ ચિત્રાવેલીની જેમ અસંખ્ય નીપજાવી દીધાં એ રોહિણી વધુ ખરેખર એક રત્ન નીવડી. નિશ્ચયે ભાગ્યવાનને ઘેર જ આવી વહુ હોય છે. અથવા કામધેનુ કાંઈ જેને તેને ઘેર જન્મતી નથી. ધનાવહ શ્રેષ્ઠીનાં પણ ધન્ય ભાગ્ય કે એના ઘરમાં આવી વહુ આવી છે. સમુદ્રદત્ત તથા લક્ષ્મી વિષ્ણુ સિવાય બીજે રહે પણ ક્યાં ?"

પછી શ્રેષ્ઠીના આદેશથી યોગ્ય રૂચિવાળી ચારે વધુઓ પોતપોતાને કામે વળગી ગઈ. ધનાવહ શેઠ પણ આ પ્રમાણે સર્વકાર્યની વ્યવસ્થા થઈ જવાથી સુખે ધર્મકર્મ કરવા લાગ્યો. કેમકે ધર્મ એવાઓ જ કરી શકે છે કે જેમનું ઘર વ્યવસ્થાવાળું હોય છે.

હે અભયમુનિ ! તારા પૂછવાથી મેં આ ચાર વધુઓનું દૃષ્ટાન્ત કહી સંભળાવ્યું-હવે હું એનો ઉપનય સમજાવું છું એ ચિત્તસ્થિર રાખીને સાંભળ;-

રાજગૃહનગર જેવો 'નરભવ' સમજવો. ચાર પુત્રવધુઓ કહી તે પ્રાણીઓની ચાર ગતિ સમજવી, અને જેવો ધનાવહ શ્રેષ્ઠી કહ્યો એવા ગુરુ સમજવા. પાંચ શાળના કણ એ પાંચ મહાવ્રત વધુઓનાં સંગાસંબંધિ એ શ્રીયુત ચતુર્વિધ સંઘ. જેમ શેઠે વધુઓનાં સ્વજનોની સમક્ષ પાંચ કણો આપ્યા એમ ગુરુ તને સંઘસમક્ષ વ્રત આપે છે. જેમ ઉજ્ઝિકાએ શાલિકણ ફેંકી દીધાં તો અશુચિ દૂર કરવા વગેરે કાર્ય કરવા થકી દુ:ખી થઈ તેમ જે મુનિ સુખલંપટ થઈને પોતાનાં વ્રત ત્યજી દે છે. એવાને લોકો પણ "અરે વ્રતભ્રષ્ટા ! દુરાશય ! પાપિષ્ઠ ! તારું મુખ કોણ જુએ, અમારી દૃષ્ટિથી દૂર થા." એમ કહીને નિંદે છે. અરે નિર્લજ, સર્વસંઘ સમક્ષ તારે જ મુખે વ્રત ઉચ્ચરીને હવે એ ત્યજી દે છે એથી તને કંઈ લાગતું નથી ? એમ કહીને ઉપાલંભ દે છે. વળી પરલોકમાં પણ એને દુર્ગતિજન્ય પરમદુ:ખ પડે છે.

શાળના કણ ખાઈ જનારી ભોગવતીને જેમ ઘરનાં હલકાં કાર્યો કરી કરીને તનમનથી સંતાપ થતો, એવી રીતે આજીવિકા નિમિત્તે વેષ

ધારણ કરીને પણ જે માણસ વ્રત ખંડે છે. એ વિશેષ દુ:ખી થાય છે. એવાને આલોકમાં નિંદા અને પરલોકમાં નાનાપ્રકારનાં કલેશ અનુભવવા પડે છે. અથવા તો અન્યાયથી સુખ હોય જ શાનું ?

ત્રીજી વધુ વિચક્ષણ રક્ષિકા જેમ શાળનાં દાણા સાચવી રાખવાથી શ્વસુર વર્ગ વગેરેને સન્માન્ય થઈ પડી, એમ જે માણસ મહાવ્રતો લઈને એને નિરતિચારપણે પાળે છે એ પોતાના આત્માનો નિસ્તાર કરવામાં તત્પર હોઈને આલોકમાં ધર્મિષ્ઠજનોની પ્રશંસાને પાત્ર થાય છે અને પરલોકમાં સ્વર્ગ અને મોક્ષનાં સુખને પણ પ્રાપ્ત કરે છે.

વળી જેમ વધુશિરોમણિ પેલી ચોથી રોહિણી શાળના કણોની વૃદ્ધિ કરીને શ્વશૂરના ઘરની એકલી સ્વામિની થઈ, અને સમસ્તજનોની પ્રશંસા તથા સન્માન પામી તેમ જે ભવ્યજન, વ્રતગ્રહણ કરીને એને હર્ષપૂર્વક અને એકપણ અતિચાર દોષ વિના પાળે છે એ એની જેમ સન્માન પામે છે; તથા ઉત્તરોત્તર ચઢતું સ્થાન-પ્રાપ્ત કરી અન્ય ભવ્ય પ્રાણિઓને મહાવ્રત લેવરાવી એમની વૃદ્ધિ-પુષ્ટિ કરે છે. એવા મહાવ્રતધારીને જો આક્ષેપણાદિ ઉત્તમ કથા કહેતાં કરાવતાં આવડતી હોય તો એ મિથ્યાદૃષ્ટિ જીવને પણ પ્રતિબોધ પમાડી શકે છે; અને પોતે પણ સ્વદેશમાં તેમ પરદેશમાં પોતાના તીર્થમાં તેમ અન્યતીર્થોમાં, પોતે ન ઈચ્છતો હોય તો યે પરમ ખ્યાતિ પામે છે. સ્વર્ગ અને મનુષ્ય ગતિમાં ઉત્તમ કુલોમાં પ્રધાન સુખોને અનુભવી અંતમાં અપવર્ગનાં પણ પૂર્ણ સુખ પ્રાપ્ત કરે છે.

હે અભયમુનિ ! હવે તારે પણ આ રક્ષિકા રોહિણીના ન્યાયે, શુભ સંપાદન કરવાને અર્થે પાંચે મહાવ્રત પાળવાં અને એને પોષી વૃદ્ધિ કરવી.

ગૃહસ્થાવાસમાં પણ યતિ જેવાં આચરણ પાળતો હોઈ જે સર્વ ક્રિયાનુષ્ઠાન જાણતો હતો એવા અભયમુનિએ પણ પ્રભુના આદેશનો 'નાથ ! મને આવો ઉપદેશ આપ્યા કરજો' એમ કહીને સત્કાર કર્યો.

પછી પ્રભુએ અભયકુમારના પિતા શ્રેણિકરાજા વગેરે સંસારિક સંબંધીઓને ઉદ્દેશીને કહ્યું- લીલા માત્રમાં રાજ્ય સંપત્તિ ત્યજી ઉત્તમ પુરુષોને માર્ગે એકદમ ચાલી નીકળ્યો એવા અભયના પિતા તરીકે તમને પણ ધન્યવાદ ઘટે છે. વળી હર્ષપૂર્વક લેશ પણ કલેશ કર્યા વિના તમે એને

આ પ્રમાણે મહાગૌરવ સહિત દીક્ષા અપાવી એને માટે તો તમારી વિશેષ પ્રશંસા ઘટે.

આવાં જિનભગવાનના ઉપકાર વચનો સાંભળી શ્રેણીકરાજા એમને તથા અભયમુનિને નમીને, અભયનું જ સ્મરણ કરતો પોતાને સ્થાનકે ગયો.

પ્રભુએ પછી અભયમુનિની ગણધરને સોંપણી કરી. અથવા તો એમાં શું ? એમણે તો જગત આખાને અભય આપેલ જ છે.

અભયકુમારની માતા નંદા પણ હર્ષ પૂર્ણ ચિત્તે વિચારવા લાગી- મારા અભયને પૂરો ધન્યવાદ દેવો ઘટે છે, કેમકે એણે પિતાના રાજ્યની પોતાને ઈચ્છા નહીં છતાં પણ ચિરકાળ પર્યન્ત રાજ્યની ધુરા વહન કરી હવે તીર્થંકરની પાસે વ્રત ગ્રહણ કર્યું. અથવા તો સાહસિક પુરુષોની બેજ ગતિ હોય. કાંતો શ્રેષ્ઠ રાજ્યલક્ષ્મી, અને નહીં તો પછી પ્રવ્રજ્યા. પણ હવે જ્યારે મારા નંદને જ વ્રત ગ્રહણ કર્યું છે ત્યારે મારે સંસારમાં રહીને શું કરવું ? હું પણ પ્રભુ પાસે જઈ દીક્ષા લઉં. અથવા તો ગાય પોતે હોંશે હોંશે પોતાના બચ્ચાની પાછળ જાય છે જ. એમ વિચારી પોતાના સ્વામિનાથ શ્રેણિકરાજાની અનુજ્ઞા માંગી. કારણ કે બને ત્યાંસુધી સર્વના મનનું સમાધાન કર્યા પછી જ ધર્મ કરવો યોગ્ય છે. રાજાએ પણ નંદાને સંમતિ આપી એટલે નંદાએ પોતાની પાસે હતાં એ બંને દિવ્ય કુંડળ અને દેવતાએ આપેલા વસ્ત્રો હલ્લને તથા વિહલ્લને આપી શ્રીમાન મહાવીર પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.

પ્રભુએ એને પ્રવ્રજ્યાની સાથે ઉપદેશ દઈ મહત્તરા સાધ્વીને સોંપી. કેમકે હંસી હંસીઓના સાથમાં જ શોભે છે. હવે રાજાની પટ્ટરાણી મટી પ્રભુની શિષ્યા અને સાધ્વી બનેલી નંદા મહત્તરા આર્યાઓની વૈયાવચ્ચ કર્યા કરતી, પાપકર્મોનો ક્ષય કરતી, સર્વ ક્રિયાનુષ્ઠાનનો અભ્યાસ કરતી, જિન-ગુરુની ઉપાસના કરતી હર્ષસહિત ચારિત્ર પાળવા લાગી. કારણ કે સજ્જનો રાજ્યને વખતે રાજ્ય કાર્યભારમાં અનુરક્ત રહે છે, તેમ તપશ્ચર્યાનો પ્રસંગ ઉપસ્થિત થયે તપશ્ચર્યામાં જ લીન રહે છે. એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ, ચાર, પાંચ અને એથી પણ આગળ વધીને અર્ધ માસના, અને એક માસના ઉપવાસ કરીને શરીર શોષવા લાગી. એમ

કરતાં અનુક્રમે અગ્યાર અંગસૂત્રોનો અભ્યાસ કરી સર્વશ્રેષ્ઠ વિદુષી થઈ, વીશ વર્ષ પર્યન્ત દીક્ષા પાળી, ઘાતિ કર્મોને હણી, કેવળજ્ઞાન પ્રાપ્ત નંદા સાધ્વી મોક્ષે ગઈ.

હવે અહીં અભયમુનિએ પણ મુનિઓના હૃદયકમળને વિષે ભ્રમરની લીલાએ રહેતાં લીલા માત્રમાં અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો; અને નિરંતર કંઈને કંઈ અભિગ્રહ રાખી, કમળની જેમ ઉપલેપ રહિત રહી સિદ્ધાંતો શીખી લઈ અસામાન્ય વિદ્વતા પ્રાપ્ત કરી. વળી જીવ આત્માની પેઠે અપ્રતિહત ગતિ, શંખની જેમ નિરંજન, વાયુની પેઠે અપ્રતિબદ્ધ, કર્મની જેમ ગુપ્તેન્દ્રિય, પક્ષીની જેમ વિમુક્ત, આકાશની જેમ એકાકી, વૃષભની જેમ દૃઢકાય, અગ્નિની જેમ સુદીપ્ત, હસ્તિની જેમ ઉન્નત, સિંહની જેમ દુર્ધર્ષ, ભાસ્કરની જેમ તેજસ્વી, ચંદ્રમાની જેમ શીતળ, સાગરની જેમ ગંભીર, મેરૂની જેમ નિષ્કંપ, પૃથ્વીની જેમ સર્વસહ, અને શરદના જળની જેમ સ્વચ્છ રહી; શસ્ત્રાઘાત વિષદંશ કે શીતળ લેપ હરકોઈ કરી જનાર પર સમભાવ રાખી; કાષ્ટ અને મણિ સુવર્ણાદિને, તથા સ્વજન અને પરજનને એકજ દૃષ્ટિએ નિહાળી રાય અને રંક, વિદ્વાન અને મૂર્ખ, ધનવાન અને નિર્ધન, ભાગ્યવાન અને નિર્ભાગી, રૂપવાન અને કદ્રુપા-સર્વને સરખા ગણી; અને શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે ઈન્દ્રિયોના વિષયોના કડવા મીઠા અનુભવોને વિષે સમતાભાવ ધારણ કરી-લોકોને આશ્ચર્યચકિત કરી નાખ્યા. બહુ શું કહેવું-ભવ કરવા પડે કે મોક્ષ પ્રાપ્ત થાય-બંને પર એ નિઃસ્પૃહ રહ્યો. અનેકવિધ દ્રવ્ય, ગ્રામ નગર આદિ ક્ષેત્ર, સમય પ્રમુખ કાળ અને પર્યાયરૂપ ભાવને વિષે તથા બાલ્ય તરૂણ અને વૃદ્ધ અવસ્થાઓને વિષે કે અન્યત્ર પણ ક્યાંય એણે પ્રતિબંધ (મોહ) રાખ્યો જ નહીં. અને પશુ, માનવ કે દેવના કરેલા-અનુકૂળ કે પ્રતિકુળ-અલ્પ કે મહાન ઉપસર્ગોને વજ્રસમ ધૈર્યવડે સહન કરી લઈ પોતાની જાતને સર્વ સત્યવંત પ્રાણીઓને વિષે શિરોમણિ પુરવાર કરી આપી.

અભયઋષીશ્વરે એક અસંયમ, રાગદ્વેષરૂપી બંને બંધનો અને મન-વચન-કાયા સંબંધી ત્રણ દંડ પરિહરી દીધા. રસ, રિદ્ધિ અને સાતા વિષયક ત્રણે ગૌરવ ત્યજી દીધા. માયા, નિદાન અને મિથ્યાત્વ સંબંધી

ત્રણે શલ્ય કાઢી નાખ્યા. જ્ઞાન, દર્શન અને ચારિત્રની કદિ પણ વિરાધના કરી નહીં. મન, વચન તથા કાયાને કબજામાં રાખ્યાં. ક્રોધ, માન, માયા અને લોભરૂપી ચારે કષાયો પર અંકુશ રાખ્યો. આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન એ ચારે સંજ્ઞાઓ કાઢી નાખી. રાજ્ય, દેશ, સ્ત્રી અને ભોજન વિષયક ચારે વિકથાઓ વિસારી દીધી. આર્ત્ત કે રૌદ્ર ધ્યાન પડતું મૂકી ફકત શુકલ અને ધર્મધ્યાન પર જ ધ્યાન રાખ્યું.

કાય, અધિકરણ, દ્વેષ, પરિતાપ અને વધથી થતી પાંચે ક્રિયાઓ-પાપાનુષ્ઠાનોને વિસર્જન કર્યાં. ચક્ષુ, ઘ્રાણ, જીવ્હા, સ્પર્શ અને કર્ણ એ પાંચ ઈન્દ્રિયોના ગુણોનો ઉપયોગ પડતો મૂક્યો. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહને દેશવટો દીધો. ઈર્યા, ભાષા, એષણા, આદાન અને ઉત્સર્ગ આદિ સમિતિઓની સાથેનો સંબંધ દઢ કર્યો. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવોની રૂડી રક્ષા કરી. પોતાની વિચારસૃષ્ટિ પર કૃષ્ણ, નીલ કે કાપોત લેશ્યાનો પ્રકાશ ન પડવા દેતાં તેજ, પદ્મ અને શુક્લ લેશ્યાનો પ્રકાશ આણ્યો. આલોક, પરલોક, આદાન-ચોરી; આજીવિકા, મરણ, અપયશ અને અકસ્માત્ આ સાતે ભયોની દરકાર પડતી મૂકી. જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, ઐશ્વર્યમદ, જ્ઞાનમદ અને લાભમદ એ આઠે ત્યજી દીધા. સ્ત્રી, પશુ અને નપુંસકથી સંસક્ત વસતિ, સ્ત્રીજાતિની કથા, સ્ત્રીઓનાં અંગોપાંગનું નિરીક્ષણ, સ્ત્રી જે આસન ઉપર બેઠેલી તેના ઉપર બેઘડીની અંદર બેસવું, ભીંતને આંતરે રહેલા દંપતીનો હાસ્યવિનોદનું શ્રવણ, પૂર્વ ભોગવેલા વિષયસુખનું સ્મરણ, નિત્ય સ્નિગ્ધ આહાર અને પ્રમાણથી અધિક આહાર-આટલાં વાનાં પરિહર્યાં.

વળી નવ પ્રકારે બ્રહ્મચર્ય પાળતા આ અભયકુમાર મુનિશ્રીએ શરીરને પણ શોભાવવાની વાત વિસારી મૂકી. સરલતા, મૃદુતા, ક્ષમા, નિર્લોભતા, સત્યભાષણ, સંયમ, તપ, પરિગ્રહ, ત્યાગ, બ્રહ્મચર્ય અને શૌચ એ દશ પ્રકારનો ધર્મ ઓળખી એ પ્રમાણે વર્તન રાખ્યું. વળી દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, કાયોત્સર્ગ, બ્રહ્મચર્ય, સચિત્ત વસ્તુનો ત્યાગ, આરંભનો ત્યાગ, આદેશ નિર્દેશનો ત્યાગ, ઈચ્છાનો ત્યાગ અને

સાધુરૂપતા આ અગ્યાર શ્રાવકની પ્રતિમાઓ કહેવાય છે તેના તથા બાર[1] સાધુની પ્રતિમા, તેર[2] ક્રિયા સ્થાન, ચૌદ[3] જીવોના સ્થાન. પંદર[4] પરમાધાર્મિક,

---

૧. (૧) ભિક્ષુ પ્રતિમા–અભિગ્રહ વિશેષ પહેલી પ્રતિમા એક માસની તેમાં હંમેશાં આહાર તથા પાણીની એક દત્તી લેવા કલ્પે, દત્તી એટલે એકી સાથે જેટલો આહાર દાતાર આપે તેમાં ધારા ન તૂટે તેનું નામ દત્તી, (૨) બીજી પ્રતિમા બે માસની તેમાં બે દત્તી લેવી કલ્પે, (૩) ત્રીજી ત્રણ માસની તેમાં હંમેશાં આહારની અને પાણીની ત્રણ દત્તીજ લેવી કલ્પે, (૪) ચોથી પ્રતિમા ચાર માસની તેમા હંમેશાં ચાર દત્તી લેવી કલ્પે, (૫) પાંચમી પાંચ માસની તેમાં પાંચ દત્તી લેવી કલ્પે, (૬) છઠી છ માસની તેમાં છ દત્તી લેવી કલ્પે, (૭) સાતમી સાત માસની તેમાં સાત દત્તી લેવી કલ્પે, (૮) આઠમી પ્રતિમા સાત દિવસની તેમાં એકાંતર ચઉવિહાર ઉપવાસ નગરની બહાર ઉત્તાન આસને ઘોર ઉપસર્ગ સહન કરવા, (૯) નવમી સાત દિવસ એકાંતર ચઉવિહાર ઉપવાસ નગરની બહાર ઉત્કુટુક, વક્કાષ્ટશાયી અથવા દંડાયતિક આસન, ઉપસર્ગ સહન કરવા, (૧૦) દશમી સાત દિવસની એકાંતર ચઉવિહાર ઉપવાસ ગોદોહિક અથવા વીરઆસન, (૧૧) અગ્યારમી એક અહોરાત્રિની ચઉવિહાર છઠ, (૧૨) બારમી ચઉવિહાર અઠ્ઠમથી એક રાત્રિની.

૨. (૧) અર્થ ક્રિયા, (૨) અનર્થ ક્રિયા, (૩) હિંસા ક્રિયા, (૪) અકસ્માત્ ક્રિયા, (૫) દષ્ટિ વિપર્યાસ ક્રિયા, (૬) મૃષા ક્રિયા, (૭) અદત્તાદાન ક્રિયા, (૮) અધ્યાત્મ ક્રિયા, (૯) માન ક્રિયા, (૧૦) મિત્ર ક્રિયા, (૧૧) માયા ક્રિયા, (૧૨) લોભ ક્રિયા, (૧૩) અને ઈર્યાપથિકા, આ તેર ક્રિયાસ્થાનો છે.

૩. (૧) અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચ થાવર, (૨) પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચ થાવર, (૩) અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયાદિ પાંચ થાવર, (૪) પર્યાપ્ત બાદર પૃથ્વી કાયાદિ પાંચ થાવર, (૫) અપર્યાપ્ત બે ઈન્દ્રિય, (૬) પર્યાપ્ત બે ઈન્દ્રિય, (૭) અપર્યાપ્ત ત્રેઈન્દ્રિય, (૮) પર્યાપ્ત ત્રેઈન્દ્રિય, (૯) અપર્યાપ્ત ચતુરિન્દ્રિય, (૧૦) પર્યાપ્ત ચતુરિંદ્રિય, (૧૧) અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, (૧૨) પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, (૧૩) અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય, (૧૪) અને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય આ જીવોના ચૌદ સ્થાન છે.

૪. અંબ, અંબઋષિ, સામ, સબલ, રૂદ્ર, ઉપરૂદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધન, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ નામના પંદર પરમાધાર્મિક ભુવનપતિના અસુરનિકાયના દેવો છે તે ત્રણ નરક પૃથ્વી સુધી ક્રિડા કરવા જાય છે ત્યાં નરકના જીવોને નાના પ્રકારના દુ:ખો આપે છે.

સોળ[1] શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનો એ સર્વના સંપૂર્ણ જ્ઞાતા. સત્તર[2] ભેદવાળા સંયમના નિર્દોષ પાલણહાર. અઢાર[3] પ્રકારે બ્રહ્મચર્યના નિરતિચારપણે પાલણહાર, [4]ઓગણીસ શ્રી જ્ઞાતા સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનોના જાણકાર થયા. વીસ અસમાધિ સ્થાન અને એકવીસ સબલદોસના વર્જક બાવીસ પરિસહના જિતનાર. ત્રેવીસ સૂત્રકૃતાંગ સૂત્રના અધ્યયનોના જાણ ચોવીશ શ્રી દેવાધિદેવની આજ્ઞાપાલક પાંચ મહાવ્રતોની પચવીશ ભાવનાના ભાવનાર. છવીસ શ્રી દશા કલ્પ વ્યવહાર

---

૧. (૧) સમય-સ્વસમય પરસમય પ્રરૂપણા, (૨) સ્વસમય બોધ વૈતાલિય-છંદોપનિબદ્ધ, (૩) ઉપસર્ગ, (૪) સ્ત્રી પરિજ્ઞા, (૫) નરક વિભક્તિ, (૬) શ્રી મહાવીરસ્તવન, (૭) કુશીલ પરિભાષા, (૮) વીર્ય, (૯) ધર્મ, (૧૦) સમાધિ, (૧૧) માર્ગ-જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ ભાવ માર્ગ, (૧૨) સમવસરણ, (૧૩) યથા તથ્ય, (૧૪) ગ્રંથ-બાહ્યાભ્યંતર ગ્રંથનો પરિત્યાગ, (૧૫) આદાનીય જ્ઞાનાદિ ગ્રહણ, ગાથા ષોડશક પ્રથમના પંદર અધ્યયનોમાં વિધિ પ્રતિષેધ દ્વારાએ જે જે અર્થો કહ્યા છે તે પ્રમાણે આચરણ કરે તે સાધુ થાય એવો ઉપદેશ છે.

૨. (૧) પૃથ્વીકાય સંયમ, (૨) અપ્કાય સંયમ, (૩) અગ્નિકાય સંયમ, (૪) વાયુકાય સંયમ, (૫) વનસ્પતિકાય સંયમ, (૬) બે ઈન્દ્રિય સંયમ, (૭) તે ઈન્દ્રિય સંયમ, (૮) ચતુરિન્દ્રિય સંયમ, (૯) પંચેન્દ્રિય સંયમ, (૧૦) અજીવ સંયમ, (૧૧) પ્રેક્ષા સંયમ, (૧૨) ઉપેક્ષા સંયમ, (૧૩) પ્રમાર્જના સંયમ, (૧૪) પારિષ્ઠાપનિકા સંયમ, (૧૫) મન સંયમ, (૧૬) વચન સંયમ, (૧૭) કાય સંયમ.

૩. તિર્યંચ અને મનુષ્ય સંબંધી મન વચન અને કાયાએ કરીને મૈથુન સેવવું સેવરાવવું અને સેવતાને સારો જાણવો એ નવ ભેદ ઔદારિકના તથા ભવનપતિ આદિ દેવ સંબંધી મૈથુન મન વચન અને કાયાએ કરીને સેવવું સેવરાવવું અને સેવતાને સારું જાણવું એ નવ ભેદ વૈક્રિયના મળી અઢાર પ્રકારે અબ્રહ્મચર્યનો સર્વથા ત્યાગ.

૪. (૧) શ્રી મેઘકુમાર, (૨) સંઘાટક-ધન્ના સાર્થવાહ અને વિજયચોરને એક બંધન વડે ભેગા બાંધ્યા, (૩) મયૂરાંડક, (૪) કચ્છપ, (૫) શૈલક-થાવરચ્ચા પુત્ર શિષ્ય શુકપરિવ્રાજક શિષ્ય શૈલક રાજર્ષિ, (૬) તુંબક, (૭) રોહિણી-શાલિના પાંચ દાણાની વૃદ્ધિ કરનારી, (૮) શ્રી મલ્લીનાથ, (૯) માકંદી શ્રેષ્ઠીના પુત્ર જિનપાલિત અને જિનરક્ષિત, (૧૦) ચંદ્રમા, (૧૧) દાવદવ, (૧૨) ઉદક-નગરની ખાઈનું શુદ્ધ જળ બનાવનાર સુબુદ્ધિમંત્રી, (૧૩) મંડુક નંદમણિકારશ્રેષ્ઠી, (૧૪) તેતલી પુત્ર મંત્રી, (૧૫) નંદીફળ, (૧૬) અપરકંકા-દ્રોપદી અધિકાર, (૧૭) અશ્વ, (૧૮) સુસુમારદારિકા, (૧૯) શ્રી પુંડરિક અને કંડરિક.

સૂત્રના ઉદ્દેશ કાલોના જાણકાર. સાધુના સત્તાવીસ ગુણે બીરાજમાન. અઠાવીસ શ્રી આચાર પ્રકલ્પ અધ્યયનના જાણ થયા. ઓગણત્રીસ પાપના ઉપાદાનભૂત શ્રુત પાપ શ્રુત તેનો પ્રસંગ–આસેવન, પાપ શ્રુત પ્રસંગના તથા ત્રીશ મોહનીય સ્થાનના વર્જક. એકત્રીસ સિદ્ધના ગુણોના જાણકાર. બત્રીસ યોગ સંગ્રહના જાણકાર. તેત્રીસ ગુરુની આશાતનાના વર્જક.

આવા આવા અનેક વિશિષ્ટ ગુણોવાળા અભયમુનિએ નિત્ય ભક્તિપૂર્વક શ્રી વીરપ્રભુના ચરણ કમળની સેવા અને નિઃસ્પૃહ મને સાધુઓની વૈયાવચ્ચ કરવામાં તત્પર રહી પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કર્યું. અસાધારણ ગ્રહણ શક્તિની સાથોસાથ પ્રશસ્ય વિનયગુણ પણ હોવાથી એણે શીઘ્ર અગ્યારે અંગ સૂત્રથી તથા અર્થથી ધારી લીધા–આધીન કર્યાં.

એમ કરતાં એક વખત પ્રભુની આજ્ઞા લઈ ગીતાર્થ મુનિઓના પરિવાર સાથે અભયમુનિએ ભવ્ય જીવોના પ્રતિબોધને અર્થે પૃથ્વી પર એકાકી વિહાર કર્યો. એમાં એક પ્રસંગે મુગ્ધ, મધ્યમ અને બુદ્ધિમાન શ્રોતાઓની સભામાં ગંભીર નાદે દેશના આપતાં એમણે કહ્યું–હે મહાનુભાવ શ્રોતાઓ ! મોહરાજાનો પૌત્ર અને રાગનો પ્રસિદ્ધ પુત્ર જે કામદેવ–એને આધીન રહેનારા પ્રાણીઓ અનેકાનેક રીતે પીડાય છે. માટે એવા પાપનો હેતુભૂત આશ્રવનો તમારે પરિત્યાગ કરવો. અને સ્વર્ગ તથા મોક્ષનાં સુખ આપનાર જે સંવર–એનો આશ્રય કરવો આવશ્યક છે. એ દુષ્ટ મકરધ્વજ–કામદેવનો નિગ્રહ કરવાને, ત્રણ જગતમાં એકલો વીર ગણાતો સંવરજ શક્તિમાન છે. એ ઉપર એક દષ્ટાંત આપું.

સર્વ નગરોમાં શ્રેષ્ઠ ભુવનાભોગ નામે નગર છે. ત્યાં લોકો સર્વ, જાણે શાસ્ત્ર સમુદ્રમાં રહેતા હોય નહીં એમ રહે છે; એમાં કર્મરૂપી ઉપાધ્યાયે પઢાવેલા ઉત્તમ તેમ અધમ પ્રાણીરૂપી નટપાત્રો, અહર્નિશ, જાતિ તેમજ વેશ બદલી બદલીને નવા નવા પાઠો લઈ, નવે રસ–અને વિવિધ અભિનય–થી ભરપૂર નાટક કરી રહ્યા છે. ત્યાં ત્રણે જગતને જેણે મોહિની લગાડી દીધી છે એવા મોહરાજાનો પૌત્ર, અને વશીકરણમાં ચતુર એવા રાગકેસરિનો મહાન અભિલાષાદેવીની કુક્ષિએ ઉત્પન્ન થયેલ પુત્ર, પ્રસિદ્ધ મકરધ્વજ નામે રાજા છે. વિષ્ણુ, શિવ અને બ્રહ્મા આદિ દેવો

અને દાનવો સુદ્ધાં એની આજ્ઞા, મયૂરો જેમ કલગી ધારણ કરે છે એમ, મસ્તક પર ધારણ કરી રહ્યા છે; અને પ્રજ્ઞપ્તિ રોહિણી વગેરે સેંકડો વિદ્યાઓના બળથી ઉન્મત્ત, અસાધારણ સૌભાગ્યવાળા વિદ્યાધરો પણ મીઠું બોલી બોલીને, અબળા સ્ત્રીઓના ગુલામોની જેમ, એને ચરણે નમી રહ્યા છે. તો પછી એમની આગળ તૃણપ્રાય ગણાતા આ પૃથ્વી પરના રાજાઓ કે સાધારણ મનુષ્યોની તો વાત જ શી કરવી ? અરે ! અજ્ઞાન મૂક પશુઓ પણ એ મકરધ્વજ–કામદેવને આધીન છે.

ખરેખર એની વશીકરણ શક્તિ અજાયબ છે. એના ગ્રાહ્યમાં આવેલાઓ, યમની જિવ્હા જેવી વિકરાળ જવાળા વિસ્તારતા અગ્નિમાં પણ લીલામાત્રમાં પ્રવેશ કરે છે. એના વચન માત્રથી પ્રાણીઓ અનેક મત્સ્યોથી ભરેલા ઉછળી રહેલા મોજાંઓથી ભયંકર દેખાતા એવા સમુદ્રમાં, જાણે એક સાધારણ સરોવરમાં ઉતરતા હોય નહીં એમ, પ્રવેશ કરે છે. એના પંજામાં સપડાયેલા પ્રાણીઓ, કદલીવનમાં પ્રવેશ કરતા હોય નહીં એમ, રમતા રમતા ધનુષ્ય–ખડ્ગ વગેરેને લીધે ભયંકર દેખાતા રણક્ષેત્રમાં પણ ઉતરી પડે છે. આ જગતમાં પ્રાયે એવું કોઈ નહીં હોય કે જે એની આજ્ઞા અમાન્ય કરવાનું ઈચ્છે. એના જેવા મોહરાજાના વંશના શાસનમાં કંઈ પણ અસંભવિત નથી. એ કામદેવને એના જેવા જ ગુણવાળી રતિ નામે ભાર્યા છે–એ પણ એનું મહદ્ ભાગ્ય. કેમકે અનુરૂપ સ્ત્રી મળવી બહુ વિરલ છે. સકળ જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે એવું તો એ રતિનું સૌંદર્ય છે. અને એને લીધે જ એ સર્વ રૂપવતી સ્ત્રીઓમાં દૃષ્ટાન્તાસ્પદ થઈ પડી છે. શંભુને જેમ ગૌરી વિના ચેન પડતું નથી તેમ કામને એના વિના પળ માત્ર પણ ચેન પડતું નથી. વળી આ કામરાજાને સ્પર્શન, ઘ્રાણ, નયન શ્રોત નામે ચાર બળવાન સુભટો છે. એના સેનામાં એક રસના નામની રણશૂરી સ્ત્રી છે. સ્ત્રી પણ કોઈ કોઈ પુરુષત્વવાળી હોય છે એમાં કંઈ આશ્ચર્ય નથી.

શેષ સુભટોથી અસાધ્ય એવો પરપુરપ્રવેશ એનો સ્પર્શન નામનો સુભટ વિના શ્રમે કરી શકે છે; નિર્મળ–સ્વચ્છ સ્ફટિકને વિષે પ્રતિબિંબ પ્રવેશ કરે છે એમ. નવનીત સમાન કોમળ સ્ત્રીના અંગ–તૂલ આદિ

વસ્તુઓ જ એને ગમે છે. બાવળ કે કૌચ વગેરેનું તો એ નામ પણ લેતો નથી. જ્યારે એ કોમળ વસ્તુઓનો સ્પર્શ પ્રાપ્ત કરે છે ત્યારે તો જાણે પોતે મોટું પરાક્રમ કર્યું હોય નહીં એમ માને છે અને મોહિની વિદ્યાવાળાની જેમ સકળ જગતને મુગ્ધ બનાવી દે છે. વળી એનો ઘ્રાણ સુભટ તો વૈતાઢ્ય પર્વતની એકાંત-નિર્જન ગુહામાં જ હોય નહીં એમ એની નાસિકાના વિવરોમાં ઘર કરીને રહેલો છે-ત્યાં એને કુંકુમ-કેસર, કપૂર, પુષ્પો વગેરેનો ઉત્તમ સુગંધ પ્રાપ્ત થવાથી એ, ખાવાનું મળવાથી બાળકો કરે છે એમ હર્ષપૂર્વક નાચવા કુદવા માંડે છે. પરંતુ જો ક્યાંથી દુર્ગંધ આવી તો, ભિક્ષુક આવે છે ત્યારે ધનવંતો પોતાનાં ઘરનાં દ્વાર બંધ કરી દે છે એમ, નાસિકાના દ્વાર બંધ કરી દે છે. અને વિષના ગંધથી અભિવાસિત કરીને શત્રુઓના આશ્રયનો નાશ કરવામાં આવે છે એમ એ દુર્ગંધનો સુગંધ વડે ક્ષણ માત્રમાં નાશ કરે છે.

એ કામરાજાના ત્રીજા સુભટ ચક્ષુરાજનું કાર્ય સકળ વિશ્વપર ચૌદિશ નજર રાખવાનું છે. અન્ય સુભટોના સંચારનો એની જ દૃષ્ટિ પર આધાર છે; ક્રિયાનો (આધાર) જ્ઞાન દૃષ્ટિ પર છે એવી રીતે. લોકોનું રૂપ નિહાળવાની લાલસાવાળો એ મુખરૂપી પ્રાસાદના નેત્રરૂપી ગવાક્ષો પર બેસી રહી સ્ત્રીઓનાં અંગોપાંગ અને અન્ય પણ સુરૂપ વસ્તુઓ જોઈ જોઈને અત્યંત હર્ષ પામે છે; મિષ્ટ મોદકો જોઈને ક્ષુધાતુર બ્રાહ્મણો રાજીરાજી થાય છે એમ. એમાં જો કોઈ અંધ, પંગુ આદિ કુરૂપ પ્રાણી નજરે પડ્યું તો એના સંક્રમણના ભયને લીધે જ હોય નહીં એમ એ દૃષ્ટિ-ગવાક્ષો સદ્ય બંધ કરી દે છે. એ ગર્વિષ્ટ ચક્ષુરાજમાં વળી એટલી બધી શક્તિ છે કે એ, દૃષ્ટિ વિષ સર્પની જેમ, શત્રુઓને રૂપદર્શન માત્રથી જ બાળીને ભસ્મ કરી નાખે છે.

કામ મહારાજાનો પોતાના કાર્યમાં સાવધાન એવો ચોથો સુભટ શ્રોત એનો ચર હોય નહીં એમ ગુપ્તપણે શ્રવણરંધ્રોમાં બેસી રહે છે. ત્યાં પિશાચની જેમ અદૃશ્ય રહીને એ સમસ્ત લોકોનું બોલવું ચાલવું સાંભળ્યા કરે છે. એમ કરતાં જે જે સાંભળવામાં આવે એ પોતાને અનુકૂળ હોય તો તો બળભદ્રની જેમ તલ્લીન થઈને સાંભળ્યા કરે; પરંતુ જો કંઈ

પ્રતિકૂળ લાગ્યું તો, પિત્તના વ્યાધિવાળો જેમ તિખા પદાર્થોને નિંદાપૂર્વક ત્યજી દે છે એમ એ સાંભળવું ત્યજી દે છે-બંધ કરે છે. એ સ્વરપ્રાણથી લીલા માત્રમાં અખિલ જગતને વશ કરે છે; પરશુરામે જેમ ઉગ્ર પરશુવિદ્યાવડે સર્વ જગતને સ્વાધીન કર્યું હતું એમ.

વળી જે રસના છે એ મધુર, તિક્ત વગેરે સર્વ રસોનો સ્વાદ જાણનારી છે અને શત્રુનાં સૈન્યને ભેદવાની શક્તિવાળી છે અને સર્વ બંધુ વર્ગને-ચારે સુભટોને સન્માન્ય છે. આ રસના દંતપંક્તિરૂપી કપાડવાળા મુખ પ્રાસાદને વિષે ઘટિકારૂપી પડદામાં ઉર્ધ્વ રહેનારી જીવ્હારૂપી ખાટ પર રહે છે. વિધવિધ સ્વાદિષ્ટ રસ પ્રાપ્ત થાય તો એ બહુ રંજન પામે છે. વળી એ સ્વચ્છંદ-ચારિણીની ચેષ્ટિત સર્વ પોતાને મનગમતું એ પ્રાશન કરે તો જ દગ્ વગેરે ચારે સુભટો આબાદ રહી શકે છે કેમકે મૂળમાં છંટકાવ હોય તો જ વૃક્ષને પત્ર, પલ્લવ, પુષ્પ અને ફળ આવે છે. રસના અન્ન ગ્રહણ કરે નહીં તો ચારે સુભટો મંદ પડી જાય છે. એમનો સર્વનો આ સમવાય ખરે જ આશ્ચર્યકારક-અસાધારણ છે. વિશેષ શું કહેવું ? એક રસનામાં જીવન હોય તો જ સ્પર્શન આદિ ચારે સુભટો જીવતા રહે છે.

આવી અનુપમ પ્રશસ્ત લાયકાતવાળાએ પાંચેને છળ, દ્રોહ, પ્રમાદ વગેરેની સંગાથે મકરધ્વજ રાજાએ ત્રણે જગત પર વિજય મેળવવાને મોકલ્યા. એમણે પ્રથમ દેવતાઓ પાસે, નારકીના જીવો પાસે, તેમ તિર્યંચો પાસે પોતાના કામદેવરાજાનું ચક્રવર્તીત્વ શાસન સ્વીકારાવ્યું. ત્યાંથી એઓ મનુષ્યલોકમાં ઉતર્યા અને એમને અત્યંત ભય ઉપજાવ્યો. અકર્મભૂમિના ઋજુ જીવોને કુટિલપણે વશ કરી એમની પાસે અનંગ-કામદેવ રાજાની આણ કબુલ કરાવી. પણ એવા મુગ્ધજીવોને છળવા એમાં દુષ્કર હતું પણ શું ? વળી પછી ધર્માધર્મના વિવેકના જ્ઞાનવાળા કર્મભૂમિના માનવો પર પણ શીઘ્ર વિજય મેળવ્યો. મૂર્ખ લોકોને વશ કરવામાં વાર પણ કેટલી લાગે ? એમની સન્મુખ પેલાઓએ પોતાના સુંદર વિષયો ખડા કરીને એમને લોભાવ્યા. જાણતાં છતાં પણ લોભાઈને પાશમાં પડનારા ધર્મજ્ઞો પૃથ્વી પર નથી એમ નથી.

એમ ગામેગામે અને નગરે નગરે લોકોને ફસાવતા અને સર્વ

જગતને તૃણપ્રાય ગણતા ફરતાં ફરતાં, અર્હત્પ્રભુઓનો કીર્તિસ્તંભ હોય નહીં એવો ઘૃતવાળી શ્વેતશિલાઓએ યુક્ત અત્યંત ઊંચો વિવેકગિરિ એ કંદર્પરાજના સુભટોની દૃષ્ટિએ પડ્યો.

સર્વદુર્ગનો શિરોમણિ એ વિવેકગિરિ પર આરૂઢ થયેલા પ્રાણીઓને મોહરાજાનો બાપ આવે તોયે ફસાવી શક્તો નથી. કૈલાસ પર જેમ અલકાપુરી આવેલી છે એમ એ ગિરિપર સુકાળ આરોગ્ય અને સૌરાજ્ય પ્રવર્તતાં હોવાથી શ્રેષ્ઠપદવીએ પહોંચેલું જૈનપુર નામે નગર છે સચ્ચારિત્ર અને સત્ક્રિયારૂપી સીતેર સીતેર કોઠાઓવાળો એને એક કોટ છે. એ કોટને અનેક આગમોરૂપી કાંગરા છે. કોટની આસપાસ વળી સિદ્ધાન્તરૂપી શ્રેષ્ઠ સમુદ્ર છે. સમુદ્રને ક્ષમારૂપી પાળ છે. જેમ આક્ષેપણી આદિ ચાર જાતની કથાઓ છે એમ કોટને ચાર મુખ્ય દરવાજા છે. પ્રત્યેક દરવાજાને મિથ્યાવચન ત્યાગ–અને–સાવદ્યવચન ત્યાગ–રૂપી બબ્બે દ્વાર (કમાડ) છે; અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર કુંભો છે. ધર્મગચ્છરૂપી ઉત્તમ બજારો છે, સદ્ધર્મરૂપી ધનથી એ બજારો ભરેલાં છે. સદ્ધર્મ આચરનારા આચાર્યોરૂપી શ્રેષ્ઠીઓ ત્યાં વસે છે. ભવ્યપ્રાણીઓરૂપી ગ્રાહકો ત્યાં જાય આવે છે.

એ નગર સમસ્ત સ્થિતિનો પાલનહાર, સાધુમુનિઓનો રક્ષક અને પાપિષ્ઠોનો શાસનકર્તા ચારિત્ર ધર્મ નામે રાજા છે. એ રાજાને સર્વવિરતિ અને દેશવિરતિ નામે, અત્યંત કરૂણરસથી ભરેલાં હૃદયોવાળી બે સ્ત્રીઓ છે. રાજારાણીને યતિધર્મ અને ગૃહસ્થધર્મ રૂપ માતપિતા છે. પિતાનાં જેવાં આચરણવાળા બે પુત્રો અને માતાનાં જેવાં ચારિત્રવાળી એક પુત્રી છે. સદ્‌બોધ નામનો સર્વોત્કુટ મંત્રી છે જેના આપેલાં ઠરાવ–ફેંસલા પ્રલયકાળે પણ ફરે નહીં એવા છે. વળી સમ્યક્દર્શન નામે એને પરાક્રમી સેનાપતિ છે, જે દેશના પાટનગરમાં રહ્યો રહ્યો પણ શત્રુના અંતઃકરણને કમ્પાવે છે. સંયમ વગેરે એના સામંતો છે. રાજાની સેના પણ બળવતી છે, સેવકવર્ગ પણ સ્વામીને અનુસરી ચાલનારો છે.

આ સર્વને ઊંચી ડોક કરીને જોઈ રહેલા પેલા કામદેવના સ્પર્શન વગેરે સુભટો વાનરની જેમ દોટ મૂકીને એકક્ષણમાં ગિરિની એક ધાર ઉપર ચઢી ગયા. અને સંવરને જોઈને મનમાં આશ્ચર્ય પામી, પોતે વિદેશી

હોવાથી ક્ષોભાતા ક્ષોભાતા, એના એક સેવકને પૂછવા લાગ્યા-આ માણસોની વચ્ચે સર્વનો સ્વામી હોય એવો દેખાય છે એ કોણ છે ? બૃહસ્પતિ કરતાં પણ વિશષે બુદ્ધિમાન અને વક્તૃત્વશાલી-એવા એ સેવકે ઉત્તર આપ્યો-એ ચારિત્રધર્મ નૃપતિનો કોટવાળ છે, એનું નામ સંવર છે. ખરેખર ! શત્રુઓરૂપી દવાગ્નિને શાંત કરવામાં સંવરનું જ કામ સારે છે. ચારિત્રધર્મ ભૂપતિના એ સંવર સેવકને પણ જ્યારે તમે જાણતા નથી ત્યારે બીજું તો તમે શું જ જાણતા હશો ?

એ સાંભળી અત્યંત ગર્વથી ફુલી રહેલા પેલાઓએ કહ્યું-એકચ્છત્રા પૃથ્વીનાથ મકરધ્વજ-કામદેવ વિના અન્ય કોઈ રાજા 'સ્વામી' શબ્દથી સંબોધાતો અમે તો જાણ્યો નથી. શું સૂર્ય વિના અન્ય કોઈ દિવસપતિ કહેવાય ખરો ? એ સાંભળી સંવરના સેવકે કહ્યું-મકરધ્વજને ને ચારિત્ર ધર્મને સંબંધ શો ? રણશીંગડું ફુંકાય ત્યાં જ પલાયન કરી જાય એવો ભાળ્યો તારો મકરધ્વજ રાજા ! અમારો તો એકેક સુભટ સુદ્ધાં સહસ્રબદ્ધ શત્રુઓની સામે ટક્કર ઝીલે એવો છે ! ચારિત્ર ધર્મના વીર્યની વાત જ જુદી છે ! મોહરાજાને યે એણે યુદ્ધમાં કચરી નાખીને કણકણ કરી નાખ્યો છે ! વળી અમારા સ્વામીના બળથી જ એની સેનાનો નાશ કરી અનંત પ્રાણીઓ અત્યારે નિવૃત્તિ પુરીને પ્રાપ્ત થયા છે ! શ્રેષ્ઠ સહાય મળે તો પછી શું અધુરૂં રહે ? એ સાંભળીને કામના સ્પર્શન આદિ સુભટોએ પૂછ્યું-તમે બહુ પ્રશંસા કરી રહ્યા છો એ ચારિત્ર ધર્મનું, ત્યારે, સૈન્ય કેટલું ? કહો.

એ પ્રશ્નોનો સંવરના સેવકે ઉત્તર આપ્યો કે-તમારામાંથી ફક્ત શ્રોત્રજ એ સાંભળે, શ્રોત્ર સિવાયના અન્ય બહેરા જેવા છે-એમની સાથે વાત શી કરવી ? આ સાંભળી શ્રોત્ર સાવધાન થયો એટલે સંવરના સેવકે કહ્યું-અમારા ચારિત્ર ધર્મરાજાનું સૈન્ય તો સકળ જગતમાં વિખ્યાત છે. જો-એને યતિધર્મ નામે મહાબળવાન યુવરાજ કુમાર છે, એ જન્મ્યો ત્યાં જ શત્રુઓ એટલા બધા ભયભીત થયા કે એમણે પ્રાણ છાંડ્યા. વળી એને ગૃહસ્થધર્મ નામે એક શૂરવીર લઘુપુત્ર પણ છે. એના ઉદયથી પણ વૈરિઓનું સૈન્ય સૂર્યના ઉદયથી કૈરવવન સંકોચ પામે છે એમ, સંકોચ પામી ગયું છે. એને સદ્બોધ નામે એક મહામંત્રી છે એના યુક્તિયુક્ત કાર્યોરૂપી મંત્રો વડે શત્રુ

વર્ગ સર્પની જેમ ખીલાઈ જઈને પોતાના સ્થાનથી આઘો પાછો થઈ જ નથી શકતો. સમ્યક્ત્વ નામે એક રાજમાન્ય ધુરંધર અમાત્ય પણ છે. એણે પણ રણક્ષેત્રને વિષે પોતાનું સમગ્રબળ વાપરીને શત્રુઓને નિર્બીજ કરી દીધા છે. વળી પુણ્યોદય નામે સેનાપતિ છે એ યુદ્ધમાં ઉતરે છે ત્યાં તો સમગ્ર પ્રતિપક્ષીઓ સમુદ્ર પાર પલાયન કરી જાય છે. પંચમહાવ્રત એના મુખ્ય સામંતો છે–એઓ મેરૂપર્વતની જેમ ત્રણે લોકને વિષે વિસ્તરીને રહ્યા છે. યતિધર્મ કુમારને વળી, જાણે નવીન કલ્પવૃક્ષો હોય નહીં એવા ક્ષમા આદિ અંગરક્ષકો છે. સંયમ નામનો સામંત અને એના સત્તર મહાશૂરવીર સુભટો એ યતિધર્મની વળી સાથે ને સાથે જ રહેનારા પરિચારકો છે.

ચારિત્ર ધર્મ રાજાને વળી, ઉપર વર્ણવ્યા પ્રમાણેના પદવીધરો ઉપરાંત, બાર સૂર્યસમાન તેજસ્વી ગૃહસ્થ ધર્મ નામના ભક્તિમાન સુભટો પરિચર્યા કરનારા છે. વળી એને ચાર લોકપાળ સમાન ચાર સ્વભેદ સુભટોએ યુક્ત, શુક્લધ્યાન નામે મંડળાધિપતિ સેવક છે. ત્રણ જગતને વિષે અદ્વિતીય વીર એવો એ મંડળાધિપતિ જો કોઈવાર પણ કોપાયમાન થયો તો મોહરાયના એક પણ માણસને છોડે નહીં. એજ પ્રમાણે એક ધર્મધ્યાન નામે મંડળિક છે. એને યે ચાર સુભટો છે જેમની સંગાથે યુદ્ધ કરતા પરાજય પામેલા મોહરાયના માણસો હજુ ખાટલે ને ખાટલે છે. ચિત્તપોષક સંતોષ નામે એને એક ભંડારી છે એ નિઃસ્પૃહપણે ધર્મના ભંડારનું રક્ષણ કરે છે. જ્ઞાનદાન પ્રમુખ દાનભેદો એના મતંગજો છે, જેની ગર્જનાના શ્રવણ માત્રથી જ શત્રુનું સૈન્ય નાસી જાય છે. વળી અઢાર હજાર શીલાંગ નામે પદાતિઓ છે–એમનામાંનો અકેક પણ અનેક શત્રુઓને ભારે પડે એવો છે. તીક્ષ્ણ પ્રકૃતિવાળા અનેક જાતિના તપ એના તેજી અશ્વો છે–એઓ પણ નિકાચિત કર્મરૂપી શત્રુઓનો સંહાર કરી નાખે છે. વળી અનિત્યતા આદિ બાર ભાવનારૂપી રથો છે જેમાં રહીને સુભટો સુખેથી શત્રુ પર પ્રહાર કરી શકે છે. કાળપાઠ આદિ એના શબ્દવેધી ધનુષ્યધારીઓ છે જેઓ વાગ્બાણ વડે લીલા માત્રમાં શત્રુઓને વીંધી નાંખી શકે છે.

એની સેનાના સૈનિકો જ નહીં, પણ એનું સ્ત્રી સૈન્ય સુદ્ધાં બળવત્તર છે. સૂર્યની સામે દૃષ્ટિ ટકી શકતી નથી એમ એ સ્ત્રી સૈન્ય સામે પણ

શત્રુ વર્ગ ટકી શકતો નથી. એકલી મનોગુપ્તિ જ શત્રુના સૈન્યમાં ભંગાણ પડાવે એવી એની શક્તિ છે. શત્રુ ન હાલી શકે કે ન ચાલી શકે એવી રીતે એને ગુપ્તિને વિષે રાખે છે. કાયગુપ્તિ અને વચોગુપ્તિ એ મનોગુપ્તિની વળી ઉત્તર સાધિકાઓ છે. મન ગુપ્તિમાંથી નાસી જવાનો પ્રયત્ન કરનારા શત્રુવર્ગાને એ બંને બંધનમાં જકડી લે છે. સમિતિ નામની પાંચ સ્ત્રીઓ તો એવી છે કે એઓ રણક્ષેત્રને વિષે આવી ઊભી રહે છે ત્યાંજ, સિંહણને જોઈ મૃગલા ફાળ ભરતા નાસી જાય છે એમ, શત્રુઓ પલાયન થઈ જાય છે. શીલરૂપી બખ્તરથી સજ્જ થયેલી નવ બ્રહ્મચર્ય ગુપ્તિઓ છે એઓ, કોઈનાથી ગાંજ્યો ન જાય એવા કામને, નવી નવી ગતિ વડે હરાવી દે છે. અગ્યાર અપ્રતિમ ઉપાસક પ્રતિમાઓ છે એઓ જાણે રૂદ્ર-શિવ-ની રોદ્ર દૃષ્ટિઓ હોય નહીં એમ શત્રુપર પડીને એનો ઘાણ કાઢી નાખે છે. જેની સામે નજર પણ ન કરાય એવી બાર ભિક્ષુ પ્રતિમા છે એમની આગળ, હિમ બાર સૂર્યો આગળ તાપથી જેમ ઓગળી જાય છે એમ, અજ્ઞાન અંધકાર શત્રુ ગળી જાય છે. વિશેષ શું કહું ? અમારા ચારિત્ર ધર્મ ભૂપતિના સૈન્યમાં મધપાન નિષેધ આદિ બાળસૈનિકો છે એમને પણ કોઈ પરાસ્ત કરી શકે એવું નથી.

સામા પક્ષના એક સેવક જેવાનાં આવાં વચનો સાંભળીને, કામદેવના સેવકો ક્રોધથી લાલચોળ થઈ ગયા અને એમનો દેહ કંપવા લાગ્યો. અને તો પણ ભીષણ ભ્રકુટી ચઢાવી કહેવા લાગ્યા;- અમારો મકરધ્વજ રાજા તો પછી-અમને એકલાને જ પૂરો પડી શકે એવો તો કોઈ દેવ, દાનવ, મનુષ્ય કે તિર્યંચ પણ અમારી નજરમાં નથી.” પરંતુ પેલાએ કહ્યું-અમારા ચારિત્ર ધર્મ રાજા અને એના પરિવારનો, કોઈ પણ પરાજય કરી શકે એમ નથી. એ તો મરચાં ચાવવાં છે, ચણા ફાકવાના નથી, અમારા સંવર કોટવાલને જ જો તમે જીતો તો જાઓ અમે તમારો સર્વથા વિજય કબુલ કરીશું. નહીંતર એમ કહેશું કે તમારો ગર્વ સર્વ વૃથા છે. એ સાંભળી મકરધ્વજ-કામદેવ-ના સ્પર્શ વગેરે પાંચે સેવકો સંવરની આગળ ગયા કેમકે કાંટો (અન્ય) કાંટાને સહન કરી શકતો નથી, એને જડમૂળમાંથી ઉખેડી કાઢવા તત્પર થાય છે. એમણે જોયું તો સંવર ઉચિત આચરણ વસ્ત્રથી દેહ ઢાંકીને પ્રશમ

આસન પર બિરાજેલો હતો. એના કટિભાગમાં દંડત્રયવિરમણ ખંજર રહી ગયું હતું. વિવેક ખડ્ગ અને અપ્રમાદ ઢાલ એની પાસે પડેલાં હતાં. માથે પરિગ્રહત્યાગ છત્ર ધરવામાં આવ્યું હતું. દક્ષિણ ભુજા વિષે શુકલલેશ્યા બાહુરક્ષક બાંધેલું હતું. કાંડાપર સુવર્ણની ચળકતી પદ્મલેશ્યા પોંચી, અને પગમાં સપ્તભયાભાવ વીરકટક શોભી રહ્યા હતાં. વિધવિધ પંડિતો એની બિરૂદાવલિ બોલી રહ્યા હતા અને અનશન આદિ યોદ્ધાઓ એની આજ્ઞા ઉઠાવવા તૈયાર બેઠા હતા. આમ હોવાથી સંવર જાણે સાક્ષાત્ વીર રસ હોય નહીં એવો પેલાઓની દૃષ્ટિએ દેખાયો.

સ્પર્શ આદિ પાંચને જોઈને તત્ક્ષણ સંવરના સુભટો તો આગળ આવવા પડાપડી કરતા યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. કારણ કે એમને સદા યુદ્ધનું જ ચિંતવન હોય છે. એ વખતે અનશન કહેવા લાગ્યો, “અરે સુભટો, તમે રહેવા દ્યો. ગર્વને લીધે જેમની ડોક ઊંચીને ઊંચી જ રહેલી છે એવા આ શત્રુઓની સામે, મારા ઉનોદરત્વ આદિ બંધુઓને લઈને, આજ તો હું જ યુદ્ધ કરવા ઉતરીશ; જેવી રીતે પાંડવોને લઈને કેશવ-કૃષ્ણ કૌરવોની સામે ઉતરી પડ્યા હતા. એમ તમારે ફક્ત એટલું કરવું કે અમારામાંથી કોઈનામાં કદાપિ શત્રુના દારૂણ શસ્ત્રનું શલ્ય ભરાય તો તત્ક્ષણ આલોચના આદિ દશ સંદંશ વડે તેને નિઃશલ્ય કરવો-શલ્ય દૂર કરવું; પ્રાસાદ-મહેલની નીચેની ભૂમિની જેમ.” સંવર તો એનું ભુજબળ જાણતો હતો એટલે એણે તત્ક્ષણ એની વાતનો સ્વીકાર કર્યો. સેવકોના પરાક્રમ નજરે જોયાં હોય એટલે સ્વામી એમનામાં વિશ્વાસ રાખ્યા વિના રહેજ કેમ ?

પછી સંવરની આજ્ઞા માગી સદ્ય કવચ ધારણ કરી શસ્ત્રો લઈ અનશન વગેરે ચાલ્યા ત્યાં પ્રવચને એમને કહ્યું “એક મર્મની વાત છે એ સાંભળતા જાઓ. આ મકરધ્વજની દાઢી મૂછવાળા સુભટોમાં પણ કર્તા હર્તા તો સ્ત્રી રસના જ છે. એમને સર્વને જોર, એ રસનાનું જ છે, એના જોર પર જ બધા નાચી કૂદી રહ્યા છે. માટે જો તમારે વિજયની આકાંક્ષા હોય તો એકલી એ રસનાને જ જીતી લેવી. સર્પની વિષ ભરેલી દાઢજ ઉખેડી લેવી-અન્ય દાંત ભલેને રહ્યા.” એ પરથી અનશન પુનઃ કહેવા લાગ્યો “રસનાને જ જીતવાનું કહેતા હો તો, હું એકલો જ એ કાર્ય કરીશ. એમાં સહાયક-

પરિચ્છદ શા જોઈએ ? માટે તમે સર્વ બંધુઓ પોતપોતાને સ્થાને રહો." પણ એ યુદ્ધને માટે ટમટમી રહેલા એ બંધુઓ કહેવા લાગ્યા-હે ભ્રાતા ! અમે તો રણક્ષેત્રમાં તારી સંગાથે આવ્યા વિના નહીં રહીએ.

આ પ્રસ્તાવ બની રહ્યો છે ત્યાં તો મકરધ્વજના સ્પર્શન આદિ સેવકો સામા આવી દેહાવાસ રણક્ષેત્રમાં ખડા થઈ ગયા. પણ એ વખતે સંધ્યા સમય હતો એટલે બંને પક્ષોએ સંમત થઈ વળતા દિવસ પર યુદ્ધ મુલ્તવી રાખ્યું. અને પાછળ હઠીને રાત્રે બંને પોતપોતાના સ્થાનમાં ગયા. અર્ધ રાત્રિને સમયે કામદેવના છળ વગેરે સેવકોએ સ્પર્શનને કહ્યું "અત્યારે શત્રુના સૈન્યમાં છાપો મારીને યશ મેળવ. એ સાંભળીને સ્પર્શન સ્તંભ, દંભ, છળ, દ્રોહ વગેરે પરિવાર સહિત 'મારો મારો' કરતો અનશન વગેરે પ્રતિપક્ષીઓની નજદીક ગયો. તત્ક્ષણ, જેના સર્વ કલેશ ટળી ગયા છે એવો કાયકલેશ સુભટ પોતાના લોચસહન, આતપ સહન આદિ બંધુઓ સહિત ઉઠીને સામો ઊભો રહ્યો."

બંને પક્ષો વચ્ચે ઘોર યુદ્ધ મચી રહ્યું એમાં, કુવાદીના હેતુઓની જેમ, બંનેના શસ્ત્રાસ્ત્રો પૂરાં થઈ રહ્યાં. પછી તો અનશન અને સ્પર્શન મલ્લે મલ્લની જેમ સામસામા યુદ્ધમાં ઉતર્યા. એમાં અનશન સ્પર્શન પર પ્રહાર કરી ક્ષણમાત્રમાં ભૂમિ પર પાડી દીધો. ગ્રીષ્મઋતુમાં જે સદા કપૂર અને ચંદનનું વિલેપન કરતો હતો અને વીંજણાના સુખદાયક વાયુનું સેવન કરતો આનંદમાં રહેતો હતો એવા સ્પર્શનને અનશને અગ્નિ જેવી લૂ વાતી હતી એવા, તપી રહેલા સૂર્યના તાપમાં ઊભો રાખ્યો; પામથી પીડાતો માણસ શરીરે ઔષધિ ચોપડી તડકામાં રહે છે એમ. સ્નાન સમયે સ્વચ્છ કરી સ્પર્શન જેને તેલનો અભ્યંગ કરતો અને કસ્તુરી આદિથી સુવાસિત કરતો એ જ એના સ્મશ્રુ તથા મસ્તકના કેશને અનશને ઉખેડી નખાવ્યા-ટુંપાવી નખાવ્યા. રૂની નરમ શય્યામાં સદા પોઢતો એવાને આજે અનશનના અમલમાં ખાડાખડી આવળી ખાલી જમીન પર સૂઈ રહેવાનો વખત આવ્યો.

પૂર્વે જે માતેલા સાંઢની પેઠે મોકળો ફર્યા કરી શીલભ્રષ્ટ થતો એને જ કાયકલેશના આદેશથી બ્રહ્મચર્ય પાળવું પડ્યું. જેને એક દિવસ પણ ન્હાયા ધોયા વિના ચાલતું નહીં એને આજે આંખની પાંપણ સરખી

ધોવાનું પણ મળ્યું નહીં. આટલી દુર્દશા જાણે ઓછી હોય એમ, ક્યાંકથી શેષભરી સંલીનતા એ આવીને એને પડ્યાપર પાટુ મારી; એના પ્રતિબંધને લીધે એને ઠંડીથી હેરાન થતા માણસની જેમ અંગો પાંગો સર્વે સંકોચવા પડ્યાં, અને એમ કરીને કાચબાની જેમ પડ્યા રહેવું પડ્યું.

આ વખતે, પોતાના એક બંધુ-સૈનિકને આમ આપત્તિમાં આવી પડેલો જોઈ, અત્યંત ગર્વને લીધે પોતાને વીરશિરોમણિ સમજતી રસના સકળ વિશ્વને પોતાને આધીન માની વૃથા ફુલાતી ફુલાતી મોખરે આવી કહેવા લાગી "સ્પર્શન પડ્યો, પણ જ્યાં સુધી હું ઊભી છું ત્યાં સુધી તમારો વિજય કહેવાય નહીં. કેમકે, અન્ય સર્વસ્વ ગયું હોય તોયે, જ્યાંસુધી રત્નગર્ભા વસુધંરા અક્ષત હોય ત્યાં સુધી રાજ્ય ગયું કહેવાતું નથી. સંધિવિગ્રહ પૂર્ણ શાસ્ત્રના વિષે જેમ લક્ષણવિદ્યા મૂળ છે તેમ કામરાજાના પણ સંધિવિગ્રહ પૂર્ણ રાજ્યમાં હું જ મૂળ છું." અક્ષત રહેલી રસના આમ કહેતી આવી એટલે ચારિત્રધર્મ રાજાનો અતીવ દઢ વિસ્તારવંત છાતીવાળો ઔનોદર્ય સુભટ જેણે પૂર્વે અનેક ઉગ્ર શત્રુઓને પણ નસાડી મૂક્યા હતા, એની સાથે યુદ્ધમાં ઉતર્યો. સર્વ કોઈને આયાસ પમાડનારી ગર્વિષ્ટ રસનાઓ ઔનોદર્યને તો એક પામર જેવો ગણી રણક્ષેત્રમાં એક તરણાની જેમ કાઢી નાખ્યો.

આમ થવાથી અનશન નામનો મહાયોદ્ધો રસનાની સામે આવી ઊભો. કેમકે રસના ભલે એક સ્ત્રી જાતિ હતી પરંતુ સન્મુખ આવી યુદ્ધમાં ઉતરી હતી એટલે એનું સ્ત્રી જાતિત્વ ગણવામાં શેનું લેવાય ? બંનેનું ચિરકાળ યુદ્ધ ચાલ્યું પરંતુ કોઈ હાર્યું જીત્યું નહીં. કેમકે સરખે સરખાનો જય કે પરાજય તત્ક્ષણ થતો નથી. અનશને એને બે, ત્રણ, ચાર, પાંચ આદિ ઉપવાસો વડે મર્મ પર પ્રહાર કરી કરીને જર્જરિત કરી નાખી; એક તર્કશાસ્ત્રી અન્ય તર્કશાસ્ત્રીને કરે એમ. વચ્ચે કૃપા કરીને અનશને એને જરા છોડી તો વૃત્તિસંક્ષેપ અને રસત્યાગ બંને સહોદરોએ એને કદર્થના કરવામાં મણા રાખી નહીં, કારણકે ક્રોધાવિષ્ટ સ્થિતિમાં, સામે સ્ત્રી છે કે પુરુષ છે એ જોવાતું નથી. વળી એની સકળ લોકને રંજાડવાની પ્રકૃતિ સાંભરી આવવાથી અનશને એને પુનઃ પોતાના ગ્રાહ્યમાં

લીધી-ભોજનથી વિમુખ રાખી. કારણ કે દુષ્ટને શિક્ષા આપવી એ કંઈ અયોગ્ય નથી. પણ એમ થવાથી એ બિચારી બહુ કૃશ થઈ ગઈ એથી પુનઃ દયા લાવી એને જેવું તેવું-અરસ, વિરસ, રૂક્ષ, તુચ્છ પણ કંઈ (ભોજન) અપાવરાવ્યું. વળી એને નમસ્કારનું, પૌરૂષીનું, સૌર્દ્ધપૌરૂષીનું, કે પુરિમાર્દ્ધનું-એમ વખતોવખત પ્રત્યાખ્યાન કરાવ્યું. કોઈ વાર આંબિલ કરાવ્યું, કોઈવાર એકાશન કરાવ્યું તો કોઈવાર નિર્વિકૃતિ કરાવી વળી વચ્ચે વચ્ચે એકેક દિવસ અન્ન પાણીનો કેવળ ત્યાગ કરાવી ઉપવાસ પણ કરાવ્યો-અને એમ કરીને પુનઃ એને કૃશ કરી નાખી; કારણ કે એના જેવી શત્રુનું કાર્ય સારનારીનો વિશ્વાસ શો ?

આમ પોતાના સ્પર્શન અને રસના બંને સુભટ બંધુઓને પડ્યા જોઈને ભયભીત થયેલા ચક્ષુ, શ્રોત્ર અને ઘ્રાણ સુભટો ચિંતવવા લાગ્યા. "શત્રુઓએ તો આપણા બંને બંધુઓને મૃતપ્રાય કરીને વિજય મેળવ્યો. આવા ત્રણ જગતના મલ્લ જેવાનો પરાજય કર્યો તો આપણું શું ગજું ? માટે હવે આપણે યુદ્ધમાં ઉતરવું નહીં, અન્યથા આપણી પણ એમના જેવી ગતિ થશે. ચટપટ બીજાનો ભક્ષ કરવાની શક્તિ વાળી ચામુંડા જેવીનો પણ જ્યાં ભક્ષ થઈ જાય ત્યાં એના રાંક યક્ષ સુભટો શું જોર કરી શકે ? જો આપણે સર્વ શત્રુના હાથમાં સપડાયા તો પછી કામરાજા પાસે જઈને વીતક વાર્તા કહેશે કોણ ? માટે આપણે હવે ક્યાંય ગુપચુપ ભરાઈ રહીએ. એમ કરતાં જો કંઈ યુક્તિ હાથ આવશે તો આપણા બંને બંધુઓને છોડાવીને આપણા રાજા પાસે લઈ જઈશું. એ બંને વિના આપણે રાજાજીને શું મોં બતાવીશું ?" આમ વિચારીને એઓ ત્યાં જ ચોરની પેઠે ક્યાંક ભરાઈ બેઠા.

પછી અનશન વગેરે વિજયી સુભટો સ્પર્શન અને રસનાને બંદીવાન કરી કારાગ્રહમાં નાખી, રાગનિગ્રહ તથા દ્વેષનિગ્રહ નામના પહેરેગીરોને અને સાથે ધર્મજાગરિકાને એ બંનેની ચોકી કરવા રાખી સંવર પાસે ગયા.

હવે ઘ્રાણ વગેરે ત્રણ પરાજિત પક્ષના છુટા હતા એ સુભટો કારાવાસમાં પડેલા સ્પર્શન અને રસનાની મુક્તિનો ઉપાય ચિંતવવા લાગ્યા, એમ કરતાં બહુ કાળ વીત્યો. એવામાં એકદા જંગલરાત્રિ હોય નહીં એવી એક શ્યામ

વર્ણની ઘુર્ણાયમાન નેત્રોવાળી કોઈ સ્ત્રી ત્યાં ફરતી એમની દષ્ટિએ પડી. એટલે, બોરડીને જોઈ શૃગાલો હર્ષ પામી એની આગળ જાય એમ એઓ પણ "અહો ! નિદ્રા બહેન, તમારાં ઘણે દિવસે દર્શન થયાં" એમ કહેતા એની પાસે ગયા; અને "આજ તો અજવાળું થયું, અજવાળું થયું." એમ બોલી એને ચરણે પડ્યાં. પણ મોટા મોટા રાજાઓ સુદ્ધાં સ્ત્રીની આગળ દંડવત્ પ્રણામ કરતા જણાયા છે એટલે એમાં કંઈ આશ્ચર્ય નહીં. નિદ્રાએ પણ "અક્ષત રહો, અજરામર રહો" એમ કહી વસ્ત્રના છેડા વડે ભાઈઓનાં લુંછણાં ઉતાર્યા. પણ બહેને એમના મોં ઉતરી ગયેલા જોયાં એટલે એનું કારણ પૂછતા ભાઈઓએ ઉત્તર આપ્યો–બહેન ! એ તો અમારાં ગ્રહ હાલ વાંકા છે તારે કંઈ વિશેષ પૂછવું નહીં. નિદ્રાએ કહ્યું–ભાઈઓ ! માતાતુલ્ય ગણીને મને તમારું દુઃખ જણાવો હું વિરક્ત સાધુની જેમ દુઃખીને દિલાસો આપનારી છું એ સાંભળી પેલાઓએ ઊંડા નિઃશ્વાસ મૂકીને સ્પર્શન અને રસનાનો કારાગૃહમાં પડવા સુધીનો વૃત્તાંત એને કહી સંભળાવ્યો. અને એજ પોતાના ખેદનું મૂળ છે એમ જણાવ્યું.

વળી વિશેષમાં એમ કહ્યું કે અમે અમારો પ્રમાદ નામનો ચતુર દૂત ત્યાં મોકલ્યો હતો એણે ત્યાંનું સમસ્ત સ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણી આવીને અમને કહ્યું છે–હે સ્વામી ! તમારી આજ્ઞાથી હું ત્યાં ગયો તો મેં બે પુરુષ અને એક સ્ત્રીને પહેરો ભરતા જોયા. એઓ પરસ્પર વાતચીત કરતા હતા એમાંથી મેં એમના નામ જાણી લીધા છે. સ્ત્રીનું નામ ધર્મજાગરિકા; અને પુરુષોનાં નામ રાગનિગ્રહ તથા દ્વેષનિગ્રહ. વાયુ ઉખળ્યો હોય એમ સ્ત્રી તો લવલવાટ કર્યા જ કરે છે, અને એથી બંને પુરુષોના નિમેષ માત્ર પણ નેત્ર મીંચાતાં નથી. એકની સાવધાનતાને લીધે અન્ય બંને પણ સાવધાન છે. આમ બાબત છે એટલે કારાગૃહમાંથી બંનેનો છુટકારો થવો મુશ્કેલ છે. જો કોઈ રીતે ધર્મજાગરિકાને થાપ આપી શકીએ તો બીજા બંનેમાં તો કંઈ નથી. કારણ કે ધુર્તતા સર્વ સ્ત્રી જાતિમાં વસેલી છે; પુરુષો તો જડ જેવા છે. માટે જો એ ધર્મજાગરિકાને છળી શકીએ તો આપણા બંને યોદ્ધાઓ સદ્ય બહાર નીકળી શકે. અન્યથા એઓ કારાગૃહમાં પડ્યા પડ્યા સડશે. આ પ્રમાણે અમારા દૂત પ્રમાદે અમને કહેલું તે હે

બહેન ! તને કહી સંભળાવ્યું છે. હવે તો તારી કૃપા હોય તો આ વિપત્તિ અમે ઓળંગી શકીએ એમ છે.

દયાર્દ્ર હૃદયવાળી નિદ્રાએ કહ્યું-ભાઈઓ ! ખિન્ન ન થશો. એ પાપિષ્ઠા ! ધર્મજાગરિકા તો બાળકની જેમ ક્ષણમાં છેતરાઈ જશે. પેલાઓએ કહ્યું-હે નિદ્રા બહેન ! શૂળી પર ચઢાવેલાને પણ સુખદાયી તારા જેવી અમારી ચિંતા કરનારી હોય ત્યાં અમારે કષ્ટ રહેજ નહિ. એમણે આમ કહીને આકાશમાં ચઢાવી એટલે એ પણ શીઘ્ર ધર્મજાગરિકા પાસે ગઈ. સ્વાભાવિક વૈર છતાં બંને પરસ્પર મળ્યાં. દુષ્ટ નિદ્રાએ વંચનાનો પાઠ ભજવ્યો-હે દેવિ ! આ તારી દાસીની પણ દાસી-તારા ચરણની રજ તારા દર્શને આવી છે. મારા પરમભાગ્ય ચિરકાળે પણ તારાં દર્શન થયાં. ચિંતામણિના દર્શન જેવાં તારા દર્શનથી મને અત્યંત આનંદ થયો છે. આવાં ચિત્તરંજન શબ્દોથી પેલી તો લેવાઈ ગઈ અને એને પોતાની ભક્તા માની બેઠી. વળી નિદ્રાએ કહ્યું-હે માતા ! તારાં નેત્રો દોષિત જણાય છે છતાં આવા પાપી બંદિવાનોની ચોકી કરવા શા માટે જાગરણ કરે છે ?

આ મારી પાસે નેત્રના વ્યાધિને ટાળનારું વિમળાંજન છે તે લે. એમ કહીને એને છળથી વિમળાંજનને બદલે મોહનાંજન આપ્યું એ પેલીએ આંજ્યું. એટલે શીઘ્ર સ્વાપ આવીને ઊભો રહ્યો; વશવર્તી ચેટક આવીને ખડું થઈ જાય એમ. મોહનાંજન અંજાયાથી ઝોકાં આવવાં માંડ્યાં અને એથી બંને પહેરેગીર પણ સૂઈ ગયા. કહેવત છે કે એક છિદ્ર પડ્યું એટલે અનેક અનર્થો ઉત્પન્ન થાય છે. તત્ક્ષણ છળ અને પ્રમાદ આવી પહોંચ્યા-એમણે, વૈદ્ય જેમ રોગીના અપકારક રસને દૂર કરે છે એમ, સ્પર્શન તથા રસનાના બંધન શીઘ્ર દૂર કર્યા-તોડી નાખ્યાં પછી ઘ્રાણ વગેરે ત્રણ સુભટો ત્યાં સંતાઈ રહેલા હતા એમણે આવીને બંનેને ઉપાડી ઝોળીમાં નાખી ઘર ભેગા કર્યા અને લંઘન આદિ વડે મૃતપ્રાય શુષ્ક થઈ ગયા હતા તેમને પુષ્ટ કરવાના ઉપાય કરવા માંડ્યા. કારણ કે પીડા તો બંધુઓને જ હોય.

પછી એમણે મકરધ્વજ રાજાજીને જઈ પ્રણામ કરી પોતાનો પરાજય થયાની વાત કહી સંભળાવી. કેમકે દુ:ખની વાત સ્વામીને કહેવાની હોય

છે. મકરધ્વજ તો એ સાંભળીને અગ્નિની જેમ પ્રજવલિત થયો. "દુરાત્મા સંવર તે કેવો ઠર્યો કે પોતાના પરિજનો પાસે આ બધાંને માર ખવરાવ્યો ? અહો ! એણે પરાધીનપણે એવું વર્તન ચાલવા દઈને નિશ્ચયે, અસહ્ય જવાળા કાઢતા અગ્નિને પોતાની ભુજાઓ વડે આલિંગન દેવાની હામ ભીડ્યા જેવું કર્યું છે ! મદોન્મત ગજરાજના કુંભસ્થળને ભેદી નાખનાર મૃગપતિ સિંહને સૂતો જગાડ્યા જેવું કર્યું છે ! મેઘ અને ભ્રમરના જેવા શ્યામ ફણિધરને ફણાને હાથવતી ખંજવાળવાની મૂર્ખતા-ભરેલી અભિલાષા કરી છે ! મારા જેવા અદ્વિતીય મલ્લની સાથે વિગ્રહ આદર્યો છે તો એનો દુર્મદ હું આજ ક્ષણે ઉતારી નાખું છું." આમ ઉચ્ચ સ્વરે ગર્જના કરીને એણે યુદ્ધની ભેરી વગાડવાનો આદેશ કર્યો કે જેથી સુભટો શીઘ્ર તૈયાર થઈ જાય અને સંવર પર ચઢાઈ લઈ જવાય.

ભેરીનો નાદ થયો કે તત્ક્ષણ એને મિથ્યાત્વ નામનો અમાત્ય અને કષાય નામના સોળ મંડળાધીશો તૈયાર થઈ ગયા. મહાવતોએ વિકરાળ નાગસમાન દુર્વ્યસન આદિ હસ્તિઓ તૈયાર કર્યા; અશ્વારોએ પાનભક્ષણ આદિ અશ્વો તૈયાર કર્યા અને રથિકોએ નિત્ય વાસનાદિ વિશાળ ઊંચા રથો તૈયાર કર્યા. આશ્રવદ્વાર વગેરે પાયદળ ચકચકિત ખડગો લઈને તૈયાર ઊભું, અને અકાળપાઠ વગેરે ધનુર્ધારીઓ પણ રણમાં ઝુઝવા તત્પર થયા. આ પ્રમાણે ચતુરંગી સેના લઈને ગર્વિષ્ટ મકરધ્વજ મહાસાગરની જેમ ગર્જારવ કરતો ઉતાવળો ચાલી નીકળ્યો. એની આગળ પાપોદય સેનાપતિ, પાછળ મિથ્યાત્વ અમાત્ય, અને બંને બાજુએ કષાય મંડળેશ્વરો ચાલવા લાગ્યા. અનુક્રમે કામરાજા અને એનું અસંખ્ય સૈન્ય પૃથ્વી તથા આકાશ પ્રદેશને પૂરી નાખતું દેહાવાસ રણક્ષેત્રને વિષે આવી પહોંચ્યું. અહીંથી એણે, રાજનીતિને અનુસરીને, મૃષાવાદ નામનો દૂત સંવર પાસે મોકલ્યો.

એ દૂતે જઈને કહ્યું-હે સંવર ! હું કામરાજાનો દૂત છું. મારા રાજાજીએ કહેવરાવ્યું છે કે અમારા અત્યંત વલ્લભ સેવકોને, ગ્રહણને દિવસે શ્વાનને મારકૂટ કરવામાં આવે છે એમ, તમારા સેવકોએ મારકૂટ કરી હેરાન હેરાન કરી નાખ્યા છે એ દોષ બદલ તમે જ શિક્ષાને પાત્ર

છો; કારણ કે સેવકના અપરાધનો દંડ સ્વામીએ સહન કરવો એવો પ્રચલિત રિવાજ છે. માટે જો તમારે રાજ્ય અને દેશનો ખપ હોય, સુખની ઈચ્છા હોય અને તમારા પ્રાણ તમને વહાલા હોય તો સત્વર આવીને અમારી ક્ષમા માગો. તમારો અપરાધ તો બહુ મોટો છે પણ જો તમે આવીને અમને નમશો તો અમે તત્ક્ષણ તમારા પર પ્રસન્ન થઈશું; કારણકે, મહાત્માઓનો કોપ સામો પક્ષ નમી પડ્યા પછી શાંત થઈ જાય છે. અમારી જે માણસ નિરંતર સેવાભક્તિ કરે છે એના પર અમે ઉનો વા પણ વાવા દેતા નથી. પરંતુ કોઈ માણસ અભિમાનથી દોરાઈ અમારી અવજ્ઞા કરે છે તો એને અમે દુ:ખી કરવામાં કંઈ પણ ઉણપ રાખતા નથી; કેમકે શક્તિવંતોનું એ લક્ષણ છે. જે ધણીની છાયા પણ કોઈને નમતી નથી અને જે વળી ધણીના પણ ધણી જેવા છે એવાઓ પણ અમારું શાસન માન્ય રાખે છે, તુષ્ટમાન થઈએ તો રાજ્યના રાજ્ય દઈ દઈએ, અને રૂઠીએ તો ભિક્ષા મંગાવીએ એવી અમારી શક્તિ છે માટે અમારું શાસન માન્ય રાખો. એથી તમને વિપુલ લક્ષ્મીની પ્રાપ્તિ થશે.

મકરધ્વજ-કામરાજાનો દૂત આટલું બોલી બંધ રહ્યો કે સંવરનો સત્યજલ્પ સેવક સંવરને આશ્ચર્ય પમાડતો કહેવા લાગ્યો "ટિટ્ટભની જેવું તારું વાચાળપણું દીઠું ! તારું મિથ્યાજલ્પ નામ યથાર્થ જ પાડેલું લાગે છે કેમકે જે મોંમાં આવ્યું તે તું બોલી નાખે છે ! મકરધ્વજના પાપી વિશ્વવંચક વહાલાઓને અમે જીવતા જવા દીધા એ બહુ ભૂલ કરી છે. તારા કામરાજાનું મહાત્મ્ય પામર માનવોની સભામાં જઈને કહે. શૃગાલનાં પરાક્રમનાં વર્ણન શૃગાલના ટોળામાં જ સારાં લાગે. મુખે મધુર સ્વાદ દેખાડીને મત્સ્યમાર મત્સ્યોને કષ્ટ દે છે તેમ તારો કામરાજા પણ મુગ્ધજનોને લોભાવીને દુ:ખી કરે છે. અમારા જેવા એ સર્વ જાણનારાની સમક્ષ એનાં વાત્સલ્યનાં વર્ણન કરવાનું હોય નહીં. તારા રાજાના પિતા રાગકેશરી અને પિતામહ પ્રસિદ્ધ જગતદ્રોહી મહામોહ પણ અમારા સંવરદેવના હાથનો માર ખાઈ પલાયન કરી ગયા છે તો પછી તારા રાજાનું તો ગજું જ શું ? વળી સર્પનો જઈને સેંથો લેવાની શક્તિ ધરાવનારને એક તુચ્છ ગરોળીનો ભય શો હોય ?

માટે જો તારો સ્વામી પોતાની શક્તિ અણવિચારીને મારા સ્વામી

સાથે યુદ્ધ કરવા આવશે તો, એ નિ:સંશય આવશે એવો જ ભાગશે અને અમારે ઠંડે પાણીએ જ કાસળ જશે. જે પગે આવ્યો એ જ પગે એને શીઘ્ર નાસી ગયા સિવાય બીજો આશ્રય નહીં રહે. વળી અન્ય સુભટો પણ કહેવા લાગ્યા–અરે મિથ્યાજલ્પ ! તું આમ ગમે એમ બોલે છે તેથી તારો તો વધ જ કરવો જોઈએ. પરંતુ તું એક દૂત તરીકે અહીં આવેલ છે એટલે તને જવા દઈએ છીએ. અમે તો ક્યારના સજ્જ થઈ રહ્યા છીએ. તારા સ્વામી પર અમે વિજય નહીં મેળવી શકીએ તો પણ અમારા હાથની ખરજ તો ભાંગશે જ. એ સાંભળી દૂત કંઈ પ્રત્યુત્તર આપવા જતો હતો એવામાં એમણે એને ગળે પકડી કાઢી મૂક્યો.”

દૂતે જઈને સર્વ વાત મકરધ્વજને કહી એટલે ક્યારનો ધંધુવાઈ રહેલો એનો ક્રોધાગ્નિ એનાં વચનોરૂપી વાયુથી પ્રેરાઈ પ્રજ્વલિત થયો; અને એક દ્વિજ સર્વ સામગ્રી લઈને હવન કરવા જાય એમ પોતાનું સર્વ સૈન્ય લઈને યુદ્ધ કરવા ગયો. સંવર કોટ્ટપાળ પણ સકળ સેના સહિત કટિબદ્ધ થઈને સામો આવી ઊભો. કારણ કે સિંહ હોય છે એ અન્યને સહન કરતો નથી. એમનું યુદ્ધ જોવાને ગગનમાં દેવતાઓ અને વિદ્યાધરો કંઈ ઉત્સવ નીરખવાને હોય નહીં એમ હર્ષસહિત એકત્ર થયાં. કારણ કે સર્વ પ્રાણીઓને પ્રાય: કુતુહલ જોવું બહુ ગમે છે. એટલામાં તો કાયર પુરુષોનાં હૃદયને થડકાવી નાખનારાં ભયંકર રણવાજિંત્રો બંને સૈન્યમાં વાગવા લાગ્યાં.

દુર્જય શત્રુની સાથેના યુદ્ધમાં, ચક્રવર્તી રાજા જેમ ચક્રને મોખરે રાખે છે તેમ ચારિત્રધર્મ ભુપતિએ જેને સૈન્યને મોખરે રાખેલ છે; વળી જે સૈન્યમાં હોય છે તો જ રણક્ષેત્રમાં ચારિત્રધર્મ ભુપતિનું ચિત્ત સ્વસ્થ રહે છે અન્યથા દોલાયમાન થઈ જાય છે; એવા નિરહંકાર વગેરે ચતુર બંદિજનો સંવરના પક્ષના સુભટોને ઉત્સાહિત કરવા લાગ્યા કે–હે સૈનિકો ! જેણે મોહરાજાના પુત્ર રાગના તનુજ મકરધ્વજનો મુખ થકી જ પરાજય કરીને એનાં કુંભ અને ધ્વજા હરી લીધાં છે; અને જે એક જ પ્રહારથી શત્રુઓને માટીની જેમ ચુરી નાખી શકે છે;–એવા સંવરદેવના તમે સેવકો છો. તમે પોતે પણ પૂર્વે યુદ્ધમાં અનેકવાર જય મેળવ્યો છે. માટે અત્યારે તમો રણક્ષેત્રમાં એવું પરાક્રમ દર્શાવજો કે તમારું ચંદ્રમા સમાન નિર્મળ કુળ

દીપી ઉઠે, અને પાપી શત્રુઓનાં મોં કાળાં થાય.

સામા પક્ષમાં અહંકાર આદિ દુષ્ટ બંદિજનોએ હાથ ઊંચા કરી કરીને પોતાના સૈનિકોને શૂર ચઢાવ્યું કે–હે સુભટો ! શત્રુના સૈનિકોને જે માથાની શૂળિ જેવો છે; અને સેનાને વિષે જો હાજર હોય છે તો જ મોહરાજા સુખે સૂએ છે; જેના સતત ફેંકાતા શરો વડે જર્જરિત થઈ જઈને શત્રુઓ પુનઃ રણે ચઢવાનું નામ પણ લેતા નથી; અને જેને હનુમાનની પેઠે પહેલા જ દુર્જયશત્રુઓની સમક્ષ મોકલવામાં આવે છે;–એવા મકરધ્વજરાજાના તમે સેવકો છો. તમે પોતે ય તમારા અસહ્ય ભુજદંડ વડે પશુઓ, માનવો; દેવો અને દાનવોને સુદ્ધાં વશ કર્યા છે. આ પાંચ સાત જૈનપુરવાસીઓ પોતાની સ્થિતિ નહિ ઓળખીને, પોતાને શૂરવીર માનતા, કાન ખાઈ જાય છે એઓ, સર્વ જગતના પ્રાણીઓ પર વિજય મેળવનારા તમારા જેવાની આગળ, સમુદ્રમાં જેવી સાથવાની મુઠ્ઠી હોય એવા છે. તમારી આટઆટલી લાયકાતો છતાં જો તમે એમને હાથે શિકસ્ત ખાસો તો તમે સમુદ્રનો સમુદ્ર તરી જઈને એક અલ્પ ખાબોચીયામાં ડૂબી ગયા કહેવાશો માટે અત્યારે ચિત્ત દઢ રાખીને એવી રીતે યુદ્ધ કરજો કે તમારા પૂર્વજોનું નામ દીપકની જેમ દીપી નીકળે.

આમ કહી કહીને બંદિજનો જેમને શૂર ચઢાવી રહ્યા છે એવા ઉભય પક્ષના ગર્વિષ્ટ યોદ્ધાઓ ભયંકર ક્રોધ કરતા સામસામા આવી ઊભા. કર્ણપર્યન્ત લાવી લાવીને ધનુષ્યધારીઓએ તીરોનો એવો સતત મારો ચલાવ્યો કે ત્યાં વગર સ્તંભનો શર મંડપ થઈ રહ્યો. હસ્તલાઘવ–કળાવાળા એઓ ભાથામાંથી તીર લઈ પ્રત્યંચાપર ચઢાવી ખેંચીને એવી રીતે બાણ છોડતા કે ખબર જ પડે નહીં એકધારે વરસતા વર્ષાદની ધારા જેવી બાણાવળિ સતત છુટતી જ રહી એથી આચ્છાદિત થયેલું આકાશ જાણે તીડોથી ભરાઈ ગયું હોય નહીં એવું દેખાવા લાગ્યું. સુભટોએ લેશ માત્ર પણ અટક્યા વિના છોડવા માંડેલા બાણોવડે પૂરાઈ ગયેલ રણક્ષેત્ર જાણે કાશપુષ્પોથી ઊભરાઈ જતું વન હોય નહીં એમ શોભી રહ્યું. હસ્તિ દંતૂશળના પ્રહારો પર્વતો સહન કરે છે એમ ખડ્ગના પ્રહારો સહન કરતા પાયદળના સુભટો પણ રણમાં ઝુઝવા લાવ્યા. એમાં ખડ્ગો પરસ્પર અથડાવાથી એમાંથી ઊડી રહેલા

અગ્નિના તણખાઓને લીધે જાણે યોદ્ધાઓના મંગળકલ્યાણને અર્થે નીરાજનાવિધિ થતી હોય નહીં એવો ભાસ થઈ રહ્યો.

તલવારથી લડતા સૈનિકોની તલવારોના અગ્રભાગ એકબીજા સાથે મળવાથી જાણે જયશ્રીએ વૈડુર્યમણિના તોરણો રચીને લટકાવી લીધા હોય નહીં એવો દેખાવ થઈ રહ્યો. સુભટો વારંવાર ખડ્ગો નચાવતા નચાવતા ફેરવી રહ્યા હતા એથી જાણે ત્યાં વિદ્યુલ્લતા ઝબકારા મારી રહી હોય નહીં એમ પ્રતીતિ થતી હતી. યોદ્ધાઓના હાથમાં પંક્તિબદ્ધ રહી ગયેલી ઉત્તમ પ્રકારની ઢાલોને લીધે ત્યાં જાણે કપિશીર્ષકોનું તોરણ બની રહ્યું હોય નહીં એમ ભાસ થતો હતો. દીર્ઘ ભુજાવાળા સુભટોએ પ્રતિપક્ષીના પ્રહાર ઝીલવાને પોતાપોતાની ઢાલો ઊંચે ધરી રાખી હતી. એથી જાણે એમનાં મસ્તક પર છત્ર ધરવામાં આવ્યા હોય નહીં એવો દેખાવ થઈ રહ્યો હતો. વળી બંને સેનાઓમાં એ પ્રમાણે ઢાલોની હારને હાર રહી ગઈ હતી. એ જાણે સૂર્યો અને ચંદ્રમાની પંક્તિબદ્ધ શ્રેણિ હોય નહીં એવી શોભતી હતી. અશ્વારો પણ હર્ષસહિત સામ-સામા ભાલાઓ ફેંકી ફેંકીને પોતાની ચિરકાળની યુદ્ધે ચડવાની હોંશ પૂરી કરતા હતા.

કેટલાકના હાથમાં ભાલા ઊંચા ઊભા રહી ગયા હતા એ જાણે ઊંચે આકાશમાં રહેલા તારાઓને પરોવવાને અર્થે હોય નહીં અથવા બ્રહ્માંડને ઇંડાની જેમ સદ્ય ફોડી નાખવાને માટે હોય નહીં ! વળી કોઈ કોઈએ સામસામા ધરી રાખ્યા હતા એ ભાલાઓ જે પ્રકાશના કિરણો ફેંકતા હતા તે જાણે કાળરાત્રિના પ્રાણહારક કટાક્ષો હોય નહીં એવા જણાતા હતા. મહાવતોએ યથોચિત્તસ્થાને રાખેલા હસ્તિઓ પર આરૂઢ થયેલા સિંહસમાન બળવાન, સામંતો પણ, પોતાના અસ્ત્રો ફેંકતા અને પ્રતિપક્ષીને ચુકાવતા, યુદ્ધને એક જાતનો ઉત્સવ માની રણક્ષેત્રમાં ઝુઝતા હતા. વિમાનમાં રહેલા દેવતાઓ હોય નહીં એવા રથિકો પણ રથમાં રહીને, રમતાં રમતાં યુદ્ધ કરવા લાગ્યા. વળી દંડેદંડવાળાઓ શક્તિએ શક્તિવાળાઓ, મુદ્ગરે મુદ્ગરવાળાઓ અને તોમર તોમરવાળાઓ પરસ્પર લડવા ઉતરી પડ્યા હતા.

આ પ્રમાણે યુદ્ધ કરતા સંવર અને અનંગના સૈન્યોમાં તત્ક્ષણ શસ્ત્રાસ્ત્રો

એવી રીતે ઉડવા લાગ્યા કે કાયર હતા એ તો ઊડી ગયા. જેમનામાં શૂરાતન હતું એઓ જ ગિરિનદીના પૂરની જેમ ઊંડા મૂળવાળા શત્રુરૂપી વૃક્ષોને પણ ઉખેડી નાખતા અહીં તહિં પરિભ્રમણ કરવા લાગ્યા. એમ કરતાં સંવરના સૈનિકોના અનંગના સૈન્ય પર એવા પ્રહારો પડ્યા કે એ લાજ મૂકીને દશે દિશાઓમાં નાસી ગયું. એ વખતે આકાશમાં રહેલા દેવતા અને વિદ્યાધરોએ હર્ષરહિત જયનાદ કરીને સંવરના સૈન્યપર પુષ્પ વૃષ્ટિ કરી. પોતાના સૈન્યમાં ભંગાણ પડ્યું જોઈ, મમત્વ પુત્રની સાથે વેદોદય રથમાં રહેલો મકરધ્વજ હાસ્ય કવચ ધારણ કરી, વામહસ્તમાં ધનુષ્ય અને અન્ય હસ્તમાં બાણ લઈ મદોન્મત્ત બની રણમાં ઉતર્યો. તરત જ એણે ધનુષ્યની પ્રત્યંચાને એવી રીતે આકર્ષી કે એનાથી ઉત્પન્ન થયેલ રણત્કાર શબ્દથી એણે આકાશને ગજાવી મૂક્યું; પાઠ કરતાં છાત્રો મઠને ગજાવી મૂકે એમ. ત્વરિતપણે સતત્ વિશ્રાન્તિ વિના બાણધારા છોડતો પંચબાણ અનંગ લક્ષબાણી થયો. એની સતત શર વૃષ્ટિથી વીંધાઈ સંવરના સૈનિકો શીઘ્ર નાસી જવા લાગ્યા. કહેવત છે કે શેરને માથે સવા શેર હોય છે. તે વખતે “અહો ! આણે એકલાએ વિજય મેળવ્યો એ જ ખરો શૂરવીર.” એમ કહીને દેવો વગેરેએ એ પુષ્પધન્વા અનંગપર પુષ્પવૃષ્ટિ કરી.

આમ પોતાના સૈન્યની અવદશા થઈ જોઈને સંવર લેશપણ ક્ષોભ પામ્યા સિવાય લડવા ઉતર્યો. કેમકે કોઈવાર ધણીનોયે વારો આવે. નિર્મમત્વ નામના જ્યેષ્ઠ પુત્રની સંગાથે સંવેગ રથમાં બેસી, દમન કવચ ધારણ કરી અભિગ્રહ શર તથા પૂર્વે વર્ણવેલા ઢાલ કૃપાણ, છુરિકા આદિ શાસ્ત્રાસ્ત્રો અને બ્રહ્મચર્યરૂપી ઉન્નત દંડ સાથે રાખી લડવા લાગ્યો. દૃઢ લડાયક શક્તિવાળા બંને પ્રતિપક્ષીઓએ કર્ણ પર્યન્ત લાવી લાવીને સામસામા બાણની વૃષ્ટિ આદરી પ્રત્યંચા તાણી પોતપોતાના ધનુષ્યનો ટંકારવ કરી એવાં શર મૂકવા માંડ્યાં કે સૂર્યના કિરણોને પણ આચ્છાદિત કરી નાખ્યાં. બંને પોતપોતાનાં શરો વડે પરસ્પરનાં શરોને કાપતા કાપતા બહુ સમય સુધી લડ્યા; વિવાદમાં વાદીઓ સામસામાની દલીલો તોડી નાખતા લડ્યા કરે છે એમ. જયશ્રી પણ સંદેહમાં પડી કે સંવરને વરું કે મકરધ્વજને વરું ? એટલામાં તો અનંગે છોડેલા તીક્ષ્ણ શરોવડે સંવરનું કવચ ભેદાયું

અને શલ્ય અંદર પેઠું.

શલ્ય પ્રહારથી અત્યંત કોપાયમાન થઈ સંવરે અર્ધચંદ્રાકાર શરો છોડી અનંગરાજના ધ્વજ અને છત્ર, પદ્મનાળની જેમ વિના શ્રમે ખંડિત કર્યા. વળી એક ક્ષુરાકાર શર વડે ભિક્ષુ-સાધુના મસ્તકની જેમ, એના મસ્તકને મુંડી નાખ્યું, અને બીજા શરથી એના ધનુષ્ય અને દોરી બંને છેદી નાખ્યાં. પોતે ગર્વિષ્ઠ હતો છતાં દૃઢ વૈરાગ્ય મુદ્ગર વડે શત્રુના વેદોદય રથને ભાંગીને ભુકો કરી નાખ્યો. એટલે કંદર્પ હાથમાં ભય ખડ્ગ લઈ સંવરની સામે થયો; રાવણ વાલિના સામે થયો હતો એમ. સંવર પણ તત્ક્ષણ વીરવૃત્તિને અનુસરી, રથ છોડી ભૂમિ પર રહી વિવેક તરવારવડે એની સાથે લડવા લાગ્યો. બંને પોતપોતાની તલવાર વારંવાર નચાવતા નચાવતા વચ્ચે ઢાલ લાવી એકબીજાના પ્રહાર ચુકાવવા લાગ્યા એટલામાં, સુથાર ઘણવડે શિલાને તોડે એમ કંદર્પે ખડ્ગનો ગાઢ પ્રહાર કરી સંવરની ઢાલ ભાંગી નાખી. ત્યાં તો યુદ્ધકળા નિપુણ સંવરે પોતાની વિવેક તલવાર વડે અનંગના ખડ્ગને છેદી નાખ્યું, એટલે મકરધ્વજે પોતાની જુગુપ્સા છુરિકા કાઢી; કેમકે શૌર્યવૃત્તિ કોઈ અલૌકિક વસ્તુ છે. પુનઃ સંવરે પણ વીરાચારને અનુસરી ખડ્ગ ત્યજી દીધું, અને દંડત્રય-વિરતિ છુરિકા હાથમાં લીધી.

સર્વ યુદ્ધોને વિષે છુરિકાયુદ્ધ બહુ વિષમ હોવાથી દેવતાઓ વિસ્મય સહિત એ જોઈ રહ્યા. એમાં સંવરે અનંગની છુરિકા પર એવી રીતે પ્રહાર કર્યો કે એ છુરિકાનું પાનું પડી ગયું અને હાથમાં ફક્ત મુઠ રહી. એ વખતે પણ સંવરે તો યુદ્ધનીતિને અનુસરીને પોતાની છુરિકા પડતી મૂકી. હવે અન્ય શસ્ત્રોના અભાવે વીરશિરોમણિ સંવર અને જગદ્વીર કંદર્પ ઉભયે મલ્લયુદ્ધ આદર્યું. એ દેવતાઓ પણ સવિસ્મય નીરખી રહ્યા. આ યુદ્ધમાં શત્રુના ગ્રાહમાં પોતે ન આવતાં ધ્યાન રાખી સંવરે કંદર્પને ભૂમિ પર પાડી દીધો. કારણ કે यतो धर्मस्ततो जयः । "આ સંવર સકળ વિશ્વને વિષે એકાકી વીરપુરુષ છે. એનો જય થયો છે, એનો વિજય થયો છે. કેમકે એણે કામમલ્લનું માન કસુંબાની જેમ ચગદી નાખ્યું છે-" આવા સ્તુતિનાં વચનો કહી દેવતા તથા વિદ્યાધરોએ સંવર પર ઉત્કૃષ્ટ

પુષ્પોની વૃષ્ટિ કરી. સ્વયંવરા કુમારીની પેઠે જયશ્રીએ પણ એના કંઠમાં હર્ષસહિત વરમાળા આરોપી "તારા ભક્તની સામે હું નજર પણ નહીં કરું, હું તારો દાસ છું." એમ જીવિતાર્થી કંદર્પ દાંતમાં તરૂણું લઈ પુનઃ પુનઃ સંવરને કહેવા લાગ્યો; એટલે એને છોડી મૂક્યો. કારણ કે ક્ષત્રિયો કદિ પડતા પર પ્રહાર કરતા નથી. પછી સર્વ પરિચ્છદ જેનો છિન્ન ભિન્ન થઈ ગયો છે એવો એ કંદર્પ લજ્જાને લીધે નીચું જોતો ગુપ્તપણે પોતાના સ્થાનમાં જઈ રહ્યો.

ઘેર ગયો છતાં લજ્જાને કારણે પિતામહ મોહને કે પિતા રાગને પણ મળ્યો નહિ. કેમકે વીરપુરુષોને લજ્જા મોટી વાત છે. પિતામહ અને પિતા બંને પોતાની મેળે એની આગળ ગયા અને એને પ્રતિબોધમાં શબ્દો કહેવા લાગ્યા–અરે ત્રણજગતના વીર ! ધીરતાના ધરણીધર ! યુદ્ધમાં કોઈવાર જય થાય છે ને કોઈ વાર પરાજય પણ થાય છે માટે હે વત્સ ! પ્રાકૃત મનુષ્યની પેઠે ખેદ કરીશ નહીં. આવો પ્રતિબોધ સાંભળીને કામ પરાજયનું દુ:ખ વિસારી દઈ પોતાના મોજશોખના કાર્યમાં વળગી ગયો.

અહીં સંવર વીર પણ રણક્ષેત્ર ખાલી કરીને હર્ષ સહિત ચારિત્રધર્મ રાજાધિરાજને વંદન કરવા ગયો. જતાં માર્ગમાં પગલે પગલે બંદિજનોએ ઉંચા હાથ કરી કરીને સ્તુતિ કરી કે–હે ચારિત્રધર્મ ભૂપતિના સાક્ષાત્–મૂર્તિવંત પ્રતાપ ! શત્રુઓરૂપી કૈરવ વનને સંકોચનાર ચંદ્રમા ! કામમલ્લનો પરાજય કરીને તેં નિશ્ચયે તારા ભુજબળને સાર્થક કર્યું છે. હે ધીર મહાવીર સંવર ! તારો જય થાઓ. આવાં સ્તુતિના શબ્દો શ્રવણ કરતો કરતો રાજાધિરાજ ચારિત્રધર્મ પાસે પહોંચ્યો; અને એને ચરણે પડ્યો. "આ વળી શી વાત છે." એમ એમણે આશ્ચર્યસહિત પૂછવાથી સર્વ વાતનો જાણ સદાચાર પ્રતિહાર હતો એણે વિજ્ઞપ્તિ કરી કે "હે સ્વામી ! આ સંવર કોટવાળ આપના ચરણકમળમાં નમે છે. અહીં આવતાં વેંત જ એણે કામમલ્લનો પરાજય કર્યો છે. આપનું કે આપના મહત્તમ–અમાત્ય આદિના સ્વરૂપનું એને પ્રથમ લેશ પણ જ્ઞાન ન હોવા છતાં મનોભૂ–કંદર્પ સાથે યુદ્ધ કર્યું છે. એ વીર શિરોમણીએ આપણા મકરધ્વજ શત્રુને લીલા માત્રમાં

જીતીને મૃતપ્રાયઃ કરી નાખ્યો છે.” એ સાંભળીને ચારિત્ર રાજાએ હર્ષમાં આવી જઈ સંવરને લઈને પુનઃ પુનઃ આલિંગન કર્યું. ચારિત્રધર્મ ભૂપતિએ વળી એના સ્કંધની સુવર્ણ પુષ્પોવડે પૂજા કરી. આ પ્રમાણે રાજાએ સુદ્ધાં જેનું ગૌરવ વધાર્યું છે. એવો સંવર સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની હયાતિ પર્યન્ત પોતાના પદનું પ્રતિપાલન કરશે.

આ પ્રમાણે નાના પ્રકારના અર્થદાન વડે જગતને સમૃદ્ધ કરતા અભય–મુનિએ ધર્મરૂપી પ્રાસાદના શિખર પર કળશ ચઢાવ્યો દીક્ષાના દિવસથી આરંભીને વધતી વધતી શ્રદ્ધાવડે ચારિત્ર પાળતા પાંચ વર્ષ પૂરાં થયાં એ વખતે એને પોતાનો પર્યન્ત સમય સૂઝી આવ્યો. અથવા તો આ સમયની પૂર્ણ ભાગ્યશાળી જીવોને જ ખબર પડે છે. પર્યન્ત સમય નજીક છે. એમ જાણી અભયકુમારે પ્રભુને નમીને એમની અનુજ્ઞા મેળવી સકળસંઘની ક્ષમા માગી હર્ષસહિત અનશન આદર્યું. સમતારૂપી અમૃતકુંડમાં નિમગ્ન એવા એ મુનિએ, એ અવસરને રાધાવેધના ક્ષણસમાન સમજીને આ પ્રમાણે આરાધના કરી–અરિહંત, સિદ્ધ, સાધુ અને અરિહંતે કહેલો ધર્મ એ ચારનું મારે શરણ છે.

મારાં દુષ્કૃત્યોની હું નિંદા કરું છું, અને સુકૃત્યોની અનુમોદના કરું છું. શ્રી રૂષભદેવથી આરંભીને શ્રી મહાવીર પર્યન્ત સર્વ તીર્થંકરોને તથા અપરક્ષેત્રનાં પણ સર્વ તીર્થંકરોન મારા નમસ્કાર હો, વળી શ્રી મહાવીર વર્તમાન તીર્થંકર હોવાથી અને મારા તો ધર્મદાતાર હોવાથી એમને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો. એ અરિહંતપ્રભુઓ જ મારું શરણ હો, એઓજ મારા મંગલિકરૂપ થાઓ. એઓ વજ્રના પંજર જેવા છે એટલે એમને પામવાથી મને કોઈ પ્રકારનો ભય રહેવાનો નહીં. વળી અનંત વીર્ય, અનંત દર્શન, અનંત સુખ, અનંત જ્ઞાન અને અનંત સમ્યક્ત્વના ધણી સર્વ સિદ્ધભગવાનોને મારા નમસ્કાર હો. અષ્ટકર્મોને હણી પરમ પદ પામ્યા છે અને લોકના અગ્રભાગે રહેલા છે એવા એ સિદ્ધભગવાન મારા શરણરૂપ અને મંગલિક કર્તા છે. વળી જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અલંકૃત અને અહર્નિશ ક્રિયાકાંડમાં નિરત એવા સાધુઓને મારા નમસ્કાર હો. એઓ પાંચ મહાવ્રતયુક્ત, શાંત, દયાવંત અને જિતેન્દ્રિય છે. એ સર્વે મારા

શરણરૂપ અને મંગલિકરૂપ થાઓ. કર્મરૂપી વિષને ઉતારનાર મહામંત્ર સમાન અને કષ્ટરૂપી કાષ્ટને માટે દાવાનલ સમાન એવા જિનેન્દ્રભાષિત ધર્મને પણ મારા પુનઃ પુનઃ નમસ્કાર હો. આ લોકોનું તેમજ પરલોકનું સર્વ કલ્યાણનું કારણરૂપ એવો એ ધર્મ મારા શરણરૂપ અને મંગલિકરૂપ થાઓ.

આ પ્રમાણે ચાર શરણોને અંગીકાર કરીને, હવે એમની જ સાક્ષીએ મારાં પાપોની નિંદા કરું અને મારાં સુકૃત્યોની અનુમોદના કરું. આઠ પ્રકારના જ્ઞાનાચારને વિષે જે કોઈ અતિચાર થયો હોય તે હું નિંદુ છું. ગર્હું છું. અને વોસિરાવું છું. નિશંક્તિ આદિ આઠપ્રકારના દર્શનાચારના સંબંધમાં પણ જે કોઈ અતિચાર મારાથી થઈ ગયો હોય એને વારંવાર ત્રિધા ત્રિધા-મન વચન અને કાયાએ કરેલ હોય, કરાવેલ હોય કે અનુમોદના કરેલ હોય તેને નિંદુ છું.

મોહથી કે લોભથી મારાથી કોઈ સૂક્ષ્મ વા બાદર જીવહિંસા થઈ ગઈ હોય એને પણ ત્રિધા ત્રિધા ત્યજું છું. હાસ્ય, કોપ, ભય કે લોભને વશ થઈને મારાથી કંઈ અસત્ય બોલાયું હોય તે સર્વ હું નિંદુ છું અને ગર્હું છું. રાગથી કે દ્વેષથી, કોઈનું સ્વકલ્પ કે બહુ દ્રવ્ય મેં ઉચાપત કર્યું હોય એવા કાર્યને પણ હું નિંદુ છું. દેવ, મનુષ્ય કે તિર્યંચની સ્ત્રી સાથે રાગગ્રસ્ત થઈ મેં કદિ મૈથુન સેવ્યું હોય તેને હું વારંવાર નિંદુ છું. પુત્ર, મિત્ર, કલત્ર આદિ બંધુવર્ગ પર કે અન્ય પરજનો પર, દ્વિપદો પર, ચતુષ્પદો પર, ધન-ધાન્ય-જન કે વન પર તથા ઉપકરણો પર કે દેહ પર કે હરેક કોઈ વસ્તુ પર મને કંઈપણ મોહ થયો હોય તો તે પણ હું પુનઃ પુનઃ નિંદુ છું. ચતુર્વિધ આહારમાંનો કોઈપણ પ્રકારનો આહાર રાત્રિને વિષે લીધો હોય તે પણ હું નિંદુ છું.

વળી માયામૃષાવાદ, રતિ, અરતિ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કલહ, પૈશૂન્ય, પરપરિવાદ, અભ્યાખ્યાન અને મિથ્યાત્વશલ્ય-આ સર્વ પાપસ્થાનકોને પણ હું નિંદું છું. ત્રણ કરણ અને ત્રણ યોગથી અન્ય પણ અતિચાર, દર્શનાચાર કે ચારિત્રાચાર સંબંધમાં, મારાથી થઈ ગયો હોય તે પણ હું નિંદુ છું.-ગર્હું છું. વળી બાહ્ય તપ સંબંધી કે અભ્યન્તર તપ સંબંધી પણ કોઈ અતિચાર મનવડે, વચનવડે કે કાયાવડે

થઈ ગયો હોય તે પણ હું ગર્હું છું. સંસારમાં ભ્રમણ કરતાં મિથ્યામોહને લીધે શુદ્ધ માર્ગને છોડીને અશુદ્ધની પ્રરૂપણા કરી હોય કે મિથ્યાત્વ લાગે એવાં શાસ્ત્રોની પ્રશંસા કરી હોય-એવાં સર્વ પાપચરણોનું હું પ્રાયશ્ચિત્ત લઉં છું. વળી યંત્ર, ઉખલ, મુશળ, ઘંટી, ખાંડણી, ધનુષ્ય, શર, ખડ્ગ આદિ જીવહિંસક અધિકરણો મેં કર્યા કરાવ્યાં હોય તે પણ હું ત્રિવિધ ત્રિવિધ ગર્હું છું.-નિંદુ છું, અને વિસર્જું છું. મેં જે જે દેહ અને ઘર ગ્રહણ કરીને પછી મૂકી દીધાં હોય તે સર્વ પણ હું આત્મપરિગ્રહ થકી વિસર્જું છું.

કષાય કરીને કોઈની પણ સાથે મેં જે કંઈ વેર બાંધ્યું હોય તે પણ સર્વ હું પડતું મૂકું છું. નરકગતિમાં રહીને નારકોને, તિર્યંચગતિમાં તિર્યંચોને, મનુષ્યાવતારમાં માનવોને અને દેવભવમાં દેવતાઓને મેં મદાંધ થઈને કોઈ પણ પ્રકારની કદર્થના કરી હોય તે સર્વની હું ક્ષમા યાચું છું. અન્ય અન્ય ગતિવાળા મેં અન્ય અન્ય ગતિવાળાઓને જે કંઈ વ્યથા ઉપજાવી હોય તે સર્વને પણ હું ખમાવું છું, મારે તો સૌની સાથે મૈત્રી જ છે. સર્વ જીવો મારા સ્વજન થઈ ગયા છે અને એ જ સર્વ પરજન પણ થયા હશે. સર્વ જીવો મારા મિત્રરૂપ બન્યા હશે તેમ તેજ સર્વ અમિત્ર એટલે વૈરી પણ થયા હશે. માટે રાગ કે દ્વેષ ક્યાં કરવો ?

હું તો મારો ક્ષેમકુશળ દેહે, બંધુવર્ગ અને અન્ય પણ જે જે સુસ્થાનને વિષે ઉપર્યુક્ત તે સર્વની અનુમોદના કરું છું. સમગ્ર જીવસૃષ્ટિને અર્થે જે ઉત્તમ તીર્થ પ્રવર્તેલ છે અને જે ઉત્કૃષ્ટ માર્ગ પ્રરૂપેલો છે તે સર્વની પણ હું અનુમોદના કરું છું. જિનભગવાનના અથવા હરકોઈ બીજાના પ્રકૃષ્ટ ગુણો અને પરોપકાર વૃત્તિની હું અનુમોદના કરું છું. નિષ્પન્ન છે સર્વ કૃત્યો જેઓનાં એવા સિદ્ધ ભગવાનોની સિદ્ધતા અને જ્ઞાનાદિરૂપતાની પણ હું અનુમોદના કરું છું. નિરંતર ક્રિયા કાંડમાં પ્રવૃત એવા અનુયોગી આચાર્યોના સર્વ અનુયોગાદિક વ્યાપારની પણ હું અનુમોદના કરું છું. ક્રિયારત અને પરોપકાર તત્પર ઉપાધ્યાયોના સિદ્ધાંત શિક્ષણની પણ અનુમોદના કરું છું. અપ્રવૃત્ત અને સામ્યભાવી એવા સમસ્ત સાધુસમાજની સમાચારીની પણ હું અનુમોદના કરું છું. વળી ગૃહસ્થ એવો જે શ્રાદ્ધ

સમાજ છે એમનું પ્રભુપૂજન, વ્રતધારણ, ધર્મશ્રવણ તેમજ દાનાદિ વ્યાપારની પણ હું અનુમોદના કરું છું. ભદ્રક પરિણામી શેષજીવોના પણ સદ્ધર્મ બહુમાનાદિ વ્યાપારની પણ હું અનુમોદના કરું છું. હવે હું યાવજ્જીવ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરું છું. અનશનવ્રત લઉં છું અને એમ કરીને અત્યંત ઉચ્છવાસે દેહમુક્ત થઈશ.

આ ધ્યાનમગ્ન અવસ્થામાં વળી અભયમુનિએ પાંચપરમેષ્ઠી નમસ્કારને કે શ્રી વીરતીર્થંકરને ચિત્તમાંથી લેશ પણ દૂર કર્યા નહિ.


એમ કરતાં કરતાં શુભતર ભાવ થવાથી દુષ્કર્મરૂપ પોતાના દવાગ્નિને પ્રશાંત કરી નાખી, માન અને મોહરૂપી સર્પનો પ્રતિઘાત કરી, ગુણીજનોના આભૂષણભૂત અભયમુનિએ સાધુધર્મ પર ધ્વજારોપણ કર્યું અર્થાત્ એને પૂર્ણ દીપાવ્યો.

પ્રાંતે શુદ્ધ ધ્યાનમાં જ મૃત્યુ પામી અભયમુનિએ પ્રવર સુખમય એવા 'સ્વાર્થસિદ્ધ'ને વિષે તેત્રીસ સાગરોપમની આયુષ્ય સ્થિતિ અને એક હસ્તની કાયાવાળા દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી કોઈ અત્યંત નિર્મળ શ્રાવકકુળને વિષે જન્મ લઈ વ્રત ગ્રહણ કરી પ્રાંતે અભયમુનિ નિશ્ચયે મોક્ષ પામશે.

❈ ❈ ❈

**શ્રી અભયકુમાર મંત્રીશ્વર જીવનચરિત્રનો**
**બારમો સર્ગ સમાપ્ત**

**ઈતિ શ્રી અભયકુમાર જીવનચરિત્ર**
**સંપૂર્ણમ્**




પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪